

# શ્રુતસાગરના તીરે

## (શાસ્ત્રોના પરિચયલેખ)

## (૨)

મુનિશ્રી વૈરાગ્યરતિ વિજય ગણી

# શ્રુતસાગરના તીરે

(શાસ્ત્રોના પરિચયલેખ)

(૨)

શ્રુતભવન સંશોધન કેંદ્ર

નામ : શ્રુતસાગર તીરે (૨)
લેખક : મુનિશ્રી વૈરાગ્યરતિ વિજય ગણી
વિષય : શાસ્ત્ર પરિચય, ઉપદેશ
ભાષા : ગુજરાતી
પત્ર : ૧૮ + ૧૯૦ = ૨૦૮
આવૃત્તિ : પ્રથમ, સં. ૨૦૭૩, ઈ.સ. ૨૦૧૭
મૂલ્ય : રૂ. ૫૦/-
પ્રકાશક : શુભાભિલાષા રિલિજિયસ ટ્રસ્ટ
પ્રાપ્તિ સ્થળ : પુણે : શ્રુતભવન સંશોધન કેન્દ્ર
૪૭/૪૮, અચલ ફાર્મ, આગમ મંદિર આગળ,
સચ્ચાઈ માતા મંદિર પાસે, કાત્રજ, પુણે-૪૧૧૦૪૬
Mo. 7744005728
અમદાવાદ : શ્રી ઉમંગભાઈ શાહ
બી-૪૨૪, તીર્થરાજ કૉમ્પલેક્સ, વી.એસ.હૉસ્પિટલ સામે,
માદલપુર, અમદાવાદ. Mo. 09825128486
મુંબઈ : શ્રી ગૌરવભાઈ શાહ
સી/૧૧૧, જૈન એપાર્ટમેંટ, ૬૦ ફીટ રોડ,
દેવચંદ નગર રોડ, ભાયંદર (વેસ્ટ)
મુંબઈ-૪૦૧૧૦૧. Mo. 09833139883
સુરત : શ્રી મિતુલભાઈ ધાનેશા
સિયા મેન્યુફેક્ચરિંગ, સુખદેવ કોમ્પ્લેક્સ,
બીજા માળે, ટોરેન્ટ પાવર હાઉસની પાસે, વાસ્તાદેવી રોડ,
નંદૂ દોશીની વાડી, કતારગામ, સુરદ-૩૯૫ ૦૦૪.
Mo. 09377059673
મુદ્રણ : નૂતન આર્ટ, અમદાવાદ

## પ્રકાશકીય

પ્રભુ શ્રી મહાવીર દેવની વાણી આગમ રૂપે ગુંથાઈ. તેના આધારે મહાપુરુષોએ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં શાસ્ત્રોની રચના કરી. ભાષા દુર્બોધ થવાથી તે શાસ્ત્રોના આધારે તત્કાલીન ગુજરાતી, રાજસ્થાની ભાષાઓમાં સ્તવન, સજ્ઝાય, વાર્તિક, ટબા, વિગેરેની રચના કરી. સાધુ-સાધ્વીજી ભગવંતો શાસ્ત્રો વાંચે જ છે. શ્રાવક-શ્રાવિકા સંઘ પણ શાસ્ત્રોનો સાર પામી શકે તે માટે મહાપુરુષોએ પ્રયાસ કર્યો. મહાપુરુષોએ કરેલા ઉપકારોનો બદલો કેમેય કરીને વાળી શકાય તેમ નથી.

મહાપુરુષોના લાખ પ્રયત્ન છતાં શ્રુત પ્રત્યેની શ્રાવક સંઘની જાગૃતિ ઘટતી રહી. શાસ્ત્રોમાં શું રહસ્ય છે તેથી શ્રાવક વર્ગ બહુધા અજાણ છે. શાસ્ત્રો, તેના રહસ્યો પ્રત્યે શ્રાવક-શ્રાવિકા વર્ગમાં રુચિનું નિર્માણ થાય એ હેતુથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર **શ્રીવૈરાગ્યરતિવિજયજી** મ.એ 'શ્રુતસાગરના તીરે'ના માધ્યમે લેખોનું સંકલન કર્યું છે.

પ્રાકૃત કે સંસ્કૃત ભાષાની વાત તો ઠીક છે. જૂની ગુજરાતી ભાષામાં રચાયેલાં શાસ્ત્રો પણ વર્તમાન શ્રાવક વર્ગને સમજાતા નથી. શાસ્ત્રના અમૃતથી શ્રાવક વર્ગ બહુધા વંચિત છે. સામાન્ય માણસને સામાન્ય માણસની ભાષામાં શાસ્ત્રનો સાર સમજાવતી લેખમાળા 'કલ્યાણ'માં પૂજ્ય ગણિવર્યશ્રીએ લખી. લગભગ સાડાત્રણ વરસ ચાલેલી આ લેખમાળામાં ૪૬ ઉપરાંત લેખો પ્રગટ થયા.

આ લેખમાળાના ૪૬ લેખોને બે ખંડમાં વિભાજિત કરી અહીં પ્રગટ કરવામાં આવે છે. પહેલા ખંડમાં સંસ્કૃત ગ્રંથો અને હસ્તપ્રત-સંશોધન વિષયના ૨૬ લેખો છે. બીજા ખંડમાં પ્રાચીન ગુજરાતી કૃતિઓ અને અર્વાચીન પુસ્તકોના લેખ છે. 'શ્રુતસાગરના તીરે' વાંચીને કોઇ એક ગ્રંથ માટે એક વ્યક્તિને પ્રીતિ જન્મશે તો આ પ્રયાસ સફળ થશે.

ભરત શાહ
(માનદ અધ્યક્ષ)
શ્રુતભવન

## સાગરકિનારે

સાત સાધુ ભગવંતોએ સાથે મળીને પાટણમાં દ્વાદશાર નયચક્રની દુર્લભ હસ્તપ્રતની પંદર દિવસમાં પ્રતિલિપિ કરી. પંડિત શ્રી નયવિજયજી મહારાજ તથા તેમના શિષ્ય પંડિત શ્રી યશોવિજયજી મહારાજ તેમાં મુખ્ય હતા. કાશી અને આગ્રામાં વરસો સુધી રહીને તેમણે ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ન્યાયવિશારદ અને ન્યાયાચાર્ય જેવા બિરૂદ તેમને પ્રાપ્ત થયા હતા. તેઓશ્રી સતત તર્કના ગ્રંથો લખતા અને લખાવતા. વિદ્યાના દરેક ક્ષેત્રમાં તેમની પ્રતિભા એક સરખી રીતે ચમકતી. તેઓશ્રી સતત નવા ગ્રંથોનું સર્જન કરતા રહેતા. ક્યારેક કાવ્ય, ક્યારેક ન્યાય, ક્યારેક વ્યાકરણ, ક્યારેક કર્મગ્રંથ, ક્યારેક યોગગ્રંથ, ક્યારેક સ્તવન, ક્યારેક સજ્ઝાય, ક્યારેક રાસ, ક્યારેક પદનું સર્જન કરતા. તેઓ જે વિચારતા તે શબ્દમાં સહજ રીતે અવતરતું. સરસ્વતીનું તેમને વરદાન હતું.

આટલા પ્રતિભા સંપન્ન હોવા છતાં તેઓ છેલ્લા પંદરેક દિવસથી આખો દિવસ લખતા રહેવા દ્વારા કોઈ પ્રાચીન ગ્રંથનું અવતરણ કરી રહ્યા હતા. છ સાધુ જે ન લખી શકે, તેટલું તેઓ એકલા લખતા. સૂરજનું પહેલું કિરણ ધરતી પર પડે, ત્યારથી છેલ્લું કિરણ વિદાય લે, ત્યાં સુધી તેમની કલમ ચાલતી. રાત્રે તેમની આંગળીઓને આરામ મળતો. બસ, દિવસ આખો તેમની આંગળી કલમ પકડીને યાત્રા કરતી રહેતી. એક દુર્લભ ગ્રંથને લખવાનો અદમ્ય ઉત્સાહ એમનામાં હતો. તેઓશ્રી એ ગ્રંથ લખતા જ ન હતા, ગ્રંથ પીતા હતા. પૂર્વાચાર્યોના દુર્લભ શબ્દોને નવજીવન આપવા તેમણે આંગળીઓ કસી હતી. પંદર દિવસે એ જ્ઞાનયજ્ઞ પૂરો થયો. તેના સમારોપ સંસ્કાર કરતા તેમની કલમ પરથી શાહી અનાયાસે શબ્દ બનીને લહેરાઈ. જાણે સરસ્વતીનું કાગળ પર અવતરણ થયું :

**तेभ्यो नमस्तदीयान् स्तुवे गुणान् तेषु मे दृढा भक्तिः ।**
**अनवरतं चेष्टन्ते जिनवचनोद्भासनार्थं ये ॥**

"જેઓ જિનવચનને પ્રકાશિત કરવા સખત મહેનત કરે છે, તેમને મારા નમસ્કાર ! તેમના ગુણ ગાતા મારી જીભ થાકતી નથી. મને તેમની પર ખૂબ પ્રેમ કરે છે. કેમ કે જિનવાણી મારી માતા છે. મારી માતાની ભક્તિ કરનારને હું પ્રાણથી પણ વધારે ચાહું છું."

પૂ. ઉપાધ્યાયજી મહારાજે પ્રસિદ્ધિ કરતા પ્રતોને વધુ પ્રેમ કર્યો, કીર્તિ કરતા કાગળની વધુ ચાહત કરી. તેમણે જિનવાણીને પ્રકાશિત કરવા દુનિયા આખીનો સંબંધ તોડ્યો. કાગળ અને કલમ સાથે મૈત્રી કરી અને જીવનભર તેને નિભાવી. જ્ઞાન ઉપર તેમને અગાધ પ્રેમ હતો. જ્ઞાની ઉપર તેમને અગાધ બહુમાન ભાવ હતો. તેઓ ગમે તે સમયે જ્ઞાન દાન કરવા તત્પર રહેતા. શાસ્ત્ર રચના કરતા તેઓ ખાવાપીવાનું ભૂલી જતા. તેમણે જે ઝડપે શ્રુતગ્રહણ કર્યું, તેના કરતા કેઈ ગણી ઝડપે વિચાર્યું. જે ઝડપે વિચાર્યું, તે કરતા વધુ ઝડપે લખ્યું. કેમ કે તેમને જ્ઞાનનો પ્રેમ હતો, શાસ્ત્રનો પ્રેમ હતો, જિનવાણીનો દૃઢ અનુરાગ હતો. બધાના નામ પણ યાદ ન રહે, તેટલા શાસ્ત્રો તેમણે રચ્યાં. તેમણે જેટલા શાસ્ત્રો રચ્યાં છે, તેટલા આપણે વાંચ્યા પણ નહીં હોય.

તેમની વાણીમાં સમ્યક્ત્વનો પડઘો હતો, તેમના સમ્યક્ત્વમાં આત્મવિશ્વાસનો રણકો હતો. તેમના આત્મવિશ્વાસ પર આજ્ઞાધર્મની મહોરછાપ હતી.

તેમનામાં આજ્ઞાની સમજ ઊંડી હતી. તેમણે આજ્ઞાને પચાવી જાણી હતી. ભગવાનની આજ્ઞા તેમની નસેનસમાં લોહી બનીને વહેતી હતી. તેમણે સ્વ-પર દર્શનના અનેક શાસ્ત્રોનું અવગાહન કર્યું હતું. તેઓ જે પાનાં પર નજર ઠેરવતા તેની ફોટો ઈમેજ તેમના મગજમાં અંકાઈ જતી. તેમને શાસ્ત્રનો અક્ષરે અક્ષર યાદ રહેતો. તેમની પ્રજ્ઞા સૂક્ષ્મ હતી. તેઓ નયોનો સુપેરે વિવેક અને વિનિયોગ કરી શકતા. તેમની વિવેચન શક્તિ અદ્ભુત હતી. તેઓ શાસ્ત્રોના પારને પામેલા હતા. તેમને શાસ્ત્રોમાં આરાધના દેખાઈ, શાસ્ત્રમાં જ ચારિત્ર દેખાયું, શાસ્ત્રમાં સમ્યગ્દર્શન દેખાયું. શાસ્ત્રમાં પરિણતિ દેખાઈ, તેમને શાસ્ત્રમાં જ મોક્ષ દેખાયો. શાસ્ત્રના દરિયાને તેઓ અગસ્ત્યની જેમ પી ગયા હતા.

શું દેખાયું તેમને શાસ્ત્રોમાં ? શું જોયું તેમણે શબ્દોમાં ? તેમણે શબ્દની જીવંતતાને પહેચાની હશે. શાસ્ત્રોનો રહસ્યાર્થ તેમણે અનુભવ્યો હશે. પૂજ્ય

ઉપાધ્યાયજી મહારાજે પોતાનું જીવન જિનવાણીને સમર્પિત કર્યું હતું. જે શાસ્ત્રો ઉપર તેમને અગાધ પ્રેમ હતો, જે જ્ઞાન રાશિ માટે તેમણે પારાવાર મહેનત કરી હતી તે શાસ્ત્રો અને શબ્દોનો પરિચય કરવાની-કરાવવાની આ લેખકની મનોકામના છે. આ પાનાંઓ ઉપર સારા પુસ્તકો અને સંપાદનોનો પરિચય પ્રસ્તુત છે.

'કલ્યાણ' માસિકના માધ્યમે આ લેખમાળા પ્રગટ થઈ તેમાં પ. પૂ. આ. દે. શ્રી **વિજય પૂર્ણચંદ્રસૂરિજી** મ.ની પ્રેરણા જ કારણભૂત બની. સમર્થ સાહિત્યકાર પૂજ્ય આ .દે. શ્રી **વિજયરાજરત્નસૂરિજી** મ. સા.એ ગ્રંથની પ્રસ્તાવના લખીને ગૌરવ બક્ષ્યું છે.

**કૃતજ્ઞતા**

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા, પિતૃગુરુદેવ પરમ પૂજ્ય મુનિપ્રવરશ્રી **સંવેગરતિ વિજયજી** મ.સા.ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી **પ્રશમરતિવિજયજી** મ.નો સ્નેહભાવ તથા તેમ જ મુનિવરશ્રી **સંયમરતિ વિજયજી** મ., પરમ પૂજ્ય સાધ્વીજી **શ્રીહર્ષરેખાશ્રીજી** મ.ના શિષ્યા સાધ્વીજી **શ્રીજિનરત્નાશ્રીજી** મ., સા. **શ્રી મધુરહંસાશ્રીજી** મ., સા. **શ્રી ધન્યહંસાશ્રીજી** મ.નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી.

સંપાદન કાર્યમાં શ્રુતભવન સંશોધન કેંદ્રના બધા શ્રુતસેવીઓએ ભક્તિભાવથી સહકાર્ય કર્યું છે. તેથી તેઓ સાધુવાદને પાત્ર છે. નૂતન આર્ટના **ધર્મેશભાઈ**એ અસ્તવ્યસ્ત લખાણને સરખું કરી સરસ રીતે અને સમયસર મુદ્રણ કર્યું તે માટે તેમને ધન્યવાદ.

**- વૈરાગ્યરતિવિજય**

**શ્રુતભવન, પુણે**

## શ્રુતપ્રેમી

**પૂજ્ય માતુશ્રી વસંતપ્રભાબેનના**

**પુણ્યસ્મરણાર્થે**

**માંગરોળ નિવાસી**

**કાંતિલાલ છગનલાલ શાહ પરિવાર**

હાલ પૂના-અમેરિકા

## શ્રુતસાગરનાં રત્નો

શહેરીકરણના સાંપ્રતયુગમાં નજરે તરી આવે એવી મજાની વ્યાવસાયિક પદ્ધતિ નિહાળવા મળે છે 'શો-રૂમ'ની. બજારના હાર્દ સમા વિસ્તારમાં નયનરમ્ય સાજસજ્જા સાથે તૈયાર કરાયેલ એ 'શો-રૂમ'માં અલગ અલગ ડીઝાઈનના હીરાજડિત અલંકારો એવી ખૂબીપૂર્વક રજૂ કરાતા હોય છે કે દર્શકનાં આંખ-અંતરને એ આકર્ષિત કર્યા વિના ન રહે. કાચના ઝાકઝમાળ 'શો-કેસ', મખમલનાં મસ્ત બોક્સ અને એમાં અલગ અલગ આકારના કોરણીભર્યા અલંકારો : નજરો ત્યાં એવી આકર્ષિત બની જાય કે શક્તિ અલ્પ હોય કે ગ્રાહકને ય ક્ષણભર એ મહામૂલા અલંકારો ખરીદવાનું દિલ થઈ જાય.

પણ... આ 'શો-રૂમ'ની નોંધપાત્ર બાબત એ હોય કે ત્યાં અલંકારોના માત્ર નમૂના જ હોય, સંપૂર્ણ માલ નહિ. એ તો ફક્ત ફેક્ટરીમાં હોય. છતાં એ નમૂનાની પ્રસ્તુતિ ત્યાં એવી અસરકારક હોય કે શોખીન વ્યક્તિને એ, શક્તિ મુજબ ફેક્ટરીનો માલ ખરીદવા મજબૂર કર્યા વિના ન રહે.

બસ, અમને લાગે છે કે આ 'શ્રુતસાગરના તીરે' પુસ્તક પણ શહેરના 'શો-રૂમ' સમું છે. પ્રભુવચનોનું સમ્યગ્ અવગાહન કરીને પ્રાચીન-અર્વાચીન મહાપુરુષોએ જે સશક્ત સર્જનો કર્યાં છે એનો આસ્વાદ અહીં અલગ અલગ લેખોનાં માધ્યમે કરાવાયો છે. એમાં ઉત્તરાધ્યયનસૂત્ર-ૠષિભાષિત જેવા આગમો છે, તો ષોડશક પ્રકરણ-લલિત વિસ્તરા-સર્વસિદ્ધાંતસ્તવનથી લઈને કુલકસંગ્રહ જેવા અભ્યાસસૂત્રો પણ છે; આજના આ રઘવાટિયા યુગમાં ય રચાતી નવી સંસ્કૃત રચનાઓનો અહીં પુણ્યપરિચય છે, તો આપણા શ્રુતવારસાની સાચવણી અંગે ગંભીર અંગુલિનિર્દેશ પણ છે.

માત્ર સંસ્કૃત-પ્રાકૃત જ નહિ, ગુજરાતી ભાષામાં પણ આપણા પૂર્વકાલીન પ્રજ્ઞાપુરુષોએ એવું સર્જન કર્યું છે કે જે અવશ્યમેવ ઉલ્લેખનીય બની રહે. એ પૈકી યોગીરાજ શ્રી આનંદઘનજી મ., સમર્થ શાસ્ત્રકાર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ., આત્માનુભૂતિ સંપન્ન શ્રી ચિદાનંદજી મ. વગેરે મહાપુરુષોની ગુર્જર રચનાઓનો આસ્વાદ પણ અહીં રસપ્રદ રીતે કરાવાયો છે, તો કેટલીક અર્વાચીન ગદ્યમય ગુર્જર કૃતિઓની ય ઝલકો પ્રસ્તુત કરાઈ છે.

મૂલભૂત રીતે આ પુસ્તકના લેખો, જૈન જગતના સુપ્રસિદ્ધ સામયિક 'કલ્યાણ'ની સંલગ્ન લેખમાળારૂપે આલેખાયેલ છે. જ્ઞાનરસિક વિશાલ સામાન્ય વાચકવર્ગ પ્રભુ-શાસનના અફાટ-અગાધ શ્રુતસાગરનું એક રમ્ય દર્શનમાત્ર પામી શકે એ આશયથી લખાયેલ એ લેખમાળાનું 'શ્રુતસાગરના તીરે' નામકરણ ઉક્ત સંદર્ભમાં બિલકુલ યથાર્થ ભાસે છે. આ જ નામથી પુસ્તકાકાર પામેલ એના પ્રથમ ભાગમાં સંસ્કૃત-પ્રાકૃત પ્રાચીન-અર્વાચીન ગ્રન્થોનો અને શ્રુતવારસાની જાળવણીનો વિમર્શ છે, તો આ બીજા ભાગમાં પ્રાચીન-અર્વાચીન ગદ્ય-પદ્ય ગુર્જર કૃતિઓનો રસાસ્વાદ છે. અલબત્ત, પ્રારંભે જ જણાવ્યું તેમ આ પુસ્તકની કક્ષા 'શો-રૂમ'ની છે. અહીં તે તે ગ્રન્થમાં-રચનાઓમાં સમાવિષ્ટ સર્વ બાબતોનું સંપૂર્ણ વિશ્લેષણ નથી. કેમ કે પરિચયગ્રન્થમાં એ જરૂરી પણ નથી અને શક્ય પણ નથી. અહીં છે માત્ર તે તે કૃતિઓની-રચનાઓની થોડી થોડી મધમધુર પ્રસાદી.

એક મહત્ત્વની વાત. દુન્યવી પ્રસાદીની સૌથી મોટી મર્યાદા એ છે કે તેનામાં માત્ર માધુર્યની જ વિશેષતા હોય. એ સિવાય અન્ય કોઈ વિશેષતા એનામાં નથી હોતી. જ્યારે આ વિવિધ ગ્રન્થોની પરિચયપ્રસાદીની વાત ન્યારી છે. એનામાં એક નહિ, ચાર ચાર વિશેષતા એવી વિલસે છે કે એની સામે માત્ર માધુર્યની વિશેષતા સાવ ઝાંખી-પાંખી પુરવાર થાય. આપણે ક્રમશઃ નિહાળીએ પરિચય પ્રસાદીની આ ચાર અદ્‌ભુત વિશેષતાઓ :

પહેલી વિશેષતા છે **વિસ્મયનિષ્ઠા.** યાદ રહે કે માધુર્ય પણ આનંદ પ્રગટાવે છે. અને વિસ્મય પણ આનંદ પ્રગટાવે છે. કિંતુ વિસ્મયજન્ય આનંદ

વધુ પ્રભાવશાળી અને વધુ ટકાઉ હોય છે. એમાં ય જો એ વિસ્મય અધ્યાત્મને સ્પર્શતું હોય તો તો એનો મહિમા અપરિસીમ-ગગનચુંબી બની જાય એમાં કોઈ આશ્ચર્ય નથી. આપણે એક એવી પરિચયપ્રસાદી નિહાળીએ જે પહેલી જ નજરે આપણાં અન્તઃકરણને વિસ્મયવિભોર બનાવી દે. આ પુસ્તકના પ્રથમ (સળંગ ક્રમાંક સત્તાવીશ) લેખમાં લેખકશ્રીએ જેનો ઉલ્લેખ કર્યો છે તેવી એ પ્રસાદી છે યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજની. પહેલા જ પદમાં શ્રીમાન આનંદઘનજી મ. ફરમાવે છે કે "રામ કહો - રહીમ કહો - કૃષ્ણ કહો - મહાદેવ કહો - પારસનાથ કહો કે બ્રહ્મા કહો : આખર તો આ બધા જ પરમતત્ત્વનાં નામો એકના એક છે, એનાથી આપણા શુદ્ધ આત્માની જ ઓળખ મળે છે." આ વાંચતાવેંત આપણે ક્ષણાર્ધમાં વિસ્મયસ્તબ્ધ થઈ જઈએ કે 'હિંદુ-મુસ્લિમ-જૈન વગેરે વિભિન્ન પરંપરાના પરમતત્ત્વનો મેળ હોઈ જ ક્યાંથી શકે ? અને આનું નિરૂપણ એક નીવડેલ જૈન શ્રમણ કરી શકે ?' આ વિસ્મયને અગાધ આનંદમાં પરિણમાવવાનું કાર્ય આનંદઘનજી મ.ના એ પદની આગળની કડી અને લેખકશ્રી દ્વારા કરાવાયેલ એની પરિચય પ્રસાદી બહુ સરસ કરી આપે છે. 'પદ'માં લખાયું છે કે :

"નિજ પદ રમે રામ સો કહીયે, રહેમ કરે રહિમાની રી;
કરસે કરમ કાન સો કહીયે, મહાદેવ નિર્વાણ રી...
પરસે રૂપ સો પારસ કહીયે, બ્રહ્મ ચીહ્ને સૌ બ્રહ્મ રી;
ઇહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિષ્કર્મ રી..."

લેખકશ્રી સરલ ભાષામાં આનું અર્થઘટન આમ કરે છે કે "જે આત્મામાં રમણ કરે તે રામ, આત્મા પર રહેમ કરે તે રહેમાન, જે આત્માના કર્મો કૃષ(કૃશ) કરે એટલે નબળા પાડે તે કૃષ્ણ, જેનો આત્મા નિર્વાણ પામ્યો છે તે મહાદેવ, જે પોતાના સ્વરૂપની સ્પર્શના કરે તે પારસ, જે પોતાના અખંડ રૂપની અભિવ્યક્તિ કરે તે બ્રહ્મા. આમ પરમાત્માના અલગ અલગ નામો એક જ અર્થ બતાવે છે. કર્મરહિત, ચેતનામય, આનંદના સમુદાયરૂપ આત્મા જ પરમાત્મા છે." આ પદ અને પરિચય પ્રસાદી વાંચતા આપણને એ પ્રતીતિ અવશ્ય થાય કે જૈનશ્રમણનું વિચારવિશ્વ કેવું વિશાલ-ઉદાર હોય અને છતાં સિદ્ધાંતોની બાબતમાં કેવું સુરેખ-સુસ્પષ્ટ હોય...

**બીજી વિશેષતા છે વિચારનિષ્ઠા.** આપણા વિચારો ઘણી વાર કદાગ્રહોથી - અસદાગ્રહોથી દૂષિત હોય છે, તો ઘણી વાર ગતાનુગતિકતાથી દૂષિત હોય છે. કદાગ્રહો, આપણા વિચારો દૂષિત-ગલત હોય તો ય એને સાચા જ માનવા પ્રેરે અને ગતાનુગતિકતાથી દૂષિત વિચારો ગતાનુગતિક પ્રવૃત્તિમાં જ સાધનાની 'ઇતિશ્રી' માને. ન એમાં એને સંશોધનનો અવકાશ દેખાય, ન એમાં એને સુધારણાની જરૂર દેખાય. આવા દૂષિત વિચારોનું વિસર્જન કરી સંપૂર્ણ વાસ્તવિક અને નક્કર વિચારનિષ્ઠા પ્રગટાવવાનું કાર્ય કરે છે આ પરિચય પ્રસાદી. આ સંદર્ભમાં એક ઉદાહરણ નિહાળીએ પૂ. સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર સંબંધી. આ પુસ્તકના લેખ-૩ (સળંગ લેખ-૨૯)માં તેઓશ્રીમદની 'સંજમબત્રીશી' નામે ગુર્જર કૃતિનો પરિચય છે. તેમાં, આંતરિક યતનાપરિણામ વિકસાવ્યા વિનાની માત્ર ગતાનુગતિક ક્રિયાને જ મૂઢદશાથી ધર્મ સમજી લેવાની દૂષિત વિચારણા પર સજ્જડ પ્રહાર કરતાં લખાયું છે કે :

**અંતર-જતના વિણ કિસ્યો, વામ ક્રિયાનો લાગ ?;**
**કેવલ કંચુક પરિહરે, નિરવિષ ન હુએ નાગ...**

આ ગુર્જર પંક્તિ વાંચતા તરત સ્મૃતિપટલમાં ઝબકી ઊઠે આ જ પૂ. મહોપાધ્યાયજીભગવંતે રચેલ 'જ્ઞાનસાર' ગ્રન્થના પરિગ્રહત્યાગાષ્ટકનો શ્લોક. એમાં સંદર્ભ જરાક બદલીને આ જ, કાંચળી ત્યાગતા સર્પની, ઉપમા આપીને એમણે હૈયાંસોંસરવી ઊતરી જાય એવી વાત લખી છે કે :

**चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।**
**त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः ॥**

ભાવાર્થ કે આસક્તિ-આવેશ આદિ અઢળક ગ્રન્થિઓથી ચિત્ત સંકુલ હોય તો બહારની (વેશમાત્રની-ક્રિયામાત્રની) નિર્ગ્રન્થતા વ્યર્થ છે. કાંચળીનો ત્યાગ કરી દેવામાત્રથી સર્પ કદી નિર્વિષ થઈ જતો નથી !! આ જ ઉપમા 'સંજમબત્રીશી'ની પૂર્વોક્ત ગુર્જર પંક્તિમાં આપીને તેઓશ્રીમદ્ એ અંગુલિનિર્દેશ કરે છે કે માત્ર પ્રવૃત્તિમાં જ સાધનાની 'ઇતિશ્રી' નથી. એના માટે પ્રવૃત્તિની સાથોસાથ વૃત્તિ પર પણ લક્ષ્ય કેન્દ્રિત થવું જોઈએ. પરિચય

પ્રસાદી આપનાર લેખકશ્રી આ કડીની આસપાસ બે નાનકડી સરસ વાત લખે છે કે "ધર્મની સાચી સમજ ન હોય તો ક્રિયા કરવા છતાં કોઈ આત્મલાભ થતો નથી..."

ત્રીજી વિશેષતા છે **આચારનિષ્ઠા**. વૈચારિક ભૂમિકા ચાહે તેવી સશક્ત હોય અને અન્તર્મુખતા તરફ-અધ્યાત્મ તરફ ઢળતી લાગતી હોય, પરંતુ જો એમાં આચારનો ક્રિયા માર્ગનો છેદ ઊડતો હોય તો પ્રભુશાસનને એ શુષ્ક જ્ઞાનદશા માન્ય નથી. સાંપ્રતમાં, પ્રભુશાસનનાં નામે ય કેટલાક આવા પ્રવાહો ચાલે છે જે વાસ્તવમાં પ્રભુશાસનથી યોજનો દૂર છે. કેમ કે ત્યાં આચારનો-ક્રિયામાર્ગનો છેદ છે. આ જ પુસ્તકમાં 'જ્ઞાન-ક્રિયાસંવાદ છત્રીશી'નો પરિચય છે. એમાં એક સ્થળે મૂળ ગાથાની એક પંક્તિ પ્રસ્તુત કરાઈ છે કે "**કિરિયા ઇક સોપાનઇ ઊંચી**". એવી પરિચય પ્રસાદી આપતા લેખકશ્રીએ આ મજાના શબ્દો લખ્યા છે કે "કેવળજ્ઞાન હોવા છતાં (કેવલીને) મોક્ષ મળતો નથી. અંતે શૈલેશીકરણની ક્રિયા દ્વારા જ મોક્ષ મળે છે. માટે જ્ઞાન કરતાં ક્રિયા એક પગથિયું ઊંચી છે." સાપેક્ષભાવે જણાવાયેલ આ બાબત એ પ્રતિપાદિત કરવા સક્ષમ છે કે આચારનિષ્ઠા અતિ અગત્ય ધરાવે છે.

આ પુસ્તકમાં પરિચયપ્રસાદીરૂપે જે કડીઓ-પંક્તિઓ ટાંકવામાં આવી છે એમાં ય એવા ભાવો ઠસોઠસ ભર્યા છે જે આપણામાં આચારનિષ્ઠા ઉદ્દ્ગમ કરે. ઉદાહરણરૂપે યાદ કરીએ 'શ્રીપાલરાસ'. આ પુસ્તકના લેખ-૨ (સળંગ લેખ-૨૮)માં, યુદ્ધમાં પરાજિત થયેલ અજિતસેનરાજાના મુખમાં શ્રીપાલરાસની મૂલ પંક્તિઓ એવી મુકાઈ છે જે દીક્ષાનું - આચારમય સંયમધર્મનું અદ્દ્ભુત મહિમાવર્ણન કરે. સાડા ત્રણ ગાથામાં ત્યાં દીક્ષાને આ રીતે બિરદાવાઈ છે કે પ્રવ્રજ્યા

(૧) દુઃખનાં જંગલને રાખ-ખાખ કરનાર આગ છે

(૨) મોક્ષ-વૃક્ષનું મૂળ-કંદ છે

(૩) તમામ ગુણસમૂહનું મુખ્ય ગૃહ છે

(૪) તમામ દ્વન્દ્વો-સંઘર્ષો એનાથી નષ્ટ થાય છે

(૫) સિદ્ધિપદનું એ આકર્ષણ છે

(૬) સંસારનું એ નિષ્કર્ષણ છે

(૭) કષાયોરૂપ પર્વતોને ભેદવામાં એ વજ્ર છે

(૮) નોકષાયરૂપ આગને બુઝવવામાં એ મેઘ છે. આ આઠેય ઉપમાઓને શાંત ચિત્તે ઘૂંટી ઘૂંટીને આસ્વાદીએ તો નથી લાગતું કે આ પ્રસાદી આપણી આચારનિષ્ઠાને દીપ્તિમંત કરે ?

ચોથી વિશેષતા છે **અધ્યાત્મનિષ્ઠા.** વૈચારિક ભૂમિકા મજાની હોય, આચારની ભૂમિકા ય મજબૂત હોય; પરંતુ જો ચેતનાને અન્તર્મુખતાનો - અધ્યાત્મનો સંસ્પર્શ ન મળ્યો હોય તો એ બન્ને ભૂમિકા બહુ મોટી કામિયાબી હાંસલ ન પણ કરાવી શકે. એટલે જ સાચા સાધકો અનુભૂતિનાં માધ્યમે એ સંસ્પર્શ ઝંખતા હોય છે. અહીં-આ પુસ્તકમાં, તે તે કર્તાની મૂલ પંક્તિઓનાં અને એની પરિચય પ્રસાદીમાં આવા સંસ્પર્શની તક વારંવાર ધરવામાં આવી છે. ઉદાહરણરૂપે જોઈએ લેખ-૩ (સળંગ લેખ-૨૯)નો સમાપન ભાગ. ત્યાં, પૂ. મહોપાધ્યાયજી ભગવંતરચિત બે કડી પ્રસ્તુત કરાઈ છે કે જેમાં અન્તર્મુખતાનો-અધ્યાત્મનો સંસ્પર્શ થવાની પૂરી તક મળે. ખૂબ મનપસંદ આ કડીનો વાચનમાં અમે ખાસ ઉપયોગ કરીએ છીએ. અધ્યાત્મ સાથે કડી જોડી આપતી એ કડીઓ આ છે કે :

**"દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;**
**સંગત કીજે સંતની, હુઈ તેહના દાસ.**
**સમતાસે લય લાઈએ, ધરી અધ્યાતમ રંગ;**
**નિંદા તજીએ પરતણી, ભજીએ સંજમ ચંગ..."**

એની પરિચય પ્રસાદી આપતા લેખકશ્રી લખે છે કે "ઉપાધ્યાયજી મહારાજે સુવિશુદ્ધ સાધુતાનાં પાલન માટે આરાધનાની અષ્ટપદીનું સૂચન કર્યું છે જે દરેક સાધકે નિરંતર ભાવવા જેવું છે. ઉપરાંત તેને જીવનનું લક્ષ્ય બનાવવા જેવું છે. આ અષ્ટપદી જો પ્રણિધાન આશયરૂપે પણ અંતરમાં સ્થિર થાય, તો ત્રીસ-ચાળીસ વર્ષની (આપણી) અતિ અલ્પ સાધના લેખે લાગે..."

આ પુસ્તકમાં ઉપરોક્ત અને એના જેવી અધ્યાત્મસંસ્પર્શભરી તેમજ

અભ્યાસપૂર્ણ રસાળ પદ્યકૃતિઓ છે, તેમ કેટલીક ગદ્ય કૃતિઓ પણ છે. જેમ કે અજ્ઞાનતિમિરભાસ્કર, ચિકાગોપ્રશ્નોત્તર વગેરે. એમાંથી તત્કાલીન પ્રવાહોની સરસ જાણકારી ઉપલબ્ધ થાય છે. આ બન્ને ગ્રન્થોના કર્તા અને લેખકશ્રીના ગુરુપરંપરાના પૂર્વજ પૂ. આત્મારામજી મ.નો એક જીવનલેખ પણ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. એમાં પૂ. આત્મારામજી મ.ની તેજલીસોટા સમી ચમકદાર પ્રત્યુત્પન્નમતિનાં બે-ત્રણ પ્રસંગો છે. એ વાંચતા વાંચતા અમને પણ અમારી યશસ્વી ગુરુપરંપરાના પૂર્વજ અને સ્વયં પૂ. આત્મારામજી મ. પણ જેમને ગુરુતુલ્ય ગણતા હતા તે તપાગચ્છાધિરાજ પૂ. મૂલચંદજી મ.નાં જીવનનો એવો જ, ચમત્કૃત કરી દેતો, પ્રત્યુત્પન્નમતિનો પ્રસંગ સ્મૃતિપથમાં આવી ગયો. કિંતુ સ્થળસંકોચવશ અહીં અમે એનો ઉલ્લેખ કરતા નથી. અસ્તુ.

આ પુસ્તકના લેખક છે વિદ્વદ્વર્ય ગણિવર શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મહારાજ. એમણે આ પુસ્તકના બન્નેય ભાગના લેખોના કરેલ વિષયપસંદગી અને પરિચયરૂપે કરેલ એનું વિવરણ જ એ દર્શાવી જાય છે કે તેઓ મેધાવી અને અભ્યાસી શ્રમણ છે. આ ગ્રન્થના પરિશિષ્ટમાં 'પ્રેરણાદાયી શ્રુતપુરુષાર્થ' નામે લેખ છે. એ વાંચવાથી સુપેરે સમજાઈ જશે કે 'અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' ગ્રન્થનાં સંપાદન કાજે તેઓએ કેવો પ્રબળ પુરુષાર્થ કર્યો હતો. આવા દુર્બોધ ગ્રન્થને સંપાદિત કરવામાં વિદ્વત્તાનું ઉચ્ચ શિખર સર કરવું પડે અને શ્રુતસાધનાને તપશ્ચર્યાની હદે આત્મસાત્ કરવી પડે. એમણે આ બન્ને સજ્જતા કેળવીને શ્રુતભક્તિનું એ ઉમદા કાર્ય પૂર્ણ કર્યું છે. આ ઉપરાંત પૂનામાં શ્રુતભવન સંશોધન કેન્દ્રની સ્થાપના દ્વારા પણ તેઓ શ્રુતક્ષેત્રે અનવરત કાર્યરત છે. આપણે એમની શ્રુતભક્તિને અનુમોદનાનાં અક્ષતવધામણાં કરીએ.

વિદ્વાન લેખકશ્રીએ આ પુસ્તકના લેખો દ્વારા સંઘને, સાંપ્રત શ્રુતસાગરના રત્નોનો જ રૂડો પરિચય કરાવ્યો હોવાનું જરૂરી કહી શકાય. કેમકે એમાંની આનંદઘનપદ સંગ્રહ-શ્રીપાલરાસ-સંયમબત્રીશી-જ્ઞાનક્રિયાસંવાદછત્રીશી-પદ્ગલગીતા-પરમાત્માછત્રીશી વગેરે કૃતિઓ રત્નોથી જરા પણ કમ નથી. એથી જ તો અમે આ પ્રસ્તાવનાલેખનું શીર્ષક

પસંદ કર્યું છે 'શ્રુતસાગરનાં રત્નો'. આ શ્રુતરત્નોનાં ઝળહળાટથી સહુ જીવો સમ્યક્ત્વનો ઝળહળાટ પામે, એ ગ્રન્થોનાં-કૃતિઓનાં સર્વાંગીણ અધ્યયન-મનનરૂપ શ્રુતનો ઝળહળાટ પામે અને અંતે સંયમનો ઝળહળાટ પામી પરમપદે પ્રતિષ્ઠિત થાય એ જ અંતરઅભિલાષા.

વિ.સં. ૨૦૭૨ શ્રી વીરનિર્વાણ દીવાળી - વિજયરાજરત્નસૂરિ
પર્વ. જવાહરનગર સંઘ, ગોરેગામ-મુંબઈ

## પગલાં

### તરંગ-૪ જૂની ગુજરાતી રચના



| | | |
|---|---|---|
| ૨૭) | આનંદનો અવતાર | ૪ |
| ૨૮) | આતમ ભાવે થિર હજો | ૧૪ |
| ૨૯) | સાધુતાની પારાશીશી | ૨૮ |
| ૩૦) | વાદ : સંવાદ | ૩૪ |
| ૩૧) | પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને | ૪૨ |
| ૩૨) | ગીતોમાં જ્ઞાનનો દરિયો | ૫૦ |
| ૩૩) | ચેતન મેરો નામ | ૫૮ |


### તરંગ-૫ ગુજરાતી રચના


| | | |
|---|---|---|
| ૩૪) | પ્રવચનકારનો પ્રીતિસંગમ | ૬૮ |
| ૩૫) | અનુપમ સત્ય : અનેકાંત | ૭૬ |
| ૩૬) | જ્ઞાનનયે સવિ ઉપજે | ૮૪ |
| ૩૭) | પાણીની પારાયણ : ૧ | ૯૨ |
| ૩૮) | પાણીની પારાયણ : ૨ | ૧૦૦ |
| ૩૯) | આતમારામજી મ. | ૧૦૬ |
| ૪૦) | આનંદનું આવરણ | ૧૧૬ |
| ૪૧) | આનંદનું અવતરણ | ૧૨૬ |
| ૪૨) | કેટલીક વાતો વિજ્ઞાન સંબંધી | ૧૩૨ |
| ૪૩) | કેટલીક વાતો ભૂગોળની | ૧૩૭ |
| ૪૪) | ચિકાગો પ્રશ્નોત્તર | ૧૪૬ |
| ૪૫) | સાહિત્ય પરિચય | ૧૫૩ |
| | પરિશિષ્ટ | ૧૬૩ |
| | પ્રેરણાદાયી શ્રુતપુરુષાર્થ | ૧૬૬ |
| | ગ્રંથસૂચિ | ૧૭૩ |
| | શબ્દસૂચિ | ૧૭૫ |

## તરંગ - ૪

# જૂની ગુજરાતી રચના


ગ્રંથનામ : પદસંગ્રહ
કર્તા : આનંદઘનજી મ.
ભાષા : ગુજરાતી
સમય : ૧૮મી સદી

(૨૭)

## આનંદનો અવતાર

પ્રભુ શ્રી વીરે કરુણા કરી મોક્ષનો માર્ગ સ્થાપ્યો. સંસારના અડાબીડ જંગલમાં ભૂલા પડેલા જીવો માટે આ જ સાચા સુખનો માર્ગ છે કેમ કે એ જ આત્મા સુધી લઈ જાય છે. આત્મા સુધી પહોંચવાના બે રસ્તા છે : એક રાજમાર્ગ છે, બીજો પગદંડી છે. રાજમાર્ગ સહેલો અને સલામત છે, પગદંડી પર ચાલવું અઘરું છે. રાજમાર્ગ પર ચાલનારને સથવારો મળી રહે છે, પગદંડી પર એકલા જ ચાલવાનું હોય છે. રાજમાર્ગ પર ચાલતા સાધકોનો પરિચય પામવો સહેલો છે, પગદંડી પર ચાલતા સાધકની ઝલક પામવી અઘરી છે.

શ્રી આનંદઘનજી અનુભવની પગદંડી પર વિહરતા એકલવીર આરાધક હતા. તેઓ નિજાનંદમાં જ મસ્ત રહેતા. સંબંધોની સીમાઓની પેલે પાર અનહદની સરહદે તેમનો કાયમી મુકામ હતો. આવા અલખના અવધૂત આત્માના અનુભવની ઝલક મેળવવી એ કાગળની હોડી લઈ સમંદર તરવા જેવું છે.

પદાર્થ જગતનો છેડો આવે છે તે કિનારે આત્માનો

અફાટ સાગર હિલોળા લે છે. સમી સાંજના સમયે મઝધારે એક નાવિક મસ્તીનું ગીત ગાઈ રહ્યો છે. તેના શબ્દો આનંદના મહાસાગરમાં વિહરવાનું આમંત્રણ આપી રહ્યા છે. એ ગાય છે -

**નાવરિયા મોરી કૌન લગાવે બેડા પાર...**

વહેલી સવારે તે સહુને જગાડે છે-

**કયા સોયે ઊઠ જાગ બાઉરે**
**ભમત ભમત ભવજલનિધિ પાયકે**
**ભગવંત ભજન વિન નાહિ નાઉ રે...**

એ શ્રી આનંદઘનજી છે. તેમના શબ્દોનો સહારો લઈ આનંદના અવતારની સહેલગાહ કરીએ.

## પદ-૧

**રામ કહો રહમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રી,**
**પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી. ૧.**
**ભાજનભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી,**
**તૈસે ખંડકલ્પનારોપિત, આપ અખંડ સ્વરૂપ રી. ૨.**
**નિજપદ રમે રામ સો કહિયે, રહેમ કરે રહિમાન રી,**
**કરસે કરમ કાન સો કહિયે, મહાદેવ નિર્વાણ રી. ૩.**
**પરસે રૂપ સો પારસ કહિયે, બ્રહ્મ ચિહ્ને સૌ બ્રહ્મ રી,**
**ઈહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મ રી. ૪**

પરમાત્માની શોધ એ સાધનાનું પ્રથમ લક્ષ્ય છે અને પરમાત્માની ઉપલબ્ધિ સાધનાનું અંતિમ લક્ષ્ય છે. પરમાત્માની ઓળખ કઈ રીતે કરવી આ પ્રશ્નો ઉત્તર સરળ નથી. કેમકે જુદા જુદા ધર્મ કે સંપ્રદાય પરમાત્માને જુદા જુદા નામે સંબોધે છે. તેમાં સાચું સ્વરૂપ કયું, આવી આશંકા જન્મે એ સહજ છે. શ્રી આનંદઘનજી કહે છે-પરમાત્માને બધા જુદા જુદા નામે ભલે ઓળખતા હોય પણ તત્ત્વરૂપે તે એક જ છે. આ પરમતત્ત્વને રામ કહો, રહેમાન કહો, કૃષ્ણ કહો, મહાદેવ કહો, પારસનાથ કહો કે બ્રહ્મા કહો. આ દરેક નામ આપણા શુદ્ધ આત્માની જ ઓળખ આપે છે. એક જ માટીમાંથી બનેલાં વાસણ જુદા જુદા

નામે ભલે ઓળખાતા હોય, પણ મૂળ (માટી) સ્વરૂપે એક જ છે તેમ આત્માનું અખંડ સ્વરૂપ એક જ છે. અલગ અલગ નામ-આકાર કે ક્રિયાની કલ્પનાના આધારે તે અલગ અલગ જણાય છે.

પરમાત્માની ઓળખ આપતા દરેક શબ્દનો અર્થ એક જ પરમતત્ત્વનો નિર્દેશ કરે છે. જે આત્મામાં રમણ કરે તે રામ, આત્મા પર રહેમ કરે તે રહેમાન, જે આત્માના કર્મોને કૃષ કરે એટલે નબળાં પાડે તે કૃષ્ણ, જેનો આત્મા નિર્વાણ પામ્યો છે તે મહાદેવ, જે પોતાના સ્વરૂપની સ્પર્શના કરે તે પારસ, જે પોતાના અખંડ રૂપની અભિવ્યક્ત કરે તે બ્રહ્મા. આમ, પરમાત્માના અલગ અલગ નામ એક જ અર્થ બતાવે છે. કર્મરહિત, ચેતનામય, આનંદના સમુદાય રૂપ આત્મા જ પરમાત્મા છે.

**પદ-૨**

**નિરંજન યાર (નાથ) મોહે કૈસે મિલેંગે**
**દૂર દેખું તો દરિયા ડુંગર, ઉંચે બાદલ નીચે જમીયું તલે.**
**ધરતી મેં ઢુંઢું તિહાં ન પીછાનું, અગ્નિ લહું તો મેરી દેહ જલે.**
**આનંદઘન કહે જસ સુનો બાંતાં, યેહિ મીલે તો મેરો ફેરો ટલે.**

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. શ્રી આનંદઘનજી મ.ના આશક હતા. તેઓ તેમને આધ્યાત્મિક કલ્યાણમિત્ર બનાવવા ઇચ્છતા હતા. તેમની પાસે અનુભવજ્ઞાનની કળા આત્મસાત્ કરવા ચાહતા હતા. શ્રી આનંદઘનજી મ.ને મળવા તેઓ આબુની ગિરિકંદરામાં રખડ્યા. તેમને ક્યાંય આ અવધૂતનો અણસાર ન મળ્યો. હતાશ થઈ તેઓ એક શિલા ઉપર બેસી ગયા. તેમના મુખમાંથી ઉદ્ગાર નીકળ્યા - મારા મિત્ર કેવી રીતે મળશે ? ત્યાં જ તેમની પ્રતીક્ષાનો પડઘો પાડતા શબ્દ તેમના કાને અથડાયા -

**નિરંજન યાર (નાથ) મોહે કૈસે મિલેંગે**

શ્રી આનંદઘનજી મ. કહે છે- તારા પરમ મિત્રને શોધવા તું બહાર કેમ રખડે છે ? તારો સાચો મિત્ર તો તારો આત્મા છે. તે નિરંજન છે, નિરાકાર છે. તે બહારની આંખથી નહીં દેખાય. જેને દેહ છે. રૂપ છે, રંગ છે, આકૃતિ છે તેને શોધવો આસાન છે. જે રૂપ, રંગ, આકૃતિથી પર છે તેનો શોધવો મુશ્કેલ છે. મારા મિત્ર ! આત્માને શોધવા હું દરિયા-ડુંગર ખૂંદી વળ્યો. દરિયામાં

પાણી અને ડુંગરમાં પથ્થર સિવાય કંઈ ન મળ્યું. આકાશ-પાતાળ એક કર્યા. આકાશમાં વાદળ અને પાતાળમાં માટી સિવાય કંઈ ન મળ્યું. અગ્નિમાં શોધ કરવા જઉં તો મારું શરીર જ બળી જાય. રાખ સિવાય કંઈ હાથ ન આવે. આત્મા નામનો મિત્ર પંચ મહાભૂત (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ)ના જગતમાં નથી. તેને શોધવા ભીતર ઉતરવું પડે. મનની પેલે પારના અગોચર પ્રદેશમાં તેનો મુકામ છે. આનંદઘન કહે છે- જસવિજય ! એક વાત સાંભળી લે. જો તને એ મિત્ર મળી ગયો તો તારા ભવના ફેરા ટળી ગયા.

**પદ-૩**

**મારગ ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે, રહત આનંદ ભરપૂર**
**તાકો સરૂપ ભૂપ તિહું લોકસે ન્યારો, વરસત મુખ પર નૂર**
**સુમતિ સખી કે સંગ, નિત નિત દોરત, કબહુ ન હોતહી દૂર**
**જસવિજય કહે સુનો હો આનંદઘન, હમ તુમ મિલે હજૂર**

ઉપાધ્યાય શ્રી યશોવિજય મ.એ શ્રી આનંદઘનજી મ.નાં પ્રથમ દર્શન કર્યા. શ્રી આનંદઘનજી મ.ના ચહેરા પર ચક્રવર્તિના મુખ પર ન હોય તેવાં નૂર, ખુમારી અને મસ્તીના સંગમ સમી ફકીરી છે. નિસ્પૃહતા, નિર્ભયતા અને નિશ્ચિતતાથી ભરી તેમની ચાલ છે. આંખોમાં આત્માનંદનો કેફ લઈ ગાતા જાય છે.

**મેરે પ્રાન આનંદઘન...**

મસ્તીની આ ધૂન સાંભળી ઉપાધ્યાયજી મ.ના મોઢાંમાંથી શબ્દો સરી પડ્યા.

**મારગ ચલત ચલત ગાત...**

આનંદઘન રસ્તે ચાલતા ચાલતા આત્માનું ગીત ગાય છે. ભરપૂર આનંદમાં મસ્ત રહે છે. તેની મસ્તી ત્રણ લોકના માનવીથી સાવ ન્યારી છે. તેના ચહેરા પરનું તેજ રાજાને ઝાંખો પાડી દે તેવું છે. આ મસ્તીનું કારણ શું છે ? તે હંમેશા સુમતિ નામની સખીને સાથે જ રાખે છે. તેની દિશા, દશા અને ગતિ સુમતિ જ નક્કી કરે છે 'હું આત્મા છું'- આ વાતની જાગૃતિ તે સુમતિ. કબીર, પલટૂ, દયાલ સાહિબ, જેવા સૂફી સંતો સુમતિને સૂરતી કહે છે.

**બખ્તર પહેને પ્રેમ કા ઘોડા હૈ ગુરુજ્ઞાન,**
**પલટૂ સૂરતી કમાન લઈ જીતી ચલે મૈદાન.**

જસવિજય કહે છે - આનંદઘન સાંભળો તમે (આત્મા) અને હું રુ-બ-રુ મળી ગયા. આનંદ આનંદ છવાઈ ગયો.

**પદ-૪**

**અનુભવ તું હૈ હિતુ અમારો**
**આયઉપાય કરી ચતુરાઈ, ઔરકો સંગ નિવારો**
**તૃષ્ણા રંડ ભાંડરી જાઈ, પરઘર કરે સવારો**
**શઠ ઠગ કપટ કુટુંબ હી ખોએ, મનમેં ક્યું ન વિચારો**
**કુલટા કુટિલ કુબુદ્ધિ સંગ ખેલકે, અપની પત ક્યું વિસારો**
**આનંદઘન સમતા ઘર આવે બાજે જીત નગારો**

આત્મા મનની પેલે પાર છે. મનની આ પાર આખો સંસાર છે. સંસાર સ્થૂળ છે. તેને ઓળખવા બુદ્ધિ જરૂરી છે. આત્માના પ્રદેશમાં પ્રવેશવા બુદ્ધિ નામનું ઉપકરણ સાંકડું પડે. તે માટે શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધાનો પ્રાણ છે - અનુભવ. જાત અનુભવ. શબ્દો બુદ્ધિની પરિધિમાં સમાય છે. બુદ્ધિ જે દેખાય છે તેને આધારે ચાલે છે. તે જ સંસાર સાથે જોડી રાખે છે. શ્રી આનંદઘનજી મ. કહે છે. આત્મા જ પરમાત્મા છે. આત્માને પામવાનું સાધન અનુભવ છે. અનુભવ ! તું મારો મિત્ર છે. બુદ્ધિ દુશ્મન છે. કેમકે બુદ્ધિ મને જડ સાથે બાંધી રાખે છે. અનુભવ ! તું મારી પાસે આવી જા, મને મદદ કર. કોઈ ઉપાય કર અને આ જડના સંપર્કને દૂર કર. તું હંમેશા મારી સાથે છે છતાં મારાથી દૂર છે. તું સુમતિનો મિત્ર મટી કુમતિનો મિત્ર બની ગયો છે. બુદ્ધિ લાલસા પેદા કરે છે. લાલસા વેશ્યા જેવી છે. તેનો જન્મદાતા મોહ પણ બહુગામી (અનેક સ્ત્રીનું સેવન કરનાર) છે. મોહનું આખું કુટુંબ લોભી, લાલચુ અને લંપટ છે. તેમના પ્રભાવથી તું દબાઈ ગયો છે. આ વાત વિચારતો કેમ નથી ? પરના સંપર્કમાં આનંદ મનાવે છે- કુબુદ્ધિ. કુબુદ્ધિ કુલટા છે, કપટી છે. તેની સાથે રહી તું તારી આબરૂ શું કામ ગુમાવે છે ? અનુભવ ! મારા મિત્ર ! કુમતિને છોડી દે. સુમતિને

ઘરે લઈ આવ. સુમતિ તારા ઘરમાં આવશે તો તું જીતી જઈશ. (આ પદમાં સમતાને બદલે સુમતિ પદ વધુ બંધબેસતું જણાય છે.)

**પદ-૫**

**પ્રભુ ભજ લે મેરા દિલ રાજી,**
**આઠ પહરકી ચોસઠ ઘડિયાં, દો ઘડિયા પ્રભુ સાજી.**
**દાન પુણ્ય કછુ ધરમકું કર લે, મોહમાયાકું ત્યાજી.**
**આનંદઘન કછુ સમજ સમજ લે આખર ખોવેગા બાજી.**

એક સુબાને સંતાન ન હતા. રાણીના આગ્રહથી તે શ્રી આનંદઘનજી મ. પાસે ઇલમ માંગવા આવ્યો. શ્રી આનંદઘનજી મ.એ તેને તાવીજ આપ્યું તેમાં લખ્યું હતું. 'રાજા કી રાનીકો લડકા હોવે તો આનંદઘન કો ક્યા ? ઔર ન હોવે તો ભી આનંદઘન કો ક્યા ? સંયોગથી સુબાને સંતાનપ્રાપ્તિ થઈ. તેણે ખુશ થઈ શ્રી આનંદઘનજીને કહ્યું 'કુછ કામ બતાઇએ આપકા દિલ રાજી હો ઐસા કુછ હમ કરના ચાહતે હૈ', તેની વિનંતિનો જવાબ શ્રી આનંદઘનજી મ.એ આ પદ દ્વારા આપ્યો છે.

પ્રભુનું ભજન કરી લે. મારું દિલ રાજી થઈ જશે. દિવસના આઠ પ્રહર છે. તેની ચોસઠ ઘડી થાય. તેમાંથી બે ઘડી ભગવાન માટે કાઢ. મોહમાયા છોડી કંઈક દાનપુણ્ય કરી લે. ધર્મના કામ કરી લે. આનંદઘન કહે છે - થોડી સમજ મેળવી લે. આવો ને આવો રહીશ તો જીવનની બાજી હારી જઈશ.

**પદ-૬**

**કાયા અબ ચલો સંગ હમારે, તોહે બહુત જતન કરી રાખી.**
**તોરે કારણ મેં જીવ સંહારે, બોલે જૂઠ અપારે,**
**ચોરી કરી પરનારી સેવી, જૂઠ પરિગ્રહ ધારે. ૧**
**પટ આભૂષણ સૂંઘા ચૂઆ, અશનપાન નિત ન્યારે,**
**ફેર દિન ષટરસ દિયે સુંદર, તેં સવિ મલ કર ડારે. ૨**
**જીવ સુણો યા રીત અનાદિ, કા કહું વાર હજારે,**
**મૈં ન ચલુંગી તોરે સંગ ચેતન, પાપપુણ્ય દો લારે. ૩**

**જિનવર નામ સાર ભજ આતમ, કહા ભરમ સંસારે,**
**સદગુરુ વચન પ્રતીત ભયે જબ, આનંદઘન અવતારે. ૪**

મરણ પથારી પર સૂતેલી વ્યક્તિ પોતાના શરીરને મૃત્યુ પછી સાથે આવવા આગ્રહ કરે છે અને શરીર તેનો જવાબ આપે છે. આત્મા અને શરીર વચ્ચેનો સંવાદ આ પદનો વિષય છે.

આત્મા : કાયા ! મારું મૃત્યુ નજીક છે. મેં તને આખી જિંદગી સુધી સાચવી છે. હવે તું મારી સાથે ચાલ. તારા માટે મેં અનેક જીવોને માર્યા છે, તારા માટે હું અપાર જૂઠ બોલ્યો છું, તારા માટે મેં ચોરી કરી છે, તને ખુશ કરવા અન્ય સ્ત્રીનો સંગ કર્યો છે, તારા માટે નકામી વસ્તુના પરિગ્રહ કર્યા છે. તને વસ્ત્ર-અલંકારથી શણગારી, દુર્ગંધ દૂર કરવા ચંદનના લેપ કર્યા, અત્તર સુંઘાડ્યા, હંમેશા અવનવાં ભોજન આપ્યાં. તે બધું મળમૂત્ર બનાવી બહાર ફેંકી દીધું.

કાયા : જીવ ! આ અનાદિ કાળનો શાશ્વત નિયમ છે. હું કોઇની સાથે ગઈ નથી. દરેક આત્મા મને અહીં મૂકીને જ જાય છે. તું મને વારંવાર સાથે આવવાનું કહે છે પણ હું તારી સાથે આવીશ નહીં. તારી સાથે તેં કરેલા પુણ્યપાપ જ આવશે.

કાયાની માયામાં અટવાઇને સર્વસ્વ હારી ચૂકેલા આત્માને સદ્‌ગુરુ શિખામણ આપે છે : આતમ ! તું ભગવાનનું નામ ભજ. આખો સંસાર જૂઠો છે. તેમાં સાર એક જ છે - ભગવાનનું નામ. સદ્‌ગુરુના આ વચન પર જે દિવસે વિશ્વાસ આવશે તે દિવસે આનંદઘનનું મતલબ કે પૂર્ણ આનંદનું અવતરણ થશે.

### પદ-૭

**અબ હમ અમર ભયે ના મરેંગે**
**યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યોં કર દેહ ધરેંગે.**
**રાગદ્વેષ જગ બંધ કરત હૈ, ઉનકો નાશ કરેંગે**
**મર્યો અનંતા કાલ તે પ્રાણી, અબ હમ કાલ હરેંગે. ૧**
**વપુ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે**

**નાસી જાસી હમ થિરવાસી, ચોખે વહી નિખરેંગે. ૨**
**મર્યો અનંત કાલ બિન સમજ્યો, અબ સુખદુખ વિસરેંગે**
**આનંદઘન નિપટ અક્ષર દો, ના સમાજે સો મરેંગે. ૩**

હવે મને મરણનો ભય નથી કેમકે હવે હું અમર થવાનો છું. મરવાનો નથી. કારણ કે હું શરીર નથી, આત્મા છું. આ સત્ય મને સમજાઈ ગયું છે. મારો ભ્રમ મટી ગયો છે. આજ સુધી મેં આ મિથ્યાત્વને પકડી રાખ્યું હતું તે છોડી દીધું છે. હવે શું કામ શરીર ધારણ કરું.

જગતને બંધનમાં રાખનારા રાગદ્વેષનો હું નાશ કરીશ. રાગદ્વેષને કારણે અનંતકાળથી હું મરતો આવ્યો છું. હવે હું તે કાળને મીટાવી દઈશ.

શરીર વિનાશી છે. હું એટલે આત્મા અવિનાશી છું. શરીર તેની ગતિમાં જશે હું મારી દિશા પકડીશ, મોક્ષની દિશા. શરીર નાશ પામી જશે હું સ્થિર રહીશ, શુદ્ધ થઈને વધુ પ્રકાશ પ્રાપ્ત કરીશ.

શરીર જુદું છે આત્મા જુદો છે. આ વાત આજ સુધી સમજાઈ ન હતી તેથી અનંતકાળ હું મર્યો છું, હવે હું સુખદુઃખથી પર થઈશ. હું આનંદઘન છું આ વાત જે યાદ નહીં રાખે તે મરતા રહેશે.

પામર આત્મા મરણના ભયથી મરે છે,
મહાન આત્મા ખુમારીથી મરે છે.
પરમ આત્મા મરણને મારીને મરે છે.

### પદ-૮


**મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન,**
**માત આનંદઘન, તાત આનંદઘન, ગાત આનંદઘન, જાત આનંદઘન,**
**રાજ આનંદઘન, કાજ આનંદઘન, સાજ આનંદઘન, લાજ આનંદઘન,**
**આભ આનંદઘન, ગાભ આનંદઘન, નાભ આનંદઘન, લાભ આનંદઘન.**

મારો આત્મા આનંદનો અવતાર છે. આત્માનો આનંદ પોલો નથી, નક્કર છે. હું આનંદઘન છું. આત્મા જ મારા પ્રાણ છે. આત્મા જ મારો તાન એટલે મસ્તી છે. આત્મા જ મારા પિતા છે. આત્મા જ મારી માતા છે. આત્મા

જ શરીર છે. મારી જાત આત્મા જ છે. આત્મા જ મારું રાજ છે. આત્મા જ મારું કાજ (કાર્ય-લક્ષ્ય) છે. આત્મા જ મારા સાજ-શણગાર છે. આત્મા જ મારી લાજ છે. આત્મા જ મારું આકાશ છે. આત્મા જ મારું વસ્ત્ર છે. આત્મા જ મારું મૂળ છે. આત્મા જ મારું ફળ છે. આત્મા જ મારો લાભ છે. હું આનંદ છું... આનંદઘન છું... આત્મા છું. આ પદમાં આનંદઘનજી મ. નું મૂળ લાભાનંદનો ઉલ્લેખ જોવા મળે છે.

શ્રી આનંદઘનજી મ.ના સ્તવનો જેટલાં જટિલ છે તેટલાં પદો જટિલ નથી. પદો સરળ અને સહજ છે. તેમનાં સ્તવનોમાં આવતી દ્રવ્યાનુયોગની વાતોના પ્રભાવમાં આવી વિવેચકોએ તેમનાં સરળ પદોને પણ અઘરાં બનાવી દીધાં છે. તેને કારણે સર્વસામાન્ય અભિભાવક તેમના અનુભવપૂત આનંદના અવગાહનથી વંચિત રહ્યો છે. શ્રી આનંદઘનજી મ.ના શબ્દોની નાવમાં બેસીએ તેમનો આનંદ આપણો આનંદ બની રહેશે.

•



ગ્રંથનામ : શ્રીપાલ રાજાનો રાસ
કર્તા : ઉપા.શ્રી વિનયવિજયજી મ.,
ઉપા. શ્રી યશોવિજયજી મ.
ભાષા : ગુજરાતી
સમય : ૧૮મી સદી

(૨૮)

## આતમ ભાવે થિર હજો

શ્રીપાલરાજાનો રાસ એ જૈન સંઘમાં ઘર ઘરમાં જાણીતો ગ્રંથ છે. જે ધર્મગ્રંથો પોતાની સુગમતા, મધુરતા અને પ્રેરકતાને કારણે લોકોના હૃદયમાં વસી ગયા છે અને જનસમૂહને ધર્મભાવનાના અમૃતનું પાન કરાવતા રહે છે, એવા અમર અને નામાંકિત ગ્રંથરત્નોમાં શ્રીપાલરાજાના રાસનું સ્થાન છે અને એનું કારણ છે : 'ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજ તથા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની વિદ્વત્તાભરી છતાં સર્વજનસુગમ સુમધુર કવિવાણી'

કવિતા દેવી જાણે એમની કલમે બિરાજીને સુંદર અને આહ્લાદક વાણીરૂપે વહેવા લાગે છે.

સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલી કાદંબરી મહાકથાનો આરંભ મહાકવિ બાણભટ્ટના હાથે થયો. એ ગ્રંથને અપૂર્ણ મૂકીને મહાકવિ સ્વર્ગવાસી બન્યા, અને એમના પુત્રે પિતાનું અધૂરું કાર્ય દક્ષતાપૂર્વક પૂરું કરીને જાણે પિતૃઋણ અદા કર્યું. જગતને બે વિદ્વાનોની સુમધુર

વિદ્યાપ્રસાદી એક જ ગ્રંથરૂપે ભેટ મળી. આબાલ-ગોપાલ પ્રસિદ્ધ શ્રીપાલરાજાના રાસનું પણ એવું જ થયું. સૂરત પાસેના રાંદેર ગામના સંઘની વિનંતિથી ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે વિ.સં. ૧૭૩૮માં આ રાસની રચનાનો આરંભ કર્યો. મંગલમાં જ તેમના મુખમાંથી "કલ્પવેલી કવિયણતણી" એવા શબ્દો સરી પડ્યા અને તરત જ આ મહાપુરુષને ખ્યાલ આવી ગયો કે, આમાં પ્રારંભમાં 'ર' ગણ વપરાઈ ગયો છે. "निरङ्कुशाः कवयः" એ ન્યાયે શબ્દો નીકળેલા, તેથી એમને લાગ્યું કે આ કોઈ ભાવિ ભાવનું સૂચન છે.

'ર' ગણ અપશુકનિયાળ છે. તે પ્રારંભમાં આવી જાય તો કર્તા નિર્વિઘ્ન સમાપ્તિ ન જ કરી શકે. તેઓશ્રીએ વિચાર્યું કે આ અલૌકિક ગ્રંથ હું પૂરો કરી શકીશ નહીં. જેથી તેઓશ્રીએ શ્રી સંઘને ભેગો કરી જણાવ્યું કે, મારા ગુરુબંધુ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ જો આ ગ્રંથ હું પૂરો ન કરી શકું, તો મારી અધૂરી રહેલી રચના તેઓશ્રી પૂરી કરશે, એવું વચન આપે તો આ ગ્રંથ રચવાનું હું ચાલું રાખું.

શ્રી સંઘે ઉપાધ્યાયજી મહારાજને વિનંતિ કરી અને તેમણે એ સ્વીકારી લીધી અને પૂ. ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મ. સ્વર્ગવાસી બનતા જ્યાંથી ગ્રંથ અધૂરો રહ્યો, ત્યાંથી તેઓશ્રીએ પાંચસો ગાથાઓ રચી ગ્રંથ પૂર્ણ કર્યો. એ અધૂરી કાવ્યકૃતિના ભાવ અને માધુર્યનું સાતત્ય જાળવીને એને પૂર્ણ કરવાનું કામ સહેલું ન હતું : અંતરમાં કવિતા સ્વરૂપ સરસ્વતીમાતાની કૃપાનો અને ધર્મશાસ્ત્રના ઊંડા અવગાહનનો સંગમ સધાયો હોય, તો જ થઈ શકે એવું એ કામ હતું. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આવા જ કવિતામાં નિપુણ અને ધર્મશાસ્ત્રોના જ્ઞાતા મહાપુરુષ હતા અને તેઓને ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ પ્રત્યે ઘણા માન અને મમતા હતાં. એમણે એમની એ અધૂરી કાવ્યકૃતિ પૂરી કરવાનું સ્વીકાર્યું અને ૫૫૧ જેટલી ગાથાઓ રચીને ભારે ઉલ્લાસ અને સફળતા પૂર્વક એ કામ પરિપૂર્ણ કરીને મિત્રધર્મ અદા કર્યો. આ રીતે જૈન સંઘને એક જ કાવ્યકૃતિમાં બે સુવિદ્વાનોની ઉત્તમ સરસ્વતી ઉપાસનાના ફળનો પ્રસાદ મળી રહ્યો.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ જ્ઞાન અને ચારિત્રની મૂર્તિ હતા

એમણે અનેક ગ્રંથોની રચના કરી હતી. જ્ઞાન અને ચારિત્રના ઉત્કટ આરાધક અને સર્વશાસ્ત્રોના સમર્થજ્ઞાતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની તો જોડ જ મળવી મુશ્કેલ છે. તેઓ જેમ ગંભીર આગમવેત્તા હતા એટલા જ ઉત્કટ તાર્કિક હતા, અને અન્ય વિષયો પણ જાણે એમના રોમે રોમે વસી ગયા હતા. એમની વિવિધ ભાષામાં રચેલી વિવિધ વિષયની રચનાઓનો વિચાર કરીએ છીએ, તો અંતર ડોલી ઊઠે છે. તેઓએ આગમ અને ન્યાયને લગતા સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ઉચ્ચકોટીના ગ્રંથોની રચના કરવાની સાથે સાથે સામાન્ય જનસમૂહને ઉપયોગી થઈ શકે, એવી લોકભાષાની સરળ અને મધુર કૃતિઓની પણ રચના કરી, આ એમનો ઉપકાર સદા સ્મરણીય બની રહે એવો છે. આવી કૃતિઓએ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને જનહૃદયમાં સદાને માટે બિરાજમાન કરી દીધા, એમાં શંકા નથી.

શ્રીપાલ કથાના મૂળ નાયક શ્રીપાલ રાજા છે. મયણાસુંદરીનો પિતા સાથે વિવાદ થયો. ગુસ્સે થયેલા પિતાએ તેને કોઢિયા સાથે પરણાવી. સિદ્ધચક્રની આરાધનાથી કોઢ મટી ગયો. સહુ સારાં વાનાં થયાં. શ્રીપાલ રાજા જાત-કમાણી કરવા બહાર નીકળ્યા. ધવલ શેઠે શ્રીપાલ રાજાને બહુ હેરાન કર્યા. શ્રીપાલ રાજા ઘણી સંપદા પામ્યા. શ્રીપાલ કથાનું આ વિષય વસ્તુ છે. પર્વત પરથી નીકળેલી નદીની જેમ આ કથામાં ઘણા ચઢાવ-ઉતાર અને વળાંક આવે છે.

શ્રીપાલ રાજાના રાસમાં રાસ ઉપરાંત ઘણી વાતો છે. શ્રીપાલ-મયણાની મુખ્ય ઘટનાની અસરમાં આ વાતો પડદા પાછળ રહી ગઈ છે. પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે તો રાસમાં કથાના માધ્યમે અધ્યાત્મ ઠાંસી ઠાંસીને ભર્યું છે. તે જમાનામાં વ્યાખ્યાન વાંચવાની રીત આજ કરતા જુદી હતી. વ્યાખ્યાનકાર હાથમાં શાસ્ત્ર લઈ એક એક ગાથા વાંચે અને તેનો અર્થ કરે. (આજે વ્યાખ્યાનમાં તો ઠીક, વાચનામાં પણ આ રીતે શાસ્ત્ર વંચાતા નથી.) સાંભળનારા શ્રાવકો પણ પ્રબુદ્ધ હતા, એથી તેમને આનંદ મળતો. જનસામાન્યને આ રીત અઘરી લાગવા માંડી. તેમને જોડેલા રાખવા વ્યાખ્યાનમાં કથાગ્રંથ વાંચવાનો પ્રારંભ થયો. શરૂઆતના પોણા કલાકમાં તત્ત્વ અને છેવટના સમયમાં કથાગ્રંથ વંચાતો. સંસ્કૃત કથાગ્રંથ સમજવામાં અઘરા

જણાવાથી ગુજરાતી રચનાઓ વંચાવા લાગી. શ્રીપાલ રાજાનો રાસ આ ભૂમિકાએ રચાયો છે. બન્ને રચનાકાર મહાપુરુષના શબ્દો આ વાતની સાખ પૂરે છે. પૂ. ઉપા.શ્રી વિનયવિજયજી મહારાજ વ્યાખ્યાનમાં આ રાસ વાંચતા હશે. બે ખંડમાં કથાએ રસ પેદા કર્યો છે. આગળની વાત સાંભળવા સભા ઉત્કંઠ બની ગઈ છે. શ્રીપાલ રાજા મદનમંજૂષાને પરણી ધવલશેઠને સ્વદેશ પહોંચાડવા સમુદ્રમાર્ગે નીકળી રહ્યા છે. બીજો ખંડ પૂરો થયો. ત્રીજા ખંડની શરૂઆતમાં જ સભાની ઉત્કંઠા અભિવ્યક્ત થઈ છે.

**"સભા કહે શ્રીપાલને, સમુદ્ર ઉતારો પાર,**
**અમને ઉત્કંઠા ઘણી, સુણવા મ કરો વાર.**
**કહે કવિયણ આગળ કથા, મીઠી અમિય સમાન,**
**નિદ્રા વિકથા પરિહરી, સુણજો દેઈ કાન."**

વ્યાખ્યાન લાંબું થઈ જાય તો શ્રોતા કંટાળી જાય છે. કંટાળેલા કે શ્રવણના રસ વિનાના શ્રોતા સામે ભલે, તે હજાર હોય, વ્યાખ્યાન કરવું પડે, એથી મોટી સજા બીજી એક નથી. વક્તાના હાર્દને તરત સમજી જાય અને દાદ આપે એવો એક શ્રોતા વક્તાને પારાવાર આનંદ આપે છે. ત્રીજો ખંડ પૂરો થયો. ચોથા ખંડની શરૂઆત કરતા પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ સારા શ્રોતાના લક્ષણ બતાવે છે. (વ્યાખ્યાન સારું હોય તો શ્રોતાને રસ આવે. શ્રોતાને રસ આવે તો જ તે વ્યાખ્યાનમાં આવે. આ નિયમ અનુભવમાં આવે છે. પણ શ્રોતા સારો હોય તો જ વક્તાને રસ આવે અને વક્તાને રસ આવે તો જ તે (સારું) વ્યાખ્યાન કરે એ નિયમ અનુભવમાં નથી, આમ કેમ ?)

**"સીસ ધુણાવે ચમકિયો રોમાંચિત કરે દેહ**
**વિકસિત નયન વદન મુદા, રસ દિયે શ્રોતા તેહ."**

સારી વાત સાંભળી સારો શ્રોતા તરત માથું ધુણાવે. તે સાંભળવામાં એવો તરબોળ બની જાય કે તેના રૂંવાડા આપોઆપ ખડા થઈ જાય, આંખ આશ્ચર્યથી પહોળી થઈ જાય. ચહેરા પર આનંદ છવાઈ જાય. આવા શ્રોતાને જોઈ વક્તાને વ્યાખ્યાન કરવાની મજા આવે.

**"જાણ જ શ્રોતા આગળે, વક્તા કલા પ્રમાણ,**
**તે આગળ ધન શું કરે, જે મગસેલ પાષાણ."**

ખરાબ શ્રોતા વ્યાખ્યાનમાં માથું ધુણાવે પણ ઉંઘમાં. તે સ્થિર રહી શકે નહીં. ઉંઘમાં જ આંખો મીંચાયેલી હોય, તેના ચહેરા પર જુઓ તો ગુસ્સામાં હોય તેવું જ લાગે. આવા શ્રોતાને જોઈ વક્તાની શું હાલત થાય ? રાસકાર કહે છે :

**"દર્પણ અંધા આગલે, બહેરા આગલ ગીત,**
**મૂરખ આગલ રસકથા, ત્રણે એક જ રીત (૪-૧-૨, ૩, ૪)**

આ વિસ્તૃત અને રસસભર રાસની રચના વ્યાખ્યાનમાં વાંચવા માટે થઈ છે. રાસ ચાર ખંડમાં વહેંચાયો છે. પહેલા ખંડમાં અગિયાર ઢાળ છે. બીજા ખંડમાં આઠ ઢાળ છે. ત્રીજા ખંડમાં પણ આઠ ઢાળ છે. ચોથા ખંડમાં ચૌદ ઢાળ છે. બધું મળી એકતાલીસ ઢાળ છે. કુલ ગાથા બારસો એકાવન છે. એટલે રાસ શ્રી કલ્પસૂત્ર-બારસાસૂત્ર જેટલો થાય.

નવપદની ઓળીમાં શ્રીપાલ રાજાની કથા વ્યાખ્યાનમાં વંચાય છે. (રાસ મોટે ભાગે બહેનોમાં પૂ. સાધ્વીજી ભગવંતો વાંચે છે.) મોટે ભાગે પહેલા ખંડમાં જેટલી કથા છે તેટલી જ વંચાય છે. શ્રીપાલ રાજાનો કોઢ મટી ગયો. પરિવારનું મિલન થયું. સહુને સદ્બુદ્ધિ મળી. અહીં સુધીની કથા જ માંડ માંડ પૂરી થાય છે. કથાનાયક શ્રીપાલ રાજાનું ખરું જીવન તો પછી જ ચાલુ થાય છે.

બીજા ખંડમાં શ્રીપાલ રાજાનું વિદેશગમન, બે કન્યા સાથે લગ્ન વગેરેનું વર્ણન છે. શ્રીપાલ રાજા સ્વભાવથી જ પરગજુ છે. યાત્રામાં શરૂઆતમાં જ તેમને એક યોગી પુરુષ મળ્યો. તેણે તેમને વિદ્યાસાધનામાં સહાય કરવા વિનંતિ કરી. શ્રીપાલ રાજાએ જે જવાબ આપ્યો તે તેમની ઉદારતાનો પરિચય આપે છે :

**ઘણે આગે ઉપકારને, દીધાં દેહ ધન રાજ રે.**

ભરૂચમાં શ્રીપાલ રાજાને ધવલ શેઠનો ભેટો થયો. ધવલે શ્રીપાલની શક્તિ જોઈ. શ્રીપાલે એકલે હાથે દસ હજાર સૈનિકોને હંફાવ્યા, તે જોઈ ધવલે

વેપારી બુદ્ધિ કામે લગાડી. હું દર વરસે દસ હજાર સૈનિકોને પગાર આપું, તે કરતા આ એક માણસને રાખું તો સસ્તું પડે. તેણે શ્રીપાલને વાત કરી, ધવલ અને શ્રીપાલનો સંવાદ રાસકારના શબ્દોમાં જોઇએ.

**"કુંવર કહે હું એકલો લેઉં સર્વનું મોલ**
**એ સર્વેનું એકલો કારજ કરું અડોલ**
**તે ધનનું લેખું કરી શેઠ કહે કરજોડ**
**અમે વણિક જન એકને કેમ દેવાએ કોડ." (૨-૩-૫, ૬)**

અમે વેપારી માણસ. અમારું નફાનું માનસ હોય, એક જણને કરોડ રૂપિયા કેમ કરી આપીએ ? શ્રીપાલે એવો જ જવાબ આપ્યો : તમારો સેવક બની એક રૂપિયો ન લઉં. ભાડું ભરી તમારી સાથે આવીશ. શ્રીપાલનાં પુણ્ય જાગતા છે. તે જ્યાં જાય છે ત્યાં નિધાન નીકળે છે :

**ઉત્તમ પુરુષ જે આદરે તિહાં હોવે નવ નિદ્ધ (૨-૨-૧૨)**

ધવલથી તે સહન થતું નથી. તેની ઈર્ષા શબ્દોમાં વ્યક્ત થાય છે. શ્રીપાલ તેને દર્શન કરવા આવવાનું કહે છે ત્યારે ધવલ જવાબ આપે છે -

**શેઠ કહે જિનવર નમો નવરા તુમે નચિંત,**
**વિણ ઉપરાજે (ધંધા માટે મહેનત) જેહની પહોંચે મનની ખંત.**

**અમને જમવાનો નહી ઘડી એક પરવાર,**
**સિરામણ (સવારનો નાસ્તો) વાળું (સાંજનું જમણ) જિમણ (બપોરનું)**
**કરીએ એક જ વાર (૨-૬-૨, ૩)**

શ્રીપાલ મદનમંજૂષા નામની કન્યાને પરણે છે : તેના માતા-પિતા દીકરીને વળાવતા શિખામણ આપે છે,

**પુત્રીને કહે વત્સ ક્ષમા ઘણી મન આણજોજી,**
**સદા લગે ભરતારને દેવ કરી જાણજો જી.**

**સાસુ સસરા જેઠ લજ્જા વિનય મ ચૂકજો જી,**
**પરિહરજો પરમાદ મરજાદા મ ચૂકજો જી.**

**કંત (પતિ) પહેલી જાગ જાગતા નવિ ઉંઘીએ જી,**
**શોક્ય બહેન કરી જાણ વચન ન તાસ ઉલ્લંઘીએ જી.**

**કંત સયલ પરિવાર જમ્યા પછી ભોજન કરે જી,**
**દાસ દાસી જણ ઢોર ખબર સહુની ચિત્ત ધરે જી.**

**જિનપૂજા ગુરુભક્તિ પતિવ્રતા વ્રત પાળજો જી,**
**શી કહીએ તુમ શીખ ઈમ અમ કુળ અજવાળજો જી.**

ધવલ શ્રીપાલને ઘણો હેરાન કરે છે. તેને મારવા છરી લઈ જાય છે. સીડી પરથી ગબડી પડતા પોતાની છરી વાગવાથી તેનું મોત થાય છે. તેનું મૃતકાર્ય શ્રીપાલ પોતે કરે છે. શ્રીપાલને ધવલના ઉપકાર જ યાદ છે, અપકાર નહીં. અગ્નિ સોનાને ઘણું તપાવે તો પણ સોનું પોતાનો રંગ (સ્વભાવ) બદલતું નથી. (૩-૪-૩૦)

ત્રીજા ખંડમાં શ્રીપાલ રાજા છ કન્યાઓને પરણી પોતાની નગરી પાછા ફર્યા એ વાત છે.

શ્રીપાલ રાજાના રાસનો અર્ક ચોથા ખંડમાં છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ખંડમાં અધ્યાત્મનો અને તત્ત્વજ્ઞાનનો નિચોડ ઠાલવ્યો છે.

શ્રીપાલ રાજા ઘરના દરવાજે આવી ઊભા છે. અંદર સાસુ-વહુનો સંવાદ ચાલી રહ્યો છે. શ્રીપાલ રાજાની માતા કહે છે. 'દુશ્મનો ઘેરો લગાવીને બેઠા છે અને વિદેશ ગયેલા પુત્રના કાંઈ સમાચાર નથી. જીવતર અકારું થઈ ગયું છે. ગ્રહો વાંકા ચાલે છે કે કોઈની નજર લાગી છે કે કોઇએ ઉપદ્રવ કર્યો છે કંઈ ખબર પડતી નથી, કોઈ જાણકારને બતાવી વિધિ કરાવી લઇએ.'

મયણા જવાબ આપે છે 'માતા ! દીકરો ઘરમાં નથી તેનો ખેદ ન કરો. આંગણે શત્રુ ઘેરો લગાવીને બેઠા છે તેથી ડરો નહીં. નવપદના ધ્યાનથી બધું જ સારું થશે. જોશી કે ભૂવાને પૂછવાની કોઈ જરૂર નથી. મારી ધર્મશ્રદ્ધાનો અનુભવ મને કહે છે, આજે જ મારા સ્વામીના ખબર આવશે. કેમ કે આજે સવારે મને પૂજામાં અનુપમ ભાવ જાગ્યો છે અને આવો ઉત્તમ ભાવ તત્કાળ ફળ આપે છે તેની મને ખાતરી છે.' આ ભાવ અમૃતક્રિયાનું લક્ષણ છે. પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે આ પ્રસંગને નિમિત્ત બનાવી અમૃતક્રિયાના

સાત લક્ષણ જણાવ્યા છે.

**"તદ્‌ગતચિત્ત ને સમયવિધાન**
**ભાવની વૃદ્ધિ ભવભય અતિઘણો જી**
**વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન**
**લક્ષણ એ અમૃત ક્રિયા તણો જી"** (૪-૧૭)

જે ક્રિયા કરતા હોઈએ તેમાં મન એકાકાર થઈ જાય. દરેક ક્રિયા શાસ્ત્ર મુજબ થાય. ક્ષણે ક્ષણે ભાવ વધતા જ રહે. સંસારનો તીવ્ર ભય જન્મે, નવા જ પ્રકારના અનુભવને કારણે મનમાં આશ્ચર્ય થાય, રોમાંચ ખડા થઈ જાય, મનમાં અવર્ણનીય આનંદ છવાય. આ અમૃતક્રિયાનાં લક્ષણ છે.

શ્રીપાલ રાજા દરવાજા પાછળથી બહાર આવ્યા. બધા ભેગા થયા. શ્રીપાલ રાજાએ મયણાને પૂછ્યું. 'બોલો તમારા પિતાને અહીં કેવી રીતે બોલાવીએ.' મયણાએ કહ્યું 'મોઢામાં કુહાડો નંખાવી બોલાવો તો ફરી કોઈ માણસ જૈનધર્મની આશાતના કરશે નહીં.' (૪-૧-૧૭)

શ્રીપાલ રાજાએ સસરાને સંદેશ મોકલ્યો. તે સાંભળી પ્રજાપાલ રાજા બહુ ગુસ્સે થયો. મંત્રીએ તેને શાંત રહેવાની સલાહ આપી.

**મંત્રી કહે નવિ કોપિયે પ્રબલ પ્રતાપી જેહ,**
**નાંખીને શું કીજીએ સૂરજ સામી ખેહ (ધૂળ).**

**જે કિરતારે વડા કિયા તેહશું ન ચાલે રીશ,**
**આપ અંદાજે ચાલીએ નામીજે તસ શીશ.**

**જેહની વેલા તેહની રક્ષા એહિ જ ન્યાય** (૪-૨-૧, ૩, ૪)

મયણાના પિતાને સચ્ચાઈ સમજાઈ તે પછી બહેન સુરસુંદરી નાટકમંડળીમાં મળી. પસ્તાવો કરતા તે જે બોલ બોલી તે અંગે ઉપાધ્યાયજીમાં કહે છે.

**એહવા બોલી બોલ સુરસુંદરીએ ઉપાઈઓ હો લાલ,**
**જે આનંદ ન તેહ નાટિક શતકે પણ કિયો હો લાલ.**

જૈન ધર્મ માટે સુરસુંદરી જે બોલ બોલી તેથી સો નાટક જોવાથી પણ ન થાય એવો આનંદ થયો.

શ્રીપાલ રાજાને પૂર્વાવસ્થાની ખબર પડી. પિતાના રાજ્યને પડાવી લેનાર અજિતસેન સાથે લડવા સૈન્ય લઈ ચંપાપુરી ચાલ્યા. યુદ્ધ થયું. અજિતસેનની હાર થઈ. શ્રીપાલ રાજાએ અજિતસેનને રાજ્ય પાછું આપ્યું. અજિતસેન વિચારે છે,

**આપ શક્તિ જાણે નહીં કરે અબલશું જૂઝ,**
**સુહિત વચન માને નહીં આપે વડે અબૂઝ.**

**કિહાં વૃદ્ધ પણ હું સદા પરદ્રોહ કરવા પાવ,**
**કિહાં બાલ પણ એ સદા પર ઉપકાર સ્વભાવ.**

કુટુંબીને ઠગનાર માણસનું નામ ખરાબ થાય છે, રાજા સાથે દગો કરે તેને મોટી સજા થાય છે, બાળકનો વિશ્વાસઘાત કરે તેની ગતિ બગડે છે. મેં એ ત્રણ પાપ કર્યા છે. મારા માટે નરક સિવાય કોઈ જગ્યા નથી. મારા પાપોનો ઉદ્ધાર કેવળ દીક્ષાથી જ થઈ શકે છે. (૪-૫-૨ થી ૫) અજિતસેન રાજાના મુખમાં દીક્ષાનો મહિમા ગાતા જે શબ્દો મૂકાયા છે, તે અદ્ભુત છે..

**પ્રવ્રજ્જા જિનરાજની છે ઇક શુદ્ધ સમત્થ.**
**એ દુખવલ્લી વનદહન તે શિવસુખતરુ કંદ,**
**તે કુલઘર ગુણગણતણું તે ટાળે સવિ દંદ**
**તે આકર્ષણ સિદ્ધિનું તે ભવનિઃકર્ષણ તેહ,**
**તે કષાયગિરિ ભેદ પવિ (વજ્ર) નોકષાય દવ મેહ**
**પ્રવ્રજ્જા ગુણ ઇમ ગ્રહે દેખે ભવજલ દોષ,**
**મોહ મહામદ મિટ ગયો હુઓ ભાવનો પોષ (૪-૪-૬-૧૦)**

ચોથા ખંડની પાંચમી ઢાળમાં શ્રીપાલ રાજાએ અજિતસેન મુનિની સ્તવના કરી તેનું વર્ણન છે. ચૌદ ગાથાના શબ્દે શબ્દે સંયમી પ્રત્યેનો ભારોભાર બહુમાનભાવ અભિવ્યક્ત થાય છે.

એકવાર અજિતસેન મુનિ ચંપાપુરીમાં પધાર્યા. શ્રીપાલ રાજા તેમની દેશના સાંભળવા આવ્યા. સાતમી ઢાળમાં એ દેશનાના માધ્યમે ઉપાધ્યાયજીએ ભાવધર્મની પ્રાપ્તિનો માર્ગ સ્પષ્ટ કરી દર્શાવ્યો છે. એકતાલીસ ગાથામાં જૈનશાસનનો સાર આવી જાય છે.

મનુષ્ય જન્મ, ધર્મનું શ્રવણ અને શ્રદ્ધા અતિ દુર્લભ છે. તત્ત્વની સમજ વિના શ્રદ્ધા આવતી નથી. તત્ત્વની સમજ મેળવવામાં ગુરુ સહાયક બને છે. પરંતુ તે માટે મહેનત તો જાતે જ કરવી પડે છે. આપણું તત્ત્વ આપણી ભીતરમાં જ છુપાયેલું હોય છે. તેને આપણે જ શોધવું પડે છે. દૂધમાં ઘી છુપાયેલું જ હોય છે. તેને મથવું પડે છે. સંત પલટૂ દાસનો સુંદર દોહરો છે.

**બિન ખોજે સે ના મિલે લાખ કરે સો કોઈ,**
**પલટૂ દૂધ સે દહી ભયા મથિબે સે ઘી હોઈ.**

તત્ત્વની શોધ કરવાના ત્રણ રસ્તા છે. શાસ્ત્ર, શુદ્ધ બુદ્ધિનો ઉપયોગ અને ધ્યાનનો રસ. વેદાંતમાં આ જ ત્રણ રસ્તા અલગ નામ સાથે આવે છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન. શુદ્ધ બુદ્ધિનો ઉપયોગ કરી શાસ્ત્રનું મંથન કરતા કરતા જે ક્ષણે પ્રભુ વચનો સાથે સાધક (કે શોધક કહેવો) એકાકાર થવા માંડે, તે ક્ષણે તત્ત્વબોધ પ્રગટે છે. તત્ત્વબોધ એટલે સાક્ષાત અનુભૂતિ.

તત્ત્વબોધ શબ્દ બે અલગ અલગ શબ્દોથી બન્યો છે. તત્ત્વ અને બોધ. બોધ એટલે જ્ઞાન પણ તત્ત્વ એટલે શું ? પૂ. ઉપાધ્યાયજી તત્ત્વ શબ્દની ખૂબ સુંદર વ્યાખ્યા કરે છે,

**તત્ત્વ એ દશવિધ ધર્મ છે ખંત્યાદિક શ્રમણનો શુદ્ધ (૪-૭-૧૫)**

પ્રશમરતિ નામના શાસ્ત્રમાં શ્રી ઉમાસ્વાતિજીએ દસ પ્રકારના યતિધર્મનું વર્ણન કર્યું છે. તેનો પદ્યાત્મક કાવ્યાનુવાદ અહીં જોવા મળે છે. ક્ષમા વગેરે આત્માના ગુણ છે. તે જ ધર્મ છે. આત્માના ગુણોને ખીલવવાનો પ્રયાસ કરવો તે અનુષ્ઠાન. તેનાં ચાર પગથિયાં છે. પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ. પ્રીતિ એટલે રુચિ. આત્માના ગુણો પર ઉત્કટ પ્રેમ. ભક્તિ એટલે બહુમાન પૂર્વકનો સ્વીકાર. આત્માના ગુણો જ આરાધ્ય લાગે. વચન એટલે શાસ્ત્રના વચન મુજબ પ્રવૃત્તિ. ભગવાને કહ્યું છે તે પ્રમાણે આત્માના ગુણ ખીલવવાનો પ્રયત્ન વચન અનુષ્ઠાન. અભ્યાસ દ્વારા સાહજિક બને તે અસંગ અનુષ્ઠાન.

પ્રયત્નમાં ભાવ ભળે ત્યારે અનુષ્ઠાન થાય અને લક્ષ્ય ભળે ત્યારે આશય બને. અનુષ્ઠાન અને આશય મળીને ક્રિયા જન્મે છે. કેવળ શરીરથી

થાય તે ક્રિયા કહેવાય, આ અધૂરી સમજ છે. ભાવ અને આશયપૂર્વકની ક્રિયા શુદ્ધ કહેવાય છે. સારો આશય ક્રિયાને શુદ્ધ બનાવે. ગલત આશય ક્રિયાને અશુદ્ધ બનાવે. ગલત આશયથી કરેલી ક્રિયા ઝેર જેવી છે. શુભભાવને જે ખતમ કરી નાંખે છે, તેનાં નામ જ વિષ અનુષ્ઠાન અને ગરલ અનુષ્ઠાન છે. એક શુભભાવને તત્કાળ ખતમ કરે છે. બીજું શુભભાવને થોડા સમય બાદ ખતમ કરે છે. ભાવ વિનાની કોરી ક્રિયા અનુષ્ઠાન છે. વિધિ શુદ્ધ ન હોય પણ પરિણામ સારા હોય તો તદ્દહેતુ અનુષ્ઠાન બને. વિધિ અને પરિણામ બન્ને સારા હોય તો અમૃત અનુષ્ઠાન બને.

ક્રિયા શુદ્ધ છે કે અશુદ્ધ તેની પરીક્ષાના છ માનદંડ છે :

૧. આત્માના ગુણોને પ્રાપ્ત કરાવી આપતી ક્રિયા કરવાનો પ્રામાણિક પ્રયત્ન હોય.

૨. ક્રિયા ધર્મ ઉપર પારાવાર પ્રેમ હોય.

૩. ક્રિયા દ્વારા ભાવ કેવી રીતે જન્મે છે તે જાણવાની જિજ્ઞાસા હોય.

૪. શુદ્ધ ક્રિયાના જાણકાર પુરુષનો સંગ કરે.

૫. ક્રિયામાં આવતા અનુભવાતા વિઘ્ન ટળી જાય.

૬. શુભ ભાવો આવતા જાય.

ક્રિયા વિષય અથવા આલંબન વિના હોતી નથી. શુદ્ધ ક્રિયાનું શ્રેષ્ઠ આલંબન નવપદ છે. કારણ કે નવપદના કેંદ્રસ્થાને આત્મા છે. ચોથા ખંડની બારમી ઢાળમાં પૂ. ઉપાધ્યાયજીએ નવપદનું સ્વરૂપ વર્ણન કર્યું છે, તેમાં દરેક પદ સાથે આત્મા શી રીતે સંકળાયેલો છે તે દર્શાવ્યું છે. આ ઢાળ નવપદની ક્રિયામાં ખમાસમણાના દુહા તરીકે બોલાય છે :

**એ નવપદ ધ્યાતાં થકાં પ્રગટે નિજ આતમ રૂપ,**
**આતમ દરિસણ જેણે કર્યું તેણે મુંઘો (ઢાંકી દીધો) ભવભય કૂપ.**
**ક્ષણ અર્ધે જે અઘ ટળે તે ન ટળે ભવની કોડિ,**
**તપસ્યાં કરતાં અતિ ઘણી નહિ જ્ઞાન તણી છે જોડી.**
**આતમજ્ઞાને મગન જે તે સવિ પુદ્‌ગલનો ખેલ,**
**ઈંદ્રજાલ કરી લેખવે ન મિલે તિહાં દેઈ મનમેલ.**

**જાણ્યો ધ્યાયો આતમા, આવરણ રહિત હોય સિદ્ધ,**
**આતમજ્ઞાન તે દુઃખ હરે એહી જ શિવહેતુ પ્રસિદ્ધ (૪-૭-૩૭...૪૦)**

આઠમી ઢાળમાં શ્રીપાલ રાજાના પૂર્વભવનું વર્ણન છે. નાનપણમાં જ જંગલમાં જવું પડ્યું, કોઢ થયો, સમુદ્રમાં પડ્યા, નીચજાતિના હોવાનો આરોપ આવ્યો. સાથે જ આવો ભયાનક રોગ મટ્યો. સંપત્તિ અને સન્માન પણ મળ્યાં આ બધાનું કારણ પૂર્વભવમાં કરેલાં સારાં નરસાં કર્મ છે.

**કુષ્ઠીપણું જલમજ્જન ડૂંબપણું તુમ્હે,**
**પામ્યું એ મુનિ આશાતના ફલ ગુજ્જ.**
**સિદ્ધચક્ર શ્રીમતી વયણે આરાધિયું,**
**તેહથી પામ્યો સયલ ઋદ્ધિ વિશેષ.**

નવમી ઢાળમાં શ્રીપાલ રાજા સિદ્ધચક્રની દ્રવ્ય ભક્તિ ઉત્તમ રીતે કરે છે તેનું વર્ણન છે. મયણાસુંદરી શ્રીપાલ રાજાને કહે છે - 'પહેલા આપણે જ્યારે સિદ્ધચક્રની આરાધના કરી ત્યારે આપણી પાસે ધન ઘણું ઓછું હતું. આજે ઇંદ્ર જેવી ઋદ્ધિ છે. ઘણું ધન હોવા છતાં જે ભક્તિમાં કંજૂસાઈ કરે છે તેને પૂરું ફળ મળતું નથી. માટે ધનનો પૂરો લાભ ઉઠાવો. ભાવના, ઈચ્છા અને વિચાર ત્રણે ઉંચા રાખો.' (૪-૯-૨, ૩, ૪)

નવપદની ઓળી કરનાર અને કરાવનાર મહાનુભાવોએ એકવાર વારંવાર રાસની નવમી અને દસમી ઢાળ વાંચવા જેવી છે. અમલમાં મૂકવા જેવી છે.

અગિયારમી, બારમી ઢાળમાં સિદ્ધચક્રનું મહિમા ગાન છે જેના આધારે પૂ. ઉપાધ્યાયજીએ નવપદની પૂજા રચી છે. તેરમી અને છેલ્લી ઢાળ પૂ. ઉપાધ્યાયજીએ જાતે અનુભવેલા સાત્વિક આનંદની અનુભૂતિને અભિવ્યક્ત કરે છે. આ ઢાળમાં કેટલીક મહત્ત્વની વાતો કરી છે.

એક, શાબ્દિક જ્ઞાન, અનુભવ જ્ઞાન સામે પાંગળું છે.

બે, જેને આત્માનો અનુભવ થયો છે તે એકદમ સરળ હોય. દંભ અથવા કપટ તેના જીવનમાં જોવા ન મળે.

ત્રણ, અનુભવ જ્ઞાન ગુરુની અસીમ કૃપા હોય તો મળે.

ચાર, અનુભવ જ્ઞાન છૂપું રહેતું નથી.


પાંચ, આત્માના અનુભવ જ્ઞાનથી જ સમકિત આવે છે. અનુભવ જ્ઞાનની આંખે જ ભગવાનના સાચા દર્શન થાય છે.

સકલ શાસ્ત્રનો સાર પૂ. ઉપાધ્યાયજી મહારાજે થોડા અક્ષરમાં આ રીતે દર્શાવ્યો છે.

**"આગમ નોઆગમ તણો, ભાવ એ જાણો સાચો**
**આતમ ભાવે થિર હજો પરભાવે મત રાચો."**

આમ, શ્રીપાલરાજાનો રાસ વ્યવહાર અને અધ્યાત્મમાર્ગનો સુભગ સમન્વય છે.

●



ગ્રંથનામ : સંજમ બત્રીશી
કર્તા : ઉપા.શ્રી યશોવિજયજી
ભાષા : ગુજરાતી
સમય : ૧૮મી સદી

## ૨૯

# સાધુતાની પારાશીશી

એક પૂજારીને રાજા તરફથી મહેલમાં પૂજા કરાવવાનું નિમંત્રણ મળ્યું. પૂજારીએ રાજાને સારી રીતે પૂજા કરાવી. રાજા ઉપર પ્રભાવ પાડવા મંત્રપાઠ શુદ્ધ રીતે ઉચ્ચાર્યો. પૂજા થઈ ગયા પછી રાજાએ જમવાનું નોતરું આપ્યું. પૂજારીએ રાજા ઉપર વિશેષ પ્રભાવ પાડવા 'પૂજાના દિવસે હું ઉપવાસ કરું છું' એમ કહ્યું. રાજાએ તેને વધારે દક્ષિણા આપી. ઘરે પહોંચીને પૂજારીએ પત્નીને જલદી થાળી પીરસવાનું કહ્યું. પત્નીને આશ્ચર્ય થયું. તેણે પતિને પૂછ્યું 'તમે રાજાના મહેલમાં જમીને નથી આવ્યાં ?' પૂજારીએ જવાબ આપ્યો : 'રાજાને પ્રભાવિત કરવા મેં ઉપવાસનો દેખાવ કર્યો અને પૂજા પણ લાંબી કરી. તેથી ઘણી ભૂખ લાગી છે. જલ્દી ભાણું પીરસો.' પત્નીએ કહ્યું : 'ભોજન તો બીજું મળશે પણ તમારે પૂજા ફરીવાર કરવી પડશે. દેખાવના ઉપવાસથી પેટ નથી ભરાતું, તેમ દેખાવની પૂજાથી પ્રભુની પ્રસન્નતા પણ મેળવી શકાતી નથી.'

ભાવ વિનાનો ધર્મ કેવળ લોકોને ખુશ કરવા માટે હોય

છે. આવા ધર્મનું ઝાઝું મૂલ્ય નથી. આ વાત ઘણીવાર વ્યાખ્યાનમાં સાંભળી હશે. તેની પુષ્ટિમાં બોલાતો આ દુહો પણ સાંભળ્યો હશે.

**"આતમ સાખે ધર્મ જે, તિહાં જનનું શું કામ ?**
**જન-મન-રંજન ધર્મનું, મૂલ ન એક બદામ."**

આ પ્રચલિત દુહો ઉપા. શ્રી યશોવિજયજીકૃત સંજમ બત્રીસીનો છે. પ્રાકૃત અને સંસ્કૃત શાસ્ત્રોની ભાષા છે. સાધારણ માણસ આ ભાષાનો જાણકાર હોતો નથી. તેમને પણ ધર્મનો બોધ સુગમતાથી થાય, એ માટે મધ્યકાળમાં લોકભાષામાં વિપુલ સાહિત્ય સર્જન થયું છે, ગુજરાતી ભાષામાં ગ્રંથ રચનાનું પ્રથમ શ્રેયઃ શ્રમણ સંસ્થાને મળે છે. ઉપલબ્ધ ગુજરાતી હસ્તપ્રતોમાં ગુજરાતી ભાષામાં થયેલી સર્વ પ્રથમ ગ્રંથ રચના 'ષડાવશ્યક બાલાવબોધ' છે. સુધર્માસ્વામીજીની પટ્ટપરંપરામાં ૫૦મી પાટે આવેલા શ્રી સોમસુંદરસૂરિજી મહારાજાએ રચેલ યોગશાસ્ત્રબાલાવબોધ ગુજરાતીમાં લખાયેલું પાંચમું પુસ્તક છે. ઉપાધ્યાયજી મહારાજ જેવાં સમર્થ અને સિદ્ધહસ્ત શાસ્ત્રકર્તાએ પણ ગુજરાતી ભાષામાં લગભગ પાંચ હજાર ગાથા જેટલું વિશાલ સાહિત્ય રચ્યું છે. આઠ વરસના બાળકથી લઈને એંશી વરસના ડોશીમા સુધીના સહુને સમજાય એવી ભાષામાં સ્તવન-સજ્ઝાય-પદ વગેરેની રચના કરીને જન સામાન્ય સુધી પ્રભુનો ઉપદેશ પહોંચાડવાનો ઉપકાર તેઓએ કર્યો છે.

સંજમ બત્રીસી આવી જ લોકભાષામાં રચાયેલી બત્રીસ દુહાની લઘુકૃતિ છે. તેનું બીજું નામ યતિધર્મ બત્રીસી છે. દસ પ્રકારના યતિધર્મની સરળ અને સંક્ષિપ્ત સમજ તેમાં આપવામાં આવી છે - મહારાજસાહેબને વંદન કરતી વેળા 'ખમાસમણો' શબ્દનું સંબોધન થાય છે. તેનો અર્થ ક્ષમા વગેરે દસ પ્રકારના યતિધર્મને આત્મસાત્ કરનારા શ્રમણ-શ્રમણી ભગવંતો છે. દસવિધ સામાચારીનું પાલન ક્રિયાત્મક સાધુતા છે. અને દસવિધ યતિધર્મ ભાવસાધુતા છે. પહેલાં જ દુહામાં ઉપાધ્યાયજી કહે છે.

**"ભાવયતિ તેહને કહો, જિહાં દસવિધ યતિધર્મ**
**કપટ ક્રિયામાં મહાલતાં, મહીયા બાંધે કર્મ."**

ક્ષમા, મૃદુતા=કોમળતા, આર્જવ=સરળતા, મુક્તિ=લોભત્યાગ, તપ,

સંયમ, સત્ય, શૌચ=નિરતિચારતા, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય આ દસ યતિના ભાવધર્મ છે. આ દસે પ્રકારના યતિધર્મની વિભાવના સંજમ બત્રીસીમાં પ્રસ્તુત છે. એકેક ધર્મ વિષે એક એક દુહામાં સરળ અને સારભૂત વાત રજૂ કરવામાં આવી છે. દ્રવ્યક્રિયા સાધુતાનું ખોળિયું છે. યતિધર્મ સાધુતાનો પ્રાણ છે. તે વિના આત્મ શુદ્ધિ સાધી શકાતી નથી. ઉપાધ્યાયજી મહારાજ કહે છે -

**"અંતર-જતના વિણ કિસ્યો. વામ ક્રિયાનો લાગ ?**
**કેવલ કંચુક પરિહરે, નિરવિષ ન હુવે નાગ."**

વર્તમાનકાળમાં દ્રવ્ય સાધુપણાની સાધના પણ દુષ્કર છે ત્યારે ભાવધર્મની સાધના અતિ દુષ્કર હોય એમાં કોઈ નવાઈ નથી. આ કાળમાં દ્રવ્ય અને ભાવધર્મની સાચી અને સ્પષ્ટ સમજ હોય, તો આત્મશુદ્ધિનો દિશાબોધ પામ્યાનું આશ્વાસન જરૂર લઈ શકાય. ધર્મની સાચી સમજ ન હોય તો ક્રિયા કરવા છતાં કોઈ આત્મલાભ થતો નથી. સાચી સમજણ એ સત્યના રાગનું પરમ કારણ છે. સત્યનો રાગ શુભ ક્રિયાનો આદર જન્માવે છે. આ આદર આરાધનાનો શ્વાસ પ્રાણ છે. આદર હોય અને ક્રિયા ઓછી-વત્તી હોય તો પણ શાસન ટકી રહે છે. ઉપાધ્યાયજી મ. કહે છે -

**"શુદ્ધ ક્રિયા ન કરી શકે, તો તુ શુધું ભાખ,**
**શુદ્ધ-પ્રરૂપક હુંએ કરી, જિન-શાસન-થિતિ રાખ."**

ઉપાધ્યાયજી મહારાજે પોતાના અનેક ગ્રંથોમાં ગુરુસમર્પણ ભાવનો મહિમા ખૂબ ગાયો છે. જ્ઞાનીના વચનની સેવા મોક્ષ સાધનાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. જ્ઞાનીના વચનની વિરાધના અકલ્યાણનું કારણ છે. ઉપાધ્યાયજી મ. જણાવે છે - ગુરુ સમર્પિત સાધુ જ સાચો-આત્મજ્ઞાની છે. પ્રભુ વચનોને સમર્પિત સાધુ ભાવ નિર્ગ્રંથ છે.

**"જ્ઞાનાદિક વચને રહ્યાં, સાધે જે શિવપંથ**
**આતમજ્ઞાને ઉજળા, તેહ ભાવ નિર્ગ્રંથ."**

**"જેહથી મારગ પામીયો, તેહની સામે થાય**
**કૃતઘ્ની તે પાપીયો નિશ્ચે નરકે જાય;"**

આ દુહાઓ અતિ પ્રચલિત છે. વૃદ્ધોના-વડીલોના મુખે ઘણીવાર

સાંભળ્યા પણ છે. પરંતુ તે સંજમ બત્રીસીમાં છે તેની જાણ કદાચ આ પહેલાં ન હતી. ઉપાધ્યાયજી મ.ની એ વિશેષતા છે કે - તેઓ નાની કૃતિમાં પણ શક્યતઃ સાંગોપાંગ માર્ગનું સંક્ષેપમાં નિરૂપણ કરે જ. સંયમ બત્રીસીના અંતમાં ઉપાધ્યાયજી મહારાજે સુવિશુદ્ધ સાધુતાના પાલન માટે આરાધનાની અષ્ટપદીનું સૂચન કર્યું છે. જે દરેક સાધકે નિરંતર ભાવવા જેવું છે. ઉપરાંત તેને જીવનનું લક્ષ્ય બનાવવા જેવું છે. આ અષ્ટપદી જો પ્રણિધાન આશયરૂપે પણ અંતરમાં સ્થિર થાય, તો ત્રીસ-ચાળીસ વરસની અતિ અલ્પ સાધના લેખે લાગે.

**"દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ,**
**સંગત કીજે સંતની, હુઈ તેહના દાસ."**

**"સમતાસે લય લાઈએ, ધરી અધ્યાતમ રંગ.**
**નિંદા તજીએ પર તણી. ભજીએ સંજમ ચંગ."**

૧. રાગ-દ્વેષનું કારણ બનતા વિષયોથી દૂર રહેવું.
૨. મનને સ્વાધ્યાયમાં જોડી દેવું.
૩. સારા સાધકનો સહવાસ કરવો.
૪. તેમને શિષ્યની જેમ સમર્પિત રહેવું.
૫. આત્માના ગુણો ખીલવવા પ્રયત્ન કરવો.
૬. સમતાને ખૂબ અભ્યસ્ત કરવી.
૭. વાણીને નિંદાથી બચાવતા રહેવું.
૮. શરીરને સંયમથી શોભાવવું.


આરાધનાની આ અષ્ટપદી સાધુ અને શ્રાવક બંને માટે એક સરખી રીતે ઉપાદેય છે. પૂ. ઉપાધ્યાયજીએ બત્રીસ દુહાની નાની ગાગરમાં સાધુતાના પ્રાણનો દરિયો સમાવ્યો છે. દરેક સાધકે કંઠસ્થ અને હૃદયસ્થ કરવા જેવી આ કૃતિનો ટૂંકો પરિચય નીચે પ્રસ્તુત છે.

ગૂર્જર સાહિત્ય સંગ્રહ (પુનઃ સંપાદન પૂ. આ. શ્રી પ્રદ્યુમ્ન સૂરિજી મ. પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસારક સભા. પત્ર ૫૦૯)માં આ કૃતિ પ્રગટ થઈ છે. વિશેષ જ્ઞાનાભ્યાસ ન કરી શકનાર સાધક કમ થી કમ રોજ સવારે ઊઠીને સ્મરણ-સ્તોત્ર અને પંચસૂત્ર સાથે આ સૂત્રનો સ્વાધ્યાય કરે, તો પણ મનના વિરાગને

ચઢેલી ધૂળ અનાયાસે ખંખેરાઈ જાય. બત્રીસ દુહાઓમાં દશવિધયતિધર્મની વ્યાખ્યા પહેલા ૧૨ દુહામાં છે. શેષ ચોવીસ દુહામાં સાધુતાની આંતરિક પરિણતિ કેવી હોવી જોઇએ, તેની માર્મિક રજૂઆત પૂ. ઉપાધ્યાયજી મહારાજે કરી છે. તેના એક એક શબ્દો સંયમના પરિણામોને શુદ્ધ બનાવે અને સાધુતાના લક્ષ્યની જાગૃતિ પેદા કરે તેવા છે.

**એહ દશવિધ યતિધર્મ જે, આરાધે નિતમેવ**
**મૂલ ઉત્તર ગુણ જતનથી, કીજે તેહની સેવ.**

•



ગ્રંથનામ : જ્ઞાનક્રિયાસંવાદ છત્રીસી
કર્તા : મુનિશ્રી ઉદયવિજયજી મ.
ભાષા : ગુજરાતી
સમય : ૧૭મી સદી

## ૩૦

## વાદ : સંવાદ

'ज्ञान-क्रियाभ्यां मोक्षः' આ સૂત્ર પ્રસિદ્ધ છે. મોક્ષનું કારણ એકલું જ્ઞાન નથી અને એકલી ક્રિયા નથી. બંને એક લક્ષ્યમાં જોડાય ત્યારે કાર્યસાધક બને છે. બંનેનું પોતાનું મહત્ત્વ છે. બંને એકબીજાના પૂરક છે. સ્વતંત્રપણે એકલું જ્ઞાન કે સ્વતંત્રપણે એકલી ક્રિયા વિશેષ ફળ આપતી નથી. બંને એક સાથે જોડાય તો જ અભિલષિત ફળ આપે છે.

જ્ઞાન અને ક્રિયાની પૂરકતા વિશે ઘણાં શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજના ઘણાં શાસ્ત્રોનો સમારોપ જ્ઞાનક્રિયાના સંવાદથી થયો છે. આગમની નિર્યુક્તિ અને ટીકા પણ જ્ઞાન-ક્રિયાના માહાત્મ્યની ગાથાથી પૂર્ણ થાય છે. જ્ઞાન અને ક્રિયા એકલાં હોય તો અધૂરાં છે. પૂરક હોય તો પૂરાં બને છે, આ વાત સમજાવવા બંનેને અલગ કરી એકબીજાની સામે દલીલ કરાવવામાં આવે છે. અંતે બંનેના સમન્વયથી મોક્ષ છે, એ વાત દૃઢ રીતે સ્થાપિત થાય છે. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાયમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાન-ક્રિયાના સંવાદને અલ્પ શબ્દોમાં પ્રભાવી રીતે રજૂ કર્યો છે.

**કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું તે વિણ ખોટી કિરિયા રે**
**ન લહે રૂપું રૂપું જાણી સિપ ભણી જે ફરિયા રે**
**કહે ક્રિયા નય કિરિયા વિણ જે જ્ઞાન તેહ શું કરશે રે**
**જલ પેસી કરપગ ન હલાવે તારુ તે કિમ કરશે રે.**
**દૂષણ-ભૂષણ છે ઈહાં બહુલાં નય એક એકને વાદે રે**
**સિદ્ધાંતી તે બેહું પણ સાધે જ્ઞાનવંત અપ્રમાદે રે.**

જ્ઞાન-ક્રિયાના સમન્વયની મહત્તા દર્શાવતી બે ગુજરાતી પદ્યકૃતિઓ નજરે ચઢી. પહેલી છે. 'જ્ઞાનક્રિયાસંવાદ છત્રીસી' જગદ્‌ગુરુશ્રી હીરવિજય સૂરીશ્વરજી મહારાજની પરંપરામાં આ. શ્રી વિજયસિંહસૂરિજી મહારાજ થયા. તેમના શિષ્ય શ્રી ઉદયવિજયજી મહારાજ તેના કર્તા છે. સહેલી ભાષામાં, સરળ દૃષ્ટાંતોનો આધાર લઈ બંને પક્ષોના સંવાદને આમાં રજૂ કરવામાં આવ્યો છે. જ્ઞાનનય ક્રિયાના મહત્ત્વને સ્વીકારવા તૈયાર નથી. તે ક્રિયાને વ્યર્થ સાબિત કરવા પ્રયત્ન કરે છે. તેની દલીલો બુદ્ધિવંતને આકર્ષે તેવી છે. કેવળજ્ઞાન જ્ઞાનસાધનાથી જ મળે છે. જ્ઞાન સદ્‌ગુરુ પાસેથી મળે છે. મોહ, જ્ઞાન દ્વારા જ દૂર થાય છે.

**'જ્ઞાન દશા સદ્‌ગુરુ થૈ જાગઈ'**

જ્ઞાનથી જ સઘળા સુખના દરવાજા ખૂલે. આતમના આડે આવેલા કર્મના કમાડ પર લાગેલા તાળાને ખોલવાની ચાવી એક જ છે - જ્ઞાન. જ્ઞાનથી સ્થિરતા મળે છે. અશુભ વિકલ્પો જાગતા નથી. જ્ઞાન મમતાને સમતામાં ફેરવવાનો જાદુ કરે છે. જ્ઞાનથી જ ઉપશમ ભાવ પ્રાપ્ત થાય છે. જ્ઞાન શુદ્ધિભાવનું કારણ છે. અંતરમાં શુદ્ધભાવ જાગે છે ત્યારે આશ્રવ અટકી જાય છે. ઉપશમ ભાવના વૃક્ષની નીચે બેસીને જ્ઞાન અમૃતની ધારા વરસતી હોય તો તૃષ્ણા કેમ ન શાંત થાય ? જ્ઞાનથી જ આત્માનું દર્શન થાય છે. જ્ઞાનથી જ આત્માના ગુણોનો અનુભવ થાય છે. આત્મ-ગુણ-દર્શન બે ઘડીમાં કેવલજ્ઞાન આપે છે.

**'અંતરિ મહૂરતિ મઈ શિવ હોવઈ**
**જો અપના આપહી ગુણ જોવઈ'**

પ્રસન્નચંદ્ર ઋષિ કેટલું કષ્ટ સહન કરતા હતા ? છતાં જ્યાં સુધી જ્ઞાન ન થયું, ત્યાં સુધી સાધનાનું ફળ ન મળ્યું. મરુદેવી માતાએ તો એકલાં જ્ઞાનનાં બળે જ મુક્તિ પ્રાપ્ત કરી હતી.

પ્રથમ તેર ગાથામાં જ્ઞાનનયના પક્ષનું મંડાણ છે. ત્યાર પછી ઓગણીસ ગાથામાં ક્રિયા નયની રજૂઆત છે. ક્રિયા વિનાનું એકલું નિષ્ક્રિય જ્ઞાન નિષ્ફળ છે. નૃત્ય કલાનું જ્ઞાન હોય પણ હાથપગ ન હલાવે તો નૃત્યનો આનંદ મળતો નથી. સંગીતના જ્ઞાનથી આનંદ મળતો નથી. આનંદ પ્રાપ્ત કરવા ગળાને તકલીફ આપવી પડે છે. રત્નની પરીક્ષા કરતા આવડે પણ તેની કિંમત ઉપજાવવા પ્રયત્ન બજારમાં જ કરવો પડે. કેવળજ્ઞાન જ્ઞાનથી નહીં, ક્રિયાથી મળે છે. જ્ઞાન ભલે દરેક ગુણને ખોલવાની ચાવી હોય, પણ ચાવી જ્યાં સુધી તાળામાં ભેરવીને ફેરવવામાં ન આવે ત્યાં સુધી ખજાનો ખૂલતો નથી. જ્ઞાનને પોતાના ફળની મંઝિલ સુધી પહોંચાડનાર ક્રિયા જ છે.

ચારે ગતિમાં મનુષ્યગતિ શા માટે શ્રેષ્ઠ છે ? મનુષ્યગતિમાં ચારિત્ર છે, ક્રિયા છે. જ્ઞાન ચારે ગતિમાં હોઈ શકે, ક્રિયા મનુષ્યગતિમાં છે. ક્રિયાને કારણે જ મનુષ્ય જન્મની કિંમત છે. કેવલી દેશોન પૂર્વક્રોડ વરસ વિહરે છે. કેવળજ્ઞાન હોવા છતાં મોક્ષ મળતો નથી. અંતે શૈલેષીકરણની ક્રિયા દ્વારા જ મોક્ષ મળે છે. માટે જ્ઞાન કરતા ક્રિયા એક પગથિયું ઉંચી છે.

**'કિરિયા ઇક સોપાનઈ ઉંચી'**

જ્ઞાન હોય પણ વિરતિ રૂપ ક્રિયા ન હોય તો બારમા દેવલોક સુધી જવાય. જ્યારે વ્રત રૂપ ક્રિયા નવમું ગ્રૈવેયક આપે છે.

**ગ્યાન દશા વ્રત થઈ ફળ આપઈ.**

જ્ઞાન ધૂપસળી જેવું છે. ક્રિયા તેને સળગાવવા જેવી છે. ધૂપસળીમાં સુગંધ છે જ, પણ તે સળગે તો જ ફેલાય. આત્માના ગુણોની સુગંધ ક્રિયા દ્વારા જ પ્રગટ થાય છે.

**'બુદ્ધિવંત અભ્યાસઇં બુઝઇં, વ્રત થઈ અપની શક્તિ હો સૂઝઇં'**

ક્રિયાથી જ અશુભ વિકલ્પોનો નાશ થાય છે. ગુરુસેવા હકીકતમાં ક્રિયા

જ છે. જ્ઞાન ગુણ તો આત્મામાં પહેલેથી જ છે. જ્ઞાન માટે ગુરુ સેવાની શી જરૂર ?'

**'લબધિ સુમતિ કી હૈ ઘટમાંહિ તો કાહૈ ગુરુસેવા ચાહૈં'**

ક્રિયા હોય તો જ જ્ઞાન આવે છે. ક્રિયાથી જ ભાવ જાગે છે. ક્રિયાથી જ ગુણ ખીલે છે. ક્રિયા વિનાનું જ્ઞાન નિષ્ક્રિય અને નિષ્પ્રાણ છે. માષતુષ મુનિ પાસે જરા પણ જ્ઞાન ન હતું છતાં ગુરુસેવાથી જ તેમને કેવળજ્ઞાન મળી ગયું. ક્રિયા મંદ પડેલા ભાવને પ્રબળ બનાવે છે. સામાન્ય ભાવદશાને તીવ્ર કરે છે. ભાવદશા તીવ્ર બને ત્યારે અણધાર્યા ફળ મળે છે.

**તીવ્ર દશા ફલ લેવા લાગઈ.**

અંતમાં બંનેનો સમન્વય કરતા સંવાદકાર કહે છે - જ્ઞાન અને ક્રિયા પરસ્પર સાપેક્ષ છે. હોડી અને હલેસાં જેવો તેમનો સંબંધ છે. હલેસાં વિનાની હોડી નકામી છે તો હોડી વિનાના હલેસાં વ્યર્થ છે. જ્ઞાન અને ક્રિયા એક સિક્કાની બે બાજુ જેવા છે. બંને હંમેશા સાથે જ હોય છે, પણ એક વખતે એક જ બાજુ દેખાય છે માટે વિસંવાદ જણાય છે. રથને જોડેલા અશ્વની જેમ જ્ઞાન અને ક્રિયા સાથે જ ચાલે છે.

**'વસ્તુગતિ હોઉં જોડાજોડિ.'**

જ્ઞાન શક્તિ સ્વરૂપ છે તો ક્રિયા તેની સક્રિયતા છે. જ્ઞાન ક્યારેય નિષ્ક્રિય બેસી રહેતું નથી. તે સક્રિય બનવા ક્રિયાનો સહારો લે જ છે. અને ક્રિયા એટલે સક્રિયતા શક્તિ વિના કોની હોય? ક્રિયા જ્ઞાનશક્તિને જાગતી કરે છે.

**'શુદ્ધિ જ્ઞાન જ્યું વ્રત આદરસ્યૈં, વ્રત પણિ ગ્યાન દશાકૂં તરસૈં,**
**અંતરભાવ બાહ્ય કું ચાહૈ, બાહ્યભાવ અંતર અવગાહૈ'**

આમ, જ્ઞાન નય અને ક્રિયા નય બંનેનો સંવાદ દર્શાવી કૃતિ પૂર્ણ થઈ છે.

આ જ વિષયને લઈને આવતી બીજી કૃતિ છે. 'જ્ઞાનદર્શનચારિત્રસંવાદ ગર્ભિત શ્રી વીરજિનેંદ્ર સ્તવન' અહીં દર્શનને જ્ઞાનથી જૂદું પાડવામાં આવ્યું છે.

આ. શ્રી દાનસૂરિજી મહારાજના શિષ્ય આ. શ્રી સૌભાગ્યસૂરિજી મહારાજના શિષ્ય શ્રી લક્ષ્મીસૂરિજી મહારાજ આના રચયિતા છે. જ્ઞાનપંચમીનાં દેવવંદન, વીશસ્થાનક પદની પૂજા જેવી પ્રચલિત પદ્ય રચનાઓ તેમની જ કૃતિઓ છે. શાસ્ત્રોના અઘરા પદાર્થોને પદ્યમાં ઉતારવા તેઓ સિદ્ધહસ્ત હતા. વાંચતાં જ અર્થ સમજાઈ જાય તેવી આ કૃતિમાં રત્નત્રયીનો મહિમા સુપેરે વ્યક્ત થયો છે. જ્ઞાનનય કહે છે -

ક્રિયા કરનાર અને ક્રિયા કરાવનાર ગુરુ પીપળાનાં પાન જેવા છે. શેરીમાં વહેતાં પાણીના રેલામાં એ પાન એકલું થોડા સમય માટે તરતું રહે. પણ પીપળાનાં એ પાન પર બેસી સમુદ્ર તરાય નહીં. ક્રિયાગુરુ સંસાર સમુદ્ર તારી શકે નહીં. જ્ઞાનદાતા ગુરુ જહાજ જેવા છે.

**'પિપલીયા પાન જિસા ક્રિયા ગુરુ**
**જહાજ સમા ગુરુ જ્ઞાની' (ઢાળ ૨.ગા.૪)**

નંદીષેણ મુનિએ વેશ્યાના ઘરમાં રહીને બાર વર્ષ સુધી રોજ દસ જણને દીક્ષા અપાવી હતી. તેમના જીવનમાં ક્રિયા ન હતી, પોતાની જ્ઞાનપરિણતિથી તેમણે અનેકના અંતરમાં વિરતિનાં અજવાળાં પાથર્યાં. શ્રી લક્ષ્મીસૂરિજી મ. બાર વરસમાં પ્રતિબોધ પામેલા લોકોની સંખ્યા દર્શાવી જ્ઞાનની મહત્તા જણાવે છે. તેતાલીસ હજાર બસો (૪૩,૨૦૦) જણે નંદિષેણજીથી બોધ પામી દીક્ષા લીધી હતી

**'સહસ તેતાલીસ બસે નર બુઝિયા, નંદિષેણ શુભ ભાખે રે'**
**(ઢાળ-૨ ગા-૧૦)**

દર્શનનય કહે છે - સમક્તિ વિનાનું જ્ઞાન જ્ઞાન જ નથી અને ક્રિયા ઢોંગ છે.

**'મુજ પછી જ્ઞાન કિરિયા દોય સાચી રે' (ઢાળ-૩ ગા-૪)**

જ્ઞાન અને ક્રિયા ગમે તેટલા ઉત્કટ હોય પણ સમક્તિ ન હોય તો આત્મગુણનો આસ્વાદ આવતો નથી.

**'ક્ષણ એક મુજને હૃદયે રાખી, જિણે સાહેબની સુખડી ચાખી (૩-૫)**
**જૂઠ કિરિયાએ નામ ધરાવે, હું મુનિ હું શ્રાવક સાચો રે.**

**મુજ છતાં મરીચિએ ભવ ન વધાર્યો,**
**જમાલિ કુશિષ્ય જો સમકિત હાર્યો રે.' (૩.૯)**

બહુ જ વેધક ઉદાહરણ દર્શાવ્યું છે. મરીચિએ સાધુપણાનો ત્યાગ કર્યો પણ સમકિત જીવંત રાખ્યું ત્યાં સુધી સંસાર ન વધ્યો. જમાલિએ સાધુપણું રાખ્યું પણ સમકિત ગુમાવ્યું, સંસાર વધાર્યો.

**'સિદ્ધ નરે જેમ સંગ્રહ્યો, વિષ પણ અમૃત થાય**
**તિમ સમક્તિ વંતે ગ્રહ્યો, શાસ્ત્ર સકલ સમુદાય.' (૪-૧)**

ક્રિયા નય કહે છે. પ્રધાન તો ચારિત્ર જ છે. ચારિત્ર મહારાજા છે. દર્શન અને જ્ઞાન ચારિત્ર મહારાજાના છડીદાર છે બસ.

**'ચારિત્ર મહારાજા તણા જ્ઞાન સમકિત દો પ્રતિહાર' (૫-૬)**

એક દિવસનું ચારિત્ર પાળીને ભિખારી સંપ્રતિ રાજા બન્યો હતો. દશાર્ણભદ્ર રાજાને ઇંદ્રે નમન કર્યા હતા તે ચારિત્રનો જ પ્રભાવ છે.

ત્રણેનો સમન્વય કરતાં સ્તવનકાર અંતે જણાવે છે કે, શાસ્ત્રોમાં ક્રિયારહિત સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને દેશવિરાધક કહ્યો છે એટલે દર્શન, જ્ઞાન ક્રિયાને આધીન છે. તે જ રીતે જ્ઞાન વિનાની ક્રિયાને વિરાધક કહી છે. આમ, ક્રિયા પણ દર્શન, જ્ઞાનને આધીન છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર આત્માના ગુણ છે. જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારની સાધનાથી ત્રણે ગુણો સક્રિય બને છે. ત્રણેમાંથી એક પણ ગુણ યથાર્થ રીતે ખીલે તો બીજા બે ગુણ આપોઆપ સક્રિય બને છે. શ્રી લક્ષ્મીસૂરિજી મ. કહે છે. જ્ઞાનાચાર દ્વારા જ્ઞાન ગુણ ખીલે છે. જ્ઞાનથી દર્શન અને ચારિત્ર સક્રિય બને છે. કેમકે એક એક ગુણ દ્વારા શુભ પરિણામ જન્મે છે. જે રત્નત્રયીને પરિપૂર્ણ બનાવે છે.

**નિજ નિજ પદ પ્રાપ્તિ સુધી હો લાલ,**
**જ્ઞાનાચારાદિક સેવ**
**ઈમ શુભ પરિણામે કરી હો લાલ,**
**વેગે હોય શિવદેવ (૭-૬)**

ઉપસંહારમાં પૂજ્યશ્રી શ્રુતજ્ઞાનનું મહત્ત્વ સમજાવે છે.


**આ સમયે શ્રુતજ્ઞાની મોટા, સિદ્ધ સ્વરૂપ સમજાવે રે**
**જ્ઞાનીનો જો વિનય સેવે તો, અતિચાર ન થાવે (૮-૨)**

આ સ્તવન સં. ૧૮૨૭ની સુદ આઠમે રચાયું છે. આઠમ ત્રણસો ત્રીસ કલ્યાણકની તિથિ છે. કર્તાના પ્રગુરુ શ્રી દાનસૂરિજી મહારાજે અઢી લાખ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી છે.

આગમોના કે શાસ્ત્રોના વાંચનથી વંચિત રહી જતા શ્રાવક વર્ગ માટે આવી કૃતિઓ ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેવી છે. પઠન, પાઠન અને વાંચનમાં આ કૃતિઓ ફરી પ્રચલિત કરવા જેવી છે.

પૂર્વે શાસ્ત્રો પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં જ રચાતા. મધ્યકાળમાં ગુજરાતી ભાષામાં શાસ્ત્રીય પદાર્થોને રજૂ કરતું સાહિત્ય વિપુલ પ્રમાણમાં રચાયું છે. સંસ્કૃતનો અભ્યુદય કાળ ફરી ન જાગે ત્યાં સુધી શાસ્ત્રના પદાર્થબોધને ટકાવી રાખવા ગુજરાતી ભાષાના પદ્યસાહિત્યનો પ્રસાર વધે તેવો પ્રયત્ન કરવા જેવો છે.

●



ગ્રંથનામ : જ્ઞાનપંચમી દેવવંદન
કર્તા : આ.શ્રી લક્ષ્મીસૂ.મ.
ભાષા : ગુજરાતી
સમય : ૧૯મી સદી

૩૧

## પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને

**જ્ઞા**નપંચમીના દિને જ્ઞાનની આરાધના માટે દેવવંદન થાય છે. તેના રચયિતા પૂ. આ. શ્રી લક્ષ્મીસૂરિજી મ. છે. તેમનો જન્મ આબુ પાસે પાલડી ગામમાં થયો હતો. સત્તર વરસની ઉંમરે દીક્ષા લેનારા તેમણે આરાધના અને ઉપદેશ વિષયક ઘણી રચનાઓ કરી છે. ઉપદેશપ્રાસાદ તેમની ઉત્તમ કૃતિ છે. જ્ઞાનપંચમીના દેવવંદનમાં તેમણે જ્ઞાન વિશે અઢળક માહિતી પીરસી છે. શાસ્ત્રોમાં જ્ઞાન વિશે ઘણી ચર્ચા થઈ છે. અલગ અલગ સંદર્ભમાં જ્ઞાનની અલગ અલગ અર્થચ્છટાઓ પ્રસ્તુત થઈ છે. દા.ત. કર્મગ્રંથમાં જ્ઞાનને કર્મની એક પ્રકૃતિ તરીકે જોવામાં આવે. યોગગ્રંથોમાં જ્ઞાનને આત્માનુભૂતિના સાધન તરીકે જોવામાં આવે. તે દરેકનું યથાસંભવ સંકલન કરી આ દેવવંદનની રચના થઈ છે. મુખ્યત્વે પાંચ પ્રકારનાં જ્ઞાન વિશે અહીં વાત થઈ છે. જેમાં મુખ્યત્વે જ્ઞાન વિશે જ વિચારણા કરવામાં આવી હોય, તેવાં શાસ્ત્રો અનેક છે.

નંદિસૂત્ર નામનું આગમ જ્ઞાનનાં પાંચ ભેદનું સવિસ્તર વર્ણન કરે છે. વિશેષાવશ્યકભાષ્યમાં જ્ઞાનની વિશદ

ચર્ચાવિચારણા થઈ છે. પૂ. ઉપા. શ્રીયશોવિજયજી મહારાજે દાર્શનિક ભૂમિકાએ જ્ઞાનની છણાવટ કરતાં જ્ઞાનાર્ણવ, જ્ઞાનબિંદુ જેવા ગ્રંથો રચ્યા છે. શ્રીહરિભદ્રાચાર્યે યોગગ્રંથોમાં આધ્યાત્મિક અર્થમાં જ્ઞાનનું નિરૂપણ કર્યું છે. જેમકે વિષયપ્રતિભાસ, આત્મપરિણતિ, તત્ત્વસંવેદન આ ત્રણ પ્રકાર. શ્રુત, ચિંતા અને ભાવના જ્ઞાન આ ત્રણ પ્રકાર. સ્પર્શ અને સંવેદન આ બે પ્રકાર. આમ શાસ્ત્રોમાં અનેક પ્રકારે જ્ઞાનની વિચારણા થઈ છે. જ્ઞાનપાંચમના દેવવંદનમાં જ્ઞાન અંગે પ્રાથમિક માહિતીનું સંકલન થયું છે.

આપણે આત્મા છીએ. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. જડ અને આત્મા વચ્ચે ફરક જ્ઞાનનો છે. આપણે દરેક વસ્તુને જાણી શકીએ છીએ, કારણ કે આપણી પાસે જ્ઞાન છે. આપણે જ્ઞાનને પણ જ્ઞાનથી જ જાણી શકીએ છીએ. જાણી શકવાની ક્ષમતા આપણા આત્માની અનન્ય-સાધારણ વિશેષતા છે. આપણે તેને જ જાણતા નથી. આપણને જ્ઞાન દ્વારા જણાતા વિષયો (સબ્જેક્ટ્સ) ગમે છે, પણ જ્ઞાન ગમતું નથી. આપણે આપણને થતાં જ્ઞાન વિશે જાણીએ, તો ભગવાનના જ્ઞાન વિશે-કેવળજ્ઞાન વિશે જિજ્ઞાસા જાગે, બહુમાન જન્મે, પ્રેમ પ્રગટે. આપણાં શાસ્ત્રોમાં જ્ઞાનની પ્રક્રિયાનું વૈજ્ઞાનિક અને વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. માનસશાસ્ત્રમાં (સાઇકોલોજી) સહુથી પહેલા જ્ઞાન કરવાની પ્રક્રિયા શીખવવામાં આવે છે. માનસશાસ્ત્ર માનવમનના પડોને ઉકેલવાની કોશિશ કરે છે. મનને સમજવા મગજને સમજવું પડે, મગજને સમજવા ઇંદ્રિયોની કાર્યપ્રણાલિ જાણવી પડે. તે માટે શરીરના જ્ઞાનતંતુઓનો અભ્યાસ કરવો પડે. મનને સમજવા જો જ્ઞાનની પ્રક્રિયા સમજવી પડે, તો શું આત્માને જાણવા ન સમજવી પડે ?

જ્ઞાનના પાંચ પ્રકાર છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. મતિજ્ઞાન એટલે આપણી ઇંદ્રિયો અને મનની મદદથી થતું જ્ઞાન. ઇંદ્રિયો પાંચ છે. તેની મદદથી થતાં જ્ઞાનના પાંચ સ્તર છે. પહેલાં જે વિષય (સબ્જેક્ટ)નું જ્ઞાન કરવાનું હોય, તેના સંપર્કમાં ઇંદ્રિય આવે. પછી વિષયને જ્ઞાનમાં ફેરવવાની પ્રક્રિયાનો પ્રારંભ થાય. ત્યારબાદ જ્ઞાનને નિર્ણયમાં ફેરવવાની પ્રક્રિયાનો પ્રારંભ થાય. નિર્ણય થયા બાદ તે યાદમાં ફેરવાય. જૈનદર્શનમાં જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાનું વૈજ્ઞાનિક વર્ણન છે.

દરેક જીવને દરેક જ્ઞાન આ ક્રમથી જ થાય છે. જ્ઞાનના પાંચ સ્તરના આધારે મતિજ્ઞાનના પાંચ પ્રકાર થાય છે. તેના વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ નામ છે. વ્યંજનાવગ્રહ એટલે ઇંદ્રિય અને વિષયનો સંપર્ક. અર્થાવગ્રહ એટલે વિષયને જ્ઞાનમાં ફેરવવાની પ્રક્રિયાનો પ્રારંભ. ઇહા એટલે જ્ઞાનને નિર્ણયમાં ફેરવવાની પ્રક્રિયા. અપાય એટલે નિર્ણય. ધારણા એટલે યાદ રાખવું. ઇંદ્રિયોમાં આંખ અને નોઇંદ્રિય મન પોતે જ એટલા સક્ષમ છે કે તેમને જ્ઞાન કરવા પદાર્થના સંપર્કની જરૂર નથી. બાકીની ઇંદ્રિયો પદાર્થના સંપર્ક દ્વારા જ જ્ઞાન કરાવે છે. બીજી ઇંદ્રિયોની જ્ઞાનયાત્રા વ્યંજનાવગ્રહથી શરૂ થાય છે, જ્યારે આંખ અને મનની જ્ઞાનયાત્રા અર્થાવગ્રહથી શરૂ થઈ ધારણામાં વિરામ પામે છે. ચાર ઇંદ્રિયોના પાંચપાંચ સ્તર (વીસ) અને આંખ-મનના ચારચાર સ્તર (આઠ) ગણતાં મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદ થાય છે.

આ અઠ્ઠાવીસ ભેદ મતિજ્ઞાનને ઉત્પન્ન કરવામાં સહાયક બનતી સામગ્રી અને પ્રક્રિયાના આધારે થાય છે. ગુણવત્તા (ક્વોલિટી)ના આધારે તેના બાર ભેદ અલગ ગણવામાં આવ્યા છે. બહુ, અબહુ, બહુવિધ, અબહુવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર નિશ્રિત, સંદિગ્ધ, નિશ્રિત, અનિશ્રિત, ધ્રુવ, અધ્રુવ. આ બાર ભેદ અપાયસ્તરના છે.

એક સાથે ઘણા વિષયોને જાણવા તે બહુ મતિજ્ઞાન કહેવાય. દા.ત. એક સાથે દસ વાંસળી એક સ્વરમાં વાગતી હોય, ત્યારે તે દરેકના સ્વર અલગ છે, તેને એક જ ઉપયોગમાં ઓળખ થવી. એક સાથે એક જ વિષયનું જ્ઞાન થાય, તે અબહુ મતિજ્ઞાન કહેવાય. વાંસળી વાગે છે તે ખબર પડે, એક છે કે દસ તે ખબર ન પડે. એક વિષયના ઘણા આયામને એક જ ઉપયોગ દ્વારા ગ્રહણ કરવા તે બહુવિધ મતિજ્ઞાન કહેવાય. દસ વાંસળીમાં એકનો સ્વર મધુર છે એક થોડો કર્કશ છે, એકનો રિષભ મધ્યમ છે, એકનો કોમળ છે. આવી વિભિન્નતા ઓળખી શકે. એક ઉપયોગ દ્વારા એક વિષયના એક જ આયામને ગ્રહણ કરવો તે અબહુવિધ મતિજ્ઞાન કહેવાય. એક સ્વરમાં વાંસળી વાગે છે, તે ખબર પડે બીજી ખબર ન પડે. ઝડપથી જ્ઞાન થાય તે ક્ષિપ્ર મતિજ્ઞાન કહેવાય. ધીરેધીરે સમજાય તે અક્ષિપ્ર મતિજ્ઞાન કહેવાય. કોઈ પણ વસ્તુના ચોક્કસ અને સ્પષ્ટ

જ્ઞાનને નિશ્ચિત મતિજ્ઞાન કહેવાય. પોતાના જ્ઞાન પર સંદેહ હોય તો સંદિગ્ધ મતિજ્ઞાન કહેવાય. કોઈ કડી(ક્લુ)ના આધારે અનુમાન કરવું તે નિશ્રિત મતિજ્ઞાન કહેવાય, જેમ કપડાં પરથી માણસને ઓળખવો. કડી(ક્લુ) પકડાય પણ અનુમાન ન કરી શકાય તે અનિશ્રિત મતિજ્ઞાન કહેવાય. લાંબો સમય ટકી રહે (લોંગ ટર્મ મેમરી) તે ધ્રુવ મતિજ્ઞાન કહેવાય, થોડા સમયમાં ભૂલાઈ જાય (શોર્ટ ટર્મ મેમરી) અધ્રુવ મતિજ્ઞાન કહેવાય.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એકબીજાના પૂરક છે તેથી સાથે જ હોય છે. મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનની જરૂર હોતી નથી, શ્રુતજ્ઞાનને મતિજ્ઞાનની હંમેશા જરૂર હોય છે. છતાં એકલું મતિજ્ઞાન મૂંગું છે. પોતાની અભિવ્યક્તિ માટે તેને શ્રુતજ્ઞાન પર આધાર રાખવો પડે છે. ઉપર કહેલા બધા જ પ્રકાર શ્રુતજ્ઞાન પર આધાર રાખતા મતિજ્ઞાનના છે. સ્વાવલંબી મતિજ્ઞાનના ચાર અલગ પ્રકાર છે. જેને પ્રતિભા કહી શકાય. ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી આ ચાર પ્રકારની બુદ્ધિ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના નામે ઓળખાય છે. કોઈ પણ સમસ્યાનો તત્કાલ ઉકેલ શોધી આપે તે ઔત્પત્તિકી બુદ્ધિ છે. આ બુદ્ધિ જન્મજાત હોય છે. ગુરુનો વિનય કરતા જે બુદ્ધિ જન્મે તે વૈનયિકી બુદ્ધિ છે. કામ કરતા કરતા તેમાં કુશળતા પ્રાપ્ત થાય તે કાર્મિકી બુદ્ધિ છે. ઉંમર સાથે અનુભવ વધે તેનાથી જે બુદ્ધિ આવે તે પારિણામિકી છે.

શબ્દ સાંભળવાથી, બોલવાથી કે વાંચવાથી જે અર્થનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન કહેવાય. શબ્દ સાંભળવો તે મતિજ્ઞાન છે. તેના દ્વારા અર્થ જાણવો તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન ચૌદ પ્રકારનું છે. અક્ષર, અનક્ષર, સંજ્ઞી, અસંજ્ઞી, સાદિ, અનાદિ, સાંત, અનંત, ગમિક, અગમિક, અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય. શબ્દ દ્વારા થતું શ્રુતજ્ઞાન અક્ષરશ્રુત કહેવાય. અઢાર લિપિ અક્ષરશ્રુત છે. શ્રુતદેવતા સરસ્વતી બ્રાહ્મી લિપિ રૂપ છે. ખુદ ગૌતમસ્વામી તેને પ્રણામ કરે છે. લક્ષ્મીસૂરિજી મ. દેવવંદનમાં સર્વપ્રથમ શ્રુતદેવતાનો મહિમા ગાય છે.

**શ્રી શ્રુતદેવી ભગવતી જે બ્રાહ્મી લિપિ રૂપ,**
**પ્રણમે જેને ગોયમા હું વંદું સુખરૂપ.**

બોલ્યા વિના ઇશારાથી થતું શ્રુતજ્ઞાન અનક્ષરશ્રુત કહેવાય. મન ધરાવતા જીવોનું શ્રુતજ્ઞાન સંજ્ઞીશ્રુત કહેવાય. મન વિનાના જીવોનું શ્રુતજ્ઞાન અસંજ્ઞીશ્રુત

કહેવાય. નવકારમંત્ર શાશ્વત છે તે અનાદિશ્રુત કહેવાય. શ્રી મહાવીર પરમાત્માની દ્વાદશાંગી પાંચમા આરાધના છેડે નાશ પામશે, તેથી સાંતશ્રુત કહેવાય. નવકાર નાશ નહીં પામે તેથી અનંતશ્રુત કહેવાય. આગમોમાં એક સરખા આલાવા (ફકરા) હોય છે (મોટે ભાગે ચૌદ પૂર્વમાં છે) તે ગમિકશ્રુત કહેવાય. તે સિવાયનું અગમિકશ્રુત કહેવાય. બાર (વર્તમાનમાં અગ્યાર) અંગ અંગપ્રવિષ્ટશ્રુત કહેવાય. બારઉપાંગ વગેરે તમામ શાસ્ત્રો અંગબાહ્યશ્રુત કહેવાય. શ્રીલક્ષ્મીસૂરિજી મ. શ્રુતજ્ઞાનના સ્તવનમાં અક્ષરજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં ફેરવવાના આઠ પગથિયાં બતાવે છે.

**ઇચ્છે સાંભળવા ફરી પૂછે, નિસુણી ગ્રહે વિચારંત રે**
**નિશ્ચય ધારણા તિમ કરે, ધીગુણ આઠ એ ગણંત રે**

સાંભળવાની ઇચ્છા કરે, ન સમજાય તો પૂછે, ધ્યાનથી સાંભળે, સાંભળેલું યાદ રાખે, તેની પર વિચાર કરે, પોતાની બુદ્ધિથી પદાર્થનો નિશ્ચય કરે, તેને યાદ રાખે, જે જ્ઞાન મેળવ્યું તેને જીવનમાં ઉતારે. બુદ્ધિના આ આઠ ગુણ શ્રુતજ્ઞાનથી ખીલે છે. આગમોના ભિન્ન ભિન્ન વિભાગના આધારે શ્રુતજ્ઞાનના વીસ ભેદ પણ બતાવવામાં આવ્યા છે.

ઇંદ્રિયોની મદદ લીધા વિના દૂર રહેલી વસ્તુનું જ્ઞાન કરવાની શક્તિ અવધિજ્ઞાન કહેવાય. જેમ ભારતમાં બેઠાબેઠા ઉપકરણની સહાય વગર અમેરિકામાં શું ચાલી રહ્યું છે તેનું જ્ઞાન. મતિ અને શ્રુત જ્ઞાનની મર્યાદામાં ન આવી શકતા વિષયો અવધિજ્ઞાન દ્વારા આસાનીથી જાણી શકાય છે. અવધિજ્ઞાન વિષયો ઉપરાંત કંઇક અંશે વિચારોને પણ પકડી શકે છે. શ્રી મહાવીર પરમાત્માએ મેરુપર્વત ઉપર ઇંદ્રના સંશયને અવધિજ્ઞાનથી જાણ્યો હતો. પાઠશાળાના અધ્યાપકના સવાલ અવધિજ્ઞાનથી જાણ્યા હતા. ત્રિશલા માતાની ચિંતા અવધિજ્ઞાનથી જાણી હતી. દેવ અને નરકના જીવોને જીવનપર્યંત અવધિજ્ઞાન હોય છે. શ્રાવકને પણ અવધિજ્ઞાન થઈ શકે છે. શ્રી મહાવીર પરમાત્માના પ્રધાન શ્રાવક આનંદને સાધારણ કરતા શ્રેષ્ઠ કક્ષાનું અવધિજ્ઞાન થયું હતું. તે ગૌતમ સ્વામીના માનવામાં ન આવ્યું. પરમાત્માના કહેવાથી તેમણે આનંદ શ્રાવકની સરળ હૃદયે માફી માંગી હતી.

અવધિજ્ઞાનના છ પ્રકાર છે. અનુગામી, અનનુગામી, વર્ધમાન,

હીયમાન, પ્રતિપાતી અને પ્રતિપાતી. અનુગામી એટલે વ્યક્તિની સાથે સાથે જાય તેવું અવધિજ્ઞાન. અનનુગામી અવધિજ્ઞાન ચોક્કસ જગ્યા સાથે બંધાયેલું હોય. સમય જતા વધતું રહે તે વર્ધમાન. સમયની સાથે ઘટતું રહે તે હીયમાન. આવ્યા પછી જતું રહે તે પ્રતિપાતી અને કેવળજ્ઞાનમાં સમાઈ જાય તે અપ્રતિપાતી.

મતિ અને શ્રુતજ્ઞાન બુદ્ધિથી સમજાય છે. અવધિજ્ઞાન બુદ્ધિથી સમજાય તેમ નથી. આ લખું છું ત્યારે મારી સમક્ષ એક અંગ્રેજી પુસ્તક પડ્યું છે. ધ લોઝ ઓફ ધ સ્પીરીટ વર્લ્ડ. તેના લેખિકા છે ખુર્શીદ ભાવનગરી. તેમના બન્ને પુત્રો કાર અકસ્માતમાં મરણ પામ્યા. મરીને તે વ્યંતર કોટિના દેવ થયા હશે. દેવ બનેલા બન્ને પુત્રોએ મા પાસે ચોપડી લખાવી. તેમાં જે દુનિયાની વાત છે તે દેવલોક (સ્પીરીટ વર્લ્ડ) છે. તેઓ કહે છે - અમારા વિચારો અસાધારણ શક્તિશાળી છે. અમે વિચારસંપ્રેષણ (ટેલીપથી) દ્વારા ધરતીના લોકો સાથે વાત કરી શકીએ છીએ. અમારા વિચારો શબ્દરૂપ નહીં પણ પ્રતિછાયા (ઇંપ્રેશન)રૂપ હોય છે. પ્રોજેક્ટર જે રીતે ચલચિત્ર દર્શાવે છે તે રીતે અમે અમારા વિચાર અભિવ્યક્ત કરીએ છીએ. માનવીનું જાગૃત મન અમારા વિચારની પ્રતિછાયા ઝીલી શકતું નથી. અમારા વિચાર અવચેતન મનમાં ઝીલાય છે. (Our thoughts are extraordinarily powerful. Spirit beings provide guidance to Earth souls through telepahic thoughts known as projected thoughts. These thoughts or 'impressions' can be intercepted by Earth soul throught their subconscious mind.) અવધિજ્ઞાનની બૌદ્ધિક સાબિતી માટે આટલો પૂરાવો બસ છે.

મનના પર્યાયોને પ્રત્યક્ષ નિહાળવા તે મનઃપર્યવજ્ઞાન છે. સાધારણ વ્યક્તિ બીજાના મનમાં ચાલતા વિચારો વિશે અનુમાન જ કરી શકે છે. મનને જોઈ શકતો નથી. મનઃપર્યવજ્ઞાનથી મન દેખાય છે. જૈન મત મુજબ મન એક નથી. આગમમાં સૂત્ર છે अणेगचित्ते खलु अयं पुरिसे पण्णत्ते । માણસ જન્મે ત્યારથી મરે ત્યાં સુધી તેનું શરીર એ જ રહે છે. ઇંદ્રિયો એ જ હોય છે, મગજ એ જ હોય છે. મનનું એવું નથી. મન સતત બદલાય છે. મનોયોગ દ્વારા મનોવર્ગણાના પુદ્‌ગલો વિચારમાં ફેરવાય છે. એટલે કે બહાર રહેલા પદાર્થની


પ્રતિછાયા (impression) બને છે. આ પ્રતિછાયા મનનો પર્યાય છે.

મનઃપર્યવજ્ઞાન દ્વારા આ પર્યાય પ્રત્યક્ષ દેખાય છે. મનઃપર્યવજ્ઞાની મનના પર્યાય જોઇને બીજાના વિચારનું અનુમાન કરે છે. સાધારણ વ્યક્તિ શરીરના હાવભાવ જોઇને બીજાના મનમાં ચાલતા વિચારોનું અનુમાન કરે છે. સાધારણ વ્યક્તિ શરીર હલતું નથી તે જોઇને માણસ મરી ગયાનું અનુમાન કરે અને વૈદ્ય નાડી જોઇને માણસ મરી ગયાનું અનુમાન કરે, તેવો જ આ ફરક છે. મનઃપર્યવજ્ઞાનના બે પ્રકાર છે. ઋજુમતિ અને વિપુલમતિ. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનમાં મનનો પર્યાય સામાન્યથી દેખાય છે. વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનમાં મનનો પર્યાય વિશેષથી દેખાય છે. બીજાના મનને પકડતા પહેલા આપણા મન ઉપર અસાધારણ કાબૂ હોવો જોઇએ. આથી જ મનઃપર્યવજ્ઞાન ઉચ્ચકોટિની અપ્રમત્તદશામાં (સાતમા ગુણસ્થાનકે) જ પ્રાપ્ત થાય છે.

કેવળજ્ઞાન એટલે સંપૂર્ણ જ્ઞાન. જેમાં કોઈ વિષય અજ્ઞાત નથી, જેને કોઈ બંધન નથી, જેને કાઈ અવરોધ નથી, જેનો નાશ થતો નથી. જગદીશચંદ્ર બસુએ વનસ્પતિમાં જીવ છે તે પ્રયોગ દ્વારા ૧૮મી સદીના મધ્ય ભાગમાં (એટલે લગભગ ૨૦૦ વર્ષ પહેલા) સાબિત કર્યું તેમ લેવોઇઝર નામના વૈજ્ઞાનિકે પાણી સ્વતંત્ર દ્રવ્ય નથી પરંતુ વાયુનું બનેલું છે તે સાબિત કર્યું. આ પહેલા પાણીનું મૂળ વાયુ છે તેવી કોઇને ખબર ન હતી, તેવો દાવો કરવામાં આવે છે. પરંતુ સૂત્રકૃતાંગ સૂત્રમાં પાણીને વાતયોનિ કહેવામાં આવ્યું છે. આજથી ૨૬૦૦ વરસ પહેલા કોઈ પણ ઉપકરણ કે પ્રયોગ વિના શ્રી મહાવીર પરમાત્માને આ વાત કેવી રીતે ખબર પડી હશે ? તે સુજ્ઞો જાતે જ વિચારી લે. ઉપરોક્ત સત્યના આધારે પ્રયોગ કરતા મુંબઇના ડૉ. વિનોદ શાહે પાણી ઉપર ત્રણ વરસ સંશોધન કરી એક પુસ્તક લખ્યું છે.

જ્ઞાનપંચમીના દેવવંદનમાં જ્ઞાનના એકાવન ખમાસમણ સમાવી જ્ઞાન અને ક્રિયાનો સુભગ સમન્વય સાધ્યો છે. અહીં જ્ઞાનના એકાવન ભેદનો અતિ સામાન્ય પરિચય આપ્યો છે. દેવવંદનમાં આથી વિશેષ માહિતી છે. તેથી પણ વિશેષ માહિતી કર્મગ્રંથમાં છે. જ્ઞાનનો દરિયો તો અનંત છે. તેમાં ઉતરે તેને મોતી મળે જ છે. જિન ખોજા તિન પાઇયા.

•



ગ્રંથનામ : પ્રકરણાદિ વિચાર ગર્ભિત સ્તવન સંગ્રહ

કર્તા : વિવિધ જૈન શ્રમણ

ભાષા : ગુજરાતી

સમય : ૧૯થી ૨૦મી સદી

૩૨

## ગીતોમાં જ્ઞાનનો દરિયો

આગમો પરમાત્માની વાણી સ્વરૂપ છે. તેને ગણધર ભગવંતોનો શબ્દસ્પર્શ મળ્યો છે. ભગવાનની વાણી વાંચવાનો અધિકાર સહુને નથી. શાસ્ત્રકારોએ આગમોના પદાર્થોને ચૂંટીચૂંટીને પ્રકરણ ગ્રંથોની રચના કરી. માળી બગીચામાંથી ફૂલો ચૂંટીને માળા બનાવે તેમ શાસ્ત્રકર્તાઓએ પ્રકરણો રચ્યા. આગમોની જેમ પ્રકરણગ્રંથોની ભાષા પણ ગૂઢ જણાવા માંડી ત્યારે ગુજરાતી સ્તવન-સજ્ઝાય-રાસ વગેરે રૂપે શાસ્ત્રોના પદાર્થો ગૂંથાયા. સ્તવનમાં કેવળ ભગવાનના રૂપનું કે ગુણનું વર્ણન હોય છે, તેવું નથી. આજે ઉપલબ્ધ ગુજરાતી પદ્યસાહિત્યમાં મોટાભાગના આગમોના તમામ પદાર્થોનું વર્ણન આવી જાય છે. કમનસીબે વર્તમાન શ્રાવક સંઘ 'દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, માતા મરૂદેવીના નંદ કે અંતરજામી સુણ અલવેસર...' થી આગળ વધ્યો નથી. ભક્તિપ્રધાન સ્તવનો થોડે ઘણે અંશે પ્રચલિત છે. પણ તત્ત્વપ્રધાન સ્તવનો જ્ઞાનભંડારના કબાટમાં ધૂળ ખાય છે. સ્તવનોનો અદ્ભુત ખજાનો આજે પણ મહદંશે-અપ્રગટ છે. જે પ્રગટ છે તેની સરિયામ ઉપેક્ષા થઈ રહી છે.

હવે તો ભક્તિપ્રધાન સ્તવનોને સ્થાને ફિલ્મી બંદીશ ધરાવતાં જોડકણાં જ પ્રચલિત થઈ રહ્યા છે. શ્રાવક સંઘનું જ્ઞાનસ્તર (ગ્રેજ્યુઅલ સ્ટાંટર્ડ) ખેદ ઉપજાવે તેવું છે.

થોડા વરસો પહેલા જ શ્રી સંઘમાં બહુશ્રુત શ્રાવકોની સંખ્યા મોટી હતી. એકચિત્તે શાસ્ત્રો (રિપીટ, શાસ્ત્રો) સાંભળનાર શ્રાવકો ઘણા હતા. તેઓ સાંભળીને શાસ્ત્રના અર્થ યાદ રાખતા. શ્રી આત્મારામજી મહારાજે સુરતમાં ચાતુર્માસ કર્યું, ત્યારે વ્યાખ્યાનમાં 'આવશ્યકનિર્યુક્તિ' નામનું શાસ્ત્ર વાંચ્યું હતું. ભીમસી માણેક નામના શ્રાવકે ઘણા ગ્રંથો અનુવાદ સાથે છપાવી પ્રગટ કર્યા હતા. અનુવાદ, સંપાદન અને પ્રકાશન માટે શ્રાવકો જ મહેનત કરતા. આજે આ કામ શ્રમણો કરે છે.

પાલિતાણાથી એ.એમ. એન્ડ કંપનીએ તાત્ત્વિક સ્તવનોનો સંગ્રહ ધરાવતું પુસ્તક પ્રકાશિત કર્યું હતું. 'પ્રકરણાદિ વિચાર ગર્ભિત સ્તવન સંગ્રહ' પરંપરામાં પાંચ પ્રતિક્રમણ પછી ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથનો અભ્યાસ થાય છે. આ તમામ પ્રકરણગ્રંથો પ્રાકૃતભાષામાં રચાયા છે. તેની ઉપર ટબા લખાયા છે. ટીકા રચાઈ છે. ગુજરાતી વિવેચન પણ થયા છે. પ્રકરણગત પદાર્થોનો સંગ્રહ ધરાવતા પુસ્તકો પણ પ્રકાશિત થયા છે. પ્રસ્તુત પુસ્તકમાં પ્રકરણ ગ્રંથો સ્તવન રૂપમાં પ્રગટ થયા છે. પૂર્વના મહાપુરુષોએ આપણા જેવા મંદમતિ જીવો ઉપર ઉપકાર કરવા કેવો પુરુષાર્થ કર્યો હતો, તે આ પુસ્તક જોતાં જણાઈ આવે છે. જીવવિચાર પ્રકરણ પ્રાકૃત ગાથામાં યાદ રાખવું કોઈ શ્રાવકને અઘરું પડે. પણ તે જ જીવવિચાર જો ગુજરાતી ભાષામાં કાવ્ય રૂપે યાદ રાખવું સાવ સરળ થઈ પડે.

પ્રાથમિક અભ્યાસમાં આવતા દરેક પ્રકરણ ગ્રંથો પદ્યરૂપે ઉપલબ્ધ છે તે હર્ષવિભોર કરી દે તેવી ઘટના છે. કુલ ચોવીસ કૃતિઓ આ સંગ્રહમાં પ્રગટ થઈ છે. તેમાં જીવવિચારનું સ્તવન છે, નવતત્ત્વનું સ્તવન છે, દંડકનાં બે સ્તવન છે. બીજા અનેક સ્તવન-સજ્ઝાયો છે. જીવવિચાર પ્રકરણ પૂ.આ. શ્રી શાંતિસૂરિજી મહારાજની રચના છે. પ્રજ્ઞાપના નામના આગમસૂત્રના આધારે આ પ્રકરણની રચના થઈ છે. એકેંદ્રિયથી પંચેદ્રિય સુધીના જીવોના ૫૬૩ પ્રકારો તેનો વિષય છે. ૫૬૩ જીવભેદનો અવગાહના (શરીરની ઉંચાઈ), આયુષ્ય, સ્વકાયસ્થિતિ

(એક જ જીવભેદ તરીકે વારંવાર જન્મ લેવો), પ્રાણ અને યોનિ, આ પાંચ બાબતની વિચારણા જીવવિચાર પ્રકરણમાં છે. સામાન્ય જિન સ્તવન તરીકે શ્રી વૃદ્ધિ વિજયજી મહારાજે એ નવ ઢાળની ૮૪ ગાથામાં જીવવિચાર ગત પદાર્થોનો સંગ્રહ કર્યો છે.

નવતત્ત્વ પ્રકરણનું વિષયવસ્તુ સ્પષ્ટ છે તેના સ્તવનમાં પુણ્યના બેતાલીસ અને પાપના બ્યાસી ભેદની સંક્ષિપ્ત વ્યાખ્યા પણ કરી છે. તે જ રીતે આશ્રવ તત્ત્વમાં ૨૫ ક્રિયાઓની પણ વ્યાખ્યા કરી છે. શ્રી મણિવિજયજી મ.ના શિષ્યશ્રી ભાગ્યવિજયજી મહારાજે સં. ૧૭૬૬ની સાલમાં પાટણમાં આ રચના કરી છે. સ્તવનની ૧૬૭ ગાથા છે.

દંડક પ્રકરણ વિશે બે સ્તવનો છે. એક સ્તવનમાં ચોવીસ દંડકનાં ૨૯ દ્વાર વિશે વિચારણા છે. બીજા સ્તવનમાં ગતિ-આગતિ દ્વારની વિચારણા છે. વર્તમાનમાં ઉપલબ્ધ આગમોમાં સહુથી વિસ્તૃત આગમ છે : વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ=ભગવતી. ભગવતીસૂત્રમાં ૨૪ દંડકને આશ્રયીને જે વિચારણા થઈ છે તે દંડક સૂત્રમાં સ્થાન પામી છે. એટલે દંડકસૂત્રના અભ્યાસથી ભગવતીસૂત્રના પદાર્થનો અભ્યાસ થઈ શકે છે. પ્રથમ સ્તવન છ ઢાળમાં ૧૦૮ ગાથા પ્રમાણ છે. તેના કર્તા શ્રી પદ્મવિજયજી મહારાજ છે. બીજું સ્તવન શ્રીપાર્શ્વનાથ ભગવાનનું છે તેની ચાર ઢાળ અને ૩૪ ગાથા છે તેના કર્તા શ્રીધર્મચંદ્રજી છે. (સં. ૧૯૨૯, જેસલમેર) આ સ્તવનની વિશેષતા એ છે કે તેમાં આત્મનિંદાના રૂપે ગતિ-આગતિનું સ્વરૂપવર્ણન છે. તેથી પદાર્થજ્ઞાન અને વૈરાગ્યભાવ બંને પોષાય છે.

શ્રી સૌભાગ્યરત્નસૂરિજી મહારાજે આઠ ઢાળની ૯૫ ગાથામાં શાંતિનાથ ભગવાનની સ્તવના કરી છે. તેમાં ચૌદ ગુણસ્થાનકનું ભાવવાહી અને તાત્ત્વિક વર્ણન છે. ગુણસ્થાનકને જાણ્યા વિના ધર્મનું આચરણ થઈ ન શકે.

**વિણા ગુણથાનક જાણતાં કિમ ધર્મવિધિ કહેવાય ? (ગા-૩)**

સમ્યક્ત્વનું ભાવગત અને ક્રિયાગત સ્વરૂપ અહીં જોવા મળે છે. સમ્યક્ત્વના આઠ ગુણો છે. મતલબ સમકિતની હાજરીથી આઠ શુભભાવો જાગે છે. કરુણા, વાત્સલ્ય, સજ્જનતા, આત્મનિંદા, સમતા, ભક્તિ, વૈરાગ્ય અને ધર્મનો રાગ. (ગા. ૩૪) જ્ઞાનનો ગર્વ કરવાથી, બુદ્ધિનો ઉપયોગ નહીં

કરવાથી, (અંધશ્રદ્ધાથી) નિષ્ઠુર વચન બોલવાથી, કષાયોનો ઉગ્રભાવ ધારણ કરવાથી, આળસ કરવાથી સમકિત જતું રહે છે. (ગા. ૩૬) સમકિતી આત્માની ભાવદશાનું અતિ સુંદર અને યથાર્થ બયાન ચોથી ઢાળમાં પ્રસ્તુત થયું છે.

**આતમ વચ્ચે પરગુણ ત્યાગે, રાગદ્વેષથી વેગળો ભાગે;**
**જેહવો મારગ જિનવર ભાખે, તેહવું નિજ હીયામાંહિ રાખે. (૪૩)**

**હંસ તણી પરે કરીય પરીક્ષા, જેમ લહે તેહની સુશિક્ષા**
**પરનું કીધું ગુણ બહુ જાણે, ધર્માચાર્યને અતિઘણું માને (૪૪)**

**શુભ-અશુભ કર્મ ઉદે જે આવે, તે ભોગવતાં રતિઅરતિ ન પાવે,**
**કાંક્ષા સહિત જે ન કરે ધરમ, તે નાણે કલ્પના જેથી બંધાએ કરણ (૪૫)**

**વાત કહેતા સમકિતની નાવે પાર, જિમ કહીએ તિમ બહુ વિસ્તાર (૪૬)**

આ જ રીતે દેશવિરતિ અને સર્વવિરતિનાં પરિણામોનું અપૂર્વ અને અંતઃસ્પર્શી વર્ણન અહીં જોવા મળે છે.

ગુણસ્થાન વિચાર ગર્ભિત શ્રી સુમતિનાથ ભગવાનનાં સ્તવનમાં ગુણસ્થાનકનું તાત્ત્વિક વર્ણન છે. તેનાં કર્તા શ્રી ધર્મસિંહ મુનિ છે. (સં. ૧૭૨૯)

ગુણસ્થાન સંબંધી ત્રીજી કૃતિ ગુણઠાણા વિચાર બત્રીસી છે તેના કર્તા, પં. શ્રી માનવિજયજી મ. છે.

શ્રી આદીશ્વર ભગવાન મોક્ષમાં ગયા પછી તેમની પરંપરામાં અસંખ્યાત મહાપુરુષો મોક્ષમાં અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા છે. કેટલીક પાટ સુધી મહાત્માઓ મોક્ષમાં જાય પછી સર્વાર્થસિદ્ધિમાં જાય. ત્યારપછી ફરી મોક્ષગમનની પરંપરા ચાલે. સિદ્ધદંડિકા સ્તવનમાં આ સિદ્ધપરંપરાનું વર્ણન આવે છે. પં. શ્રી પદ્મવિજયજી મહારાજ રચિત આ સ્તવનની પાંચમી ઢાળમાં સિદ્ધ ભગવંતોની અવસ્થાનું અત્યંત રોચક વર્ણન છે.

કર્મપ્રકૃતિની સજ્ઝાયમાં કેવળ ૨૨ ગાથા છે. કર્મની એકસો અઠ્ઠાવન પ્રકૃતિ બાવીસ ગાથામાં યાદ રહી જાય.

સીમંધર સ્વામીના સ્તવનમાં લઘુ સંગ્રહણીનાં પદાર્થો ગુંથ્યા છે.

જંબૂદ્વીપનું સ્વરૂપ આ સ્તવનમાં જાણી શકાય છે.

શ્રી હીરવિજયસૂરિજી મહારાજના હાથે દીક્ષિત થયેલા શ્રી શુભવિજયજી મ.ના પ્રશિષ્ય શ્રી સિદ્ધિવિજયજી મહારાજે સીમંધર સ્વામીનાં સ્તવનમાં ૬ ઢાળની ૧૧૩ ગાથામાં નિગોદના દુઃખોનું વર્ણન કર્યું છે.

તીર્થંકર પરમાત્મા જેમાં બેસીને દેશના આપે છે તે સમવસરણની રચના કેવી હોય ? તે અંગે ત્રણ સ્તવનો છે. ત્રણ ગઢની બાહ્ય રચના દેવછંદ વગેરે અભ્યંતર રચના અને બારપર્ષદાનું સ્વરૂપ આ સ્તવનોમાં જાણવા મળે છે.

આ આખા પુસ્તકમાં સહુથી વિશિષ્ટ કહી શકાય તેવી રચના છે -'ચાર ધ્યાનની સજ્ઝાય'. તેના કર્તા શ્રી ભાવ વિજયજી મહારાજ (સં. ૧૯૯૬) છે. આર્તધ્યાન વગેરે ધ્યાનના ચાર પ્રકાર છે. ધ્યાનશતક ગ્રંથમાં પરમાત્માએ વર્ણવેલાં ધ્યાનના તમામ પાસાંનું વર્ણન છે. ધ્યાનનો જાણકાર પોતાના મનને સારી રીતે જાણી શકે છે. પ્રસ્તુત સજ્ઝાય 'ધ્યાન શતક'નો પદ્યાનુવાદ છે. તે ધ્યાનમાં વર્તમાન જીવની મનો-શારીરિક (સાઇકોસોમેટિક) પ્રવૃત્તિઓ કેવી હોય છે ? તેનું સુગમ વર્ણન આ સજ્ઝાયમાં છે. પદ્માસન લગાવી આંખ બંધ કરી માત્ર ટટાર બેસી જવાથી જ ધ્યાન સિદ્ધ થાય નહીં, ધ્યાન સિદ્ધ કરવા મનને ગુણસંપન્નતાના સંસ્કાર આપવા પડે. શ્રી ભાવવિજયજી મ. કહે છે -

**અવર વર ગુણ વિના, ધ્યાન આવે નહીં**
**કહવિ આવે તથા થિર ન થોભે (કળશ-૫)**

ગુણ વિના ધ્યાન આવે નહીં, આવે તો વધુ સમય ટકે નહીં. ગુણવાળું ચિત્ત ધ્યાનનો પાયો છે.

**રૂદ્ધિ જેમ પુણ્ય વિણ, કીર્તિ જેમ દાન વિણ**
**વૃક્ષ જિમ નવિ રહે મૂળ પાખે,**
**ગેહ પાયા વિના થિર ન થોભે યથા**
**ગુણ વિના ધ્યાન તિમ સંત દાખે (કળશ-૬)**

નવ ઢાળ અને એકસો છ્યાંસી (૧૮૬) ગાથાનું આ સ્તવન દરેક ધ્યાનકાંક્ષી સાધકે હૃદયમાં ઉતારવા યોગ્ય છે.

શ્રી જસવિજયજી મહારાજના શિષ્ય શ્રીજિન વિજયજી મહારાજે ૧૩૮ ગાથાનું જિનપ્રતિમા સ્થાપન સ્તવન રચ્યું છે. પ્રતિમા વિરોધી દલીલ કરે છે

કે, ભગવાન તો વીતરાગ છે. તેમના મંદિરમાં સિંહવાઘની મૂર્તિ શું કામ હોય છે ? સિંહ કે વાઘની મૂર્તિ મારતી નથી તો ભગવાનની મૂર્તિ તારે છે, તે વાત કઈ રીતે સાચી મનાય ? આ પ્રશ્નનો જવાબ ખૂબી ભર્યો છે. ભગવાનનું મંદિર સમવસરણનું પ્રતિરૂપ છે. સમવસરણમાં સિંહ હરણ વગેરે સાથે બેસે છે. તે દર્શાવવા મંદિરમાં સિંહ વગેરેની પ્રતીક-સ્થાપના હોય છે. પથ્થરનો સિંહ મારતો નથી પણ ડર પેદા કરી શકે છે. તેમ પ્રતિમા હાથ ઝાલી તારતી ભલે ન હોય, તરવા માટેના ભાવ જરૂર પેદા કરી શકે છે.

**સમવસરણ જિન દેહરો રે, સરિખા દોઈ બે જાણો**
**સિંહ મૃગાદિ પશુ એકઠા રે, રમે સમવસરણે શ્રુતવાણી (૪.૨૮)**
**ધ્યાનથી મૂરતિ તારશે... (૪.૨૯)**
**અનુભવ આવે જિન ધ્યાને (૪.૩૧)**

મૂર્તિના આલંબને વીતરાગનું ધ્યાન થાય. ધ્યાનથી અનુભવ મળે. અનુભવથી યોગ સિદ્ધ થતા મોક્ષ મળે. આ સ્તવનમાં પ્રભુ સમક્ષ નૃત્ય કરવાનું વિધાન છે. નૃત્ય પણ ધ્યાન બની શકે છે.

**ભાવથી નાચે મુનિવરા રે, દ્રવ્ય ભાવે શ્રાવક નાચે**
**ધનઅર્થી નાચે રાજા કને રે, તેમ પ્રભુ પાસે શિવ નાચે (૪.૨૨)**

મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી વિરચિત છ આવશ્યકની સમજ આપતું સ્તવન પ્રસિદ્ધ છે. પ્રતિક્રમણ કરતાં પહેલાં આ એકતાલીસ ગાથાના સ્તવનનો પાઠ કરવામાં આવે તો ઉત્કૃષ્ટ ક્રિયા ઉત્તમ બહુમાનભાવ પૂર્વક થાય તેવી સશક્ત આ રચના છે. સરળ શબ્દ અને સુગેય રાગ પૂ. ઉપાધ્યાયજી મ.ની રચનાઓની વિશેષતા છે. સામયિકમાં શું કરવાનું ?

**આપો આપ વિચારીએ, રમીએ આપ સ્વરૂપ**
**મમતા જે પરભાવની, વિષમો તે વિષકૂપ...(૧.૨)**

પ્રતિક્રમણની શું લાભ થાય ? જવાબ છે. અતિચાર શલ્ય જેવા છે. કાંટાની જેમ ચુભ્યા કરે. તેને ગુરુ સમક્ષ કહી દેવાથી ભાવ વિશુદ્ધ થાય છે. (૩.૪)

દેવીદાસ નામના એક બ્રાહ્મણે રાધનપુરના શ્રી મહાવીર સ્વામી

ભગવાનના સ્તવનમાં વિનંતિ કરી છે કે

**બાંભણ ઈણી પરે વિનવે. છઠ્ઠે આરે જનમ નિવાર (૪.૧૨)**

આ સ્તવનમાં છ આરાનું વર્ણન છે. તેમાં પલ્યોપમ-સાગરોપમ અને સમયના માપ દર્શાવ્યા છે. એક બ્રાહ્મણનો પ્રભુ શાસન પ્રત્યેનો રાગ ભાવવાહી શબ્દોમાં અભિવ્યક્ત થયો છે.

**મેં પુણ્ય પસાયે પામ્યા જિનવર પાસ ૫.૨**
**તસ નામે મુજને, ટળીયો મુજ મિથ્યાત**
**સેવંતા પામ્યો જિનધર્મ જગ વિખ્યાત ૫.૪**

દસ પચ્ચક્ખાણનાં સ્તવનમાં નવકારશીથી લઈને ઉપવાસ સુધીના પચ્ચક્ખાણનાં લાભનું વર્ણન છે.

બે ઇંદ્રિય જીવોની સજ્ઝાયમાં બે ઇંદ્રિયવાળા જીવોના મુખે આત્મકથનાત્મક રીતે દયાપાલનનો ઉપદેશ છે.


**બેઇંદ્રિય બોલે રે મુખથી એહવું, શું કરવા અમ મારે**
**તારું હૈયું કેમ ફૂટી ગયું, દયા દયા પોકારે. ૧**

સુભદ્રા સતીની સજ્ઝાયમાં શ્રી કાંતિવિજયજી મહારાજ શીલધર્મની મહત્તા ગાતાં સાત્ત્વિક શબ્દો ઉચ્ચારે છે.

**વાઘણ કેરાં દૂધડાં રહેશે, સોના કેરે ઠામ**
**જે રે ભણે જે સાંભળે, કાંતિ વિજય ગુણ ગાય-૨૫**

આવા સમૃદ્ધ અને સશક્ત વારસા પ્રત્યે સંઘનું અને શ્રમણોપાસક સંઘનું ધ્યાન આકર્ષિત થાય તોય ઘણું ગણાય.

•



| | | |
|---|---|---|
| ગ્રંથનામ | : | પુદ્‌ગલગીતા, પરમાત્મ છત્રીસી |
| કર્તા | : | મુનિશ્રી કર્પૂરચંદ્રજી મ. (ચિદાનંદ) |
| ભાષા | : | ગુજરાતી |
| સમય | : | ૧૯-૨૦મી સદી |

(૩૩)

# ચેતન મેરો નામ

તમામ શાસ્ત્રો 'આત્મા'ને અનુલક્ષીને લખાયાં છે. આત્માના અનુસંધાન વિના શાસ્ત્રનો શબ્દાર્થ મળે, જીવંત અર્થ પ્રાપ્ત થતો નથી. શાસ્ત્રોનું લક્ષ્ય જ એ છે, આત્મા ગુણ સંપન્ન બને. સવાસો ગાથાનાં સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે.

**જિહાં લગે આતમ તત્ત્વનું, લક્ષણ નવિ જાણ્યું**
**તિહાં લગે ગુણઠાણું ભલું, કિમ આવે તાણ્યું**

નવપદની સ્તવના કરતા શ્રીપાળ રાજાના રાસમાં પણ આ જ વાત ઉપાધ્યાયજીએ આ જ વાત કહી છે.

**આગમ નોઆગમતણો, ભાવ એ જાણો સાચો**
**આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો.**

આત્માને શબ્દથી ઓળખવો એક વાત છે. અને અનુભવથી ઓળખવો બીજી વાત છે. રાગદ્વેષની ગાંઠ નબળી પડે કે પુદ્ગલ પ્રત્યેનું આકર્ષણ ઓછું થાય, ત્યારે આત્માની આડે આવતું અંધારું આપોઆપ ઓગળવા માંડે. આત્માનો અહેસાસ કેમ થતો નથી એ પ્રશ્ન અસ્થાને છે. સાચો પ્રશ્ન

છે-નજર સામે આત્માને બદલે રાગદ્વેષ કેમ છે ? પુદ્‌ગલનું આકર્ષણ કેમ છે ? કેમ કરીને આ અનાદિકાલીન અભ્યાસને તોડવો ? આ પ્રશ્નનો જવાબ શ્રી ચિદાનંદજી મહારાજ પાસે છે.

શ્રી ચિદાનંદજી મહારાજનું અસલ નામ મુનિશ્રી કર્પૂરચંદ્રજી હતું. તેઓ વીસમી સદીમાં જ થયા છે. વિ.સં. ૧૯૦૪માં તેમણે ભાવનગરના ગોડી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન રચ્યું હતું. આનંદઘનજી મહારાજની જેમ તેઓ આત્મસિદ્ધ પુરુષ હતા. તેમની પાસે અનેક શક્તિઓ હતી. શત્રુંજય અને ગિરનારની ગુફામાં તેમણે આત્મસાધના કરી હતી. તેઓ સમેતશિખરજી પર કાળધર્મ પામ્યા હતા તેવી કિંવદંતી છે. તેઓ મોટે ભાગે તીર્થક્ષેત્રમાં રહેતા, જનપરિચય કરતા નહીં. હિંદી મિશ્ર ગુજરાતી ભાષામાં તેમણે અનેક રચનાઓ કરી છે. તેમની રચનાઓ આત્મકેન્દ્રિત છે. તેમના પદોમાં મુખ્યત્વે વૈરાગ્યનો ધ્વનિ સાંભળવા મળે છે. પર્યુષણમાં બોલાતી 'મણિરચિત સિંહાસન' સ્તુતિ શ્રી ચિદાનંદજીની છે. 'પરમાતમ પૂરણ કળા...' શ્રી નેમનાથ પ્રભુનું આ પ્રચલિત સ્તવન, 'અવધૂ નિરપક્ષ વિરલા કોઈ' આ પદ ચિદાનંદજીરચિત છે. તેમણે રચેલી બે કૃતિઓ છે : 'પરમાત્મ છત્રીસી' અને 'પુદ્‌ગલગીતા.'

પરમાત્મ છત્રીસીમાં ૩૬ દોહરા છે. રાગદ્વેષની ગાંઠ નબળી પાડવાના અનુભવપૂત ઉપાયો તેમાં દર્શાવ્યા છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા આ ત્રણેનું સ્વરૂપ તેમાં બતાવ્યું છે. એક જ આત્માની આ વિભિન્ન દશાઓ છે. દૃષ્ટિના ભેદથી આ દશાઓ જુદી જુદી છે. જેની દૃષ્ટિ પોતાની ઉપર ન હોય, બાહ્ય પદાર્થજગત પર હોય તે બહિરાત્મા છે. જેની દૃષ્ટિ પદાર્થ જગત પરથી ઉઠી ગઈ છે અને આત્મા પર સ્થિર થઈ છે, તે અંતરાત્મા છે. જેણે પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું છે, તે અંતરાત્મા છે.

સિદ્ધ પરમાત્માનો આત્મા જેવો શુદ્ધ અને પવિત્ર છે, તેવો જ આપણો આત્મા શુદ્ધ અને પવિત્ર છે. પણ આપણી દૃષ્ટિ ઉપર જ્યાં સુધી રાગ-દ્વેષ અને મોહનો કબજો છે, ત્યાં સુધી પરમાત્મ દશા પ્રગટતી નથી.

રાગદ્વેષ અને મોહને નબળા પાડવા પહેલું સૂત્ર આપ્યું છે. 'હું આત્મા છું' આ વાતને ઘૂંટી ઘૂંટીને અંતરમાં ઉતારો.. સાડા ચાર અક્ષરનો આ મંત્ર છે, તેને આત્મસાત્ કરો. 'હું શરીર છું' એ વાત ભૂલી જવાની, 'હું આત્મા છું' એ

વાત યાદ કરવાની. મારું નામ છગનભાઈ કે મગનભાઈ નથી, ચેતન છે. આ વાતને યાદ રાખવા ચિદાનંદજીએ ચાર દોહરા રચ્યા છે. કંઠસ્થ કરીને દર કલાકે યાદ કરવા જેવા છે, જેથી આજની દશામાં ફરક અનુભવાશે.

**આતમા સો પરમાતમા, પરમાતમ સોઈ સિદ્ધિ**
**બિચકી દુવિધા મિટ ગઈ, પ્રગટ ભઈ નિજ રિદ્ધિ. ૧૧**

**મેં હિ સિદ્ધ પરમાતમા, મેં હિ આતમરામ**
**મેં હિ ધ્યાતા ધ્યેય કો, ચેતન મેરો નામ. ૧૨**

**મેં હિ અનંત સુખ કો ધની, સુખમેં મોહિ સોહાય**
**અવિનાશી આનંદમય, સોહં ત્રિભુવનરાય. ૧૩**

**શુદ્ધ હમારો રૂપ હૈ, શોભિત સિદ્ધ સમાન**
**ગુણ અનંત કરી સંયુતો, ચિદાનંદ ભગવાન. ૧૪**

રાગદ્વેષના સંસ્કાર અનાદિના છે. તે મારા નથી. આ વાત અનુભવવી બહુ જ મુશ્કેલ છે. અત્યારે રાગદ્વેષ જ આપણું સાચું સ્વરૂપ લાગે છે. રાગમાં અને દ્વેષમાં જ સુખનો અનુભવ થાય છે. આત્માના સુખનો અનુભવ થઈ શકે છે એ વાત સ્વપ્નવત્ લાગે છે. આત્માનો અનુભવ એક દિવસમાં થવાનો નથી. તે માટે આંતરિક પુરુષાર્થ જોઈશે. કેવળ શરીરના સ્તરનો પુરુષાર્થ કામ નહીં લાગે. અનાદિના સંસ્કારોને બદલવા સહેલા નથી. આ માટે 'આત્મા સિવાયની કોઈ વસ્તુ મારી નથી' આ સંસ્કારને પેદા કરવો પડે અને એ મજબૂત થાય ત્યાં સુધી તેની માવજત કરવી પડે. 'હું આત્મા છું. મને જે રાગદ્વેષ થાય છે તે મારા નથી.' 'મને હાલ જે સુખનો અનુભવ થાય છે તે રાગનું સુખ છે કે દ્વેષનું સુખ છે, મારું નથી.' 'રાગ-દ્વેષથી જન્મતા સુખનો અનુભવ શરીરના સ્તરે થાય છે. અથવા ઇંદ્રિય-મનના સ્તરે થાય છે. આત્માનું સુખ આત્માના સ્તરે હોય છે. શરીર-ઇંદ્રિય કે મન મારાં ન હોય તો તેનાથી પ્રાપ્ત થતું સુખ મારું કેવી રીતે હોઈ શકે ?' આને કહેવાય વિવેક. રાગદ્વેષના સંસ્કાર વિવેકથી નબળા પડે છે. આત્માને સંસારના તમામ ભાવોથી જુદો જોવો, જુદો માનવો.

રાગ થાય છે મનને. આત્મા તેમાં ડૂબે છે મોહને કારણે. મિથ્યાત્વને કારણે ખબર પડતી નથી કે આ સુખ પુદ્ગલજન્ય છે કે આત્મજન્ય છે ?

મિથ્યાત્વ આપણી ચેતનાને આત્મજન્ય સુખનો આસ્વાદ લેવા દેતું નથી. એ પુદ્ગલજન્ય સુખમાં જ ચેતનાને રોકી રાખે છે. વિવેકથી મિથ્યાત્વનું જોર તૂટે છે. ચિદાનંદજી કહે છે -

**કર્મ સંઘાતે અનાદિ કે, જોર ન કછુ બસાય**
**પાઈ કલા વિવેક કી, રાગદ્વેષ છિન જાય. ૧૭**

રાગદ્વેષના સંસ્કારનું મૂળ કારણ મિથ્યાત્વ મોહનીય કર્મ છે. 'મને મળતું સુખ મારું નથી' આ જાગૃતિ આત્માના બંધ થયેલા દરવાજા ખોલે છે.

**કરમન કી જર રાગ હે, રાગ જરે જર જાય,**
**પરમ હોત પરમાત્મા, ભાઈ સુગમ ઉપાય. ૧૮**

કર્મ આત્માને સંસારમાં રાખે છે. રાગદ્વેષ આત્મામાં સંસાર રાખે છે. શ્રી ચિદાનંદજી રાગને તોડવાના અભ્યાસને સુગમ ઉપાય કહે છે. રાગને પરાયો માનવો. અનુભવાતા સુખમાં અલિપ્ત રહેવું એ જરાય સહેલું નથી. પણ આના કરતા સહેલો કોઈ માર્ગ પણ નથી. વિશાળ વૃક્ષને તોડવા માટે એક-એક પાંદડું કે એક-એક ડાળી તોડવાની જરૂર નથી. તેના મૂળને જ તોડવું પડે છે. આફ્રિકાના જંગલમાં આદિવાસીઓ સેંકડો વર્ષ જૂના વૃક્ષને તોડવા માટે તેના મૂળને ઝેરી ઔષધિ આપે છે. થોડા જ દિવસોમાં આખું વૃક્ષ સૂકાઈ જાય છે. રાગના વિષયો અસંખ્ય છે. એક એક વિષયનો રાગ તોડવો અઘરું કામ છે. વિષયોના રાગનું મૂળ છે - રાગ કરવાની વૃત્તિ. રાગ કરવાની વૃત્તિ જતી રહે તો કર્મ બંધાય નહીં.

**मूलं नास्ति कुतः शाखा, निर्बीजस्य कुतो मूलम् ?**

રાગ-દ્વેષ દુષ્ટ પીર જેવા છે તેને મિટાવવા મુશ્કેલ કામ છે.

**ઈણ કરમનકો જીતવો, કઠિન બાત હૈ વીર**
**જર ખોદે બિનું નહિ મીટે, દુષ્ટ જાત બે પીર. ૧૯**

કર્મો અનંતા છે તેમનો નાશ કરવાનું કામ બહુ મોટું છે. પણ ફિકર નહીં. રાગદ્વેષની વાટને અગ્નિ આપી દો. દારૂખાના જેવા કર્મ એની મેળે રાખ થઈ જશે.

**જયું દારૂ કે ગંજ કો, નર નહિ શકે ઉઠાય**
**તનક આગ સંજોગતે, છિન એક મેં ઉડ જાય. ૩૧**

રાગદ્વેષ સમગ્ર સંસારની જડ છે. રાગદ્વેષને કારણે જ સંસાર પરથી દષ્ટિ હટતી નથી અને આત્મા પર સ્થિર થતી નથી. મિથ્યાત્વ આત્માની ઓળખ થવા દેતું નથી અને રાગદ્વેષ પુદ્ગલ પરથી ઉપયોગ ખસવા દેતા નથી. રાગદ્વેષને કારણે જ કર્મ બંધાય છે, પુદ્ગલની પરાધીનતા જન્મે છે. તેને તોડવા પુદ્ગલથી પોતાની જાતને જુદી જોવાની દષ્ટિ કેળવવી જોઇએ. શ્રી ચિદાનંદજી અનુભવ યોગી છે. સ્વયં આ પ્રક્રિયામાંથી પસાર થયા છે. આતમનો અનુભવ મેળવવા તેઓ ક્રમ બતાવે છે.

**પુદ્ગલથી ન્યારા સદા જે, જાણ અફરસી જીવ.**
**તાકા અનુભવ ભેદ જ્ઞાનથી, ગુરુગમ કરો સદીવ.**

જીવ પુદ્ગલથી જુદો છે. તે કોઈ બાબતમાં પુદ્ગલને આધીન નથી છતાં આજે દરેક બાબતમાં પુદ્ગલમય બની ગયો છે. જાણવું છે તો પુદ્ગલો જોઇએ. જોવા માટે ઇંદ્રિયરૂપ પુદ્ગલો, જીવવા માટે શરીરના પુદ્ગલો. શરીર ટકાવવા આહારના પુદ્ગલો. રે ! વિચારવા માટે મનના પુદ્ગલો. પુદ્ગલ વિના જીવ એક ક્ષણ પણ રહી શકતો નથી. જીવની આ અવદશાનું વર્ણન પુદ્ગલગીતામાં છે. પુદ્ગલ એટલે શું ? શ્રી ચિદાનંદજી ૮ વરસના બાળકને કે ૮૦ વરસના ડોશીમાને શિરાની જેમ ગળે ઉતરી જાય તેવો જવાબ આપે છે.

**પાણી માંહે ગલે જે વસ્તુ, જલે અગનિ સંજોગ.**
**પુદ્ગલપિંડ જાણ તે ચેતન ! ત્યાગ હરખ અરૂ સોગ. ૬૫**

શુભક્રિયા દ્વારા જે ફળ મળે તેમાં પણ આસક્તિ થાય તો પુદ્ગલદશા ગાઢ બને.

**પુણ્યપાપ પુદ્ગલ દશા ઈમ, જે જાણે સમ તૂલ**
**શુભકિરિયા ફલ નવિ ચહે, એ જાણ અધ્યાતમ મૂલ ૪૭**

શુભક્રિયા પુદ્ગલપરની આસક્તિ ઘટાડવાના લક્ષથી જ કરવાની છે. શુભક્રિયા છોડવાની પણ નહીં અને તેનાથી મળતાં ફળ પર આસક્ત થવાનું નહીં. આ જ અધ્યાત્મ માર્ગનું મૂળ છે. મમતા મોળી પડે તો જ ફળની આસક્તિ

તૂટે.

**શુભકિરિયા આચરણ આચરે, ધરે ન મમતા ભાવ,**
**નૂતન બંધ ન હોય ઈણવિધ, પ્રથમ આદિ શિર ઘાવ. ૪૮**

પુદ્ગલ દશાથી બચતા રહેવાનો સપ્તવિધ માર્ગ પણ અહીં જોવા મળે છે.

૧. રાગદ્વેષના નિમિત્તોમાં ફસાવું નહીં.

૨. બીજાની આશા રાખવી નહીં.

૩. સમતાનો અભ્યાસ કરવો.

૪. પરમાર્થ તરફ દૃષ્ટિ રાખવી, શાબ્દિક વાદવિવાદમાં ડૂબ્યા ન રહેવું.

૫. ગુરુના વચનને તહત્તિ કરવા.

૬. જે ધર્મ સ્વીકાર્યો તેનું પ્રાણાંતે પાલન કરવું.

૭. ધર્મ ભગવાનની આજ્ઞા મુજબનો છે કે નહીં તે તપાસતા રહેવું.

જેઓ આ માર્ગ ઉપર ચાલે છે, પુદ્ગલની મમતાથી બચવા અને પુદ્ગલના બંધનથી છૂટવા મહેનત કરે છે. રાગદ્વેષને દૂર કરી આતમના અનુભવનો આસ્વાદ મેળવવા તલસે છે. તેઓ ધન્ય છે. ચિદાનંદજી કહે છે -

**ધન ધન જગમાં તે પ્રાણી, જે નિત રહત ઉદાસ.**
**શુદ્ધ વિવેક હીયે મેં ધારી, કરે ન પરકી આસ. ૯૧**

**ધન ધન જગમાં તે પ્રાણી, જે ઘટ સમતા આણે**
**વાદવિવાદ હીયે નહીં ધારે, પરમારથ પથ જાણે. ૯૨**

**ધન ધન જગમાં તે પ્રાણી, જે ગુરુ વચન વિચારે,**
**અષ્ટ ધ્યાતા મર્મ લહીને, આતમ કાજ સુધારે. ૯૩**


**ધન ધન જગમાં તે પ્રાણી, જેહ પ્રતિજ્ઞા ધારે**
**પ્રાણ જાય પર ધર્મ ન મૂકે, શુદ્ધ વચન અનુસારે. ૯૪**

જન્મથી મરણ સુધીની પ્રત્યેક ક્ષણે આપણી ભવસ્થિતિ અને ભાવસ્થિતિ પર પુદ્ગલો જબરદસ્ત અસર કરે છે. આપણે આપણા માટે નહીં પુદ્ગલ માટે જ મહેનત કરીએ છીએ. 'પુદ્ગલ ગીતા' ધારદાર સત્ય રજૂ કરી આપણી આંખ ઉઘાડે છે.

•

## તરંગ - ૫

# ગુજરાતી રચના



ગ્રંથનામ : સુખે જીવવાની કળા
કર્તા : પૂ.આ.શ્રી આનંદસાગરસૂ.મ.,
પૂ.આ.શ્રી વિ.રામચંદ્રસૂ.મ.
ભાષા : ગુજરાતી
સમય : ૨૦મી સદી

(૩૪)

## પ્રવચનકારનો પ્રીતિસંગમ

વીસમી સદીનો ઉત્તરાર્ધ જિનશાસનના ઇતિહાસમાં સંઘર્ષના અને પરિવર્તનના યુગ તરીકે ઓળખાશે. આ યુગમાં જૈન સંઘે ઘણા ઘણા ચઢાવઉતાર જોયા. આ શકવર્તીયુગમાં ઘણા પ્રશ્નો ઉઠ્યા. તેમાં મુખ્ય પ્રશ્ન 'દીક્ષા' અને 'બાલદીક્ષા'નો હતો. વીસમી સદીનો પૂર્વાર્દ્ધ ઘણો અંધકારમય રહ્યો. અનેક પ્રશ્નોના મૂળ પૂર્વાર્દ્ધમાં નંખાયા. દીક્ષા સ્વીકારવા માટે વિપરીત ગણી શકાય, તેવા આ યુગમાં કપડવંજના એક સગીર તરુણે દીક્ષા સ્વીકારી. તેની સામે કોર્ટમાં કેસ ચાલ્યો. કાયદાની સામે લાચાર બની એ યુવકને દીક્ષાત્યાગ કરવો પડ્યો. તે હિંમત હાર્યો નહીં. તેણે ફરી દીક્ષા લીધી, એટલું જ નહીં, એને આચાર્યપદ પણ પ્રાપ્ત થયું. તે યુવકનું નામ હતું - પૂ. આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ. પૂજ્ય સાગરજી મહારાજ એક વિદ્યાવંત સૂરિજી હતા. તેમનો શાસ્ત્ર પર લગાવ જબરદસ્ત હતો. ખૂબ જહેમતથી તેમણે આગમો અને શાસ્ત્રોનું સંપાદન કર્યું. બાલદીક્ષા અને તીર્થરક્ષા જેવા પ્રશ્ને તેમણે સક્રિય ભાગ લીધો હતો.

પૂજ્ય આચાર્યદિવ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે બાલદીક્ષાના પ્રશ્ને પોતાનું સર્વસ્વ હોડમાં મૂક્યું હતું. તેમની દીક્ષા પણ વિપરીત વાતાવરણ વચ્ચે જ થઈ હતી. તેમણે પોતાની પ્રવચનશક્તિથી સમાજમાં અને સંઘમાં જાગૃતિ લાવી યુગપરિવર્તન કર્યું. બાલદીક્ષાની રક્ષા માટે તેઓ ૨૭થી વધુ વાર કોર્ટમાં ગયા હતા.

પૂજ્ય આચાર્યદિવ શ્રીસાગરાનંદસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય આચાર્યદિવ શ્રીવિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભિન્ન સમુદાયના હતા, છતાં તેમની વચ્ચે ગુરુ-શિષ્ય કે પિતા-પુત્ર જેવો સંબંધ હતો. બાળદીક્ષાની અને દેવદ્રવ્યની રક્ષાના પ્રશ્ને બન્ને પૂજ્યોએ એકમત બની કાર્ય કર્યું હતું. શરૂઆતના વર્ષોમાં મુંબઈમાં મુનિશ્રી રામવિજયજી મહારાજના અમુક વિધાનો સામે સુધારકોએ કેસ કર્યો, ત્યારે પૂજ્ય સાગરજી મહારાજે જામનગરથી પૂજ્ય મુનિશ્રી રામવિજયજી મહારાજની તરફેણ કરતું નિવેદન પ્રગટ કર્યું હતું.

વીસમી સદીના છેલ્લાં ચરણમાં તિથિપ્રશ્ને લવાદી પંચ નીમાયું. તેનો નિર્ણય પૂ. આ. શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તરફેણમાં જાહેર થયો, ત્યાર પછી આ બંને મહાપુરુષના જાહેર સંબંધો પહેલા જેવા રહ્યા નહીં. વિ.સં. ૨૦૦૫માં આ સંઘર્ષને કારણે સરજાયેલી ગેરસમજ દૂર કરવા અને વ્યક્તિગત કષાયની ક્ષમાપના કરી લેવા પૂ. આચાર્યદિવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ચોમાસું સુરતમાં જ કર્યું. પૂ. સાગરજી મહારાજના અંતિમ સમયે 'મિચ્છા મિ દુક્કડં' પણ કર્યું. પૂ. સાગરજી મહારાજાના કાળધર્મ પછી તેમના ગુણાનુવાદ કરતાં પૂ. આ. શ્રીવિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો કંઠ રુંધાઈ ગયો હતો. ભીની આંખ સાથે તેમણે વ્યાખ્યાન અધૂરું મૂકવું પડ્યું હતું.

પૂજ્ય સાગરજી મહારાજ અને પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ વચ્ચે સૈદ્ધાંતિક મતભેદ કેવળ તિથિપ્રશ્ને જ હતો એવું નથી. નાના મોટા ચાલીસથી પણ વધુ મુદ્દે બંને વચ્ચે માન્યતાભેદ હતો. એ માટે જાહેરમાં લેખિત વાદ-વિવાદ પણ થયા છે. આથી કોઈ કલ્પી પણ ન શકે કે, બંને મહાપુરુષોનું કોઈ સંયુક્ત પુસ્તક બહાર પડી શકે.

'સુખે જીવવાની કળા'માં આ બંને યુગપુરુષોના પ્રવચનાંશોનો સુખદ

પ્રીતિસંગમ સધાયો છે. આજથી સાઠ (નવેંબર, ૧૯૫૧) વરસ પહેલા પૂનાના કેટલાક વાંચનપ્રેમી ગુરુભક્તોએ પ્રવચનોના કિનારે આ ઘાટ બનાવ્યો. તેના કિનારે બેસી આ શબ્દગંગાને સ્પર્શીને વહેતા બોધપવનની શીતલતાનો આપણે અનુભવ કરીએ.

પુસ્તકનું સંપાદન કરવું એ પુસ્તક લખવા જેટલી જ અઘરી બાબત છે. સર્જક લખાણ કરે, પણ તે યોગ્ય રીતે પ્રસ્તુત ન થાય, તો વાચક તેનો આનંદ કે લાભ ઉઠાવી શકે નહીં. સર્જક અને વાચક વચ્ચેનો સેતુ છે : સંપાદક. માત્ર કોઈનું લખાણ ઉઠાવીને છાપી દેવાથી સંપાદક બની જવાતું નથી. લખાણના પ્રત્યેક અક્ષર પાછળ, રજૂઆત પાછળ, વ્યાકરણ પાછળ, ભાષાશુદ્ધિ પાછળ સંપાદકનું દિમાગ કામ કરતું હોય છે. પ્રામાણિક સંપાદક સર્જકના આશયને વાચક સુધી પહોંચાડવા પડદા પાછળ રહીને મનતોડ મહેનત કરે છે. તે માટે તેની પાસે આગવી દૃષ્ટિ હોય છે.

'સુખે જીવવાની કળા' સંપાદન અને સંયોજન દૃષ્ટિનું સુંદર ઉદાહરણ છે. અને આ સંપાદક અને સંયોજક એક શ્રાવક છે, તે આનંદ અને આશ્ચર્યની વાત છે. 'સુખે જીવવાની કળા'માં સંપાદકની પોતીકી દૃષ્ટિ તરત નજરે ચઢી આવે છે. આ પુસ્તક બે પ્રસિદ્ધ સૂરિભગવંતોના પ્રવચનોનો સારાંશ છે. તેમના પ્રવચનોમાંથી સાર તારવવો, એ મોતીમાંથી એક દુર્લભ મોતી વીણવા જેવું કપરું કામ હોવા છતાં સંપાદકે વિષયને અનુરૂપ પ્રામાણિક પ્રયાસ કર્યો છે. પુસ્તકનો વિષય નામ પરથી જ સ્પષ્ટ થાય છે. સુખ અને જીવન વિશે સૂરિભગવંતોની વિચારધારા અહીં ઝીલાઈ છે.

દુનિયાનો દરેક જીવ સુખી થવા ઇચ્છે છે. તે જીવનમાં સુખ અને સુખમાં જીવન ઉમેરવાની કોશિશ કરતો રહે છે. પણ તે બન્ને ક્ષેત્રે હારી જાય છે. સુખ હાથમાં આવતું નથી અને જીવન હાથમાંથી સરકી જાય છે. મરતાં પહેલા આ સચ્ચાઇનો અહેસાસ થાય, તો જીવનને જોવાની અને જીવવાની દૃષ્ટિ બદલાઈ જાય. સાધુ ભગવંતો પ્રવચનો દ્વારા આ જ પ્રયત્ન કરે છે. તેમની પાસે જીવનને જોવાની ઉચ્ચ દૃષ્ટિ છે. તેઓ સાચા અને શાશ્વત સુખની ઓળખ આપે છે. સાચા સુખની ઓળખ થઈ જાય, તો સુખે જીવવાની કળા આસાન છે. પ્રસ્તુત પુસ્તકમાં સૂરિભગવંતોએ આ વિષય પર પ્રકાશ પાથર્યો છે. મુખ્યત્વે સ્વનો

વિચાર, બીજાનો વિચાર, જીવનનો વિચાર અને ધર્મનો વિચાર આ ચાર મુદ્દાને કેન્દ્રમાં રાખીને થયેલી વિચારણા અહીં પ્રસ્તુત થઈ છે.

બંને સૂરિભગવંતોની શૈલી ભિન્ન હોય, તે તો સ્વાભાવિક છે. પૂ. સાગરજી મહારાજના વ્યાખ્યાનની શૈલી વકીલ જેવી લાગે છે. તેઓ દરેક વાતને વાદના સ્વરૂપમાં રજૂ કરે છે. ઉઠેલા સવાલ સામે સજ્જડ પ્રતિદલીલ આપે છે. તેમાં શાસ્ત્રોના પૂરાવાઓ સાહજિક રીતે ગુંથાયેલા હોય. હું કોર્ટમાં નથી એ બાબતે તેઓ પૂરા સજાગ હોય, તેથી પ્રસંગને અનુરૂપ વ્યવહારૂ દૃષ્ટાંત પણ આપતા રહે. દલીલ અને પ્રતિદલીલ (counter argument) દ્વારા શ્રોતાને પદાર્થના ઊંડાણ સુધી લઈ જવો, તેના મનના પૂર્વગ્રહોને તોડી શ્રદ્ધાતત્ત્વ મજબૂત બનાવવું આ સાગરજી મહારાજની શૈલીની અનોખાઈ છે.

જીવ ઇચ્છે કે ન ઇચ્છે ભગવાન તેને તારવાની લાજ રાખે જ. સમકિતી પણ તેવી જ ભાવના રાખે. આ જ ખરી મૈત્રી ભાવના છે. પૂ. સાગરજી મ. કહે છે - મૈત્રી ભાવના તો ગુણદર્શનમાં મુખ્ય છે. સમકિતીની મુખ્ય ભાવના ''मा कार्षीत् कोऽपि पापानि'' આ પ્રથમ પગથિયું અને દુષ્કર્મના યોગે કે દુર્જનના સંસર્ગથી કદી કોઇએ પાપ કરી લીધું હોય, તો પણ એ દુઃખી ન થાઓ, આ બીજું પગથિયું.

અજૈનો કરતા જૈનોનું દેવતત્ત્વ ઊંચું છે, આ વાત પૂ. સાગરજી મહારાજે ખૂબ વિસ્તારથી અને દાખલા દલીલ આપી સમજાવી છે. પૂ. સાગરજી મ. દલીલ કરનારી વ્યક્તિના છૂપા આશયને પકડી પાડે છે, અનંતકાયમાં આટલા બધા જીવો કેવી રીતે રહે ? આ પ્રશ્ન પાછળ બુદ્ધિવાદ નથી, પણ જીભની લાલસા છે. જીભ વિષયોની દલાલણ છે. બુદ્ધિ તેની વકીલ બનીને દલીલ કરે છે. આ યુગમાં દલાલ અને દલીલ એ બેએ મળી આત્માના સત્યાનાશનો ધોરી રસ્તો જ તૈયાર કર્યો છે.

બીજાના ભગવાન કરતા વીતરાગ શ્રેષ્ઠ શા માટે ? આ સવાલનો જવાબ ફીલોસોફિકલ ભૂમિકાનો છે-આદર્શ સદા ચાલુ સ્થિતિથી શ્રેષ્ઠ ઊંચા પ્રકારનો હોય છે. અજૈનો ઈશ્વરમાંથી અવતાર માને છે, જ્યારે આપણે અવતારમાંથી ઈશ્વર માનીએ છીએ.

કોઈ પણ પ્રકારનો ધર્મ કરીએ ત્યારે ધ્યેય સ્પષ્ટ હોવું જોઇએ. ધ્યેય સ્પષ્ટ

ન હોય અથવા તો મલિન બની ગયું હોય, તો જ મતભેદ કે ફેરફારનો વિચાર આવે. શ્રદ્ધામાં જેને ફેરફાર ન હોય તેવાને ક્રિયામાં ફેરફાર હોઈ શકતો નથી. ધ્યેય ન ખસે તેને કોઈ પણ જાતની પંચાત જ નહીં. તત્ત્વમાં ફેર ન હોય તો મતભેદને સ્થાન જ રહેતું નથી. જમાના પ્રમાણે ધર્મમાં ફેરફાર કરાય કે નહીં? આ સવાલનો જવાબ સ્પષ્ટ છે. મૂળ ઉદ્દેશ પાલન ન થાય તેવો સુધારો કોઈ કાળે થઈ શકવાનો નથી.

જૈનશાસ્ત્ર આટલું પવિત્ર અને ઊંચું છતાં તેના અનુયાયી મુઠ્ઠીભર કેમ? પૂજા કરવામાં અપ્‌કાય અને વનસ્પતિકાયની વિરાધના અંગે ભગવાને લક્ષ કેમ ન આપ્યું ? દીક્ષા જ શું કામ લેવી જોઇએ, ઘરે રહીને આરાધના ન થાય ? આવા અનેક સવાલના જવાબ પૂ. સાગરજી મહારાજના વ્યાખ્યાનોમાં મળે છે. તત્કાલીન મતોની સમીક્ષા કરવાનું પણ પૂ. સાગરજી મ. ચૂક્યા નથી. સ્થાનકવાસી, રાજચંદ્રપંથ, ને આર્યસમાજી આ ત્રણે મતોનો એઓશ્રીએ યુક્તિપૂર્વક પ્રતિવાદ કર્યો છે.

પૂ.આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની શૈલી બાળકને સમજાવતા પ્રેમાળ પિતા જેવી લાગે છે, તાત્ત્વિક ચર્ચા કરતા તેઓ જીવનને સ્પર્શતી વાતો પર વધુ ભાર મૂકે છે. ભૌતિકતા અને ઉપભોક્તાવાદની અસર હેઠળ બદલાઈ ગયેલા સંસ્કારો અંગે ફરિયાદ તેમના દરેક વ્યાખ્યાનમાં જોવા મળે છે. તેમનો ઉદ્દેશ કેવળ વ્યવહારમાં બદલાવ લાવવાનો નથી, માન્યતામાં બદલાવ લાવવાનો છે. તેઓ કહે છે : મારો હેતુ તમારું માનસ ફેરવવાનો છે. માટે યુગપરિવર્તન કરવું હોય તો કલ્પનાના ઘોડા દોડાવવા બંધ કરી મહાપુરુષોએ કહેલા માર્ગે આગળ જવું જોઇએ. 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ'ના નામે પ્રસિદ્ધ થયેલી પ્રવચનમાળામાંથી કેટલાંક અંશોનું અહીં ઉદ્ધરણ કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનોમાં યોગની પ્રાથમિક ભૂમિકા અને ઓગણીસ સદાચારોની વાતો બહુ જ અસરકારક રીતે રજૂ થઈ છે. પૂજ્યશ્રીની અનન્યસાધારણ વિશેષતા એ છે કે, તેઓ દરેક ઉપદેશને આત્મા અને મોક્ષ સાથે જોડી આપે છે. તેઓ કહે છે કે, મારે તો સૌને મોક્ષના અભિલાષી બનાવવા છે.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્યશ્રીએ પ્રધાનપણે આર્યસંસ્કૃતિને નજર સામે રાખી વર્તમાન પ્રવાહોની સમીક્ષા કરી છે. કૌટુંબિક સંબંધો, કેળવણી,

સહશિક્ષણ, વેપાર, વ્યવહાર, વ્યસન, ઔચિત્ય, અનાસક્તિ જેવા જીવનસ્પર્શી વિષયો પર સમયોચિત અને વેધક પ્રકાશ પાથર્યો છે. પૂજ્યશ્રી પોતાની વાતને શ્રોતાના અંતરમાં સ્થિર કરવા માટે સરળ અને સચોટ સૂત્રો પ્રયોજે છે. કેટલાંક સૂત્રો નિહાળીએ :

આજે તો એવો જમાનો આવ્યો છે કે શિક્ષણ વધે ને બેવકૂફ વધે, વકીલ વધે ને કજિયા વધે, ડૉક્ટર વધે ને દર્દી વધે. આત્મા કેળવવાનું સ્થાન માતાનું ઉદર છે. માતાના ઉદરમાં મળતી કેળવણી સમક્ષ આજની કેળવણી ક્ષુલ્લક છે. પ્રથમ માતા, પછી શિક્ષક અને પછી ધર્મગુરુઓ મળે, ત્યારે સાચી આધ્યાત્મિક કેળવણીનો પ્રવાહ ચાલે. છોકરા અભણ રહે તેની ચિંતા ન કરશો, પણ સહશિક્ષણ મેળવવા ન મોકલશો. ઝેર ખાજો પણ માંસ ન ખાશો.

મહાપુરુષોના વચનો સર્વગ્રાહી અને સાર્વત્રિક હોય છે. જીવનમાં અનેક ઘટનાઓ બનતી રહે છે. ક્યારેક એવી વિચિત્ર પરિસ્થિતિ આકાર લે કે, આપણે ગૂંચવણમાં પડી જઈએ. આવા સમયે મહાપુરુષોના વચનો આપણી મદદે આવે છે. મહાપુરુષોના વચનો દ્વારા ગૂંચવણનો સાચો ઉકેલ લાવવાની વિવેકદૃષ્ટિ મળે છે. કોઈ વ્યક્તિ સાથે ગમે તે કારણસર સંબંધ ખરાબ થઈ જાય, તે સામાન્ય છે. મોટે ભાગે આપણે તેની સામે જવાનું ટાળીએ, પણ ક્યારેક એવી સ્થિતિ સર્જાય કે, આપણે તેનું ઔચિત્ય જાળવવું પડે અને તેમ કરવામાં મન કોચવાતું હોય. આ સ્થિતિમાં મનને સમતોલ કેવી રીતે રાખવું, તેનો વિવેક પૂજ્યશ્રીના શબ્દો દ્વારા મળે છે : ઔચિત્ય વર્તનમાં મનના વિરોધો વચ્ચે લાવવા ન જોઈએ. અહીં 'મનના' શબ્દ અગત્યનો છે. સુખે જીવવાની કળાનું આ અગત્યનું સૂત્ર છે.


ગમે તેવો સારો વ્યાખ્યાતા પોતાના મગજ ઉપર કે શબ્દ ઉપર સંયમ ન રાખી શકે, તો તે ગ્રાહ્ય બની શકતો નથી. પ્રસિદ્ધ વક્તા અને પ્રગલ્ભ વક્તામાં ફરક છે. પ્રગલ્ભ વક્તાનું આદર્શ ઉદાહરણ પૂજ્ય પ્રવચનકારશ્રી છે. આંખનો સંયમ આ શીર્ષક હેઠળ તેમણે ફિલ્મ, અનાચાર, બ્રહ્મચર્ય જેવા સંવેદનશીલ વિષયોને અત્યંત સંયમિત ભાષામાં વ્યક્ત કર્યા છે. ક્યાંય સુરુચિનો ભંગ થતો નથી.

દરેક સારા વ્યાખ્યાતાને અમુક છિદ્રાન્વેષી વર્ગ પરેશાન કરવાની

કોશિશ કરતો હોય છે. તે ધૂળ ઉડાડવા સિવાય બીજું તો શું કરી શકે ? વ્યાખ્યાતાને હતોત્સાહ કરવા ગમે તેવા પ્રશ્નો થાય. અનુભવી વ્યાખ્યાતા આવા પ્રશ્નોથી વિચલિત થતા નથી કે સભાને વિચલિત થવા દેતા નથી. પૂજ્યશ્રીને થયેલો અનુભવ મજાનો છે. તેમના શબ્દોમાં જ જોઈએ : આજે મારા ઉપર કેટલાક કાગળ આવે છે, તેમાં પૂછાય છે કે, તમે આજ સુધી વ્યાખ્યાનોમાં કહ્યું, તેમાંથી કેટલો અમલ થયો છે ? હું કહું છું કે ડાહ્યાને હિસાબ પૂછાય નહીં અને ગાંડાને પૂછવામાં મજા નહીં.

એક શ્રવણપ્રેમી શ્રાવકે કરેલું સંકલન નાની સરખી પ્રેરણા જગાડે છે કે, આનંદઘનજી મ., ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ., ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મ., ચિદાનંદજી મહારાજ જેવા પ્રાચીન કે પછી અર્વાચીન મહાપુરુષોના વચનોનો આધાર લઈ વર્તમાનના બોધસંપન્ન અને અભિવ્યક્તિક્ષમ મહાત્માઓના વિચાર બિંદુઓનું સંકલન થાય તો કેવું સારું ? કોઈ શ્રવણપ્રેમી શ્રાવક જાગે તો આ કામ અશક્ય નથી.

•



ગ્રંથનામ : નમસ્કાર મહામંત્ર,
અનેકાંત,
જિનવાણી

કર્તા : હરિસત્ય ભટ્ટાચાર્ય

ભાષા : ગુજરાતી

સમય : ૨૦મી સદી

૩૫

## અનુપમ સત્ય : અનેકાંત

જગતનો ઇતિહાસ યુદ્ધથી ખરડાયેલો છે. વિશ્વના કોઇને કોઈ ખૂણે યુદ્ધ ચાલતું જ રહે છે. જ્યાં યુદ્ધ નથી ચાલતું ત્યાં યુદ્ધની તૈયારી ચાલતી હોય છે. આતંકવાદ પણ યુદ્ધનો જ પ્રકાર છે. યુદ્ધ કેમ થાય છે ? આતંક કેમ ફેલાય છે ? આ પ્રશ્નના ઘણા જવાબ હોઈ શકે. એ તમામ જવાબનો સૂર એક જ નીકળે કે, યુદ્ધનું મૂળ કારણ છે અનેકાંત દૃષ્ટિનો અભાવ. આ વિચાર એક જૈન મુનિનો નથી. જૈન ઉપદેશકનો પણ નથી. આ વિચાર અજૈન-વિદ્વાનનો છે. એ વિદ્વાન જેણે ભારતના તમામ દર્શનો અને પશ્ચિમના સમગ્ર દર્શનોનો સઘન અભ્યાસ કર્યો છે. તેમને અનેકાંત પર અટલ વિશ્વાસ છે. આ વિશ્વાસ પરંપરાગત-અંધાનુકરણ જેવો નથી. ખુલ્લી બુદ્ધિથી તમામ દર્શનોનો અભ્યાસ કરીને જે તત્ત્વ શ્રેષ્ઠ લાગ્યું તેનો સ્વીકાર વિશ્વાસમાં પરિણમ્યો છે.

કલકત્તા-બંગાળમાં જન્મેલા વિદ્વાન જૈન ધર્મનો પરિચય પામે છે. સંસ્કૃત, અર્ધમાગધી, પાલિ, અંગ્રેજી જેવી ભાષા પર પ્રભુત્વ ધરાવે છે. તેમની માતૃભાષા બાંગ્લા છે. દુનિયાની દરેક

ફિલોસોફીનો અભ્યાસ કર્યો છે. દરેક દર્શનના મૂળગ્રંથોનું અધ્યયન અને વાંચન કર્યું છે. તેના આધારે સત્યને તારવવાનો પ્રયાસ અભ્યાસ કરતા તેમના હાથમાં જૈન શાસ્ત્રો આવે છે. તેનાથી પ્રભાવિત થઇને આ વિદ્વાન રત્નાકરાવતારિકા નામના શાસ્ત્રનો અંગ્રેજી અનુવાદ કરે છે. આચાર્યદિવશ્રી વાદીદેવસૂરિજી મહારાજે 'પ્રમાણનયતત્ત્વાલોક' નામે સૂત્રો રચ્યા છે. તેમાં દાર્શનિક પૃષ્ઠભૂમિ પર જૈનદર્શનનું અજેય સ્થાન નિશ્ચિત કરવામાં આવ્યું છે. વિવિધ દર્શનકારોની દલીલોનો જવાબ આપવા તેમણે આ ગ્રંથ પર સ્યાદ્વાદ-રત્નાકર નામની વિશાળ અને ગંભીર ટીકા રચી છે. આ અઘરી ટીકામાં અવતરણ થઈ શકે, તે માટે આ. શ્રી રત્નપ્રભસૂરિજી મહારાજે સંક્ષિપ્ત 'રત્નાકરાવતારિકા' નામની ટીકા રચી છે. આમ, રત્નાકરાવતારિકા દાર્શનિક જગતનું શ્રેષ્ઠ રત્ન છે. તેનાથી પ્રભાવિત થઈ આ બંગાળી વિદ્વાને તેનો અંગ્રેજી અનુવાદ કર્યો. આ અનુવાદ તેમણે પં. સુખલાલજીને તપાસવા આપ્યો હતો. પણ તેઓ તેને તપાસી શક્યા નહીં. સુખલાલજી લખે છે કે - ભટ્ટાચાર્યજીએ આ અનુવાદમાં ખૂબ મહેનત કરી છે. અને તે દ્વારા જૈનદર્શનના હૃદયનો સ્પર્શ કરવાની એક સરસ તક મળી છે.

હરિસત્ય ભટ્ટાચાર્યજીના ત્રણ પુસ્તકો ગુજરાતી ભાષામાં દૃષ્ટિગોચર થયા. (૧) જિનવાણી (૨) નમસ્કાર મહામંત્ર (૩) અનેકાંત. આ ત્રણે પુસ્તકોની રચનાનો ઇતિહાસ પણ ચિત્તાકર્ષક છે. કલકત્તાથી 'જિનવાણી' નામનું મેગેઝિન બહાર પડતું. તેમાં જૈન ધર્મનો પરિચય આપતા લેખ હરિસત્ય ભટ્ટાચાર્યજી લખતા. લેખની ભાષા બંગાળી રહેતી. બંગાળી અને મરાઠી પ્રજાના ઉચ્ચ વર્ગમાં વાંચન અને પુસ્તકનો પ્રેમ વિશેષ જોવા મળે છે. મૂળ બંગાળી લોકો જૈન ન હોય. તેમને જૈનતત્ત્વ વિશે સમજ આપતા લેખો ભટ્ટાચાર્યજી લખતા. ભાવનગરના વાર્તાલેખક શ્રી 'સુશીલે' આ લેખો જોયા. તે બંગાળી ભાષા સારી રીતે જાણતાં. તેમણે આ લેખોનો ગુજરાતી અનુવાદ કરી ગુજરાતી માસિકમાં પ્રગટ કર્યા. ઉંઝા આયુર્વેદિક ફાર્મસીના વૈદ્યરાજ શ્રી નગીનદાસ છગનલાલ શાહે આ લેખોને પુસ્તકાકારે પ્રગટ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમાંથી 'જિનવાણી'નો જન્મ થયો. 'જિનવાણી'માં કુલ ૧૦ લેખો છે. આ લેખો દાર્શનિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ ધરાવે છે. ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન, જૈન દૃષ્ટિએ ઈશ્વર, જૈનદૃષ્ટિમાં કર્મવાદ, જૈન વિજ્ઞાન, જીવ,

જૈનોનો કર્મવાદ, જૈન દર્શનમાં ધર્મ અને અધર્મ તત્ત્વ. આ મુખ્ય વિષયોનો અહીં સમાવેશ થયો છે. દાર્શનિક ભૂમિકાએ મહત્ત્વ ધરાવતા વિષયો અહીં તર્કબદ્ધ રીતે પ્રસ્તુત થયા છે. ભારતીય દર્શનોનો તેમનો બોધ નક્કર છે. તેમણે પરંપરાગત રીતે દર્શનશાસ્ત્રો વાંચ્યા છે. તે તેમના લેખો વાંચતા જણાઈ આવે છે. આજકાલ આધુનિક પદ્ધતિ અનુસાર દર્શનોનો અભ્યાસ થાય છે. તેમાં કેવળ ઉપરછલ્લો પરિચય જ થાય છે. સૂક્ષ્મ બોધ થતો નથી. ભટ્ટાચાર્યજીને પશ્ચિમના દાર્શનિકોનો પણ ઘનિષ્ઠ પરિચય છે. સાથે જ તેઓ તટસ્થ તુલનાત્મક સમીક્ષા કરવાની કુશળતા પણ ધરાવે છે. દલીલોને તેઓ તર્કબદ્ધ રીતે રજૂ કરે છે. છતાં તેમાં ક્યાંય પરિભાષાઓનો ભાર વર્તાતો નથી. એક લેખક તરીકે તેમની એ સફળતા છે.

'જિનવાણી' પુસ્તકમાં જૈન દર્શનના મુખ્ય તમામ પદાર્થોનો પરિચય પ્રાપ્ત થઈ શકે છે. જે લોકોએ જૈનદર્શનનો અભ્યાસ કર્યો છે પણ અન્ય દર્શનો કે પશ્ચિમના દર્શનોનો અભ્યાસ કર્યો નથી તેમને આ પુસ્તક દ્વારા જૈન દર્શનની તુલનાત્મક વિશેષતા જાણવા મળશે. જેમણે કેવળ ઇતર દર્શનોનો જ અભ્યાસ છે તેમને જૈનદર્શન સમજવા માટે આ પુસ્તક અત્યંત સહાયક થશે. જૈન ધર્મ વિશે તેમને ભારોભાર બહુમાન છે. જૈન વિજ્ઞાન નામના લેખમાં તેઓ લખે છે. "યુરોપના મધ્યયુગના સાહિત્યનું મૂળ ભારતવર્ષ છે અને ભારતવર્ષમાં પહેલવહેલું લોકસાહિત્ય જૈન પંડિતોએ જ સમજાવ્યું છે. જૈન ત્યાગી પુરુષો મહાન લોકશિક્ષકો હતા."

'જિનવાણી' માસિક લાંબું ન ચાલ્યું, તેથી લેખશ્રેણી અધૂરી રહી ગઈ છે.

'નમસ્કાર મહામંત્ર' અને 'અનેકાંતવાદ' નામના પુસ્તકની જન્મકથા પણ રોચક છે. મુંબઈના શ્રેષ્ઠિ શ્રી જીવતલાલ પ્રતાપશીને જૈનધર્મના તત્ત્વનો પ્રચાર કરવાનો વિચાર જન્મ્યો. જૈનધર્મ વિશ્વધર્મ બની શકે તેવા સિદ્ધાંતો અને તત્ત્વો ધરાવે છે. જૈન ધર્મનું વિપુલ જ્ઞાન જગત આગળ સહુને ગ્રાહ્ય બને તેવી સહેલી ભાષામાં મૂકવું જોઈએ. તેમના જેવા જ સમાન વિચાર ધરાવતા આગેવાનોએ 'જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન' નામની સંસ્થાને જન્મ આપ્યો. તેમણે 'અનેકાંત' આ વિષય પર નિબંધો મંગાવ્યા. તેમાંથી અનાયાસે શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય રૂપી રત્ન મળી આવ્યું. તેમનો નિબંધ પ્રથમ કક્ષાએ પસંદ થયો. ભાવનગરના

પ્રોફેસર જયંતીલાલ દવે દ્વારા તેનો ગુજરાતી અનુવાદ થયો. (મૂળ નિબંધ અંગ્રેજીમાં હતો.) 'અનેકાંત' નામના આ નિબંધને ગુજરાત યુનિવર્સિટીએ જૈન સિદ્ધાંતના અભ્યાસક્રમમાં દાખલ કર્યો. જૈન શાસ્ત્રની સાચી પ્રભાવના કરવાનું શ્રેય: આ પ્રવૃત્તિના પ્રણેતા શ્રાવકોને મળ્યું.

નમસ્કાર મહામંત્ર નામના પુસ્તકમાં નામ પ્રમાણે જ નવકાર મંત્રનો અર્થવિસ્તાર છે. પુસ્તકની શરૂઆતમાં ઈશ્વર વિશેની અવધારણાઓ રજૂ થઈ છે. પશ્ચિમના વિદ્વાન-એન્સેલ્મની દલીલને ઓન્ટોલોજીકલ આરગ્યુમેંટ કહે છે. આ દલીલનો ક્રમ આવો છે-જે વસ્તુનો વિચાર માણસને આવી શકે તે વસ્તુનું અસ્તિત્વ અવશ્ય હોવું જોઈએ. (૧૨) નવતત્ત્વના મોક્ષતત્ત્વની પ્રરૂપણા દરમિયાન સત્પદપ્રરૂપણા આવે છે. એન્સેલ્મની દલીલ તેને ઘણી મળતી આવે છે. પુસ્તકમાં મહામંત્રની સમીક્ષા બે રીતે કરી છે (૧) સિદ્ધાંતની દષ્ટિએ (૨) વ્યવહારની દૃષ્ટિએ. અરિહંત પદની વિશેષતાઓ વર્ણવતા તેમના સર્વજ્ઞત્વની સિદ્ધિ કરી છે. દિગંબર માન્યતા મુજબ અરિહંતો આહાર કરતા નથી, તે મતની પણ સમીક્ષા કરી છે. સિદ્ધ ભગવંતોનું સ્વરૂપ વર્ણન કરતા સ્ત્રીઓના મોક્ષાધિકારની પણ ચર્ચા અહીં જોવા મળે છે.

ગુરુતત્ત્વના વર્ણનમાં તેમણે અદ્‌ભુત વાત કરી છે. 'જો અર્હત્‌ની પછી ધર્મગુરુઓ ન થયા હોત તો અર્હત્‌ના નિર્વાણ પછી તેમના ઉપદેશોને જાળવી રાખવાનું અને તેનો સાચો અર્થ કરવાનું કાર્ય લગભગ અશક્ય બની જાત... આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ કેવળ ઉપદેશ જ કરતા નથી પરંતુ ઉપદેશને આચારમાં મૂર્તિમંત કરી બતાવે છે." (૯૭)

ખ્રીસ્તી ધર્મમાં ગુરુતત્ત્વની અને સંઘતત્ત્વની વ્યવસ્થામાં પાયાની ખામી રહી ગઈ તેનો નિર્દેશ કરતા લેખક કહે છે કે - ખ્રીસ્તી ધર્મમાં પાદરીઓ ધર્મ માટે રકમ એકઠી કરી તેનો વહીવટ કરે છે. એલ્ડર્સ તેમના અનુયાયી પર કડક શિસ્તનો દાબ રાખે. અનુયાયીઓ તેમની પાસે ભિક્ષાદાન લેવા જતા. ધર્મોપદેશ દેવાનું કામ તેમનું ન હતું. તેઓ સત્તાધિકાર ભોગવતા. ચર્ચના મોટેરાઓ અને સામાન્ય લોક વચ્ચેનો સમૂહ કૃત્રિમ હતો. એથી ઉલટું અહીં (=જૈન ધર્મમાં) આચાર્ય ઉપાધ્યાય વિ.નો સંબંધ આસ્તિક જૈનો સાથે સારો હતો. શ્રદ્ધાળુ જૈન શ્રાવકો ખ્રીસ્તી લોકોની જેમ દ્રવ્ય લોભથી આચાર્ય, ઉપાધ્યાય તરફ આકર્ષાતા

નથી. આચાર્યો અને ઉપાધ્યાયો તેમની પાસે આવેલ લોકોની આત્મિક ક્ષુધા તૃપ્ત કરે છે. (૧૦૧)

શ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાન વિશે પ્રકાશ પાડતા તેમણે ચાર ધ્યાનનું સ્વરૂપ સંક્ષેપમાં વર્ણવ્યું છે. તેઓ કહે છે. મહામંત્રનો કેવળ શબ્દોચ્ચાર ન કરતા તેનું ધ્યાન ધરવું જોઇએ (૧૧૪) 'નમસ્કાર મહામંત્ર જૈન ધર્મના સાચા સ્વરૂપની ઝાંખી કરાવે છે.' (૧૧૬) 'જૈન ધર્મમાં પૂજન, સ્તવન અને ઈશ્વર પ્રણિધાન સંપૂર્ણ રીતે સંસારી વાસનાથી મુક્ત અને સ્વાર્થ રહિત હોય છે. ઈશ્વર પાસેથી કોઈ વરદાનો મંગાતા નથી.' 'આત્મવિકાસ અને આત્મસાક્ષાત્કાર કોઇપણ બાહ્ય સત્તા કે ઈશ્વર પર અવલંબતા નથી, પરંતુ કેવળ પોતાની સાધના પર અવલંબે છે.' (૧૧૭) 'આ ધર્મમાં કૃપાવાદ નથી. જૈન ધર્મમાં ઈશ્વર ભક્તોના આધ્યાત્મિક વિકાસમાં સાક્ષાત કશો ભાગ ભજવતા નથી' (૧૧૭) અગ્નિ પાસે જનાર ટાઢ ઉડાડવાનું ફળ મેળવે છે તેમ પંચ પરમેષ્ઠિ સ્વભાવથી ઉદ્ધાર કરે છે. મહામંત્રની આરાધના નિશ્ચય-ધ્યાનગામી છે. મહામંત્રના જપ વડે પરિણામવિશુદ્ધિ એટલે કે મનની સંપૂર્ણ શુદ્ધિ થાય છે. મહામંત્રનો જાપ ઘણીવાર નિષ્ફળ જાય છે, તેમાં કારણ જાપ કરનાર વ્યક્તિ અધિકારી ન હોય તો નિષ્ફળતા જ મળે. ભટ્ટાચાર્યજી લખે છે - દેહ, ચિત્ત અને આત્મા ત્રણેની અપેક્ષાએ સાધક યોગ્યતાવાળો હોય તો જ તેને ફળનો અધિકાર મળે છે. સાધક અધિકારી છે કે નહીં ? તેનો નિર્ણય ચૂલિકાના પદો વડે સહેલાઇથી કરી શકાય છે. ચૂલિકાના પદોથી એ સાબિત થાય છે કે 'પાપનો નાશ કરવાની બુદ્ધિથી જ તેને ગણવો જોઇએ. ધર્મબુદ્ધિથી જ તેને જપવો જોઇએ.' (૧૧૮-૧૧૯)

મંત્રશાસ્ત્રના પુસ્તકોમાં એક એવું વિધાન છે કે લૌકિક વ્યવહાર માટે ઉપયોગી મંત્ર શબ્દ વડે ક્લિષ્ટ તથા અર્થ વડે અસ્પષ્ટ હોય તો પણ ચાલે, પરંતુ પારમાર્થિક ફળ આપનારો વિશ્વ હિતકર મંત્ર ઉચ્ચારણમાં સરળ અને સમજવામાં સ્પષ્ટ હોવો જોઇએ. વિશ્વના તમામ મંત્રોમાં નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ શા માટે છે ? આ પ્રશ્નનો આનાથી શ્રેષ્ઠ ઉત્તર શું હોઈ શકે ?

દાર્શનિક દિમાગ (ફિલોસોફિકલ માઇંડ) ધરાવતા બુદ્ધિવંતોને 'અનેકાંત' પુસ્તક ગમશે. નય અને સપ્તભંગી સ્યાદ્વાદ સિદ્ધાંતના કેંદ્રબિંદુ છે. અનેકાંતમાં સપ્તભંગીનું સમીક્ષાત્મક ચિંતન પ્રસ્તુત થયું છે. અનેકાંત એટલે એક વસ્તુના

અનેક ધર્મને અનેક રૂપે જોવાની દૃષ્ટિ. (મલ્ટીડાઇમેંશનલ ક્રાઇટેરીયા) પરસ્પર વિરુદ્ધ જણાતી બાબતો એકબીજાની પૂરક હોઈ શકે છે. અને એકબીજાને સંગત જણાતી બાબતો પરસ્પર વિરુદ્ધ હોઈ શકે છે. આ વાત અનેકાંત દૃષ્ટિ હોય તો જ પૂર્ણરૂપે સમજાઈ શકે. (અનેકાંત અને સ્યાદ્વાદ નામના પુસ્તકમાં લેખક-ચંદુલાલ શકરચંદે સ્યાદ્વાદને વિસંગત રૂપે સમજાવ્યો છે. પૃથ્વી ગોળ છે કે ચપટી ? આ પ્રશ્નનો ઉત્તર તેમણે ૧ રૂપિયાના સિક્કાને ટેબલ પર ગોળ ફેરવીને આપ્યો કે પૃથ્વી ચપટી પણ છે અને ગોળ પણ. આ વિસંગતિ છે)

હરિસત્ય ભટ્ટાચાર્યે અનેકાંત નામના નિબંધમાં સ્યાદ્વાદને બે ભૂમિકાએ સમજાવ્યો છે. હકીકતની દૃષ્ટિએ અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ. વસ્તુ બહારની દુનિયામાં હોય છે. તેનું આ અસ્તિત્વ વાસ્તવિક અથવા વ્યવહારિક અસ્તિત્વ છે. બાહ્ય જગતમાં રહેલી વસ્તુ જ્યારે જ્ઞાનમાં જણાય ત્યારે તેનું અસ્તિત્વ માનસિક હોય છે, કેમ કે જ્ઞાન માનસિક છે. આ સિવાય તે વસ્તુ માટે ચોક્કસ શબ્દ વપરાય છે. તે તેનું શાબ્દિક અસ્તિત્વ છે. વસ્તુનું બાહ્ય અસ્તિત્વ અને માનસિક અસ્તિત્વ કેવા પ્રકારનું છે ? તેનું વિશ્લેષણ દર્શનશાસ્ત્રનો વિષય બને છે. પૂર્વના અને પશ્ચિમના દર્શન પ્રવાહોમાં આ અંગે અનેક મતભેદો પ્રવર્તે છે. હરિસત્યજીએ આ દરેક પ્રવાહોને સ્પષ્ટપણે સરળ ભાષામાં અને સંક્ષેપમાં સમજાવ્યા છે.

અનેકાંતવાદ જૈનધર્મનો મૂળભૂત સિદ્ધાંત છે. પણ તે ખૂબ ગહન છે. તેમ માનીને લોકો તેનાથી દૂર ભાગે છે. જે લોકો ધર્મનું જ્ઞાન ધરાવે છે તેઓ પણ અનેકાંતને અઘરો માને છે. જેઓ ધર્મને જાણતા નથી તેમના માટે તો અનેકાંતની સમજ અવ્યવહારુ છે. અનેકાંતને સમજવો અઘરો પણ નથી અને અનેકાંત અવ્યવહારુ પણ નથી. આપણા દ્વારા જીવનની રોજિંદી ઘટનામાં અનેકાંત દૃષ્ટિનો ઉપયોગ થતો હોય છે. આપણે એ જાણતા નથી કે આ અનેકાંત છે. એક ગ્લાસ પાણી પીધા પછી બીજો ગ્લાસ પાણી પીએ છીએ ત્યારે અનેકાંત વાપરીએ છીએ. એક ગ્લાસ પાણી પીધું. તરસ છીપાઈ પણ પૂરી નહીં. બીજો ગ્લાસ પાણી પીધું. તરસ છીપાઈ. એક ગ્લાસ પાણીથી તરસ છીપાય છે અને નથી પણ છીપાતી. આ જ અનેકાંત છે.

જીવનના દરેક પ્રશ્નનું સમાધાન અનેકાંત દૃષ્ટિથી મળી શકે છે. અનેકાંત

દરેક વ્યવહારમાં એપ્લીકેબલ છે. હરિસત્યજીએ આ વાત રાજનૈતિક ઉદાહરણ આપીને બહુ સારી રીતે સમજાવી છે. વિશ્વનો દરેક દેશ અને યુનો (UNO) પણ જો અનેકાંતનો યોગ્ય રીતે ઉપયોગ કરે તો આતંકવાદ, હિંસા, ભ્રષ્ટાચાર, જાતિવાદ, શોષણ, આર્થિક અસમાનતા જેવી વૈશ્વિક-સમસ્યાઓ ચપટી વગાડતા ઉકેલાઈ જાય. હરિસત્યજીને આ વાત પર અટલ વિશ્વાસ છે. તેઓ લખે છે - 'કોઈપણ રાષ્ટ્ર અથવા વ્યક્તિ સામાજિક, રાજકીય અથવા ધાર્મિક પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે તો પરસ્પર અથડામણ દૂર થાય અને શાંતિભર્યું સમાધાન થઈ શકે. આ દૃષ્ટિ તે જ અનેકાંત વાદની દૃષ્ટિ છે. આજના વિશ્વપ્રશ્નો તેમજ વ્યક્તિગત જીવનના કૂટ કોયડાઓનો ઉકેલ લાવવા સ્યાદ્વાદની ગુપ્ત ચાવી જોઈશે.' (પૃ. ૧૫૩) 'જો યુદ્ધને સદંતર નિવારવું હોય તો

(૧) બીજાના મંતવ્યો પ્રત્યે સહિષ્ણુતા


(૨) જે મુદ્દાઓ પર ઝગડતા પક્ષો એકમત હોય અથવા એકમત બનાવી શકાય તે મુખ્ય મુદ્દાઓની છણાવટ

(૩) પ્રત્યેના ધાર્મિક મંતવ્યોમાંથી ઉત્પન્ન થતા સામાજિક અને રાજનૈતિક પ્રશ્નોની વિચારણા. આ વસ્તુઓ મુખ્ય જોઈએ. આને માટે આ મુદ્દાઓનો સર્વાંગીણ અને કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ.' (પૃ. ૧૫૭)

ધર્મ-ધર્મ વચ્ચે અને સંપ્રદાય-સંપ્રદાય વચ્ચે આજે બે પડોશી રાજ્યો જેવી તંગદીલી જોવા મળે છે. તેનું નિવારણ અનેકાંત દ્વારા જ થઈ શકે છે. હરિસત્યજીએ આ મુદ્દો એટલો સચોટ રીતે રજૂ કર્યો છે કે લંબાણ થતું હોવા છતાં તેનો ઉલ્લેખ કરવાની લાલચ રોકી શકાતી નથી.

'ધાર્મિક મંતવ્યોમાં રહેલા મતભેદોનું નિવારણ એ વિશ્વશાંતિ સ્થાપવામાં એક ખૂબ આવશ્યક તત્ત્વ છે. આમ આપણે કહી શકીએ કે આજના સળગતા પ્રશ્નોનો એટલે કે ઝઝૂમતા વિશ્વયુદ્ધને નિવારવાના પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ અનેકાંતવાદ જ લાવી શકે છે. માટે જગતને અનેકાંતવાદની બહુ જ જરૂર છે.' (પૃ. ૧૬૧)

વિશ્વની અને જૈન સંઘની વર્તમાન સ્થિતિને સત્યના પાયા ઉપર ઊભા રહેતા સંગઠનની ખૂબ આવશ્યકતા છે જે કેવળ અનેકાંત દૃષ્ટિથી જ શક્ય છે.



ગ્રંથનામ : જૈન તીર્થ નિર્ણય,
ઉત્સર્પિણીઅવસર્પિણી
કાલ માહાત્મ્ય

કર્તા : સૂરચંદ સ્વરૂપચંદ

ભાષા : ગુજરાતી

સમય : ૨૦મી સદી

૩૬

## જ્ઞાનનયે સવિ ઉપજે

દરિયા કાંઠે અમસ્તી લટાર મારવા નીકળ્યા હોઈએ. અને અચાનક રેતીમાં કોઈ મોંઘેરું રતન જોવા મળી જાય, તો જેવું આનંદાશ્ચર્ય અનુભવાય, તેવી જ અનુભૂતિ વીજાપુર નિવાસી સૂરચંદભાઈ સ્વરૂપચંદભાઇએ ગુજરાતી ભાષામાં લખેલા બે ગ્રંથના પુસ્તકો હાથમાં આવતા થઈ. ભૂતકાળમાં તત્ત્વજ્ઞ શ્રાવકો સારી સંખ્યામાં હતા. વેપાર-પૈસા કે સમાજસેવાને ગૌણ કરી સાધુ ભગવંતો પાસે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરતા શ્રાવકોની સંખ્યા ઠીક પ્રમાણમાં હતી. છેલ્લાં પચાસ વરસમાં તત્ત્વજ્ઞાન અને શ્રાવક વર્ગ વચ્ચે ખૂબ અંતર પડી ગયું છે. સો વરસ પહેલા સ્વાધ્યાય ક્ષેત્રે શું સ્થિતિ હશે ? તેનો અંદાજ જૈનતીર્થ નિર્ણય વાંચતા સહેજે આવી જાય છે.

આ ગ્રંથ આજથી બરાબર ૧૦૦ વરસ પહેલા વિ.સં. ૧૯૬૫માં પ્રકાશિત થયો છે. તેની રચના સં. ૧૯૫૮માં થઈ છે. ગ્રંથ રચના ચાર મહિનામાં થઈ છે. ગ્રંથમાં દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મના આધારે પદાર્થોની માંડણી થઈ છે, તેથી ગ્રંથ નિશ્ચય (જ્ઞાન) નય પ્રધાન છે. બહુધા નિશ્ચયનનું નિરૂપણ

કરતી વખતે વ્યવહાર = ક્રિયા ગૌણ બની જાય છે, નિશ્ચયનય જો ક્રિયા પર કે ચારિત્ર પર ઉદ્વેગ કરાવે તો તાત્ત્વિક બનતો નથી. આચાર્ય કુંદકુંદના નિશ્ચય પ્રધાન ગ્રંથોનો આધાર લઈને આત્માની વાતો કરતી કે સાંભળતી વખતે જો ક્રિયાધર્મ પર સહેજ પણ અરુચિ કે અભાવ જન્મે, તો સાચી સમજ જતી રહે.

નિશ્ચયનયની વાતો સમજવી અઘરી છે. સમજાઈ ગયા પછી વ્યવહારની સાપેક્ષતા જાળવી રાખવી વધુ અઘરી છે. સૂરચંદભાઈ આ વાતથી બરાબર વાકેફ છે. પ્રસ્તાવનામાં તેમણે આ બાબતની સ્પષ્ટતા કરવા ૧૦ મુદ્દા લખ્યા છે. તેઓ લખે છે. 'અધ્યાત્મજ્ઞાનનું શાસ્ત્રાધારે સંપૂર્ણ સ્વરૂપ જાણવું સહેલ નથી. દ્રવ્યાનુયોગનું સ્વરૂપ ગીતાર્થો વિના પૂર્ણ સત્ય કહી શકાય નહીં. નિશ્ચયનય પ્રધાન વાતો પોતે કરી રહ્યા છે, તેથી વ્યવહારનય ગૌણ જરૂર બન્યો છે, પણ વ્યવહારનય અહીં દુહવાયો નથી, એ વાતમાં લેખક સ્વયં ખૂબ સ્પષ્ટ છે. તેઓ લખે છે 'અધ્યાત્મ શાસ્ત્રમાં અધ્યાત્મ જ્ઞાનનું વર્ણન કરતાં વ્યવહારનયની પુષ્ટિ ન થઈ હોય, તેથી વ્યવહારનય પક્ષ દુહવાય તેમ થાય, એમ થયું હોય તો વાચકો પ્રસંગ અનુસરીને નયનો મુખ્યતા અને ગૌણતાનો વિચાર કરશો', આ બાબતનો ખુલાસો પ્રસ્તાવનામાં ચાર વાર થયો છે.

ઘણા લેખકો પુસ્તકમાં કોઈ એક નયનું કે માર્ગનું એકાંગી વર્ણન કરી દે છે, પછી વિરોધ થાય ત્યારે પ્રસ્તાવનામાં પોતાનું બચાવનામું વિસ્તારથી પેશ કરીને છેલ્લે એક લીટીમાં ખુલાસો આપી દે કે આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલા વિચારો નિશ્ચયનયના છે કે ઉત્સર્ગમાર્ગના છે. આવા ખુલાસા સિગરેટના પાકીટ પર લખેલી ચેતવણી જેવા બની રહે છે. નયોનું જ્ઞાન થઈ જવું એ હજી સહેલું છે, પણ નયોનો યોગ્ય જગ્યાએ યોગ્ય રીતે વિનિયોગ કરવાની ક્ષમતા હોવી અતિકઠિન છે. આવી ક્ષમતાના અભાવે આગ્રહ અને જડતા જન્મે છે. તેનાથી તત્ત્વનું સંપૂર્ણ દર્શન થતું નથી, તેથી લેખક સ્વયં ભ્રમણામાં રહે છે અને પહેલેથી જ ભ્રાંત શ્રોતા કે વાચકને વધુ ઊંડી ભ્રમણામાં ધકેલી દે છે.

સન્મતિતર્કપ્રકરણમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજાએ મુખ્યત્વે એક નયની પ્રરૂપણા કરવાનો નિષેધ કર્યો છે. એક નયની પ્રરૂપણા કરવાનો અધિકાર કેવળ 'નયવિશારદ' વક્તાને છે. સૂરચંદભાઈને આ વાતનો બરાબર

ખ્યાલ છે, તેથી તેઓ વારંવાર પોતાની નય સાપેક્ષતાને દોહરાવે છે. તેમના અનાગ્રહભાવને વ્યક્ત કરતો દોહરો પ્રશસ્તિમાં છે.

**'જિન આજ્ઞા રુચિ આદર્યો, બહુવિધ નહીં એકાંત**
**જ્ઞાનનયે સવિ સંપજે, સ્યાદ્વાદ નહીં ભ્રાંત.'**

પ્રસ્તાવનામાં તેઓ લખે છે - 'સુવિહિત શ્વેતાંબર આચાર્યોના કરેલા ગ્રંથોથી મતિદોષથી વિરુદ્ધ લખાયું હોય વા સમજાયું હોય તો તે સંબંધી લેખકર્તાને અસત્યનો આગ્રહ નથી.' અહીં મહત્ત્વના શબ્દો છે અસત્યનો આગ્રહ નથી.

ગ્રંથમાં એક સવાલનો જવાબ આપતા તેઓ લખે છે - 'નયપક્ષ રીતે સમજો ઈહાં હઠમતનું કામ નથી તમારે હઠ હોય તો છોડી દેજો ને થિર ચિત્તે ધારજો આ ગ્રંથ બાલજીવો માટે નથી પણ પંડિત પુરુષો માટે છે. આ ગ્રંથમાં દિગંબર ગ્રંથની સાક્ષીઓ ટાંકવામાં આવી છે. પણ તેમની ઉત્સૂત્રપ્રરૂપણા અમારે માન્ય નથી.' આવા ખુલાસા પ્રસ્તાવનામાં વાંચ્યા પછી મૂળ ગ્રંથ અંગે જિજ્ઞાસા અને ગ્રંથકાર પ્રત્યે આદર ઓર વધી જાય છે.

જૈનતીર્થ નિર્ણય ગ્રંથ નિશ્ચય એટલે કે જ્ઞાન અથવા તો આંતરિક પરિણતિ પ્રધાન ગ્રંથ છે. નિશ્ચયપ્રધાન વાક્યો આત્માની વિશુદ્ધિને કારણે જન્મેલા નિર્મળ ભાવને વધુ મહત્ત્વ આપે છે. નિશ્ચયનય ક્રિયારૂપ અંશને જોવા તૈયાર નથી, તેથી નિશ્ચય ગ્રંથોમાં ક્રિયાને લગતી વાતો ઓછી આવે તે સહજ છે. જૈનતીર્થ નિર્ણયમાં ક્રિયામાર્ગનું વિવરણ દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ થયું છે. આગમ અને પ્રકરણ ગ્રંથોના પદાર્થો, કર્મગ્રંથોમાં ગુણસ્થાનકના વિભાગમાં રજૂ થયેલું કર્મનું ગણિત, અને અધ્યાત્મ ગ્રંથમાં વ્યક્ત થયેલા અધ્યવસાયોનું અજબ સંયોજન આ ગ્રંથમાં થયું છે.

બહુ પરિમાણીય (મલ્ટીડાયમેંશનલ) દૃષ્ટિએ તત્ત્વનિરૂપણ કરવું સહેલું નથી. શ્રાવકના વ્રતો, જ્ઞાનના ભેદ, ગ્રંથિભેદ, પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, દશવિધ યતિકર્મ તપના બાર ભેદ, અઢાર પાપસ્થાનક, તેર કાઠિયા, ચરણકરણનુયોગના વિષય છે, તેમાં દ્રવ્યાનુયોગની અને ગણિતાનુયોગની વિચારણા અહીં પ્રસ્તુત થઈ છે. આ કારણે અહીં રજૂ કરવામાં આવેલો વિષય ભલે પરિચિત હોય, પણ ઘણી નવી વાતો અને વિચારણાઓ તેમાં ગુંથાઈ છે,

તેથી કોઈ અલગ જ ગ્રંથ વાંચતા હોવાનો અહેસાસ થાય છે.

અઢાર પાપસ્થાનકનું નિરૂપણ કરતાં લેખકે દરેક પાપ સ્થાનકના કારણો જણાવ્યા છે. ક્રોધ, લોભ કે માનને કારણે આવે છે. માન, પોતાની જાતને ગુણસંપન્ન ગણવાથી આવે છે. માયા, માન અથવા લોભથી થાય. લોભ સુખ માટે અથવા દુઃખ દૂર કરવા આવે છે. રાગને તજવો મુશ્કેલ છે, વહાણના સઢને બાંધેલું દોરડું તોડવું સહેલું છે પણ રાગનો પતળો તાર તોડવો દુશ્કર છે. કારણ કે કષાય પ્રકૃતિ છે તો રાગ પરિણતિ છે. (પત્ર-૪૫) રાગ, લોભ અને માન આ ત્રણ પાપ બીજા પાપસ્થાનકોને વેગ આપે છે.

અભ્યંતર તપમાં અંતિમ તપ કાઉસ્સગ્ગ છે. કાઉસ્સગ્ગના બે ભેદ છે. દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી કાઉસ્સગ્ગ એટલે નવકાર કે લોગસ્સ ગણવા તે. દ્રવ્ય કાઉસ્સગ્ગ બે રીતે થાય વિધિથી અને અવિધિથી. 'શ્વાસોચ્છવાસ વિના અન્ય અંગો કંપે નહિ, તે દ્રવ્યથી વિવિધ પૂર્વકનો કાઉસ્સગ્ગ કહેવાય. મન-વચન-કાયાના યોગો કંપિત હોય, તો દ્રવ્યથી અવિધિપૂર્વકનો કાઉસ્સગ્ગ કહેવાય. ભાવ કાઉસ્સગ્ગ બે પ્રકારનો છે. પરિણામરૂપ અને રુંધનરૂપ. રુંધનરૂપ કાયોત્સર્ગ ચૌદમે ગુણસ્થાનકે હોય છે. પરિણમન બે પ્રકારનું છે. કૃત્રિમ અને અકૃત્રિમ. આત્માના ભાગનું અને શરીરના ભાગનું પરિણમન જુદું થાય ત્યારે પરિણમન નામનો કાઉસ્સગ્ગ ભેદ બને છે. જ્યારે મન ધ્યાનમાં લીન હોય, તત્ત્વવિચારણામાં એકાગ્ર બને, ત્યારે આત્મા વીર્ય ફોરવીને મનને સ્થિર કરે છે તે કૃત્રિમ પરિણમન છે. આ પરિણમન સ્વાભાવિકરૂપે થાય તો અકૃત્રિમ પરિણમન કહેવાય. સમ્યક્ત્વ પામતી વખતે કે શ્રેણિ માંડતી વખતે આવું અકૃત્રિમ પરિણમન હોય છે અર્થાત્ મનવચન કાયાનો વ્યાપાર સહજ પણે અટકે છે અને આત્માનું વીર્ય સહજ રૂપે અંતર્ગામી બને છે. (પત્ર-૧૦૯)

નય, નિક્ષેપ અને સપ્તભંગીની સંક્ષિપ્ત સમજ પણ અહીં પ્રસ્તુત થઈ છે. સિદ્ધપદની સાધના કરવા માટે ખેતર અને બીજ-વૃક્ષનું ઉદાહરણ આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે.

આ જ પુસ્તકમાં લેખકની અન્ય રચના મુદ્રિત થઈ છે : ઉત્સર્પિણી અવસર્પિણી કાલ માહાત્મ્ય. ક્ષેત્રસમાસ નામના ગ્રંથમાં કાળનું વર્ણન છે, તે જોઇને કાલની મહત્તા દર્શાવવા લેખકે પ્રસ્તુત કૃતિ રચી છે. કાળનું સ્વરૂપ

જાણવા દ્વારા પણ પ્રાપ્ત કરવાનો છે આત્મબોધ. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ, દરેક વસ્તુના સ્વભાવને પરિપૂર્ણરૂપે જાણ્યા વિના તાત્ત્વિક આત્મબોધ થતો નથી. વસ્તુ સ્વભાવનું અજ્ઞાન ભ્રમણા સરજી શકે છે. તેમાંથી કદાગ્રહનો જન્મ થાય તો બોધ મિથ્યા બને. ભ્રમયુક્ત એટલે કે મિથ્યાજ્ઞાનનાં બે લક્ષણ છે : જડતા અને કપટ. આ બે દુર્ગુણ સમ્યગ્બોધના દુશ્મન છે માટે આત્માનો યથાર્થ બોધ કરવા દરેક પદાર્થોનું યથાતથ જ્ઞાન હોવું જરૂરી છે. સૂરચંદભાઈ જણાવે છે :

**આત્મજ્ઞાન તે બોધ છે, જાણે વસ્તુ સ્વભાવ**
**ત્યાગ કદાગ્રહ તે કરે, હઠમતનો નહીં દાવ. ૭**

**હઠમત તે મિથ્યાત્વ છે, જડદૃષ્ટિ શઠ ભાવ,**
**જ્ઞાની એહ ગ્રહે નહીં. ગ્રહે વસ્તુગત ભાવ. ૮**

ઉત્સર્પિણી અને અવસર્પિણીના છ-છ આરા છે. દરેક આરાના અલગ-અલગ નામ છે તે સુખ-દુઃખના આધારે છે. અવસર્પિણીનો પહેલો આરો સુષમ-સુષમ તેમાં સુખ જ સુખ હોય. બીજો આરો સુષમ તેમાં સુખ હોય પણ પહેલા આરાથી ઓછું. ત્રીજા સુષમદુષમ આરામાં સુખની સાથે થોડું દુઃખ ઉમેરાય. ચોથા દુષમસુષમ આરામાં દુઃખ વધુ અને સુખ થોડું હોય. પાંચમાં દુષમ આરામાં દુઃખ હોય, છઠ્ઠા દુષમદુષમ આરામાં દુઃખ જ દુઃખ હોય. દરેક આરામાં શું સુખ હોય અને શું દુઃખ હોય, તેનું વિગતે વર્ણન કાળમાહાત્મ્યમાં છે. પાંચમાં આરામાં આપણે જેને સુખ ગણીએ છીએ, તે પણ વસ્તુતઃ દુઃખ જ છે. શ્રી આદીશ્વર પરમાત્માએ દીક્ષા લઇને મોહની સામે યુદ્ધ માંડ્યું હતું, તે યુદ્ધનું કેવળજ્ઞાન પ્રાપ્તિ સુધીનું રોચક બ્યાન અહીં પ્રસ્તુત થયું છે. શત્રુંજય તીર્થની દ્રવ્યયાત્રા અને ભાવયાત્રાનો ભેદ અહીં સુપેરે વ્યક્ત થયો છે.

ચોથા આરામાં જીવો ભદ્રક હોય છે પણ તેમની ભદ્રકતામાં અજ્ઞાનતા વધુ હોય છે. આ દુઃખ છે. કાળક્રમે જીવોનું આ દુઃખ ટળે છે અને ડહાપણનું સુખ મળે છે. (પત્ર-૨૬૦) પાંચમાં આરામાં દુર્ગુણોનું સામ્રાજ્ય હોય છે. નિર્દયતા, તૃષ્ણા, કષાયની વિપુલતા જેવા દુર્ગુણો સહજપણે જોવા મળે. પાંચમાં આરામાં જીવોનું પુણ્ય અલ્પ હોય પણ પુણ્યના ઉદયથી મળતી વસ્તુ

મેળવવાની અને ભોગવવાની ઇચ્છા ખૂબ હોય. ક્ષુલ્લક પુણ્યથી થોડી ઘણી વસ્તુ પ્રાપ્ત થઈ જાય તો મૂર્છા ઘણી થાય, આ જ મોટું દુઃખ છે. પાંચમાં આરામાં જીવોને દાન કરવાનું મન ન થાય. થાય તો સારાં ક્ષેત્રમાં ખરચવાનું મન ન થાય, સારાં ક્ષેત્રમાં ખરચે તો પણ નામનાની અપેક્ષા હોય, દાન કરીને પસ્તાવો થાય. વધુ ખરચ થાય તો દુઃખ થાય. આમ પાંચમાં આરામાં અસંતોષનું દુઃખ મોટું છે.

પાંચમાં આરામાં પ્રભુની પરંપરામાં થઈ ગયેલા મહાન સૂરિ ભગવંતોનું સંક્ષિપ્ત વર્ણન છે. મહાનપુરુષો વચ્ચે પણ મતભેદ હોય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે બન્નેમાંથી કોઈ એક ઓછા બહુમાનને પાત્ર છે. આપણને મત ભલે એકાદ મહાપુરુષનો રુચે, પણ અન્ય મહાપુરુષ પ્રત્યે શ્રદ્ધા અને બહુમાનની તીવ્રતામાં આંશિક પણ તરતમતા હોવી ન જોઇએ. સૂરચંદભાઈ લખે છે. 'સિદ્ધસેન દિવાકર અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વચ્ચે ચર્ચાઓ થઈ છે, તે ચર્ચામાં પણ અધિકતાઇપણું સિદ્ધસેન દિવાકરનું ભાસે છે. પરંતુ બેઉ મહાપુરુષોત્તમ છે, ભવભીરુ છે, જીભનું ટેરવું લાંબુ કરવાવાળા એકે નથી. જેનું મુખ દીઠે પાપ જાય એવા બેઉ ઉત્તમ છે.' કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજી મહારાજાનો બ્રાહ્મણોએ ઉપહાસ કર્યો : 'તમે ભલે પંડિત હો પણ વ્યાકરણ તો અમારું જ ભણો છો.' સૂરિદેવે ના કહી 'ના હું પાણિનિનું નહીં. જૈનેંદ્ર વ્યાકરણ ભણ્યો છું.' કોની પાસે ભણ્યા છો ? તેનો જવાબ આપ્યો. 'સરસ્વતી પાસે.' સૂરચંદભાઈ લખે છે 'હેમચંદ્રસૂરિના રચેલા ગ્રંથોમાં સામાનિક પુરુષોથી પગપેસારો પણ થતો નથી. જે વિશેષોપયોગી હોય તે જ એ ગ્રંથોના ભાવ જાણી શકે.'


કાળના માહાત્મ્ય બાદ ગતિ-આગતિ અને સાતભયનું વર્ણન કરી ગ્રંથ પૂર્ણ કર્યો છે.

સૂરચંદભાઇએ તત્ત્વનો અભ્યાસ હુકમમુનિ પાસે કર્યો છે. તેઓ રાધનપુરના હતા. સં. ૧૯૦૦માં જાતે જ દીક્ષા લીધી હતી. સં. ૧૯૦૫માં વિંધ્યાચલ પર્વત ઉપર મહુડીના ઝાડ નીચે એક ગુફામાં રહી ધ્યાન કરતા. સં. ૧૯૨૬માં ગોધરા બાજુ ડુંગરામાં એકાંતમાં રહી મોટી તપસ્યા કરી ધ્યાન કરતા. જૂના જમાનાના મુનિઓ પોતાની વ્યક્તિગત આત્મસાધના માટે એકાંત

શોધી લેતા. કેવળ પ્રભાવના કે પ્રચાર તેમનું જીવન લક્ષ્ય ન હતું. પ્રભાવનાની સાથે આત્મશુદ્ધિ જાળવી શકે તેવી જાગૃતિ ધરાવતા આત્માઓ અતિવિરલ હોય છે. બીજું, આ મુનિઓ પોતાનો એકાંત સાધનાનો પ્રચાર થવા દેતા નહિ. ન આ સાધનાને તેઓ પાછળથી પ્રચાર કરતા. એક વરસ મૌન રહેવું અને એક વરસ હું મૌન રહ્યો તેની જાહેરાત કરવી, તે તો મૌન સાધનાનો ઉપહાસ છે. સારા ઉપદેશક હોવા છતાં હુકમ મુનિ જંગલમાં જઈ સાધના કરતા. છેલ્લી વયમાં તેમને દાહની તીવ્ર પીડા થઈ હતી, મોઢામાં અને આંખમાં ગરમીનો પ્રકોપ થયો હતો છતાં દવા કરાવી નહીં.

જેને તત્ત્વજ્ઞાનની ઉત્કટ જિજ્ઞાસા છે. તેમને આ ગ્રંથ ખૂબ ગમશે. આજથી સવાસો વરસ પહેલા શ્રાવક દ્રવ્યાનુયોગના નિષ્ણાત બની શક્યા તેનું કારણ ગુરુગમ છે. દ્રવ્યાનુયોગનું ઉંડાણપૂર્વકનું જ્ઞાન ગુરુનિશ્રા વિના પમાય નહીં. તેઓ વિહારમાં ગુરુઓ સાથે મહિનાઓ સુધી રહ્યા હતા. આજે આવા જાણકાર અને પ્રબુદ્ધ પચાસ શ્રાવક મળી જાય તો પરમાત્માએ ઉપદેશેલું તત્ત્વજ્ઞાન વિશ્વવ્યાપી બની જાય તેમાં શંકા નથી. કમ સે કમ આવા ગ્રંથોની રુચિ વધારવાનો પ્રયાસ શ્રમણસંસ્થા તરફથી પણ થતો રહેવો જોઇએ.

●


ગ્રંથનામ : Fluid Thoughts
કર્તા : Dr. Vinod D. Shah
ભાષા : અંગ્રેજી
સમય : ૨૦મી સદી

## ૩૭

## પાણીની પારાયણ : ૧

પાણી વિશે શું વિચારી શકાય કે લખી શકાય ? આપણા જીવનમાં જે સહુથી મહત્ત્વની વસ્તુ છે તેની ઉપર ક્યારેય આપણું ધ્યાન જતું નથી. પશ્ચિમના વિશ્વવિચારકો આગાહી કરે છે કે ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે લડાશે. કેમ કે ધરતી પર પાણી ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે અને માંગ વધી રહી છે. (પત્રાંક ૭) ધરતી પર જેટલું પાણી છે, તેમાં સત્તાણું ટકા પાણી સાગરનું છે. બાકીના ત્રણ ટકા શુદ્ધ પાણીમાં અઢી ટકા જેટલું પાણી હિમશિલાઓમાં બરફ રૂપે છે. માંડ અરધો ટકા પાણી જમીનમાં છે. (૧૯-૨૦) આ અરધો ટકા શુદ્ધ પાણીમાંથી સિત્તેર ટકા પાણી ખેતીમાં વપરાય છે. વીસ ટકા ઉદ્યોગો વાપરે છે. દસ ટકા પાણી માનવ ઉપયોગમાં વપરાય છે. કુલ મળીને એક માણસદીઠ રોજનું સત્તાવીસસો લીટર પાણી વપરાય છે. (ઇસ્માઈલ સેરાગૅલ્ડીન, જલવિશેષજ્ઞ)

ધરતી પરની સિત્તેરથી નેવું ટકા જેટલી જૈવિક સૃષ્ટિ પાણીમાં છે. માનવ હોય કે બીજા કોઈ પણ પ્રકારનો જીવ હોય, દરેકના શરીર સાથે પાણીનો ઘનિષ્ઠ સંબંધ છે. આપણી

ચારે બાજુ પાણી છે. આપણે જે ખાઈએ છીએ તેમાં પણ પાણી છે. પૃથ્વી પર ચમત્કાર હોય તો તે પાણીમાં છે. (લૉરેમ ઇઝ્લી - વૈજ્ઞાનિક)

પાણી વગર જીવન અસંભવિત છે. પાણીનું મહત્વ રણમાં જ સમજાય. પાણી ન મળે તો મગજ કામ કરતું બંધ થઈ જાય. માનવશરીરની રચના જ એ પ્રકારની છે કે, શરીરમાં પાણી ઓછું થઈ રહ્યું હોય (ડીહાઈડ્રેશન) ત્યારે પાણીનો પહેલો ઘુંટડો જ મગજ અને આંખને સલામત રાખવા પહોંચી જાય છે. માનવશરીરમાં સાઈઠ ટકા પાણી છે. ગર્ભાવસ્થામાં શરીરમાં સત્તાણું ટકા પાણી હોય છે. જન્મ સમયે શરીરમાં ઇક્કોતેર ટકા પાણી હોય છે. સમય જતા આ પ્રમાણ સાઠ ટકા જેટલું થાય છે.

શરીરમાં જે પાણી છે તેના સાઠ ટકા પાણી શરીર જે કોશોનું બન્યું છે, તે કોશોમાં (બોડી સેલ્સ) હોય છે. પચીસ ટકા કોશ વચ્ચેની જગ્યામાં હોય છે. લોહીના રક્તરસ (પ્લાઝ્મા) માં આઠ ટકા પાણી હોય છે. પાંચ ટકા પાણી સાંધા તેમ જ અવકાશ ધરાવતા આંખ જેવા અવયવોમાં સ્નિગ્ધતાના સ્વરૂપમાં હોય છે. લોહીમાં સત્તાણું ટકા પાણી છે. સૂકા હાડકામાં પણ તેત્રીસ ટકા પાણી હોય છે. માનવ દ્વારા પીવાયેલું પાણી શરીરની નસોમાં સાઠ હજાર માઈલનો પ્રવાસ ખેડે છે. કિડની પાણીને શુદ્ધ કરતી રહે છે. મગજ પંચ્યાસી ટકા પાણી ધરાવે છે. તે પાણી વચ્ચે તરતું હોય છે. તેથી તેને સુરક્ષા મળે છે, એટલું જ નહીં મગજની વિચાર અને કલ્પના શક્તિ પણ પાણીને આભારી છે. (જ્યોતિષ શાસ્ત્રમાં મનનો કારક ચંદ્ર માનવામાં આવે છે. તેને પાણી સાથે સીધો સંબંધ છે. પૂનમ-અમાસના દિવસે દરિયામાં ભરતી-ઓટ આવે છે. તેમ મગજની વિચાર અને કલ્પના શક્તિમાં પણ ફેરફાર થાય છે તે ચંદ્રને કારણે, તેવું જ્યોતિષ શાસ્ત્ર માને છે. યોગીઓના મતે મગજ પાણીમાં ખીલેલાં કમળ જેવું છે. તેથી જ કમળની પાંદડીનો આકાર ધ્યાન માટે ઉપયોગી મનાયો છે. હઠયોગમાં છ ચક્રોનો આકાર પણ કમળની પાંદડી જેવો દર્શાવ્યો છે.)

પાણીની ખાસિયતો જાણવા જેવી છે. પાણી નીચી સપાટી તરફ જાય છે. તેનો આ સ્વભાવ મોટા મોટા ચક્રો કે પંખા ચલાવવા ઉપયોગી બને છે. પાણી જગ્યા મળે તો સતત સરકતું રહે છે. પાણીને પોતાનો કોઈ આકાર નથી.

પાણી અતિ સંવેદનશીલ અને પરિવર્તનશીલ છે. વાતાવરણમાં તાપમાનનો થોડો પણ ફેરફાર થાય તો પાણી ઠંડું કે ગરમ થવા માંડે છે.

પાણીમાં ગુરુત્વાકર્ષણના બળથી વિપરીત જવાની અજબ શક્તિ છે. આ શક્તિને કારણે જ તે વૃક્ષના મૂળથી ટોચે પર રહેલાં પાંદડા સુધી પહોંચે છે. માણસ પાણીમાં તરી શકે છે. હવામાં ભૂસકો મારો તો પડી જવાય પાણીમાં ભૂસકો મારો તો પડી જવાતું નથી તેનું કારણ એ છે કે - ગુરુત્વાકર્ષણના બળથી વિપરીત જવાની અજબ શક્તિ. પાણીમાં માણસનું વજન ઓછું થઈ જાય છે.

પાણી કુદરતનું સુંવાળું દ્રવ્ય છે, પરંતુ તે પથ્થરોને તોડી શકે છે. આ તેની સમાવી લેવાની શક્તિ છે. સાકર, મીઠું પાણીમાં ઓગળી જાય છે. પથ્થરો ઓગળતા નથી તો પાણી તેની ઝીણી રેતી બનાવી પોતાની સાથે ખેંચી જાય છે. સમંદરને સુંવાળી રેતીનો કિનારો પાણીને કારણે જ સાંપડે છે.

શરીરમાં જે સ્થાન લોહીનું છે તે કુદરતમાં પાણીનું છે. વહેતું લોહી શરીરને જીવંત રાખે છે તો વહેતું પાણી કુદરત જીવંત રાખે છે. (૧૮-૧૭)

પાણી પ્રતીક છે. પાણી જીવન પણ છે, મરણ પણ છે. પાણી અનંત શક્તિનો મહાસ્રોત છે. પાણી પ્રેરણા છે, ઉલ્લાસ છે, આનંદ છે, ગતિ છે. પ્રેમ, કરુણા, દયા જેવા ગુણોનું પ્રતિનિધિ છે. સત્તા, ફળદ્રુપતા, જીવંતતા, નિયંત્રણ, સામર્થ્ય જેવી કુદરતી શક્તિઓ પાણીમાં છુપાયેલી છે. પાણી અદશ્ય આભામંડળ ધરાવે છે, જે ચેતનાનું પ્રતીક છે. પાણીનો સહુથી વધુ પ્રભાવિત કરતો ગુણ છે - સ્વચ્છતા, પવિત્રતા અને પારદર્શિતા. પાણી સ્વયં એટલું સ્વચ્છ છે કે તેની આરપાર નીહાળી શકાય. એટલું નિર્મળ છે કે બધી જ વસ્તુના મેલ ધોઈ શકે છે.

જાપાનમાં પાણી પર દાર્શનિક ચિંતન પ્રસ્તુત કરનાર ડૉક્ટર છે : ડૉ. માસારુ ઈમૉટો. તેમણે પાણી વિષે એક સંશોધનાત્મક પુસ્તક લખ્યું છે - ધ હિડન મૅસેજ ઑફ વૉટર. આ પુસ્તકમાં તેઓ જણાવે છે કે - પાણી માણસની ભાવનાની પ્રતિક્રિયા આપે છે. પાણી અને ભાવનાને સીધો સંબંધ છે. આંસુના બે ટીપાં પર્વતને હલાવવાની તાકાત ધરાવે છે. પાણી ઉકળે ત્યારે વરાળ બને છે અને થીજે ત્યારે બરફ બને છે. આ વિશેષતા પાણી સિવાય બીજા દ્રવ્યોમાં જોવા મળથી નથી. મધ્યકાળમાં જાદુઈ કીમિયાગરો

પાણીની રાસાયણિક શક્તિનો ઉપયોગ કરી સસ્તી ધાતુમાંથી સોનું બનાવવાના પ્રયોગો કરતા. (૩૪, ૩૫,૩૬)

દરેક તત્ત્વજ્ઞાનના સંશોધકોએ જગતના મૂળ તત્ત્વોને શોધવાનો પ્રયાસ કર્યો છે. ગ્રીક (ઍરિસ્ટૉટલ, પ્લેટો, એમ્પેડોક્લિસ, થેલ્સ વગેરે) અને પશ્ચિમના દાર્શનિકો પાણીને મૂળ તત્ત્વ માનતા હતા. ઇસ્લામી તત્ત્વચિંતક જબીર ઉબ્ન હય્યૂંએ પણ પાણી વિષે વિચાર કર્યો છે. પૂર્વની દાર્શનિક વિચારધારાના મૂળ ભારતમાં છે. સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે ભારત હંમેશા સમૃદ્ધ રહ્યું છે. વેદોમાં પાણીને દેવતા ગણી સ્તુતિ કરવામાં આવી છે. જગતની ઉત્પત્તિના મૂળ કારણ તરીકે પાણીની ગણતરી થઈ છે. પુરાણમાં પાણીના દેવ તરીકે વરૂણને માનવામાં આવ્યા છે. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તેમની દિશા પશ્ચિમ છે. વાસ્તુમાં ઈશાનખૂણો જમીનમાંથી નીકળતા પાણી માટે અનુકૂળ ગણાય છે. વૈશેષિક સૂત્ર જેવા પદાર્થ શાસ્ત્રમાં પાણીને મૂળદ્રવ્ય ગણવામાં આવ્યું છે. આયુર્વેદમાં ચરક, સુશ્રુત, શાર્ગંધરની સંહિતાઓમાં પાણીના ગુણદોષોનું વિગતે વર્ણન છે. (૨૭-૭૨)

વિજ્ઞાનની પ્રગતિ થતાં પાણી પર પદ્ધતિસર સંશોધન થયું. જેના પરિપાક રૂપે પાણી ઑક્સિજન અને હાઇડ્રોજન નામના બે વાયુથી બને છે, તે પ્રયોગ દ્વારા સાબિત થયું. લગભગ બસો વરસ સુધી પાણી ઉપર સંશોધનાત્મક પ્રયોગો થતા રહ્યા. અઢારમી સદીના અંતમાં લૅવૉઇઝર નામના વૈજ્ઞાનિકે પાણી ઑક્સિજન અને બળી શકતા વાયુથી બને છે, તે શોધ્યું. (હાઇડ્રોજન નામ એ સમયે પ્રચલિત ન હતું.)

પાણીનો સંગીત સાથે પણ ગાઢ સંબંધ છે. પુરાણા જમાનામાં લાકડાના ડ્રમમાં પાણી ભરી તેનું વાદ્ય બનતું. પાણી જલતરંગ નામના વાદ્યનું અભિન્ન અંગ છે. તેમાં જુદીજુદી કાચની કે માટીની વાટકીમાં પાણી ભરી તેને લાકડીની સળીથી આહત કરી સ્વર ઉત્પન્ન કરવામાં આવે છે.

દુનિયાના બધા ધર્મો પાણીની પવિત્રતાનો આદર કરે છે. કેમ કે પાણી પવિત્રતાનું સર્વશ્રેષ્ઠ સંવાહક છે. ક્રીશ્ચિયન ધર્મમાં પાદરીઓ પ્રભુના પ્રતીક રૂપે પાણી (હૉલી વૉટર) આપે છે. ઇસ્લામમાં નમાજ પઢતા પહેલા વજૂ કરવામાં આવે છે. એટલે પાણીથી શરીરના અવયવોને પવિત્ર કરવામાં આવે છે. હિંદુ

ધર્મમાં તો નદી, નદ અને સાગરને પૂજવામાં આવે છે. (લાંબી હોય પણ પટ અતિ વિશાળ ન હોય, જલપ્રવાહ સૌમ્ય હોય તે નદી અને પટ વિશાળ હોય જલપ્રવાહ ગંભીર હોય તે નદ. ગંગા નદી છે, બ્રહ્મપુત્રા નદી નથી, બ્રહ્મપુત્ર નામે નદ છે.) જૈન ધર્મમાં પાણીને પૂજામાં વિશેષ સ્થાન મળ્યું છે. ભગવાન સામે જલપાત્ર ધરી જલપૂજા થાય છે. (પાણીનો અભિષેક કરવો તે અભિષેકપૂજા છે. અભિષેકપૂજા પાણી સિવાયના દ્રવ્યોથી પણ થાય છે. નૈવેદ્યની જેમ જલ ધરવું તે જલપૂજા છે. અભિષેકપૂજા એ જલપૂજાનો રૂઢઅર્થ છે.)

દુનિયામાં એવી કેટલીક જગ્યાઓ છે જેનું પાણી વિવિધ પ્રકારના રોગ મટાડે છે. ચામડીના દર્દ, માનસિક બીમારી, સંધિવાત, ઘા જેવા રોગો પાણીના ઉપયોગથી સારા થતા જોવા મળે છે. પ્રાકૃતિક ચિકિત્સકો કહે છે કે - શરીરમાં ગરમીનો સંગ્રહ નાભિની નીચે પેઢુમાં થાય છે. આ ગરમી ઘણા રોગનું કારણ છે. કટિસ્નાન કરવાથી સાવ ઓછા પાણીમાં ગરમી ઘટે છે.

પાણી જીવ છે કે નહીં ? આ પ્રશ્ન વિજ્ઞાનને ઘણી સદીઓથી મુંઝવે છે. વીસમ સદીમાં વિક્ટર શૉબર્ગર નામના પ્રકૃતિતજ્જ્ઞ, દાર્શનિક અને વૈજ્ઞાનિક થઈ ગયા. તેઓ કહે છે કે - પાણી કેવળ એચટુઓનું સંયોજન નથી, તે જીવંત અવયવો ધરાવે છે. (૧૨૧) જર્મનીના ટોચના વિજ્ઞાની થિયૉડોર શ્વૅકએ પાણીની પ્રવહણશીલતા પર બે પુસ્તક લખ્યાં છે તેઓ લખે છે કે - જે રીતે પાણી વહે છે. તેનો લય છે, ગતિશીલતા છે, પદ્ધતિ છે - તે પ્રકૃતિના જીવંતદ્રવ્યોમાં જ જોવા મળે. પાણી પોતાની પ્રતિક્રિયાઓ ગતિ દ્વારા અભિવ્યક્ત કરે છે. શહેરમાં જોવા મળતા મુડદાલ પાણીમાં અને પર્વત પર જોવા મળતા જીવંત પાણીમાં ફરક છે. કુદરતી અવસ્થાનું પાણી માનવ શરીર પર જૈવિક (બાયૉલોજિકલ) અસર કરે છે. (૧૨૫) અંગ્રેજી સાહિત્યમાં વીસમી સદીના વિખ્યાત સાહિત્યકાર તરીકે ડી.એચ. લૉરેંસ મશહૂર છે. તેમનું ઉદ્ધરણ બહુ માર્મિક છે - પાણી એટલે હાઈડ્રોજનના બે ભાગ અને ઑક્સિજનનો એક ભાગ, પરંતુ પાણીમાં એવી ત્રીજી વસ્તુ છે જે પાણીને પાણી બનાવે છે. તે શું છે તે કોઈ જાણતું નથી. (આ ઉદ્ધરણ પુસ્તકના મુખપૃષ્ઠ પર છે.)

વિજ્ઞાન સંશોધન કરે છે. સંશોધનનું પ્રાથમિક કાર્ય વ્યાખ્યા કરવાનું છે. પાણી જીવન છે કે નહીં આ પ્રશ્નનો જવાબ શોધતા પહેલા જીવન શબ્દની વ્યાખ્યા સ્પષ્ટ કરવી રહી. વિજ્ઞાને પોતાના ધારાધોરણ મુજબ જીવન શબ્દની વ્યાખ્યા કરી છે. જે સતત વધે તે જીવંત હોય છે. જે પદાર્થમાં પુનરુત્પત્તિની પ્રક્રિયા ચાલતી રહે છે જીવંત હોય છે. જેના સ્વરૂપમાં રૂપાંતરણ થતું રહે છે જીવંત હોય છે. જેમાં ખોરાકનું પાચન કરવું વગેરે રાસાયણિક પરિવર્તનની પ્રક્રિયા થતી રહે છે જીવંત હોય છે જેને હૃદયના ધબકારા જેવી પોતાની સ્વયંસંચાલિત યંત્રણા હોય તે જીવંત હોય છે. માનવ, પશુ વગેરેમાં આ લક્ષણો જોવા મળે છે માટે તે જીવંત છે. વનસ્પતિમાં પણ આ લક્ષણો જોવા મળે છે માટે તે જીવંત છે.

જીવન શબ્દની આ વ્યાખ્યા પાણીમાં જોવા મળે તો પાણી વિજ્ઞાનની દૃષ્ટિએ જીવંત કહેવાય. વિજ્ઞાનને પાણીમાં આમાંનું એક પણ લક્ષણ પ્રત્યક્ષ જોવા મળતું નથી, છતાં તેની જીવંતતાને નકારી શકાય તેમ નથી. કારણ કે વિજ્ઞાનની ઉપરોક્ત વ્યાખ્યા મુજબનું જીવન પાણી વિના શક્ય જ નથી. સજીવમાં જોવા મળતા વૃદ્ધિ (ગ્રોથ), પુનરુત્પત્તિ (રિ-પ્રોડકશન), રૂપાંતરણ (મૅટા-મૉર્ફોસિસ) રાસાયણિક પરિવર્તન (મૅટાબૉલિઝમ), સ્વ ઉત્પાદિત સ્વયંસંચાલિત યંત્રણા (સેલ્ફ રેગ્યુલેટીંગ મેકેનિઝમ) જેવાં લક્ષણો પાણી વિના પોતાનું કાર્ય કરી શકતા નથી. પાણી વિના જીવવાને અનુકૂળ વાતાવરણ જ બનતું નથી. હવા પર્યાવરણમાંથી પાણી શોષે છે અને તાપમાનને નિયંત્રણમાં રાખે છે. તાપમાન અનુકૂળ હોય તો જ સજીવ પદાર્થો જીવી શકે છે. વાતાવરણમાં કેટલો ભેજ છે તે રોજ હવામાનશાસ્ત્રીઓ તપાસતા રહે છે. હવામાનમાં ફેરફાર થાય તો અલગ અલગ પ્રકારના વાયરસ જેવા જીવાણુઓ ઉત્પન્ન થઈ જાય છે.

પૃથ્વી પર ત્સુનામી, હરિકેન જેવા વાવાઝોડાં અવારનવાર આવતા રહે છે. એક સજીવમાં જોવા મળે તેવા રાસાયણિક પરિવર્તનો વાવાઝોડાંમાં પણ જોવા મળે છે. વાવાઝોડાં હવાનો મોટો જથ્થો આવર્ત (ઘુમરી)માં ખેંચે છે અને પહેલા ખેંચેલી હવાનો જથ્થો આગલા ચક્ર તરફ ફેંકે છે. આને વાવાઝોડાંનું શ્વસનતંત્ર કહી શકાય. સજીવની જેમ જ વાવાઝોડાંની બાલ, યુવા અને વૃદ્ધ

એવી ત્રણ અવસ્થા છે. વાવાઝોડાંનો શરૂનો ભાગ બાલ, મધ્યભાગ યુવા અને અંતભાગ વૃદ્ધ અવસ્થા છે. દરેક વાવાઝોડાં પાણી સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.

ચંદ્રની કળા વધે છે અને ઘટે છે. તેની સાથે સાગરની ભરતી-ઓટનો સીધો સંબંધ છે, તે તો સહુ જાણે જ છે. વૃક્ષ મૂળિયા દ્વારા પાણી ખેંચે છે, તેને પણ ચંદ્રની કળા સાથે ઘનિષ્ઠ સંબંધ છે. બ્રાઝિલ દેશના કઠિયારાઓ ઝાડના લાકડાની કિંમત તેણે ગ્રહણ કરેલા પાણીના આધારે નક્કી કરે છે. ઝાડ ચંદ્ર સાથે કેટલા સંપર્કમાં આવ્યું તે જોઈને ઝાડ દ્વારા શોષાયેલા પાણીના પ્રમાણનું અનુમાન કરવાની વારસાગત કળા બ્રાઝિલ દેશના કઠિયારાઓને વરેલી છે. (૧૨૫, ૧૨૬)

પાણી તો પૃથ્વીનું હૃદય છે. હૃદય જીવંત છે કે નહીં એ પ્રશ્ન જ અસ્થાને છે. પાણીનો વિકાસ થતો નથી, પણ પાણી સ્વયં વિકાસ છે. સજીવસૃષ્ટિમાં જ્યાં પાણી છે ત્યાં જ વિકાસ છે. પાણીમાં રાસાયણિક પરિવર્તન થતાં નથી, પણ પાણી પોતે વૈશ્વિક પરિવર્તનનું મુખ્ય પરિબળ છે. પાણી વૈશ્વિક ઊર્જાનું સર્વોત્તમ સંવાહક છે.

નદી હોય કે નળમાંથી ઢોળાયેલું પાણી હોય, તે ક્યારેય સીધી લીટીમાં વહેતું નથી. પાણી હંમેશા ઢાળ મળે ત્યાં વહે છે તે સહુ જાણે છે. પરંતુ પાણીની એક બીજી ખાસિયત જલદી નજરમાં આવતી નથી. પાણી ઉપરથી નીચે પડે છે ગુરુત્વાકર્ષણને કારણે. પડતાં વેંત પાણી જમીન પર ફેલાઈ જઈ ગોળાકાર ધારણ કરી લે છે. પાણીમાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળથી બચવાની અજબ શક્તિ છે. આ શક્તિથી જ તે ઝાડની ટોચ પર રહેલા પાંદડાં સુધી વિના અવરોધે પહોંચી જાય છે. ગુરુત્વાકર્ષણના પ્રભાવે પાણીમાં ગતિ આવે છે અને પ્રવાહ બને છે. આ પ્રવાહની સાથે જ પાણીનો આંતરિક પ્રવાહ હોય છે. સૂક્ષ્મ સ્તર પર પાણી એક ધરીની આસપાસ ગોળગોળ ફરે છે. વહેતા પાણીમાં આ બન્ને ગતિ હોવાથી તે ક્યારેય સીધી લીટીમાં વહેતું નથી. પાણીનો આ આંતરિક, અવિભાજ્ય અનન્યસાધારણ સ્વભાવ તેના સજીવ હોવાનો પુરાવો છે.

થિયોડોર શ્વેકએ પાણીની સજીવતાના સમર્થનમાં ત્રણ મહત્ત્વના મુદ્દા

રજૂ કર્યા છે. એક, સજીવતત્ત્વોના શરીરમાં થતા રાસાયણિક પરિવર્તનની પ્રક્રિયામાં પાણીનો હિસ્સો બહુ જ મોટો છે. બે, સ્થળ અને સમયના અન્વયે લયબદ્ધ રીતે આકાર લેતી તમામ પ્રક્રિયા (દા.ત. હૃદયના ધબકારા) સાથે પાણીનો આંતરિક સંબંધ છે. ત્રણ, વિશ્વમાં જ્યાં સંવેદના છે. ત્યાં પાણી છે. પાણી અસ્તિત્વની એકમેવ સંવેદના છે.

જાપાનના ડૉ. માસારુ ઈમૉટોએ પાણી પર વિચાર, શબ્દ અને સંગીતની શું અસર થાય છે તે વિષે વિશ્વકક્ષાએ સંશોધન કર્યું. ટેક્નોલોજીની મદદથી તેમણે થીજેલા પાણીના ફોટા લીધા. તેમણે રજૂ કરેલા તારણોએ વિશ્વને સ્તબ્ધ કરી દીધું. તેમના તારણો મુજબ પાણીને આપવામાં આવેલા સંદેશ તે ઝીલે છે એટલું જ નહીં તેની પ્રતિક્રિયા પણ આપે છે. પાણીના પાસાદાર અણુને (ક્રિસ્ટલ) સારી ભાવનાથી જોવામાં આવે ત્યારે તેનો ફોટો સ્વચ્છ અને સ્વસ્થ આવે છે. ખરાબ ભાવનાથી જોવામાં આવે ત્યારે તેનો ફોટો ધૂંધળો અને નબળો આવે છે. (પુસ્તકમાં તેના ફોટા પણ છે) આમ, પાણીના સજીવ હોવા બાબતમાં વિજ્ઞાન પણ સ્પષ્ટ છે. (૧૨૮-૧૨૯)

આ વિષયમાં જૈન આગમ બે બાબતે શરૂઆતથી જ (આજથી છવીસમો વરસ પહેલાથી જ) સ્પષ્ટ છે. એક તો પાણી સજીવ છે અને બે તે વાયુથી પણ બને છે. સૂત્રકૃતાંગ નામનાં આગમમાં આ અંગે ઉલ્લેખ છે.

•

૩૮

## પાણીની પારાયણ : ૨

સંશોધનક્ષેત્રે કામ કરવાનો મોટો ફાયદો એ છે કે, કોઈ એક વિષયનું જ્ઞાન મેળવતાં અનેક અજાણ્યા સત્યો આપમેળે પ્રગટ થાય છે. રુંધાયેલી દષ્ટિને કારણે સરજાયેલા ભ્રમોનાં જાળાં તૂટે છે. વસ્તુને જોવાનો એકાંગી અભિગમ બદલાય છે. અનેકાંતનું અવતરણ થાય છે. 'ફ્લ્યૂઇડ થોટ્સ વૉટર'માં ડૉ. વિનોદ ડી. શાહે પાણી પરનું સંશોધન રજૂ કર્યું છે. તેનાં સોળમાં પ્રકરણમાં પાણીના આધારે વિકસેલી સંસ્કૃતિઓ વિષે તેમણે રજૂ કરેલું સંશોધન પ્રાચીન ઈતિહાસ અને સંસ્કૃતિ અંગેની આપણી અધકચરી સમજને કારણે બંધાયેલી અંધ ધારણાથી બંધ થઈ ગયેલી બુદ્ધિની આંખ ઉઘાડનારું છે. તેમના શબ્દોમાં જ જોઈએ.

આપણો ઈતિહાસ દસ હજાર વરસ પહેલા શરૂ થયો હોવાનું માનવામાં આવે છે. તે પહેલા માણસ ન હતો એમ નથી. હકીકતમાં માનવજાતિનો ભૂતકાળ કેટલો જૂનો છે, તે કોઈ નિશ્ચિતપણે કહી શકે નહીં.

પુરાતત્ત્વવિદો ઉત્ખનન કરી બે અબજ (બીલીયન)

વરસ પુરાણા હાડપિંજર શોધી કાઢ્યા છે. દક્ષિણ આફ્રિકામાં બે અબજ એંસી કરોડ વરસ જૂનો લોખંડનો ગોળો મળ્યો છે. આનો મતલબ એ કે, આટલા વરસ પહેલા પણ માનવજાતિ દરેક રીતે વિકસિત અવસ્થામાં હતી. પૃથ્વીના અલગ-અલગ હિસ્સામાં વિભિન્ન સંસ્કૃતિઓ વિકાસ પામી ચૂકી હતી. અનુશ્રુતિ પ્રમાણે પાણીના ભયાનક પૂરને કારણે આમાંની ઘણીખરી વિનાશ પામી ગઈ. પુરાતત્ત્વીય સંશોધનો આ વાતની પુષ્ટિ કરે છે.

એક સ્થૂલ અંદાજ મુજબ વર્તમાન માનવજાતિનો ઇતિહાસ દસ હજાર વરસથી શરૂ થાય છે. તેમાં છેલ્લાં પાંચ હજાર વરસ ઇતિહાસકાળ કહેવાય છે અને પહેલાના પાંચ હજાર વરસ પ્રાગૈતિહાસિકકાળ કહેવાય છે. આ ગણતરી મુજબ આપણે ઇતિહાસકાળમાં છીએ. માનવજાતિના અબજો વરસના અસ્તિત્વકાળમાંથી કેવળ પાંચ હજાર વરસનો ઇતિહાસ જ લખાયો અથવા નોંધાયેલો છે. તે પૂર્વના ઇતિહાસ વિષે કોઈ ઠોસ પુરાવા નથી. (આ આધુનિક ઇતિહાસ સંશોધકોનો મત છે.) ભારતમાં ઐતિહાસિક નોંધ રાખવાની પરંપરા જ નથી. કોઈ ભારતીય વ્યક્તિએ ભારતીયતાનો અભ્યાસ કરી લખ્યો હોય તેવો ભારતનો ઇતિહાસ નથી આજે જે ભારતનો ઇતિહાસ મળે છે, તે અંગ્રેજોએ પોતાની દૃષ્ટિએ જોયેલા ભારતનો ઇતિહાસ છે. જે અનેક ભ્રમણા અને વિસંગતિઓથી ભરેલો છે. આ ઇતિહાસ અભ્યાસક્રમમાં ભણાવાય છે. તેના આધારે જ ભારતનું માનસ ઘડાય છે. પાછળથી ભારતીય લેખકોએ પણ ભારતનો ઇતિહાસ લખ્યો, તેમાં અંગ્રેજોએ લખેલા ઇતિહાસના ઉતારા જ કર્યા. કડવી લાગે તેવી વાસ્તવિકતાનું ઉદાહરણ વિનોદભાઈ રજૂ કરે છે.

રોમિલા થાપરનું નામ ભારતીય પ્રાચીન ઇતિહાસના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું અને પ્રામાણિક ગણાય છે. તેમનું એક પુસ્તક છે – ધ પૅન્વિન હીસ્ટ્રી ઑફ અર્લી ઇંડિયા. લબ્ધપ્રતિષ્ઠ પ્રકાશનસંસ્થા પૅન્વિન દ્વારા તે પ્રકાશિત થયું. આખી દુનિયામાં તે માન્ય ગણાય છે. આ પુસ્તકમાં પોતે કરેલા વિધાનોની પ્રામાણિકતા દર્શાવવા તેમણે જે સંદર્ભો રજૂ કર્યા છે, તે જાત તપાસ કરીને મેળવેલા નથી. એટલે બીજા કોઈએ લખ્યું હોય તે જોઈને તેમણે પણ લખી નાંખ્યું છે. તેમણે જે સંદર્ભો રજૂ કર્યા છે તે પરોક્ષ માહિતી

સ્રોતથી (સેકંડરી સૉર્સ ઑફ ઇંફર્મેશન) આવેલા છે. આવા પરોક્ષ સંદર્ભોમાંના નેવું ટકા અંગ્રેજી લેખકોના છે. (વિનોદભાઈએ તો તેમના માહિતી સ્રોતની વાત કરી, પણ આ સન્નારીએ ઇતિહાસનું પાયાનું જ્ઞાન કોની પાસેથી પ્રાપ્ત કર્યું, તેની તપાસ કરીએ તો ઓર ભેદ ખૂલી શકે) એક વાતની જાણકારી અહીં પ્રસ્તુત ગણાય કે - અંગ્રેજો દ્વારા ઇતિહાસ લખવાની શરૂઆત સત્તરમી સદીમાં થઈ. અંગ્રેજ ઇતિહાસ લેખકો તત્કાલીન ધાર્મિક ધારણાથી ઘણા પ્રભાવિત થયા હતા, કારણ કે ઇતિહાસ લખવા માટે મોટા ભાગનો આર્થિક સહકાર ચર્ચ દ્વારા મળતો હતો. (૧૫૨-૧૫૪)

ઉદાહરણ રૂપે - શાળામાં ભણતો ભારતનો કોઈપણ બાળક એ વાત શીખ્યો છે કે, આર્ય નામે ઓળખાતી પ્રજા એક ભટકતી જાતિ હતી. તે ઈ.સ. પૂર્વે પંદરસોમાં એટલે આજથી પાત્રીસસો વરસ પહેલા ભારતમાં આવી, અને વૈદિક સંસ્કૃતિની શરૂઆત કરી. તે પહેલા ભારતમાં સભ્યતા ન હતી. તે પહેલા ભારતમાં જંગલી, અભણ આદિવાસી પ્રજા રહેતી. આર્યોએ તેમની પર કબજો જમાવી જમીન પચાવી પાડી વગેરે. આ અવધારણા જર્મન વિદ્વાન મૅક્સમૂલરની છે. ભારતની સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિના તેઓ નિષ્ણાત ગણાતા. તેમણે ઋગ્વેદનો અંગ્રેજીમાં અને જર્મનીમાં અનુવાદ કર્યો. ઓગણીસમી સદીના અંતભાગમાં તેમણે એકત્રિત કરેલા દસ્તાવેજ લંડનમાં ઇસ્ટ ઇંડિયા કંપનીના હાથમાં આવ્યા. કંપનીએ મૅક્સમૂલરની આ અવધારણાને ભારતની શાળાઓના અભ્યાસક્રમમાં દાખલ કરી દીધી. ભારત અને ભારતની બહાર આ અવધારણાની સામે ઘણા મજબૂત પૂરાવા રજૂ થયા. ઠોસ તર્કો પૂર્વક દલીલો થઈ. તેનાથી એ પૂરવાર પણ થઈ ચૂક્યું કે, આર્ય આગંતુક એટલે કે બહારથી આવેલી પ્રજા નથી, અહીંની મૂળ પ્રજા છે. મોહેં-જો-દરો, હડપ્પા, મથુરા-કંકાલી ટીલા, ધોળાવીરા (કચ્છ), લોથલ (ગુજરાત)ના ઉત્ખનન દ્વારા પણ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે. મોહેં-જો-દરો અને હડપ્પા ઈ.સ. ઓગણીસસો વીસ-બાવીસમાં પ્રકાશમાં આવ્યા. (મોહેં-જો-દરોનો અર્થ છે મૃત શરીરનો ઢગલો. અત્યારે આ બન્ને પાકિસ્તાનમાં છે) આ બન્ને અતિપ્રાચીન શહેરો એ વાતની સાબિતી છે કે, સિંધુ ખીણની સંસ્કૃતિ મિસોપોટેમિયાની (ઈ.સ. પૂર્વે છ હજારથી ત્રણ હજાર વરસ) સંસ્કૃતિ કરતા

પણ વધુ પ્રાચીન અથવા તો કમથી કમ એટલી જૂની છે. અહીં મળી આવેલા સિક્કાઓ પર ધ્યાનમુદ્રામાં બેસેલા, કાર્યોત્સર્ગમુદ્રામાં ઊભેલા માનવ-ચિત્ર છે, તેમ જ બળદનું ચિહ્ન છે. આ ચિત્ર આદિનાથ ભગવાનનું છે અને ચિહ્ન પણ તેમના લંછન સાથે સંબંધ ધરાવે છે. ચાર મુખના દેવનું ચિહ્ન પણ સમવસરણમાં ચૌમુખી તીર્થંકરનો નિર્દેશ કરે છે. શહેરની નગરરચના સુવિકસિત સભ્યતાનો જીવંત પુરાવો છે. કચ્છના ભૂજ પાસે આવેલ ધોલાવીરામાં ઉત્ખનન દ્વારા નગરના અવશેષ મળ્યા છે. છ હજાર વરસ પહેલા ખુલ્લા પટાંગણમાં લઈ જતા દરવાજા બહાર સાઈનબોર્ડ લગાવેલું છે. આ દરેક સત્યો મૅક્સમૂલરની આ અવધારણાને પાયા વગરની સાબિત કરે છે. તેને બ્રહ્મવાક્ય માનીને રોમિલા થાપરોએ કરેલા વિધાનો કેટલા પ્રામાણિક હોય, તે આપણે જાતે જ વિચારવાનું.

ઓગણીસસો ચાલીસથી યંત્રયુગ ચાલુ થયો. આ જ અરસામાં રસાયણ ક્ષેત્રે ક્રાંતિ આવી. મોટાપાયે રસાયણોનું ઉત્પાદન થવા માંડ્યું. ઓગણીસસો ચાલીસમાં પાંચ લાખ ટન રસાયણ બનતા. ત્રીસ વરસ પછી ઓગણીસસો સિત્તેરમાં રસાયણોનું ઉત્પાદન આઠ કરોડ ટન સુધી પહોંચી ગયું. આજની તારીખમાં માનવજાત સિત્તેર હજાર જેટલા કૃત્રિમ રસાયણોનું ઉત્પાદન કરી ચૂકી છે અને દર વરસે નવા એક હજાર કૃત્રિમ રસાયણોનું ઉત્પાદન થઈ રહ્યું છે. (આ રસાયણો ત્રણ સ્તરે નુકસાન કરે છે, ઉત્પાદન સ્તરે, વપરાશ સ્તરે અને વિસર્જન સ્તરે. રસાયણોના ઉત્પાદનની પ્રક્રિયા જ ઝેરીલી છે. તેમાં માનવજાત અને પ્રકૃતિને નુકસાન કરે તેવા હજારો ટન પ્રદૂષિત વાયુ વાતાવરણમાં ફેંકાય છે. જેનું વરવું ઉદાહરણ ભોપાલનો ગેસકાંડ છે. વપરાશ સ્તરે ડીડીટીનું ઉદાહરણ લઈ શકાય. ડીડીટી નામનું ઝેરીલું રસાયણ ઓગણીસસો ચાલીસમાં શોધાયું. બીજા વિશ્વયુદ્ધમાં તેનો જંતુનાશક તરીકે વ્યાપક ઉપયોગ થયો. જંતુઓથી ફેલાતા મૅલેરિયા જેવા રોગ સામે તે છૂટથી વપરાવા લાગ્યું. ડીડીટી ખૂબ અસરકારક છે અને તેની કિંમત પણ ઓછી છે તેથી તેનો વપરાશ દરેક ક્ષેત્રે થવા લાગ્યો. ખાસ કરીને અનાજને કીડાઓથી બચાવવા પાક ઉપર ડીડીટી છંટાવા લાગ્યું. ઓગણીસસો બાંસઠમાં રશૅલ કાર્સન નામના જીવવિજ્ઞાનીએ ડીડીટીના નુકસાન જગત સમક્ષ મૂક્યા, ત્યારે

ડીડીટી પ્રસિદ્ધિની ટોચ પર હતું. દર વરસે આઠ કરોડ (૮૦ મિલિયન) પાઉંડ ડીડીટી વપરાતું. ડીડીટી હાનિકારક જંતુની સાથે ઉપકારક જંતુને પણ મારી નાંખે છે તેને કારણે મધમાખી, પંખી, પશુ મરી જાય છે. આ કારણથી ઓગણીસસો પંચોતેરમાં અમેરીકાએ ડીડીટીના વપરાશ પર પ્રતિબંધ મૂક્યો. પાક પર છંટાયેલું ડીડીટી અનાજની સાથે માણસના પેટમાં જાય છે અને કેન્સર જેવા અસાધ્ય રોગ કરે છે.

બીજું નાનું ઉદાહરણ એસ્બૅસ્ટોસ રસાયણનું છે. આ રસાયણ પાણીની પાઈપ બનાવવામાં વપરાય છે. બાળકો માટે પ્લાસ્ટિકનાં રમકડાં બને છે, તેમાં આ રસાયણ હોય છે. તે એટલું વિઘાતક છે કે, તેના નામ પરથી રોગનું નામ પડ્યું છે. બાળકો પ્લાસ્ટિકનાં રમકડાં મોંઢામાં નાંખે, તેની સાથે એસ્બૅસ્ટોસ બાળકના પેટમાં પહોંચી જાય છે. વિસર્જન સ્તરે પણ રસાયણો અપાર નુકસાન કરે છે. ઉદાહરણ રૂપે જમ્યા પછી વાસણ ધોવા ડીટર્જંટ પાવડર વપરાય છે તે એક જલદ રસાયણ છે. વાસણ સૂકાઈ જાય તે પછી પણ તેના સૂક્ષ્મ અંશ પેટમાં જાય છે. આ રીતે એક માણસ આખા જીવનમાં બે કીલો ડીટર્જંટ પાવડર પેટમાં પધરાવે છે. વાસણ ધોવાના પાણી સાથે વહી ગયેલો ડીટર્જંટ પાવડર ગટર, નાળાં, નદીના માર્ગે સમુદ્રમાં પહોંચે છે. ત્યાંની સજીવસૃષ્ટિને નુકસાન કરે છે. કારખાનાં જે ઝેરી રસાયણો બેજવાબદાર બની ગમે તેમ ત્યાં પધરાવે છે, તેને કારણે તમામ નદી અને ભૂગર્ભના પાણી પ્રદૂષિત થઈ ચૂક્યા છે.

આ આડવાત થઈ. મૂળ વાત છે પાણીની જીવંતતાની. વિશ્વના તમામ વૈજ્ઞાનિકો કે જાગૃત સંસ્થાઓ પાણી બચાવવાની વાત કરે છે, તે માનવજાત જીવતી રહે તે માટે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ધ ઈકોનૉમિસ્ટ નામના સાપ્તાહિકે ૨૨, મે-૨૦૧૦ના અંકમાં પાણી વિષે સોળ પાનાંનો વિશેષ અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. તેમાં જણાવ્યું છે કે, પાણી હવે મોંઘી જણસ બની રહેશે. તેની સરખામણી ખનીજતેલ સાથે થઈ શકે. હમણાં તેલક્ષેત્રો પર કબજો પામવા માટે યુદ્ધ થાય છે. આગામી સમયમાં નદી કે બંધ પર કબજો પામવા માટે યુદ્ધ થશે. છેલ્લા પચાસ વરસમાં માનવવસતિ બમણી થઈ ગઈ છે. વિશ્વનો આર્થિક વિકાસદર (જીડીપી) દસગણો થઈ ગયો છે. ઉદ્યોગો વધ્યા, વસ્તુ વધી. વપરાશની સાથે વેડફાટ વધ્યો. અનાજનું ઉત્પાદન વધ્યું. લોકો

ગામ છોડી શહેરમાં આવવા માંડ્યાં, નવાં શહેર વસ્યા. આ બધાની અસર પર્યાવરણ પર થઈ. માનવજાતે બચવું હશે, તો હવા, પાણી, જમીનને બચાવવા પડશે. માટે પાણી બચાવો આમાં નિજી-અંગત હિતની વાત છે. ભગવાન પાણી બચાવવાનું કહે છે, તેમાં પાણીના હિત, સુખ અને કલ્યાણની વાત છે. કલ્પસૂત્રમાં નવ લોકાંતિક દેવોના મુખમાં શબ્દ છે - हियसुहनिस्सेयसकरे सव्वलोए सव्वजीवाणं। દુનિયાના બધા જ જીવોના સાર્વત્રિક સુખની વાત જૈનધર્મમાં છે.

વિનોદભાઈએ આ પુસ્તક લખવા ત્રણ વરસની મહેનત કરી છે. પાકટ વયે તેમણે અથાગ મહેનત કરી પ્રભુ શાસનના સત્યને જગત સમક્ષ પ્રસ્તુત કરવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો, તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે. જૈન સમાજમાં આવા બુદ્ધિશાળી, જિજ્ઞાસુ અને સંશોધકોની કમી નથી. આ બુદ્ધિધનને યોગ્ય દિશા તથા માર્ગદર્શન મળે, તે માટેનું વાતાવરણ તૈયાર થાય, તો આજે પણ વૈજ્ઞાનિક તંત્રજ્ઞાનથી (ટેકનૉલોજી) અંજાઈને યુગના પ્રવાહમાં તણાઈ ગયેલા વિશાળ બૌદ્ધિક વર્ગને પાછો વાળી શકાય.

●

(૩૯)

## આતમારામજી મ.

'દીત્તા'ના હુલામણે નામે ઓળખાતાં દેવીદાસનો જન્મ પંજાબના લહરા ગામમાં થયો હતો. તેમના પિતા નામે ગણેશચંદ્ર, રાજા રણજિતસિંહના સૈન્યમાં ૧૦૦૦ સૈનિકોના ઉપરી હતા. સામુદ્રિકના જાણકાર, નિઃસંતાન જાગીરદાર અત્તરસિંહ સોઢાએ ગણેશચંદ્ર પાસે દેવીદાસની માંગણી કરી. દેવીદાસમાં તેણે રાજા અથવા રાજગુરુ થવાના લક્ષણો જોયાં. ગણેશચંદ્રે દીત્તાને સોંપવાની ના પાડી, પણ અત્તરસિંહ એટલો પ્રભાવિત હતો કે, તેણે દેવીદાસને મેળવવા સામ, દામ, દંડ ઉપરાંત સત્તા પણ વાપરી. આ જ કારણે દીત્તાને બાળપણમાં જ મા-બાપથી વિયુક્ત થવું પડ્યું. ગણેશચંદ્રજીએ તેને પોતાના મિત્ર જોધાશાહને ત્યાં મોકલી આપ્યો. (વિ.સ. ૧૯૦૬ ઉંમર વર્ષ ૧૨)

દેવીદાસ બાળપણથી જ સારા ચિત્રકાર તો હતાં જ, સાથે જ પરાક્રમી પણ હતા. તેની ૧૦ વર્ષથી પણ ઓછી ઉંમરે ગામમાં ધાડ પડી. પિતા સીમાડે રક્ષણ કરવા ગયા.

પાછા વળ્યા ત્યારે દીત્તાને ઉઘાડી તલવાર સાથે બારણે ઊભેલો જોયો. તેમણે પૂછ્યું : શું કરે છે ?

જવાબ આપ્યો : રખોપું !

પિતાએ પૂછ્યું : એકલો કેવી રીતે રખોપું કરીશ ?

જવાબમાં દીત્તાએ કહ્યું : તમે એકલા આખા ગામનું રક્ષણ કરો, તો હું ઘરનું ન કરી શકું ?

લાલા જોધમલ સ્થાનકવાસી જૈન હતા. તેમના સહવાસથી જૈન ધર્મ અને સાધુનું આકર્ષણ થયું. ૧૬ વર્ષની ઉંમરે તેમણે સ્થા. સાધુ જીવરામજી પાસે દીક્ષા લીધી. (વિ.સ. ૧૯૧૦ માગસર સુદ પંચમી, માલેરકોટલા) નામ - આત્મારામજી.

દીક્ષાના શરૂઆતના વર્ષોમાં તેમને સ્થાનકવાસી પંથ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હતી. ૬ વર્ષમાં તેમણે ૩૨ આગમ સહિત ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ સાહિત્ય કંઠસ્થ કર્યું હતું. રોજ તેઓ ૩૦૦ શ્લોક કંઠસ્થ કરી શકતા. સાધુઓ તેમ જ શ્રાવકો પાસે તેમણે આગમના અર્થનો અભ્યાસ કર્યો હતો. તેમની પ્રતિભાથી આકર્ષિત થયેલા વિદ્યાદાતા તેમને વ્યાકરણ ભણવાની સલાહ આપતા. કેટલાક વ્યાકરણ ન ભણવાની સલાહ આપતા. આમ વ્યાકરણ ભણવાની અને ન ભણવાની બંને પ્રકારની સલાહ તેમને મળતી. અલબત્ત, વ્યાકરણ ભણવાની સલાહ તેમને રુચતી નહીં.

દીક્ષાના છઠ્ઠા વર્ષે તેમણે રતલામ સ્વતંત્ર ચોમાસું કર્યું. ત્યારે તેઓ સ્થા. સંપ્રદાયમાં આગમજ્ઞ તરીકે જાણીતા થઈ ગયા. ચોમાસામાં તેમણે રતલામના ગૃહસ્થ કોઠારી સૂર્યમલ જે ૧૧ અંગ સિવાયના સૂત્રોને આગમ માનવા તૈયાર ન હતો તેનું ખંડન કર્યું.

સ્થાનકવાસી સંપ્રદાય પ્રત્યેની રુચિ પર ઠેસ તેમને આગમના અર્થનું અધ્યયન કરતી વખતે લાગી. સંદિગ્ધ પદોના અર્થો પાંચ સાધુ ભેગા મળીને કરતા તેને 'પંચાયતી' અર્થ કહે છે. એ અર્થ બંધબેસતો ન આવે. તેઓ અન્યને પૂછતાં. તે જુદો જ અર્થ બતાવતા. સાચા અર્થનો નિર્ણય કરતા તેમને પ્રથમ વાર વ્યાકરણ ભણાવાની જરૂર જણાઈ. તેમણે વ્યાકરણ કર્યું. સ્થાનકવાસી સંપ્રદાયની શ્રદ્ધાને ધક્કો લાગ્યો. રત્નસિંહના સમાગમે તેમણે

સત્યનો સાક્ષાત્કાર કર્યો. રત્નસિંહની ત્રણ સલાહ તેમણે અપનાવી.

૧. મૂર્તિનું ખંડન કરવું નહીં.

૨. શ્વેતાંબર સંપ્રદાયમાં ૨૨ અભક્ષ્ય દર્શાવ્યા છે, તે ખાવા નહીં.

૩. અશુચિ હાથે પુસ્તકને સ્પર્શ કરવો નહીં.

સત્ય જાણ્યા પછી તેમણે તરત જ તે સ્વીકાર્યું, પણ આચરણમાં મૂક્યું નહીં. તેમણે વિશાલ આયોજન કર્યું અને તે માટે સ્થાનકવાસી વેષમાં રહીને જ ભૂમિકા તૈયાર કરવાનું ચાલુ કર્યું. તેમની પાસે ભણવા આવતાં સાધુઓને તેમણે સત્ય સમજાવવાના પ્રયત્નો કર્યા. શ્રાવકોને પણ તેમણે પોતાના સત્ય વિચારોથી વાકેફ કર્યા. તેમની પાસે ભણેલા સાધુઓ આત્મારામજીના વિચારોનો છૂપો પ્રચાર કરતા. આમ તેમણે વર્ગ ઊભો કર્યો. આમ કરતી વખતે તેમને વિરોધ પણ સહેવો પડતો. પ્રત્યુત્પન્ન પ્રતિભાથી તેઓ વિરોધ સામે ટક્યા અને વિરોધીને નમતા કર્યા.

જંડીયાલાગુરુમાં તેઓ વિચરતા હતા. તેમનો મુહપત્તિ છોડવાનો વિચાર છે એમ જાણી ત્યાંના પ્રમુખ મોહરસિંહ આવ્યા. તેમણે વંદન કરીને પૂછ્યું : તમે મુહપત્તિ બાંધવી યોગ્ય માનો છો ?

"મૈં સર્વથા ઠીક નહિ સમઝતા"

"તો ફિર આપ ઈસે બાંધતે ક્યોં હો ?"

"તુમ્હારે જૈસે બૈલો કો અપને વાડે મેં લાને કે લિયે. ક્યોંકિ મેં જાનતા હૂં કિ તમ્હારા - મેરા સંબંધ મુહપત્તિ માત્ર કા હૈ, જબ મુહપત્તિ ઉતાર દૂંગા તુમ આના બંદ કર દોગે, પીછે તુમ્હે સચ નહિ સમઝા સકુંગા." આવા તો અનેક પ્રસંગો છે.

તે સમયે પંજાબમાં અમરસિંહનું વર્ચસ્વ હતું. તેમને આત્મારામજીના વિચારો જાણવા મળ્યા. પરંપરાનું રક્ષણ કરવા તેમણે ફતવો બહાર પાડ્યો. મૂર્તિ માનવી ખોટી છે. મુહપતિ બાંધવી જ જોઈએ. બોળ અથાણું આદિ અભક્ષ્ય નથી. જે આવું ન માને તેને સંઘાડા બહાર ગણાય. અમરસિંહે આ ફતવા પર આત્મરામજીના ગુરુ જીવનલાલાજીની સહી લીધી. ફતવો હાથમાં આવ્યો ત્યારે આત્મારામજીએ નીડર થઈને કહી દીધું કે, મૈં અપની શક્તિ અનુસાર ભવ્ય જીવો કે આગે સત્ય બાત પ્રગટ કરુંગા. જીસકો

રુચેગા વહ ગ્રહણ કર લેંગા. જીસકો ન રુચેગા ઉસકી મેં સત્ય કી ખાતિર પરવા નહીં કરુંગા. મૈં કોઈ ગુરુ કા, દાદાગુરુ કા બંધા હુઆ નહીં હૂં, મુજે તો મહાવીર સ્વામી કે શાસ્ત્રો કો માનના ઠીક હૈ, યદિ કિસીકે પિતા, પિતામહ કૂવમેં ગિરે હૂવે હો તો ક્યા ઉસકે પુત્રકો ભી કૂવેમેં હી ગિરના ચાહિયે ?" અને તેમણે ખુલ્લેઆમ વિરોધ ચાલુ કર્યો. ૧૩ થી ૨૦ સાધુઓનું તેમને પીઠબળ હતું. મુહપત્તિ રાખીને મુહપત્તિનો વિરોધ કરવાનું આ આંદોલન ૧૦ વર્ષ ચાલ્યું. આત્મારામજીની પ્રવૃત્તિના સમાચાર સાંભળીને અમરસિંહનો ગુસ્સો એટલી હદે વધ્યો કે તેઓ તાવમાં પણ આત્મારામજી વિરુદ્ધ લવારી કરતાં. તેમણે બીજો ફતવો બહાર પાડ્યો કે, કોઈ સાધુઓ આત્મરામજીનો પરિચય કરવો નહીં. તેમની સાથે એક વસ્તીમાં ઊતરવું નહીં. આ ફતવો વિશ્નુચંદજી અને પ્રેમચંદજી નામના સાધુઓને ખાસ પહોંચાડવામાં આવ્યો. કારણ કે તેઓ આત્મારામજી મ. પાસે ભણ્યા હતા અને આત્મારામજી પાસે ભણવું એનો અર્થ સાફ છે. યોગાનુયોગ થોડા જ સમયમાં પ્રસંગ ઉપસ્થિત થયો અને બંને સાધુઓ અને આત્મરામજી એક ગામમાં સાથે થઈ ગયા. જુદા ઊતર્યાં. આત્મારામજી તેમને મળવા ગયા અને કહ્યું :

"તમારા ગુરુએ તમને મને મળવાનો નિષેધ કર્યો છે એટલે તમે મળવા ન આવતા, હું જ તમને મળવા આવીશ." સાંજે બંને ટુકડીઓએ વિહાર કર્યો. સામે ગામમાં અલગ વસ્તીનો પ્રબંધ હતો. પણ વરસાદ પડવાથી તે ગામમાં પહોંચી શકાયું નહીં. રાતનો મુકામ અધવચ્ચે જ આત્મારામજી સાથે કરવાનો થયો. સાંજે આત્મારામજીએ બંને સાધુઓને કહ્યું "તમે જે પ્રતિક્રમણ કરો છો તેમાં કંઈ સમજો છો ? તમારી ભાવના હોય તો તમને સાચું પ્રતિક્રમણ કરાવું" બંને સાધુઓએ આત્મારામજી સાથે સાચી રીતે સાચું પ્રતિક્રમણ કર્યું. તેઓએ આનંદિત અને પ્રભાવિત થઈને અમરસિંહની ધૂંસરી ફગાવી દીધી. તે પછી કુલ ૧૩ સાધુઓ આત્મારામજી સાથે જોડાયા. અમરસિંહે ત્રીજો ફતવો બહાર પાડ્યો કે આ સાધુઓને ગોચરી-પાણી કે વસ્તી આપવા નહીં. પણ તેનો પૂર્ણ અમલ થયો નહીં. પણ તેમને પારાવાર મુશ્કેલીઓ નડતી. એક સાંજે વિહારમાં રેતીના ટીંબા પર

આત્મારામજી આણિ મંડળી બેઠી હતી. વિશ્નુચંદજીએ પ્રસ્તાવ મૂક્યો કે, મુહપતિ છોડી જ દેવી ! તેમણે આત્મારામજીને કહ્યું : હવે ક્યાં સુધી આ પાપ કરવું છે ? આત્મારામજીએ કહ્યું : હજી થોડી ધીરજ જરૂરી છે. પણ તમારી ભાવના છે તો કાઢી જ નાખો ! એ સાથે જ સહવર્તી સાધુઓએ મુહપત્તિ કાઢી નહીં, તોડી નાખી. વિશ્નુચંદજીએ કહ્યું હવે આ તૂટેલી મુહપત્તિઓને અમરસિંહજી પર મોકલી આપો. આત્મારામજીએ ના કહી એથી મુહપત્તિની ત્યાં જ કબર રચાઈ. મુહપતિ તોડ્યા પછી તેઓએ ત્રણ મુદ્દાનો કાર્યક્રમ ઘડ્યો :

૧. પરમપવિત્ર શ્રી સિધ્ધાચલજી તીર્થની યાત્રા કરવી.

૨. પછી તરત જ સદ્ગુરુ શોધી તેમની પાસે સંવેગી દીક્ષા લેવી.

૩. પુનઃ પંજાબ જઈને સત્યનો પ્રચાર કરવો.

આ કાર્યક્રમ મુજબ તેઓએ ગુજરાત તરફ વિહાર લંબાવ્યો. આત્મારામજી આદિ ૧૩ સાધુઓ મુહપત્તિ તોડી ગુજરાત આવે છે. આ સમાચાર અમદાવાદના અગ્રણી શ્રેષ્ઠીઓને મળ્યા. તેઓએ બે શ્રાવકોને મારવાડ મોકલ્યા. આત્મારામજી મ.ને તેમણે કહ્યું : આપશ્રીને વિહારમાં તકલીફ ન પડે એ હેતુથી અમદાવાદના શ્રેષ્ઠીઓએ અમને મોકલ્યા છે. આત્મારામજી મહારાજે કહ્યું : તકલીફથી તો હું અને મારા સાધુઓ ટેવાયેલા છીએ ! તેમનો ખૂબ આગ્રહ જોઈ અનુમતિ આપી.

તેઓ અમદાવાદ પધાર્યા, ત્યારે અમદાવાદનો સંઘ એકત્રિત થઈ તેમને ત્રણ ગાઉ સુધી લેવા ગયો. ક્રમશઃ પાલિતાણા આવ્યા. યાત્રા દરમ્યાન તેમને વિચિત્ર અનુભવ થયો. સ્ત્રીઓ આ સાધુઓને સંઘટ્ટો થાય તેની પરવા કરતી ન હતી. વિશ્નુચંદજીએ એક સ્ત્રીને ટોકી ત્યારે જવાબ મળ્યો કે, તમે તો યતિ છો. સંવેગી સાધુ સ્ત્રીને ન અડે. આત્મારામજીએ કહ્યું : આપણા સફેદ વસ્ત્રોથી ભ્રમણા થાય છે. સંવેગી સાધુઓની જેમ આપણે પણ પીળાં વસ્ત્રો ધારણ કરવા જોઈએ. ઉપર જઈ આત્મારામજી મહારાજે ભાવભર્યા સ્વરમાં સ્તવન કર્યું : અબ તો પાર ભયે હમે સાધો. શ્રી સિદ્ધાચલ દરસ કરી...

યાત્રા કરી ફરી પાછા અમદાવાદ આવ્યા. મૂળચંદજી મહારાજ પાસે દીક્ષિત થયા. 'વિજય' શાખા મુજબ તેમનું નામ રાખવામાં આવ્યું :

આનંદવિજયજી.

પંજાબથી પાછા ફરી વિ.સ. ૧૯૪૨નું ચાતુર્માસ પાલિતાણા કર્યું. પાલિતાણાના દરબાર-બારોટ સાથે ઝઘડો થયો હોવાથી વર્ષોથી યાત્રા બંધ હતી. આ વરસે જ ખુલ્લી થઈ આથી કાર્તિક સુદ ૧૫ની યાત્રા કરવાની ભાવનાથી ત્યાં ચાતુર્માસ કર્યું. ઘણા વરસે યાત્રા ખુલી હોવાથી ભારતભરમાંથી યાત્રાળુઓ ઉમટ્યા હતાં. લગભગ દરેક અગ્રણી શ્રેષ્ઠીઓ હાજર હતા. શ્રેષ્ઠીઓને વિચાર આવ્યો કે 'સંવિગ્ન શાખામાં કોઈ આચાર્ય નથી, હવે હોવા જોઈએ. આનંદવિજયજી મહારાજ પ્રતિભાશાળી છે. તેમને આચાર્ય બનાવવા જોઈએ.' તેમણે આત્મારામજી મહારાજની સમક્ષ પ્રસ્તાવ મૂક્યો. આત્મારામજી મહારાજે કહ્યું : સંવેગી સમુદાયમેં આચાર્યકી જરૂરત ક્યા હૈ. મૈં ન તો ગણાધીશ હૂં ન પંન્યાસ હૂં, અપને ગુરુદેવ કે ચરણો કા દાસ હૂં. અંતે સંઘના આગ્રહને વશ થઈ કા.વ.૫.ના દિવસે પદગ્રહણ કર્યું. (યદ્યપિ મૂલચંદજી મહારાજને આ પદવી પસંદ હતી નહીં) પદગ્રહણ કર્યા પછી પણ વડીદીક્ષા વગેરે કાર્યો તેઓ મૂળચંદજી મહારાજ પાસે જ કરતા.

ઉત્કૃષ્ટ વિનય સાથે તેમની જ્ઞાનસાધના પણ ઉત્કૃષ્ટ હતી. અનેક દળદાર ગ્રંથોનું સર્જન તેમણે કર્યું છે. જે સમયમાં હિંદીનું ગદ્યસ્વરૂપ સ્થિર થયું ન હતું ત્યારે તેમણે હિન્દી ભાષામાં ગદ્ય ગ્રંથો રચ્યાં હતાં. 'સન્મતિ તર્ક' પ્રકરણની 'વાદમહાર્ણવ' ટીકા તેમણે વાંચી હતી અને તે હસ્તપ્રતમાં સ્વયં સુધારા કર્યા હતા. જે તેમના સંપાદકોએ મુદ્રણમાં સમાવ્યા છે. આવી અનેક હસ્તપ્રતો તેમણે સુધારી છે. તેમના વિસ્તૃત વાંચન અને ઊંડા જ્ઞાનનો ચિતાર તેમણે ગ્રંથમાં આપેલા અવતરણો દ્વારા મેળવી શકાય છે.

બાળપણથી જ તેઓ પ્રત્યુત્પન્ન પ્રતિભાશાળી હતા. તેમના હાજરજવાબો પણ રસ જગાડે તેવા છે.

એક સ્થાનકવાસી મહાશય તેમની પાસે આવ્યા અને કહ્યું : મારે તમારી સાથએ ચર્ચા કરવી છે, પણ શાસ્ત્ર વચ્ચે ન જોઈએ.

"ઠીક જેવી તમારી ઇચ્છા."

"ફૂલોમાં જીવ માનો છો અને મૂર્તિ પર ચઢાવવાનું કહો છો. શું આમાં હિંસા નથી?"

"ફૂલોમાં જીવ જ ક્યાં છે ?"

"તમારા જ શાસ્ત્રોમાં તો લખ્યું છે કે ફૂલો સચિત્ત છે ?"

"ભાઈ, તમે શાસ્ત્રની વાત કરવાની ના પાડી છે અને શાસ્ત્રનું નામ કેમ આપો છો ?"

એક અન્ય પ્રસંગ પણ છે.

એક ગૃહસ્થે પૂછ્યું : "આપે સમ્યક્ત્વશલ્યોદ્ધાર ગ્રંથમાં મંદિર બંધાવનાર શ્રાવકને સ્વર્ગપ્રાપ્તિ થાય એમ પ્રતિપાદન કર્યું છે ?"

"હા, કારણ કે મંદિર બંધાવવું સમ્યગ્દર્શનનું કારણ છે અને સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક દેવલોકમાં જાય, એ શાસ્ત્રવચન છે ?"

"મંદિર બંધાવવા જે ગધેડો ઈંટ લાવે તે કયા સ્વર્ગમાં જાય ?"

આત્મરામજી મહારાજે પ્રતિપ્રશ્ન કર્યો :

"તમે સાધુને દાન શા માટે કરો છો ?"

"પુણ્ય થાય, મોક્ષ મળે."

"હવે સાધુ ઉપવાસને પારણે તમારે ત્યાં વહોરવા આવ્યા. દૂધ વહોર્યું... તેથી તમને શું લાભ ?"

"ઘણો લાભ. દેવલોક મળે."

"તો એ દૂધ જે ભેંસનું હતું, તેને કયો દેવલોક મળે ?"

આવા તો અનેક પ્રસંગો છે.

આમ, આત્મારામજી મ.નું સમગ્ર જીવન વિવાદમાં અને વિવાદને સંવાદમાં ફેરવવામાં વીત્યું હતું. તેમનો કાળધર્મ વિવાદાસ્પદ બન્યો હતો. કેટલાંક વિઘ્નસંતોષીઓએ તેમને ઝેર અપાયું હોવાની ફરિયાદ કરી અગ્નિદાહ અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો, તે વિફળ રહ્યો.


રાત્રે પ્રતિક્રમણ કરી તેઓ પોતાના આસને આવતા અને તત્ત્વગોષ્ઠિ કરતાં ક્યારેક સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ પણ થતો. પછી તેઓ આરામ ફરમાવતા. એક દિવસ છાતીમાં દુઃખાવો થયો. સાધુઓને એકત્રિત કરી ક્ષમાપના કરી. સ્થંડિલ જઈ આવ્યા. પાટ ઉપર બેઠા અચાનક "ૐ અર્હમ્, અર્હમ્ અર્હમ્" ઉચ્ચાર્યું. 'અચ્છા અબ હમ ચલતે હૈં, સબકો ખમાતે હૈ' એટલું બોલ્યા અને તેમનો પડછંદ દેહ ઢળી પડ્યો.

**ચૂલિકા :**

જો જીનરાજજીકી આજ્ઞા સંયુક્ત હૈ, સો હી સંઘ હૈ ઔર શેષ શ્રી જીનાજ્ઞા બાહિર જો સંઘ કહાવે હૈ સો હાડકા કા સંઘ હૈ, ન તુ જીનરાજજીકા સંઘ - યહ કથન શ્રી આવશ્યક સૂત્રમેં હૈ

(સં. ૧૯૫૧ ભા.સુ. ૧૩, મુંબઈ સંઘને લખેલ પત્રમાંથી)

•


ગ્રંથનામ : અજ્ઞાનતિમિર ભાસ્કર
કર્તા : આ.શ્રીવિજયઆનંદસૂ.
(આત્મારામજીમ.)
ભાષા : ગુજરાતી
સમય : ૨૦મી સદી

(૪૦)

## આનંદનું અવતરણ

વીસમી સદીનું પરોઢ જેમનાં અસ્તિત્વથી ધબકતું હતું, તે પરમસંવિજ્ઞ સૂરિદેવ શ્રી આત્મારામજી મહારાજાના સ્વર્ગગમનને પૂરા સો વરસ વીતી ગયા છે. સો વરસમાં ઘણું બધું પરિવર્તન આવી ગયું છે. દુનિયાની જીવનશૈલી બદલાઈ ચૂકી છે. પાશ્ચાત્ય વિચારો નવેસરથી વહેતા થયા છે. નવી હવાની ભ્રમણા હજી ઓસરવાનું નામ લેતી નથી. છતાં સો વરસ પૂર્વે આ સૂરિદેવ જે જે કહી ગયા, તે આજે કેટલું જ પ્રસ્તુત છે. તેમની સ્વર્ગવાસ શતાબ્દીમાં તેમને યાદ કરવા છે, તેમના આદર્શો ફરીવાર તાજા થવા દેવા છે. તેમણે જે સમજાવ્યું, તે તેમની જ શૈલીમાં સમજવું છે. તેમનું નામ આજે સૌને યાદ છે, તેમનું મહત્ત્વ કબૂલ છે સૌને, પણ મહત્ત્વનું મૂળભૂત કારણ ગણાય તેવું અપ્રતિમ શાસ્ત્રજ્ઞાન આજે ભૂતકાળના ખોળે બેસાડી દીધું છે આપણે. આ સૂરિદેવના શબ્દોમાં શાસ્ત્રોનું તત્ત્વ ધબકતું રહ્યું હતું, રજૂઆત એમની પોતાની હતી. વાત શાસ્ત્રોની હતી. રજૂઆત દરમિયાન નીતરતો રહેતો હતો સમર્પણભાવ, ઘરની દલીલ કરવાની

નહીં. દલીલને શાસ્ત્રોનો સથવારો હોવો જ જોઈએ. આ એમનો આદર્શ. શાસ્ત્રોને સાચા સાબિત કરવા માટે દલીલ નહીં કરવાની. શાસ્ત્રો સાચા સબિત થઈ જ ચૂક્યા છે, માટે દલીલ કરવાની. દલીલો દ્વારા શાસ્ત્રોને સાચા પૂરવાર કરવામાં આપણે કશુંક સિદ્ધ કર્યું તેમ લાગે છે. સાચા શાસ્ત્રોનાં ચરણે દલીલો વહેતી મૂકીને આપણે સમર્પિત ભાવે રજૂઆત કરી એમ પૂરવાર થાય છે. આપણી દલીલો વગર પણ શાસ્ત્રો તો સાચા જ છે, એ ભાવ જીવતો રહેવો જોઈએ. શાસ્ત્રોમાં રહેલી સચ્ચાઈને સમજવા કરતા વધુ જરૂર અનુભવવાની છે. શાસ્ત્રોની સચ્ચાઈ એમણે અનુભવી હતી. એમને કાળધર્મ પામ્યાને સો વરસ વીત્યા છે, ત્યારે એમણે સમજાવેલું તત્ત્વજ્ઞાન તબક્કાવાર યાદ કરવું છે. સાથોસાથ એમના જીવનની ઓછી જાણીતી વાતો યાદ કરીશું.

શું શાસ્ત્રોને જાણ્યા પછી પણ કોઈ ઉત્સૂત્ર-પ્રરુપણા કરી શકે ?

શું સાધુઓને પણ અસદાગ્રહ હોઈ શકે ખરો ?

(૧) વિધિસેવા (૨) અતૃપ્તિ (૩) શુદ્ધદેશના (૪) સ્ખલિત પરિશુદ્ધિ : આ ચાર શ્રેષ્ઠ શ્રદ્ધાનાં લક્ષણ છે. તેમાં પ્રથમ 'વિધિસેવા'નું સ્વરૂપ આ પ્રમાણે છે.

વિધિસેવા-શ્રદ્ધા : વિધિ એટલે પ્રધાન અનુષ્ઠાન. પ્રતિલેખનાદિ અનુષ્ઠાનોમાં સામર્થ્ય કેળવીને શ્રદ્ધા વ્યક્ત કરવી. તે વિના શ્રદ્ધા ટકી શકતી નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની પ્રતિકૂળતાથી પીડિત થવાના કારણે સામર્થ્ય ન કેળવી શકે, તો વિધિસેવાનો પક્ષપાત કરે. (ભાવસાધુના લક્ષણનું પ્રકરણ હોવાથી અનુષ્ઠાન તરીકે પ્રતિલેખનાદિનું ગ્રહણ કર્યું છે. વાચકે સ્વભૂમિકાનું રૂપ અનુષ્ઠાન સમજી લેવું, આ જ પ્રમાણે આગળ પણ જાણવું.)

પ્રશ્ન : વિધિના અનુષ્ઠાન વિના વિધિનો પક્ષપાત સંભવી શકે ?

ઉત્તર : રોગસહિત, સારાં ભોજનના રસને જાણનાર પુરુષ, આપત્તિમાં કે દારિદ્ર્યાવસ્થામાં અશુભ અને અનિષ્ટ ભોજન કરે, તો પણ તેમાં રાગ કરતો નથી. કારણ કે તે જાણે છે કે, 'આ ભોજન દ્વારા હું માત્ર સમય પસાર કરું છું, જ્યારે સારી સ્થિતિ આવશે, ત્યારે ફરી સારો આહાર ભોગવીશ.' આ કુભોજનના દૃષ્ટાંતનું અર્થઘટન આ પ્રમાણે છે કે, શુદ્ધ ચારિત્ર્યપાલનનો રસિક જીવ દ્રવ્યાદિની આપત્તિમાં બાહ્યદૃષ્ટિએ

આગમવિરુદ્ધ નિત્યવાસાદિ પ્રવૃત્તિ કરતો હોય, પણ તેના અંતરમાં સંયમસાધનાની લાલસા જીવંત હોય છે, આથી તે ભાવચારિત્ર્યનું ઉલ્લંઘન કરતો નથી. સંયમસૂરિની જેમ તે ભાવસાધુ જ છે. કહ્યું પણ છે કે, અશુદ્ધ દ્રવ્યાદિ પ્રાયઃ કરીને ભાવોમાં વિઘ્ન કરી શકાતા નથી. ભાવ શુદ્ધ હોવા છતાં ક્રિયામાં વિપર્યય હોય, આવું લોકમાં પણ પ્રસિદ્ધ છે.

સ્વામીની આજ્ઞાથી સંગ્રામ ખેલતા સુભટને બાણના પ્રહારો પણ પ્રાણપ્રિય પત્નીએ કરેલા કમલપ્રહાર જેવા પ્રિય જ લાગે છે. ધીર પુરુષ સ્વદેશની જેમ પરદેશમાં પણ સત્ત્વથી ચલિત થતાં નથી. તેમ સુસાધુ દ્રવ્યાદિની આપત્તિમાં પણ ભાવથી ચલિત થતા નથી. આપત્તિ તેમને સંપત્તિ રૂપ લાગે છે.

દુર્ભિક્ષના સમયે ઉપદ્રવો દાતાના દાનના આશયરૂપી રત્નને ભેદી શકતા નથી, તેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની આપત્તિઓ શુભ સમાચારીસ્થિત સાધુના ભાવચારિત્રનો નાશ કરી શકતી નથી. રોગાદિથી પીડિત, અસમર્થ સાધુ, સિદ્ધાંતમાં કહ્યા મુજબના સાધુપણાનું પાલન ન કરી શકે, તો પણ પોતાના ધૈર્ય કે પરાક્રમને છૂપાવે નહિ અને કપટરહિત થઈને ક્રિયા કરે, તો તે ભાવ સાધુ જ છે.

અતૃપ્તિ-શ્રદ્ધા : બીજી 'અતૃપ્તિ' સ્વરૂપ શ્રદ્ધાનું લક્ષણ આ પ્રમાણે છે : તૃપ્તિ એટલે સંતોષ. જ્ઞાનના વિષયમાં કે ચારિત્રનાં અનુષ્ઠાનની બાબતમાં 'બસ આટલું જ પર્યાપ્ત છે.' એવી તૃપ્તિ ક્યારેય ન કેળવે. નવું નવું શ્રુત પ્રાપ્ત કરવામાં ઉત્સાહિત બને. સિદ્ધાંતમાં કહ્યું છે કે, જેમ જેમ મુનિ અતિશય રસપ્રચુર, વિસ્તૃત અને અપૂર્વ શ્રુતનું અવગાહન કરતો જાય, તેમ તેમ વધુને વધુ શ્રદ્ધા અને સંવેગ દ્વારા આનંદિત બને છે. જે શાસ્ત્રો અર્થથી મોહનો ક્ષય કરનારા તીર્થંકરોએ કહ્યા છે અને મહાબુદ્ધિમાન ગૌતમ સ્વામી, સુધર્મા સ્વામી વગેરેએ સૂત્રરૂપે રચ્યાં છે, તે સૂત્રો સંવેગાદિ ગુણને ઉત્પન્ન કરનારા છે. માટે નવીન જ્ઞાનનું ઉપાર્જન કરવા સદા યત્ન કરવો.

ચારિત્રના વિષયમાં વિશુદ્ધ, વિશુદ્ધતર સંયમસ્થાનોની પ્રાપ્તિ માટે સર્વ અનુષ્ઠાન, શુદ્ધભાવને ઉપયોગપૂર્વક કરે. અપ્રમત્તભાવે કરાયેલાં સાધુપણાના અનુષ્ઠાનો ઉત્તરોત્તર સંયમકંડકમાં આરોહણ કરાવવા દ્વારા કેળવજ્ઞાનનો લાભ

કરાવે છે. આગમમાં કહ્યું છે કે, શ્રી જૈન શાસનમાં જેટલાં યોગો કહ્યા છે, તેમાંથી એક એક યોગનો કર્મના ક્ષય માટે પ્રયોગ કરીને અનંતા જીવોએ કૈવલ્ય પ્રાપ્ત કર્યું છે.

તપસ્વી વગેરેની વૈયાવચ્ચ, પ્રમાર્જના, પ્રતિલેખન, વગેરેમાં યથાશક્તિ શુદ્ધભાવપૂર્વક અચલમુનિની જેમ પ્રયત્ન કરે.

શુદ્ધદેશના શ્રદ્ધા : 'શુદ્ધદેશના' શ્રદ્ધાનું સ્વરૂપ આ પ્રમાણે છે : પ્રથમ દેશનાના અધિકારી કહીએ : સંવિજ્ઞ અને ગીતાર્થ આચાર્ય પાસે જેણે સમ્યક્ પ્રકારે પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને તાત્પર્યાર્થ દ્વારા તત્ત્વસ્વરૂપ સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે ધર્મદેશનાનો અધિકારી છે.

પદ, વાક્ય, મહાવાક્ય, તાત્પર્ય : આ ચાર શ્રુતના ભાવને જાણવાના પ્રકાર છે. આ ચાર પ્રકારથી પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણવામાં આવે છે. ઈતરથા નિયમથી અનિષ્ટ ફળ મળે છે.

ઉપરોક્ત રીતે જ્ઞાન પ્રાપ્ત કરીને પણ ગુરુની આજ્ઞાપૂર્વક ધર્મદેશના કરે. માત્ર વાચાળતાથી સ્વતંત્રપણે ધર્મદેશનાના અધિકારી બનાતું નથી. આમ, ધર્મરૂપી ધનને યોગ્ય હોય તે, સ્વ-પર પક્ષમાં રાગદ્વેષ રહિત, મધ્યસ્થ અને સદ્ભૂતવાદી હોય તે ધર્મદેશના કરે.

ધર્મદેશનાનું સ્વરૂપ : સમ્યક્ પ્રકારે પાત્રના ધર્મો (લક્ષણો)ને જાણીને ધર્મદેશના કરે. 'પાત્રધર્મ' એટલે શ્રોતાનો આશય. **'अवगतपात्रस्वरूपः'** ધર્મ સાંભળવાને યોગ્ય પાત્ર ત્રણ પ્રકારના છે : બાલ, મધ્યમ, પંડિત.

**बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम्।**
**आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन॥**

બાલ બુદ્ધિ જીવો લિંગ જુએ છે, મધ્યમબુદ્ધિ જીવો આચરણનો વિચાર કરે છે અને બુધ જીવો સર્વ યત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે.

આ ત્રણેને દેશના આપવાનો વિધિ આ પ્રમાણે છે : બાલજીવોને બાહ્ય ચારિત્ર્ય પ્રવૃત્તિની પ્રધાનતાનો ઉપદેશ આપવો અને ઉપદેશ કે સ્વયં બાલસમક્ષ બાહ્યક્રિયાપ્રધાન ચારિત્રાસારનું સેવન કરવું. લોચ કરવો, પગમાં ચંપલ-મોજા વગેરે ન પહેરવા, જમીન પર માત્ર ઉનનું એક આસન અને તે ઉપર ઉત્તરપટ્ટો (સુતરાઉ વસ્ત્ર) બિછાવીને સૂવું, બે પ્રહરની જ નિદ્રા લેવી,

ઠંડી-ગરમીને સહન કરવી, ઉપવાસ-છઠ્ઠ વગેરે અનેક પ્રકારનાં તપ કરવાં, ઉપકરણ અલ્પ રાખવાં, ઉપધિ નિર્દોષ લેવી, આહાર શુદ્ધિપૂર્વક લેવો, વિવિધ પ્રકારનાં અભિગ્રહ લેવા, વિગઈનો ત્યાગ કરવો, એક કોળીયાથી પારણું કરવું, અનિયત વિહાર કરવો, નવકલ્પવિધિ સાચવવો, કાયોત્સર્ગ કરવા ઈત્યાદિ ચારિત્રની બાહ્યક્રિયાઓ સ્વયં કરવી અને બાલજીવોને ઉપદેશ પણ આવી બાહ્યક્રિયાનો જ કરવો.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સ્વરૂપ અષ્ટ પ્રવચનમાતાનું મોક્ષાર્થીએ અવશ્ય પાલન કરવું આ અષ્ટપ્રવચનમાતા સાધુઓના જીવનમાં પ્રધાન હોય છે, તેથી તેમને સંસારનો ભય રહેતો નથી. ગુર્વાજ્ઞામાં રહેવું, ગુરુનું બહુમાન કરવું વગેરે પરમગુરુપણાંનું બીજ છે. તેનાથી જ મોક્ષ મળે છે, ઈત્યાદિ વાતો મધ્યમબુદ્ધિ જીવને વારંવાર કહેવી.

બુધને આગમનું પરમતત્ત્વ સમજાવવું. પરમાત્માના વચનની આરાધનામાં ધર્મ છે અને વિરાધનામાં અધર્મ છે, દરેક સુધર્મનું ગુહ્ય-રહસ્ય આ જ છે, વગેરે સમજાવવું. અથવા પારિણામિક, અપારિણામિક અને અતિપારિણામિક આ ત્રણ પ્રકારનાં પાત્રો હોય છે.

શ્રદ્ધાવાન (ધર્મદેશક) પાત્રનું સ્વરૂપ જાણીને તેના ઉપકાર માટે શુભપરિણામોની વૃદ્ધિ કરનાર આગમનવચનોનું કથન કરે. ધર્મોપદેશક, (શ્રેણિક મહારાજાને મહાનિર્ગ્રંથે ઉપદેશ આપ્યો હતો તેમ) મોક્ષના વૈરી ઉત્સૂત્રનું વર્જન કરે.

પ્રશ્ન : દેશના એટલે ધર્મોપદેશ, ભાવસાધુએ જીવોનો ભેદભાવ રાખ્યા વિના દેશના કરવી જોઈએ. પાત્ર-અપાત્રનો વિચાર શા માટે કરવો જોઈએ ?

ઉત્તર : આ વાત યોગ્ય નથી. નીરોગી વ્યક્તિને દૂધ ગુણ કરે છે. પણ સન્નિપાતના રોગીને એ જ દૂધની વિપરીત અસર થાય છે. આથી પરિચારકો તેને દૂધ નથી આપતા, પણ કાથો વગેરે કડવી વસ્તુ જ આપે છે. સન્નિપાતના રોગીને દૂધથી દૂર રાખવામાં 'પરિચારકનો ભાવ વિષમ છે.' એવું કહેવાતું નથી. દેશનામાં પણ આ જ પ્રકારનો વિવેક કરવો જરૂરી છે. સર્વપ્રકારનું દાન પાત્રને આપવામાં આવે, તો જ કલ્યાણ-ફળને પામે છે. પાત્ર એટલે યોગ્ય ગ્રાહક. જે જીવાદિ પદાર્થોનો જાણકાર હોય, સમભાવ પૂર્વક જીવોની રક્ષા

કરવામાં ઉદ્યત હોય, તેવા સાધુને સુપાત્ર કહેવાય છે. તેને આપેલું દાન કલ્યાણ ફળને આપે છે. જેણે આશ્રવના દ્વારો બંધ કર્યા નથી એવા કુપાત્રને અપાતું દાન સંસારના દુઃખો વધારે છે. આ તો અન્નાદિ વસ્તુના દાનની વાત થઈ, તેના દાનમાં પણ વિવેક જરૂરી છે, તો દેશનાદિ સ્વરૂપ શ્રુતજ્ઞાન તો વિશેષતઃ ધ્યાનપૂર્વક કુપાત્રને ન અપાઈ જાય, તેનું ધ્યાન રાખવું શાસ્ત્રકારોએ જરૂરી ગણ્યું છે.

રાગી, દ્વેષી કે પૂર્વગ્રહી વ્યક્તિ ઉપદેશ સંભળાવવાને યોગ્ય નથી. મધ્યસ્થ પુરુષ ઉપદેશના અધિકારી છે. આથી અપાત્રને અપાતી દેશના તેના મિથ્યાત્વમાં વધારો કરે છે. અપાત્ર માર્ગસ્થ ઉપદેશકનો દ્વેષી બને છે, વસતિ આદિનો વ્યવચ્છેદ કરે છે, એટલું જ નહીં પ્રાણનાશક ઉપદ્રવ પણ કરી શકે છે, માટે પણ અપાત્રને દેશના નહીં આપવી. જે પાત્રને દેશના આપે છે તેની જ ગીતાર્થો પ્રશંસા કરે છે.

પ્રશ્ન : તમે કહ્યું કે 'જે સૂત્રમાં હોય તેની જ પ્રરૂપણા કરવી' પરંતુ જે વાત સૂત્રમાં નથી અને લોકોમાં વિવાદાસ્પદ હોય, તેવા વિષયનો પ્રશ્ન આવે તો ગીતાર્થે શું કરવું ?

ઉત્તર : જે વાતનું સૂત્રમાં કથન ન હોય અને નિષેધ પણ ન હોય, તેવી વાતો જો લોકોમાં લાંબા સમયથી પ્રસિદ્ધ હોય, તો ભવભીરુ ગીતાર્થ તે વાતનો પોતાની મતિકલ્પનાથી વિરોધ ન કરે ગીતાર્થોના ચિત્તમાં આ વાત સદા પ્રગટ હોય છે.

સંવિજ્ઞ, ગીતાર્થ, મોક્ષાભિલાષી, સમકાલીન ઉપસ્થિત શ્રુતના જાણકાર, વિધિમાર્ગ રસિક, વિધિનું બહુમાન કરનારા એવા પૂર્વસૂરિઓના નાયકોએ જે વાતનો નિષેધ નથી કર્યો. બધાં જ ધર્મી લોકો જે વ્યવહારને આચરે છે, તે વ્યવહારનો વિશિષ્ટ જ્ઞાની વિના કોણ વિરોધ કરી શકે ? પૂર્વાચાર્યોની આશાતનાથી ડરનારો ન જ કરે.

સંવિજ્ઞતાદિ ગુણોથી ભૂષિત ગીતાર્થ આવું વિચારે કે "સૂત્રથી નિરપેક્ષપણે પ્રરૂપણા કરવી તે અગ્નિમાં પ્રવેશ કરવા કરતાં પણ ભયંકર સાહસ છે." ઉત્સૂત્રપ્રરૂપણા અને સૂત્ર નિરપેક્ષ દેશના ખરાબ ફળ આપે છે, એવું જાણવા છતાં જેઓ કરે છે, તેઓનો મરીચિની જેમ સંસાર વધી જાય

છે. “ઉત્સૂત્ર આચરણ કરનારા જીવો ચીકણાં કર્મ બાંધે છે. તેઓ માયામૃષાવાદી છે. સંસારવર્ધક છે. જેઓ ઉન્માર્ગનો ઉપદેશ કરે છે અને સન્માર્ગનો નાશ કરે છે, તે જીવો ગૂઢ હૃદયવાળા હોય છે. કપટી, ધૂર્તાચારી, શલ્યયુક્ત હોય છે. તેમને તિર્યંચનું આયુષ્ય બંધાય છે. ઉન્માર્ગનો ઉપદેશ આપીને ભગવંતના માર્ગનો/ચારિત્રધર્મનો નાશ કરનારા સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલા છે કે થવાના છે. તેમનું મોઢું જોવું પણ યોગ્ય નથી.” આવાં આગમવચનો સાંભળવા છતાં પણ આગ્રહગ્રસ્ત બનીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારાઓ દુસ્તર સંસાર-સાગરમાં ડૂબે તેમાં કોઈ શંકા નથી.

પ્રશ્ન : શું શાસ્ત્રોને જાણ્યા પછી પણ કોઈ ઉત્સૂત્ર-પ્રરૂપણા કરી શકે ?

ઉત્તર : કરે. દુષમ કાળમાં વક્ર અને જડ જીવો રહેવાના. જેમને ભયાનક સંસારનો ભય નથી એવા જીવો સ્વમતિલ્પિત કુયુક્તિઓ દ્વારા વિધિમાર્ગનો નિષેધ કરતા, શાસ્ત્રમાં અનિષિદ્ધ પ્રવૃત્તિઓનું ખંડન કરતા ને કેટલીક આગમવિરોધિ પ્રવૃત્તિ કરતા જોવા મળે છે. પૂર્વપુરુષોની પરંપરાને અવિધિ કહે છે અને પોતાની પ્રવૃત્તિને વિધિ કહે છે, આવા જીવો મહાસાહસિક છે.

પ્રશ્ન : તેમની પ્રવૃત્તિની પ્રશંસા થઈ શકે કે નહીં ?

ઉત્તર : વિશુદ્ધ આગમાનુસારી શ્રદ્ધાવાળા ગીતાર્થો સૂત્રના સંવાદ વિનાની કોઈ પ્રવૃત્તિની પ્રશંસા ન કરે. આવી પ્રવૃત્તિની અવધારણા કરે એટલે કે તેની નિરાદર મધ્યસ્થભાવપૂર્વક ઉપેક્ષા કરીને શાસ્ત્રાનુસારે શ્રોતાજનોને ઉપદેશ આપે.

સ્ખલિત-પરિશુદ્ધિ શ્રદ્ધા : મૂલગુણ, ઉત્તરગુણની મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ અતિચાર છે. ચારિત્રરૂપી ચંદ્રમા પર દૂષણ સમાન છે. અતિચાર નામનું દૂષણ દસ પ્રકારે લાગે છે. દર્પથી, પ્રમાદથી, અજ્ઞાનથી, રોગને કારણે, આપત્તિને કારણે, શંકાને કારણે, બળાત્કારથી, ભયથી, દ્વેષથી, અને શિષ્યની પરીક્ષાને કારણે.

પૂર્વોક્ત કારણોથી ચારિત્રમાં અતિચાર લાગે તો તેને ગુરુ સમક્ષ પ્રગટ કરી પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધ કરે. જેને નિર્મળ શ્રદ્ધા અને નિષ્કલંક ધર્મની અભિલાષા હોય, તે જ શુદ્ધિ કરી શકે. આવી શ્રદ્ધાવાળો મુનિ અભિવેશ

અસદાગ્રહથી રહિત હોય છે, આથી જ સુ-પ્રજ્ઞાપનીય હોય છે.

પ્રશ્ન : શું સાધુઓને પણ અસદાગ્રહ હોય ?

ઉત્તર : મતિમોહને કારણે સાધુઓને પણ અસદાગ્રહ બંધાય. મતિમોહ કેવી રીતે થાય ? તે કહીએ છીએ. શાસ્ત્રોમાં સાત પ્રકારના સૂત્ર કહ્યા છે : વિધિસૂત્ર, ઉદ્યમસૂત્ર, વર્ણકસૂત્ર, ભયસૂત્ર, ઉત્સર્ગસૂત્ર, અપવાદસૂત્ર અને ઉભયસૂત્ર.


આ સૂત્રો : સ્વસમય-પરસમય, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા વગેરે અનેક પ્રકારના નયોનો મત પ્રકાશિત કરે છે. સૂત્રનો અભિપ્રાય સૂક્ષ્મ બુદ્ધિથી જ જાણી શકાય છે. તે વિના સૂત્રના વિષયવિભાગને નહીં જાણવાથી અને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી મતિમોહ થાય છે. મતિમોહથી ઘેરાયેલો જીવ જમાલિની જેમ પોતાને અને પોતાના ઉપાસકોને અસદાગ્રહમાં ખેંચી જાય છે. આવો ગૂઢ જીવ જો અર્થી અને વિનીત હોય, તો સંવિજ્ઞ, ગીતાર્થ, પરોપકરણ રસિક ગુરુ તેની દુર્ગતિ ન થાય તે માટે સમજાવે. આગમિક યુક્તિ દ્વારા યોગ્ય હોય તો પ્રતિબોધ પામી જાય. અયોગ્યને તો સર્વજ્ઞ પણ સમજાવી શકતા નથી. યોગ્ય જીવ સુનંદરાજર્ષિ જેવા સરળ હોય છે.

(અજ્ઞાનતિમિરભાસ્કર ખંડ-૨)

ચૂલિકા :

સૂત્રાદિકા તત્ત્વજ્ઞાન કેવલ અક્ષરાર્થોંસે નહીં હોતા હૈ. ગુરુ મહારાજ જબ ઉત્સર્ગ ઔર અપવાદ સમઝાવે, સપ્તભંગી ઔર નયનિક્ષેપાદિ સમઝાવે, વિધિસૂત્ર, ઉપદેશસૂત્ર, ભયાનક સૂત્ર, વિવરણ સૂત્ર વગેરેહ સમઝાવે, તબ ગીતાર્થ હોતા હૈ. પગારદાર શાસ્ત્રીજી કે પાસ પઢનેસેં કોઈ ગીતાર્થ નહીં બન સકતા.

વિજયાનંદસૂરિજી મહારાજા
શાંતિસાગરને વાદમાં જીત્યા પછી
હિતશિક્ષારૂપે કહેલા વચન



ગ્રંથનામ : જૈન તત્ત્વાદર્શ
કર્તા : આ.શ્રી વિજય આનંદસૂ.મ.
ભાષા : જૂની હિંદી
સમય : ૨૦મી સદી

(૪૧)

## આનંદનું અવતરણ

જૈન મતમાં ગુરુનાં લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યા છે :

(૧) જે અહિંસાદિ પાંચ મહાવ્રતોને ધારણ કરતા હોય અને તેનું પાલન કરતા હોય.

(૨) આપત્તિમાં પણ ધારણ રહેલા વ્રતોને કલંકિત ન થવા દે.

(૩) ચારિત્ર ધર્મના અને શરીરના નિર્વાહ માટે જ બેતાલીસ દોષ રહિત આહાર લે. આહાર પણ પેટ ભરીને ન કરે, આહાર માટે અન્ન પાણી રાત્રે ન રાખે.

(૪) ધર્મસાધનામાં ઉપયોગી ઉપકરણો સિવાય કોઈ વસ્તુનો સંગ્રહ ન કરે.

(૫) રાગદ્વેષના પરિણામથી રહિત મધ્યસ્થ રહેવાનો પ્રયત્ન કરે.

(૬) જીવોના ઉદ્ધાર માટે શ્રી અરિહંત પરમાત્માઓએ જે ધર્મનો ઉપદેશ આપ્યો છે, તેનો જ ઉપદેશ આપે. જ્યોતિષ શાસ્ત્ર, અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર,

વૈદ્યકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજકારણ વગેરે શાસ્ત્રો-જેનાથી ધર્મને બાધા પહોંચે, તેનો ઉપદેશ ક્યારેય ન આપે. કારણ કે આ બધા લૌકિક શાસ્ત્રો બુદ્ધિમાન પુરુષો સ્વયમેવ શીખી લે છે અને નવાંનવાં સાંસારિક વિદ્યાના પુસ્તકો તેઓ બનાવે પણ છે. અંગ્રેજોની બુદ્ધિ જોઈને ભારતવાસીઓ પણ આ વિદ્યાઓમાં નિપુણ થઈ રહ્યા છે. આથી તે વિદ્યાઓનો સાધુએ ઉપદેશ કરવાની જરૂર નથી. સાધુએ તો માત્ર ધર્મોપદેશ જ આપવો જોઈએ. કેમ કે જીવોને ધર્મ પ્રાપ્ત થવો જ કઠણ છે.

- જૈન તત્ત્વાદર્શ

ગુરુઓ આઠ પ્રકારના હોય છે. તેમને ઉપમા પણ આઠ આપવામાં આવી છે.

પ્રથમ પ્રકારના ચાસ પક્ષી જેવા છે. ચાસ પક્ષી દેખાવમાં સુંદર હોય છે પરંતુ તેમનો અવાજ સારો હોતો નથી. એ કીટભક્ષણ કરે છે તેથી તેની ક્રિયા પણ સારી નથી.

કેટલાક નામધારી ગુરુઓ ચાસપક્ષી જેવા હોય છે. તેમનો વેષ સુવિહિત સાધુ જેવો જ હોય છે. પણ તેઓ ઉત્સૂત્ર-પ્રરૂપણા કરતા હોવાથી ઉપદેશ શુદ્ધ હોતો નથી, મૂલોત્તરગુણ સ્વરૂપ ક્રિયા પણ સારી હોતી નથી, તેઓ પ્રમાદી હોય છે, નિરવદ્ય આહારની ગવેષણા કરતા નથી. સચિત્ત પાણી, ફૂલ, ફળ, અનેષણીય આહાર, જીવહિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન, સ્નાન વગેરે ગૃહસ્થનાં કર્તવ્યો કરે છે માટે તેઓ ગૃહસ્થ તુલ્ય જ છે. અરે ! સાધુ વેષની વિટંબણા કરનારા હોવાથી ગૃહસ્થ કરતા વધારે ખરાબ છે. વર્તમાનમાં આવા ગુરુઓ ઘણા જોવા મળે છે. તેમના નામ અમે નથી લખતા. અતીત કાળમાં આ પ્રકારના ગુરુઓના દૃષ્ટાન્ત તરીકે 'કૂલવાલક' વગેરે જાણવા. કૂલવાલક વેષથી સાધુ જ હતો, પણ માલવિકા નામની ગણિકામાં આસક્ત હતો, તેથી ક્રિયામાં શુદ્ધ ન હતો. વિશાલા નગરીના ભંગમાં તે નિમિત્ત બન્યો. આમ તેણે મહાઆરંભ પ્રવર્તક ઉપદેશ આપ્યો, તેથી ઉપદેશ શુદ્ધ ન હતો. એ સામાન્ય સાધુ હોવાથી તેને ઉપદેશનો અધિકાર ન હતો.

આમ, (૧) મહાવ્રતાદિથી રહિત (૨) ગુરુકુલવાસ ત્યાગી હોવાથી ઉત્સૂત્ર પ્રરૂપક (ગુરુકુલવાસનો ત્યાગ કરનારો ક્યારેય શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરી શકે નહીં) અને (૩) માત્ર યતિવેષ ધારક પ્રથમ પ્રકારના ગુરુ છે.

બીજા પ્રકારના ગુરુ 'કૌંચ' પક્ષી જેવા છે. કૌંચ પક્ષી દેખાવમાં સુંદર નથી, કીટભક્ષણ કરે છે, તેથી તેની ક્રિયા પણ સારી નથી. માત્ર તેનો અવાજ મધુર હોય છે.

કેટલાક ગુરુઓમાં ચારિત્રધારક સાધુ જેવો વેશ હોતો નથી. તેઓ પ્રમાદી હોય છે. ક્રિયામાં શિથિલ હોય છે. પરંતુ તેમનો ઉપદેશ શુદ્ધ હોય છે. શુદ્ધ પ્રરૂપણા કરે છે. પ્રમાદને કારણે પરિવ્રાજક વેષ ધારણ કરનારા 'મરીચિ' આનું દૃષ્ટાન્ત છે.

અથવા પાસત્થા પણ આના દૃષ્ટાંત તરીકે કહી શકાય. પાસત્થામાં સુવિહિત સાધુ જેવો વેષ પ્રાયઃ હોતો નથી. ક્રિયામાં તેઓ શિથિલ હોય છે. વસ્ત્રની પ્રતિલેખના શુદ્ધ કરતા નથી. પ્રમાણ વિનાનાં દશીવાળાં વસ્ત્રો પહેરે છે. તે પણ સાધુની જેમ નહીં, પરંતુ પછેડી વાળીને પહેરે છે. તેમ છતાં તેઓ શુદ્ધ પ્રરૂપક હોય છે. યથાછંદ સિવાયના પાસત્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ આ પાંચ પ્રકારના ગુરુ છે. ચારે શુદ્ધ પ્રરૂપક હોઈ શકે છે.

પ્રતિદિન દસ માણસને પ્રતિબોધ આપનાર 'નંદિષેણ'નો સમાવેશ આ ભેદમાં થઈ શકે નહિ. કારણ કે તેઓ શ્રાવકલિંગે હતા.

ત્રીજા પ્રકારના ગુરુ 'ભ્રમર' જેવા હોય છે : ભ્રમર દેખાવે સુંદર નથી. તેનો સ્વર પણ ઉદાત્ત કે મધુર નથી. માત્ર ક્રિયા સારી છે. ફૂલોને દુઃખ આપ્યા વિના તેની પરિમલનું પાન કરે છે. કેટલાક ગુરુઓમાં સાધુવેશ નથી, ઉપદેશ પણ નથી. માત્ર શુદ્ધ ક્રિયા છે. પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ ઈત્યાદિ આમાં દૃષ્ટાંત છે. પ્રત્યેકબુદ્ધ વગેરે સાધુવેષમાં નથી હોતા. તેઓ ઉપદેશ પણ આપતા નથી. (આગમવચન મુજબ તેઓ ઉપદેશના અનાસેવક હોય છે) તેમની ક્રિયા શુદ્ધ હોય છે. માત્ર ક્રિયાના બળે તેઓ તે જ ભવમાં મોક્ષ મેળવે છે.

તીર્થંકર દેવો સ્વયંસંબુદ્ધ હોય છે, છતાં તેમનો સમાવેશ આ પ્રકારના

ગુરુઓમાં નથી, કારણ કે સાધુ હોવા છતાં તીર્થગત સાધુઓ સાથે પ્રવચનથી અને લિંગથી સાધર્મ્ય નથી.

ચોથા પ્રકારના ગુરુ 'મોર' જેવા હોય છે : મોર પાસે મનોહર રૂપ છે. કેકારવ કરે છે, તેથી શબ્દ પણ મધુર છે. પરંતુ મોર નિર્દય પક્ષી છે. સાપ-કીડાં વગેરે ખાય છે, તેથી ક્રિયા સારી નથી.

કેટલાંક ગુરુઓનો વેષ અને ઉપદેશ સરસ હોય છે, પણ ક્રિયા સારી નથી હોતી. જેમ કે મંગુ નામના આચાર્ય.

પાંચમા પ્રકારના ગુરુ 'કોયલ' જેવા હોય છે : કોયલનો શબ્દ સરસ છે, પંચમ સૂરમાં ગાય છે. આંબાની મહોર જેવી પવિત્ર વસ્તુઓનું ભક્ષણ કરે છે, તેથી ક્રિયા પણ સારી છે. પણ કોયલનો દેખાવ સારો નથી. કાગડા કરતાં પણ તે વધુ કાળી હોય છે.

કેટલાક ગુરુઓમાં ઉપદેશ અને આચાર તો સુંદર હોય છે, પણ કોઈ કારણોસર સાધુવેષ હોતો નથી. પોતાની બહેન સરસ્વતી સાધ્વીને છોડાવવા યતિવેષનો ત્યાગ કરનાર શ્રી કાલકાચાર્ય આનું દૃષ્ટાંત છે.

છઠ્ઠા પ્રકારના ગુરુ 'હંસ' જેવા હોય છે : હંસનું રૂપ સુંદર હોય છે, એ તો પ્રસિદ્ધ છે. કમળની નાળ જેવી વસ્તુ આરોગે છે, તેથી ક્રિયા પણ શુદ્ધ છે.

કેટલાક ગુરુઓમાં વેષ અને ક્રિયા તો હોય છે, પણ ઉપદેશ હોતો નથી. ઉપદેશના અનધિકારી હોવાથી તેમને ગુરુઓને ઉપદેશની આજ્ઞા આપી હોતી નથી. ધન્નાજી, શાલિભદ્રજી વગેરે મહાઋષિઓ આના ઉદાહરણ છે. સામાન્ય રીતે નિશીથ સૂત્રનો અભ્યાસી જઘન્ય ગીતાર્થ ગણાય છે. તે જ ઉપદેશનો અધિકારી છે, એવું શાસ્ત્રવચન છે. ધન્નાજી અને શાલિભદ્રજી તો અગિયાર અંગના અભ્યાસી હતા તેમ છતાં તેમને ઉપદેશનો અધિકાર મળ્યો નથી. મતલબ કે નિશીથ સૂત્રના અભ્યાસીને ઉપદેશનો અધિકાર છે, એમ નહીં. ઉપદેશના અધિકારીએ જઘન્યથી નિશીથ સૂત્રનો અભ્યાસ કરવો જ જોઈએ. એમ સમજવાનું છે.

સાતમાં પ્રકારના ગુરુ 'પોપટ' જેવા હોય છે. પોપટ તરીકે અહીં પ્રગલ્ભ પોપટ સમજવાનો છે. પોપટનું રૂપ રમણીય છે. આંબો, દાડમ જેવા

ફળોનો આહાર કરે છે, તેથી ક્રિયા પણ સારી છે, વચન પણ મધુર છે. કેટલાક ગુરુઓના વેષ, ઉપદેશ અને ક્રિયા ત્રણેય શુદ્ધ હોય છે. આવા ગુરુઓ પરમ પવિત્ર હોય છે. જંબૂસ્વામી, વજ્રસ્વામી વગેરે આના ઉદાહરણ છે.

આઠમા પ્રકારના ગુરુ 'કાગડા' જેવા હોય છે : કાગડાનું રૂપ સારું નથી, તેની વાણી કર્કશ છે, તેની ક્રિયાઓ પણ સારી નથી, રોગી અને વૃદ્ધ બળદોની આંખો ફોડવી, ચાંચ ઘસવી, જાનવરોના રુધિર, માંસ, મલ વગેરે અશુચિ વસ્તુનો આહાર કરવો. આમ તેની તમામ ક્રિયાઓ ગર્હણીય છે.

કેટલાક ગુરુઓ વેષ, ઉપદેશ અને ક્રિયા, ત્રણેયથી રહિત હોય છે. અશુદ્ધ પ્રરૂપક યથાછંદ વગેરે આના દૃષ્ટાંત તરીકે જાણવા. દરેક પરતીર્થી પણ આમાં જ સમાવવા આ આઠેય પ્રકારના ગુરુઓના ભાંગામાં

(૧) જે ભાંગા ક્રિયા રહિત (સંયમ રહિત) છે, તે ત્યાજ્ય છે : (એક, બે, ચાર, આઠ)

(૨) ક્રિયા સહિતના ભાંગા આદરણીય છે (ત્રણ, પાંચ, છ, સાત)

(૩) જે ઉપદેશ વિકલ ભાંગા છે, તે સ્વતારક છે, પણ પરતારક નથી.

(૪) જે ભાંગા અશુદ્ધ ઉપદેશના છે, તે સર્વથા ત્યાજ્ય છે. (એક, આઠ)

(૫) શુદ્ધ ઉપદેશક અને ક્રિયાવાન ભાંગો આદરણીય છે. (પાંચ)

(૬) ત્રણેયના સંગમવાળો પક્ષ સર્વોત્તમ છે (સાત)

(૭) શુદ્ધ ગુરુના અભાવમાં શુદ્ધ પ્રરૂપક પાસત્થાદિ ચાર પાસે ઉપદેશ સાંભળવો અપવાદપદે સંમત છે.

વાચકોની સુવિધા માટે નીચે કોષ્ટક મૂકવામાં આવે છે.

| ગુરુ | ઉપમા | સ્વરૂપ | ઉપદેશ | ક્રિયા | દૃષ્ટાંત | ઉપાદેયતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ચાસ | શુદ્ધ | અશુદ્ધ | અશુદ્ધ | કૂલવાલક | સર્વથા ત્યાજ્ય |
| ૨ | ક્રૌંચ | અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | મરીચિ, પાસત્થા | ત્યાજ્ય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | ભ્રમર | અશુદ્ધ | નથી | શુદ્ધ | પ્રત્યેકબુદ્ધ | આદરણીય |
| ૪ | મોર | શુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | મંગુઆચાર્ય | ત્યાજ્ય |
| ૫ | કોયલ | અશુદ્ધ | શુદ્ધ | શુદ્ધ | કાલકાચાર્ય | આદરણીય |
| ૬ | હંસ | શુદ્ધ | નથી | શુદ્ધ | ધન્ના શાલિભદ્ર | આદરણીય |
| ૭ | પોપટ | શુદ્ધ | શુદ્ધ | શુદ્ધ | જંબૂસ્વામી | |
| ૮ | કાગડો | અશુદ્ધ | અશુદ્ધ | અશુદ્ધ | યથાચ્છંદ, પરતીર્થી | સર્વથા ત્યાજ્ય |

**ચૂલિકા :**

મેં અપની શક્તિ અનુસાર ભવ્ય જીવો કે આગે સત્ય બાત પ્રગટ કરુંગા. જીસકો રુચેગા વહ ગ્રહણ કર લેગા જીસકો ન રુચેગા તીસકી મૈં સત્ય કી ખાતિર પરવા ન કરુંગા.

- વિજયાનંદસૂરિજી

•

(૪૨)

## કેટલીક વાતો વિજ્ઞાન સંબંધી

કેટલાક ભવ્ય જીવોને એવા ખ્યાલ છે કે 'પાંચમાં આરામાં ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વીસ વર્ષનું હોય છે.' આ જીવો સમક્ષ જ્યારે એકસો વીસ વર્ષથી વધારે ઉંમરવાળી વ્યક્તિ રજૂ કરવામાં આવે, તો તેઓ માનતા નથી. તેઓ એની ઉંમરને જૂઠી જ માનશે. કોઈ અંગ્રેજના મોંઢે તેઓ સાંભળે કે "ભૂતાનમાં એકસો પચાસ, બસો, અઢીસો વર્ષની ઉંમરના જીવો હોય છે." પણ તેઓ તેમની વાત માનવાનો ઈનકાર કરે છે. કારણ કે આ ભોળા જીવો માને છે કે, "પરમાત્માનું વચન ક્યારેય ખોટું ન હોય. પરમાત્માએ ઉત્કૃષ્ટથી એકસો વીસ વર્ષનું જ આયુષ્ય કહ્યું છે." તેઓની શ્રદ્ધા દૃઢ છે જે પ્રશંસનીય છે પરંતુ ભોળપણને કારણે અજ્ઞાન છે તે ઠીક નથી.

પરંતુ જેમની શ્રદ્ધા આવી દૃઢ નથી અને જેઓ પોતાને બૌદ્ધિકમાં ખપાવે છે. બૌદ્ધિકતાના મદમાં જેઓ જમીન પર પગ પછાડતાં પછાડતાં ચાલે છે. તેઓ કદાચ જૈન હોય તો પણ શાસ્ત્રવચનની ઠેકડી ઉડાડે છે. સમગ્ર શાસ્ત્રને તેઓ જુઠા

કહેવાની હિંમત કરે છે. તેમના મનમાં શંકા થાય છે તેનું કારણ એ છે કે તેમણે સમગ્ર જૈન શાસ્ત્રોનો સંપૂર્ણપણે અભ્યાસ કર્યો નથી.

'ભરતક્ષેત્રમાં પાંચમાં આરામાં મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વીસ વર્ષ હોય' આ શાસ્ત્રોનું વચન સાપેક્ષ છે, નિરપેક્ષ નથી. ભરતક્ષેત્રમાં મોટે ભાગે એકસો વીસ વર્ષનું આયુષ્ય હોય છે, આ વચનનું તાત્પર્ય છે. એથી બહુલતાની દૃષ્ટિએ કહેવાયેલું શાસ્ત્રવચન વિપરીત જણાય તો પણ આશ્ચર્ય પામવા જેવું નથી. બીજા ઉદાહરણથી આ વાતને સમજીએ. શાસ્ત્રોમાં લખ્યું છે - 'તારામંડલમાં બધા જ તારાઓ મેરુ પર્વતને પ્રદક્ષિણા આપે છે' (આખું જ્યોતિષ્ચક્ર મેરુનો પ્રદક્ષિણા આપે છે અલબત્ત, અઢી દ્વીપાંતર્ગત) આ વાત દરેક જૈન માને છે. પરંતુ ધ્રુવનો તારો સ્થિર છે. એવું પ્રત્યક્ષ જોવા મળે છે. સપ્તર્ષિ નામનું તારાનું ઝુમખું - જે ધ્રુવના તારાની આસપાસ છે તે તેમજ બીજાં પણ કેટલાંક તારાઓ ધ્રુવના તારાને પ્રદક્ષિણા આપે છે. મેરુને પ્રદક્ષિણા નથી આપતાં આ હકીકત છે. અમે પ્રત્યક્ષ જોયું છે અને બીજાને બતાવી પણ શકીએ છીએ. તો શાસ્ત્રકારોએ કહ્યું કે 'બધા જ તારા મેરુને પ્રદક્ષિણા આપે છે' તે સાચી કેવી રીતે માનવી ?

આનું સમાધાન એ છે કે - પ્રથમ કથન ('બધા જ તારા મેરુને પ્રદક્ષિણા આપે છે' આ કથન) બહુલતાની અપેક્ષાએ સમજવું. એટલે કે - 'મોટા ભાગનું તારામંડલ મેરુને પ્રદક્ષિણા આપે છે. કેટલાંક તારાઓ ધ્રુવની આસપાસ ફરે છે.' શ્રી સંગ્રહણી સૂત્ર અને શ્રી વિશેષણવતીમાં શ્રી જિનભદ્રગણિજી ક્ષમાશ્રમણે આ જ સમાધાન આપ્યું છે. તેમણે કહ્યું છે કે - મેરુપર્વતની ચારે તરફ ચાર ધ્રુવ છે, આ ચારે ધ્રુવની આસપાસ એવા તારા છે જે ધ્રુવને જ પ્રદક્ષિણા આપે છે (આપણું ભરતક્ષેત્ર મેરુપર્વતથી દક્ષિણમાં છે અને ભરતક્ષેત્રથી ધ્રુવનો તારો ઉત્તરમાં છે. તેથી ધ્રુવનો તારો મેરુપર્વતની નજીક હોવો જોઈએ, લગભગ પચીસ હજાર યોજનની અંદર.) આથી સમજી શકાય છે કે પૂર્વોક્ત શાસ્ત્રવચન બહુલતા અને અપેક્ષાથી યુક્ત છે. શાસ્ત્રોમાં કોઈ સ્થળે સ્થૂલ વ્યવહારનયથી કથન કર્યું હોય, ત્યાં સૂક્ષ્મતા અધિકારતા કે ન્યૂનતાની વિવક્ષા નથી હોતી તેથી એવા વચનોથી મૂંઝાઈ જવા જેવું નથી.

પંચમકાળમાં સાધિક સો વર્ષના આયુષ્યનું વિધાન પણ ઉપર મુજબ

બહુલતાની અપેક્ષાએ સમજવાનું છે. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં મધ્યખંડમાં મોટે ભાગે એકસો વીસ વર્ષનું આયુષ્ય હોય છે. ભરતક્ષેત્રમાં ત્રણસો વરસ જેટલું આયુષ્ય પણ હોઈ શકે છે. આ વિષયમાં એક દૃષ્ટાંત પણ છે. પરમાત્મા શ્રી મહાવીર દેવના નિર્વાણ પછી લગભગ પાંચસો પંચ્યાસી વર્ષે શ્રી આર્યરક્ષિતસૂરિજી થયા. તેઓ સાડા નવ પૂર્વના જ્ઞાતા હતા. એકવાર શક્ર નામના ઇંદ્ર વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ લઈને તેમની પાસે નિગોદનું વર્ણન સાંભળવા આવ્યા. પહેલો પ્રશ્ન તેમણે (એટલે ઇંદ્રે) એ પૂછ્યો કે 'ભગવન્ ! મારે અનશન સ્વીકારવું છે કૃપા કરીને મારું આયુષ્ય કેટલું બાકી છે તે કહેશો ?' શ્રી આર્યરક્ષિતસૂરિજીએ દશમા પર્વના યવ (નામ ચોક્કસ નથી) નામના અધ્યયનમાં ઉપયોગને મૂકીને જાણ્યું કે 'આ વ્યક્તિનું આયુષ્ય સો વર્ષથી વધારે છે' ફરી ઉપયોગ મૂકીને જાણ્યું કે 'બસ્સો વર્ષથી વધારે છે'. આ સમયે શ્રી આર્યરક્ષિતસૂરિજીને વિચાર આવ્યો કે 'આ મનુષ્ય ભરતક્ષેત્રનો નથી' (પછી તો તેમણે ઇંદ્રને ઓળખી લીધા અને પછી દૃષ્ટાંત પણ આગળ વધે છે. પરંતુ પ્રસ્તુત વિષયમાં દૃષ્ટાંતનો આટલો જ અંશ ઉપયોગી છે) આવશ્યક સૂત્રની ઉપોદ્‌ઘાત નિર્યુક્તિના સામાચારી અધ્યયનમાં આ દૃષ્ટાંત છે. આ કથાનકમાંથી તારણ એ નીકળે છે કે - ભરતવર્ષમાં મનુષ્યનું આયુષ્ય ત્રણસો વર્ષનું હોય તો આશ્ચર્ય નથી. કારણ કે શ્રી આર્યરક્ષિતસૂરિજીએ ત્રણસો વર્ષથી અધિક આયુષ્ય જોયું અને નક્કી કર્યું કે, મનુષ્ય ભરતક્ષેત્રનો નથી.

'શ્રી ઋષભદેવ ભગવાનની કાયા ૫૦૦ ધનુષ્ય પ્રમાણ હતી અને આયુષ્ય ચોર્યાસી લાખ પૂર્વનું હતું.' આ સાંભળીને કેટલાંક અંગ્રેજ કે ફારસી લોકો ઉપહાસ કરે છે કે આટલી અવગાહના (૧ ધનુષ્ય = ૪ હાથ.) અને આટલું આયુષ્ય (૧ પૂર્વ = ૭૦૫૬ ૦૦૦ ૦૦૦ ૦૦૦૦ (૧૦ મીંડા વર્ષ) કેવી રીતે સંભવે ?

આનું સમાધાન એ છે કે - જૈન સિદ્ધાંત મુજબ વર્તમાન કાળ અવસર્પિણી નામે ઓળખાય છે. આ કાળમાં પદાર્થોના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શક્તિ વગેરેથી હાનિ થતી જાય છે. આ અવસર્પિણીનો પ્રારંભ પહેલા આરાથી થયો છે. તેથી જ ભૂમિ આદિ સર્વ પદાર્થોના રસ-વીર્ય ઘટવા લાગ્યા છે. આ અવસર્પણના પ્રભાવથી જ મનુષ્ય-પશુ-પક્ષીઓની અવગાહના અને

આયુષ્ય ઘટતાં જાય છે. આ ઘટાડો થતાં થતાં અસંખ્ય કાળ વીતી ગયો છે. અને હજી પણ ઘટતાં ઘટતાં વર્તમાન સ્થિતિ કરતાં પણ અધિક ઘટાડો દેખાવાનો છે. આમ, પૂર્વની અપેક્ષાએ આયુષ્ય-અવગાહનાથી હીન હોય તેમાં આશ્ચર્ય નથી.

બીજું, જે પૃથ્વીમાં રસ અધિક હોય તે પૃથ્વી પર ઉગેલા અનાજ-વનસ્પતિમાં પણ રસ (પૌષ્ટિક તત્ત્વો) વધારે હોય છે. આ અનાજ ખાનારા મનુષ્યના શરીરમાં પણ વીર્યધાતુ વધે છે. જેમનામાં વીર્યધાતુ વધારે હોય તેમના સંતાન પણ બળવાન થાય છે. ગુજરાત કરતાં પંજાબની ભૂમિ વધારે રસવાળી છે આથી ગુજરાતી કરતાં પંજાબીઓ વધુ બળવાન અને કદાવર છે. પંજાબ કરતાં કાબુલની ભૂમિ વધારે રસવીર્ય વાળી છે ત્યાં મેવો સારો થાય છે તેથી તે ભૂમિના પુરુષો વધારે શક્તિશાળી છે,. આ તો વર્તમાનની વાત છે, અવસર્પિણી કાળમાં પૃથ્વીના રસવીર્ય ઘટતા જાય છે. પૂર્વના કાળની ભૂમિ આજની ભૂમિ કરતાં વધુ રસવીર્યવાળી હતી તેથી તે ભૂમિના અનાજપાણીને વાપરનારા આપણા કરતાં વધારે બળવાન અને કદાવર હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી.

કહેવાતા બુદ્ધિવાદીઓ માટે થોડાં આધુનિક (દાખલા) પ્રમાણ રજૂ કરીએ છીએ.

(૧) ઈસ્વીસન અઢારસો પચાસમાં 'મારુઆ' ગામની નજીક જમીન ખોદતા મનુષ્યના હાડપિંજર નીકળ્યા હતા. તે હાડપિંજરના જડબાનું હાડકું આપણા પગ જેટલું લાંબુ હતું. તેની ખોપડીમાં ચોવીસ સેર ઘઉં સમાઈ જતાં. તેના એક-એક દાંતનું વજન પોણો ઔંસ (બે તોલાથી થોડું ઓછું) હતું. 'કીન હોલોક્સ' નામના આ રાક્ષસની ઊંચાઈ પંદર ફૂટ છ ઈંચની હતી. તેના ખભાની પહોળાઈ પાંચ ફૂટની હતી. બીડો ફરગીશન નામનો એક શખ્સ (હાડપિંજર) અઠ્યાવીસ ફૂટનો હતો. આ અહેવાલ, 'ગુજરાતમિત્ર'ના અઢાર સપ્ટેમ્બર, અઢારસો બાણું, પુસ્તક-ત્રીસ, અંક-બારમાં છપાયેલો છે.

(૨) ઈસ્વીસન ત્રાણું તારીખ ઓગણીસ નવેંબરના મુંબઈથી બહાર પડતા ગુજરાતી સમાચારપત્રમાં લખ્યું છે કે - હંગેરીમાં એક દેડકાનું હાડપિંજર મળ્યું છે. લેવીરીન થોડોન તેનું નામ રાખવામાં આવ્યું છે આ દેડકાની બે

આંખોના ખાડા વચ્ચેનું અંતર અઢાર ઈંચ છે. ખોપડીનું વજન ત્રણસો બાર રતલ છે. આખા હાડપિંજરનું વજન અઢારસો સાઠ રતલ એટલે કે એક ટન જેટલું છે. આજકાલ ભલે આવા દેડકા દેખાતા ન હોય. પણ ભૂતકાળમાં આવા દેડકાઓની જાતિ અવશ્ય અસ્તિત્વમાં હતી.

(૩) પ્રોફેસર થીયોર્ડાર કુક પોતાના ભૂસ્તરવિદ્યા સંબંધી પુસ્તકમાં લખે છે કે, ભૂતકાળમાં ગરોળીઓ ઉડતી હતી અને તેમની પાંખો સત્તાવીસ ફૂટ લાંબી હતી.

જો ભૂતકાળમાં પ્રાણીઓ આટલા મોટા હતા તો મનુષ્યની અવગાહના મોટી હોય, તેમાં શું આશ્ચર્ય ? ભૂસ્તરવિદ્યાની શોધને સાચી માનનારા બુદ્ધિજીવીઓ જો ઉપર કહેલાં પ્રમાણ સાચાં માનતા હોય તો તેમણે જૈન સિદ્ધાંતમાં મનુષ્યની જે અવગાહના લખી છે તેને પણ સાચી માનવી જ જોઈએ.

માત્ર જૈન શાસ્ત્રોમાં નહીં, હિંદુ-ગ્રન્થોમાં પણ મોટી અવગાહના અને લાંબા આયુષ્યવાળા મનુષ્ય-પ્રાણીઓના ઉલ્લેખ જોવા મળે છે.

અંતમાં એટલું જ જણાવાનું કે; સર્વજ્ઞોએ કહેલા શાસ્ત્રોમાં જે લખાણ છે તે સત્ય જ છે. કોઈ વાત આપણી સમજમાં ન આવે તે આપણી બુદ્ધિની દુર્બળતા છે. જેમ કે - હમણાં જ છપાયેલાં કોઈ પુસ્તકમાં કોઈ એમ લખે કે, એક પુરુષ એક સાથે સો મણ બોજો ઉપાડી શકે. એક માણસ સત્તાવીસ મણનો મુદ્ગર એક હાથે ઉપાડે છે. તો આ વાત પચાસ કે સો વર્ષ પછી કોઈ સાચી માનવાનું નથી એટલે ખોટી સમજવી ? અમે નજરે જોયું છે. પંજાબના લાહોર જિલ્લામાં ફતેસિંહ નામનો શખ્સ ચાલીસ, પચાસ કે સો મણની ટેંકને એકલે હાથે ખેંચે છે. લાહોરમાં જ અન્ય ગામમાં હીરાસિંહ નામનો માણસ વીસ મણની મુદ્ગર ઉપાડે છે. આ વાતો પચાસ વર્ષ પછી સાચી ન મનાય તેથી ખોટી ઠરી જતી નથી તેમ સર્વજ્ઞોના પ્રાચીન વિધાનો કાલાંતરે ખોટાં બની જતા નથી. હા, અલ્પબુદ્ધિની સમજમાં ન આવે એ બને.

•

(૪૩)

## કેટલીક વાતો ભૂગોળની

જૈન મત મુજબ પૃથ્વીની અને ભરતખંડની મર્યાદા શું છે ? આ પ્રશ્ન ઘણાનાં મનમાં છે. તેનું સમાધાન એ છે કે, વર્તમાનમાં દેખાતા અને મનાતા આ જ દેશ - જેવા કે અમેરિકા, રશિયા, ચીન, વિલાયત (ઇંગ્લેન્ડ) વગેરે ભરતવર્ષમાં છે. હમણાં અમેરિકા અને ઇંગ્લેન્ડ વચ્ચે સમુદ્ર ફેલાયેલો દેખાય છે તે પહેલા ન હતો. પહેલા એટલે ખૂબ પહેલા, ભરતચક્રીના સમયમાં. (આ સમયમાં) સમુદ્ર જમ્બૂદ્વીપની જગતી (border wall)ની બહાર હતો. જગતી બહારનો સમુદ્ર અંદર આવી ગયો તેથી અસલી ભરતક્ષેત્રની ભૂગોળ બદલાઈ ગઈ.

આ વિષયમાં 'શત્રુંજયમહાત્મ્ય' ગ્રંથનો સંદર્ભ જાણવા જેવો છે. ભરત ચક્રવર્તી પછી થયેલા બીજા સગર નામના ચક્રવર્તી જંબૂદ્વીપની બહાર રહેલા લવણ સમુદ્રને દક્ષિણ દિશાના વિજયંત નામના દરવાજામાંથી અંદર લઈ આવ્યા. સમુદ્ર ભરતક્ષેત્રમાં આવ્યો તેથી 'બર્બર વગેરે હજારો દેશ પાણીમાં ડૂબી ગયા. (આ વાતમાં શંકા રાખવા જેવી નથી.

વિજ્ઞાનના છેલ્લાં સંશોધન મુજબ પૃથ્વી પરનું પર્યાવરણ ખોરવાયું છે. ધૂમાડા રૂપે અબજો ટન કાર્બન ડાયોક્સાઈડ પૃથ્વીના વાતાવરણને ગરમ કરી રહ્યો છે. પૃથ્વીની આસપાસ વીંટળાયેલા ઓઝોનના પડમાં ગાબડા પડી રહ્યા છે. ઓઝોન નામના વાયુનો આ થર સૂર્યના વિઘાતક કિરણોની અસરથી પૃથ્વીને મુક્ત કરવાનું કામ કરે છે. તેમાં ખલેલ પહોંચી છે, પરિણામે ઉત્તર ધ્રુવનો બરફ જે લાખો વરસોથી બરફ રૂપે જ હતો તે પીગળી રહ્યો છે. તે પાણી બનીને સમુદ્રમાં ઠલવાય છે. તેથી સમુદ્રની સપાટી વધી રહી છે. જો આ જ ગતિએ સમુદ્રની સપાટી વધતી જશે તો સમુદ્ર કિનારે આવેલા શહેરો પાંચ જ વર્ષમાં ડુબી જશે.) જે સ્થળો ઊંચા હતા તે દ્વીપો અને દેશો બની ગયા. આમ ભરતખંડની આકૃતિ બદલાઈ ગઈ. કેટલાક દેશોની ચારે તરફ સમુદ્ર ફેલાઈ ગયો. ચારે બાજુ સમુદ્ર જણાવા લાગ્યો એટલે આવાગમન બંધ થઈ ગયું. કેટલાક ઉત્તરખંડના દેશોમાં બરફ જામવા લાગ્યો. (સમુદ્ર અંદર આવે એટલે આટલા મોટા જથ્થામાં પાણી જંબૂદ્વીપમાં આવ્યું. તેથી પ્રાકૃતિક પર્યાવરણ પણ ફેરવાઈ ગયું. તેથી ઋતુચક્ર બદલાઈ ગયું. તેથી બરફ જામે તે સ્વાભાવિક છે) ગંગા અને સિંધુ નામની નદીઓ પણ પોતાના મૂળ પ્રવાહે વહેતી બંધ થઈ ગઇ તેનો પ્રવાહ સમુદ્રે રોકી લીધો. તેથી ક્ષુલ્લક-હિમવંત નામના પર્વતમાંથી પાણી આવતું બંધ થઈ ગયું. પાછળથી જે નદીનું વહેણ જે પર્વતના મૂળમાંથી પસાર થતું હોય તેને તે નદીની ઉત્પત્તિ માની લેવાઈ. ગંગા અને સિંધુ નામ માત્રની રહી ગઈ.

ક્ષેત્ર પરિવર્તન થવાથી નગરીઓનાં નામ પણ કાલ્પનિક રાખવામાં આવ્યા. વિનીતાને સ્થળે અયોધ્યા આવી ગઈ. કાબુલમાં તક્ષશિલાની સ્થાપના થઈ. હવે તો કાબુલ પણ 'ગીજની'માં ફેરવાઈ ગયું છે.

'સમુદ્રનું પૃથ્વી પર ફરી વળવું' આ ઘટના પુરાણાદિમાં પણ વર્ણવી છે. પુરાણ મુજબ 'એક સમય એવો હતો જ્યાં સમુદ્ર છે ત્યાં પૃથ્વી હતી.'

તપગચ્છના આચાર્ય શ્રી વિજયસેનસૂરિજી મહારાજ પ્રશ્નોત્તરમાં લખે છે કે માગધ, વરદામ અને પ્રભાસ નામના તીર્થ જંબૂદ્વીપની જગતીની બહાર સમુદ્રમાં છે તેથી પણ એમ જણાય છે કે ભરતજી છ ખંડ સાધવા ગયા ત્યારે રસ્તામાં પાણી ન હતું, પછી આવ્યું છે.

ઈસ્વીસન અઢારસો બાણુંની સાલમાં સપ્ટેંબર મહિનાની પાંચમી તારીખે લંડનમાં 'નવમી ઓરીએન્ટલ કોંગ્રેસ' (Ninth Oriental Congress) ભરાઈ. તેમાં 'મેકસમૂલર' નામના વિદ્વાને નિબંધ વાંચ્યો. પોતાના નિબંધમાં તેમણે એ વાત સિદ્ધ કરી કે 'એશિયા ખંડથી અમેરિકા ખંડ સુધી પૃથ્વી અખંડ હતી. સમુદ્રનું પાણી ન હતું. સમુદ્રનું પાણી આવવાથી વચલા દેશો ટાપુ જેવા બની ગયા.'

શ્રી ઋષભદેવ અને ભરત ચક્રવર્તીના સમયને અસંખ્ય વર્ષો થઈ ગયા. આટલા સમયમાં આવા ફેરફારો થાય એ શક્ય છે. શાસ્ત્રોમાં ભરતક્ષેત્રનું જે વર્ણન આવે છે તે શ્રી ઋષભદેવ અને ભરત ચક્રવર્તીના સમય મુજબનું છે. પાછળથી થયેલા ફેરફેરોનો વૃત્તાંત વ્યવસ્થિત રીતે લખાયો નથી. કદાચ લખાયો હોય તો પણ મળતો નથી. તેનું કારણ જૈનમત પર મોટી મોટી વિપત્તિઓ (દુષ્કાળ, પરદેશીઓનું આક્રમણ વગેરે) છે. લાખો ગ્રંથો નાશ પામ્યા છે તેથી ઉપલબ્ધ નથી. આ કારણે અમે આ બાબત પર વ્યવસ્થિત પ્રકાશ પાડી શકતા નથી. જેટલા ગ્રંથો અમારા વાંચવામાં આવ્યા તેમાંથી જે અમને સમજાયું તે ઊતાર્યું છે.

કેટલાક વિદ્વાનોએ વર્તમાનની ભૂગોળ મુજબ નકશા બનાવી ઠંડા અને ગરમ પ્રદેશોનો વિભાગ કર્યો છે. તેમના સંશોધન અને અનુમાન મુજબ વર્તમાનમાં ભૂગોળ એ મુજબ જ હશે. પણ વર્તમાનના આધારે ભૂતકાળમાં પણ ભૂગોળ આવી જ હ તી, એવું તેઓ કહેતા હોય તો તે વધારે પડતું છે.

'ભૂગોળ હસ્તામલક' નામના પુસ્તકમાં લખ્યું છે કે, રશિયાની ઉત્તરમાં (પૃથ્વીનો ઉત્તર ધ્રુવ) બરફ સિવાય કાંઈ જ નથી. ગરમીના દિવસોમાં આ પ્રદેશોમાં બરફ પીગળે છે. કેટલાક સ્થલે પર્વત પરથી હિમશિલાઓ તૂટીને તળેટીએ આવે છે. આવું થાય ત્યારે કોઈક જગ્યાએથી બરફના પેટાળમાંથી અવનવી વસ્તુઓ નીકળે છે. એક જગ્યાએથી હાથી જેવા પ્રાણીઓના મૃતકો હજારોની સંખ્યામાં નીકળ્યા. (બરફમાં દટાઈને પડેલા આ પ્રાણીઓના શરીર હજ્જારો વર્ષ પછી પણ સડી ગયા નથી. કારણ કે આ ક્રિયાને બરફ અટકાવે છે. આ વાત વિજ્ઞાન સ્વીકારે છે.) તેઓએ આ પ્રાણીનું નામ 'મેંમ્વાથ' રાખ્યું છે. આ પ્રાણીઓના શારીરિક સંશોધન દ્વારા એ સત્ય બહાર આવ્યું કે 'તેઓ

ગરમ પ્રદેશોમાં જીવવાવાળા છે.'

'ઠંડા પ્રદેશોમાં આ પ્રાણીઓ કેવી રીતે આવ્યા ? અને તે પણ હજ્જારોની સંખ્યામાં ? ઠંડા પ્રદેશમાં તેમને આહાર કયો મળતો હશે ? આટલા ઠંડા પ્રદેશમાં મોટી સંખ્યામાં તેઓ વસવાટ શી રીતે કરતા હશે ? વગેરે પ્રશ્નોના જવાબ હજુ જડ્યા નથી. અત્યારના સમયનો એક હાથી આટલા ઠંડા વાતાવરણમાં જીવી શકે નહી. આ ઘટના સાબિત કરે છે કે, પહેલા આ પ્રદેશ ગરમ હતો. પવનની તાસીર બદલાવાથી તે પ્રદેશ ઠંડો થઈ ગયો. તાત્પર્ય કે, માત્ર ભૂગોળને આધારે ઠંડા - ગરમ પ્રદેશની સ્થાયી કલ્પના નથી થઈ શકતી. કયા દેશની વ્યવસ્થા બદલાઈ હશે કે બદલાશે, તેનું પૂરું સ્વરૂપ તો સર્વજ્ઞ જ વર્ણવી શકે.'

કેટલાક કહે છે કે સૂર્ય નથી ફરતો પણ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે.' આ વાત અંગ્રેજોએ ઉપજાવી છે ? ના, આ વાત અંગ્રેજોની નથી. અંગ્રેજોની પહેલા પણ આ દેશમાં પૃથ્વીને ફરતી માનવાળો વર્ગ હતો. વિક્રમની આઠમી સદીમાં થયેલા શ્રી શીલાંકાચાર્ય આચારાંગ સૂત્રની વૃત્તિમાં લખે છે કે 'કેટલાક એવું પણ માને છે કે - ભૂગોળ ફરે છે અને સૂર્ય સ્થિર રહે છે.' (ભૂગોળ એટલે પૃથ્વી). આ મત જૈનોનો નથી. જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, સૂર્ય ફરે છે અને પૃથ્વી સ્થિર છે. આકાશમાં સૂર્યની ભ્રમણકક્ષાના એકસો ચોર્યાસી માંડલા છે. જુદા જુદા માંડલામાં સૂર્યનો પ્રવેશ, દિનમાન - રાત્રિમાનમાં વધારો કે ઘટાડો, ઋતુપરિવર્તન, ગ્રહણ, સૂર્યના ઉદયાસ્તની બાબતમાં વિવાદ ઈત્યાદિ વાતો સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચન્દ્રપ્રજ્ઞપ્તિના અભ્યાસથી સારી રીતે સમજી શકાય છે.

અંગ્રેજોએ 'સૂર્ય સ્થિર છે અને પૃથ્વી ફરે છે.' આ વાત કરી તે કેવળ અનુમાન પર આધારિત છે. પ્રત્યક્ષ જોઈને નથી કરી. દાખલા તરીકે તેઓ નકશામાં પૃથ્વીના દક્ષિણ ધ્રુવ અને ઉત્તરધ્રુવ (ધ્રુવ એટલે છેડો) બતાવે છે અને તેનું સ્વરૂપ પણ લખે છે. સાથે સાથે એમ પણ કહે છે કે, દક્ષિણ-ઉત્તર ધ્રુવ સુધી કોઈ જઈ શકતું નથી. કેટલીક ટુકડીઓ આ શોધખોળમાં ક્યાં ગાયબ થઈ ગઈ, તેની ખબર પડી નથી. પૃથ્વીના કેટલાક હિસ્સાઓ એવા છે, જે હજી સુધી જાણી શકાયા નથી. થોડા સમય પહેલાની વાત છે. ધુમ્મસનું

સંશોધન ચાલતું હતું. ધુમ્મસ પેદા કેવી રીતે થાય છે અને ક્યાં થાય છે ? તેની તપાસ કરવા ગયેલી ટુકડીને પૃથ્વી પર જ એક શહેર જોવા મળ્યું. જેમાં આશરે ત્રીશ હજાર ઘર હતા. સંશોધનમાં લખાયું કે - 'આ શહેરના નામ અને ત્યાં ચાલતા તંત્ર વિષે અમે અજાણ છીએ.'

'અર્થ નોટ અ ગ્લાબ' (Earth Not A globe) નામના પુસ્તકમાં તો એમ લખ્યું છે કે 'પૃથ્વી દડા જેવી ગોળ નથી પણ ચપટી છે. ફરતી નથી પણ સ્થિર છે. સૂર્ય સ્થિર નથી પણ ફરે છે. આકાશમાં એવા તારા છે, જેને જોઈને અનુમાન કરી શકાય તેમ છે કે, પૃથ્વી સ્થિર છે.'

વેદ - સ્મૃતિ - વગેરે આર્યશાસ્ત્રોમાં પણ સૂર્યને ફરતો મનાયો છે. (એક પ્રસિદ્ધ ઋચા છે.

चरैवेति चरैवेति चरन्वै मधु विन्दति ।

सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन् ॥

અર્થ : ચાલો, બસ ચાલ્યા કરો. ફરતો માણસ જ મીઠાં ફળ આપે છે. જુઓ, સૂર્ય આટલો દીપ્તિમંત કેમ છે ? કારણ કે તે ચાલવામાં કંટાળતો નથી. ચાલો, ચાલ્યા કરો.)

વૈજ્ઞાનિકો, પૃથ્વીને દડા જેવી ગોળ માને છે. તેની સિદ્ધિ માટે સમુદ્રમાં તરતાં જહાજની ધજાનું દૃષ્ટાંત પણ આપે છે. (જેમ જેમ સમુદ્રમાં વહાણ આપણી દૃષ્ટિથી દૂર જાય તેમ તેમ ક્રમસર જહાજનું તળિયું, મધ્યભાગ, ટોચ ધજા દેખાતા બંધ થાય છે જે પૃથ્વી ગોળ હોવાની પ્રત્યક્ષ સાબિતી છે.) આ દૃષ્ટાંત તેમની સમજમાં આવતું હશે. અમારી સમજમાં નથી આવતું. અમે તો સમજીએ છીએ કે - આપણી આંખની યોગ્યતા જ એવી છે કે, તેથી દૂરની વસ્તુ ગોળ દેખાય. જેમ કે જ્યારે આપણે સડક ઊભા હોઈએ ત્યારે દૂરની સડક સાંકડી દેખાય છે. (આનું વૈજ્ઞાનિક કારણ ઉપલબ્ધ છે.) આકાશમાં પંખી જ્યારે આપણા માથાની સીધી રેખામાં ઉડતું હોય, ત્યારે ધરતીથી ઊંચું હોય તેમ જણાય છે, થોડું દૂર જાય ત્યારે ધરતીની નજીક દેખાય છે. આટલા ટૂંકા અંતરમાં પૃથ્વીની પરિધિનું આટલું વર્તુલીકરણ સંભવતું નથી. ખુલ્લું આકાશ આપણી આંખોથી ભૂરા રંગનું અને ગોળ જણાય છે. આ વાત ખોટી છે. કારણ કે આટલા ટૂંકા અંતરમાં આટલી ગોળાકારતા શક્ય નથી. ક્ષેત્રની

તથાપ્રકારની યોગ્યતા માનીને ઉપરોક્ત દૃષ્ટાંતો સમજવામાં કોઈ બાધક નથી.

ભરતખંડની આ પૃથ્વી ઘણી જગ્યાએથી ઉંચી નીચી હોય તેમ જણાય છે. (સમુદ્ર સપાટીની દરેક ગામની ઊંચાઈનું માપ મળી શકે છે.) શ્રી હેમચંદ્ર સૂરિજી મહારાજે શ્રી પદ્મપ્રભચરિતમાં લખ્યું કે 'લંકાથી અમુક યોજન પશ્ચિમમાં ગયા પછી આઠ યોજન નીચે પાતાલલંકા છે.' ઉંચી નીચી ધરતીને કારણે કોઈને પૃથ્વી ગોળ જેવી લાગતી હોય, તો તેથી પરમાત્માના વચનોમાં શંકા કરવા જેવું નથી. (આ બાબતમાં વધુ જિજ્ઞાસા ધરાવતા સુજ્ઞવાચકોએ જંબૂદ્વીપ શોધ સંસ્થાનના મુરબ્બી જયેન્દ્ર. ર. શાહનો સંપર્ક કરવો અથવા 'જંબૂદ્વીપ' માસિકના અંકો વાંચી જવા)

કેટલાંક લોકોને એવી શંકા પણ જાગી છે કે, જ્યારે ભારતમાં દિવસનો બીજો પ્રહર ચાલુ હોય છે ત્યારે અમેરિકામાં મધરાત હોય છે અને જ્યારે અમેરિકામાં દિવસ બે પહોર ચઢે ત્યારે આર્યાવર્તમાં અર્ધરાત્રિ હોય છે. આમ કેમ ? તાર (Telegram) દ્વારા તેમજ ઘડિયાળથી આ વાતની ખાતરી કરી શકાય છે.

આ વાતનો યથાર્થ ઉત્તર હું આપી શકતો નથી અને મારી એવી માન્યતા પણ નથી કે પૂર્વાચાર્યોને અનુસર્યા વિના કોઈ પ્રશ્નનું સમાધાન કરૂં. કારણ કે વ્યક્તિગત માન્યતા કે કલ્પનાઓને જૈન શાસનમાં સ્થાન નથી. હું મારી કલ્પના દ્વારા જૈન મતની સત્યતા સાબિત કરી શકું નહિ. જૈન મત સ્વયંભૂ-સત્ય છે. જો મારી કોઈ કલ્પનાથી જૈનમત સત્ય સાબીત થતો હોત, તો પૂર્વાચાર્યોની અપેક્ષા જ ન રહેત. માટે મારી એવી શ્રદ્ધા છે કે - પ્રામાણિક આચાર્ય ભગવંતો પંચાંગીમાં જે લખી ગયા તેને અનુસરીને જ કથન કરવું જોઈએ. મતિકલ્પના મુજબ કથન કરનાર જૈન હોઈ શકે નહિ.

પૂર્વોક્ત પ્રશ્નનો હું પસંદગી પ્રમાણે ઉત્તર આપી શકતો નથી, તેના કેટલાંક કારણો નીચે મુજબ છે.

(૧) ઘણાં જૈન શાસ્ત્રોનો વિચ્છેદ થયો છે.

(૨) શ્રી આર્યરક્ષિતસૂરિજીએ ચાર અનુયોગને વિભક્ત કરી પૃથક્ પૃથક્ અનુયોગની રચના કરી છે. (તેથી શાસ્ત્રના અર્થો સીમિત થઈ ગયા)

(૩) શ્રીસ્કંદિલસૂરિજી મહારાજના સમયમાં બાર વર્ષીય દુકાળ પડ્યો તેથી ઘણાં સૂત્રો ભૂલાઈ ગયા. દક્ષિણ મથુરામાં તત્કાલીન આચાર્યોએ એકત્રિત થઈ કંઠસ્થ શ્રુત ઉપસ્થિત કર્યું.

(૪) શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે એક કરોડ ગ્રંથો પુસ્તકારુઢ કર્યા.

(૫) પ્રભાવક ચરિત્રમાં લખ્યું છે કે 'બધા જ આગમો પર એક ટીકા હતી જેનો વ્યુચ્છેદ થયો છે.'

(૬) બ્રાહ્મણો ને બૌદ્ધોએ ઘણાં ગ્રંથોનો નાશ કર્યો છે.

(૭) મુસલમાનોએ તો બધા જ મતનાં પુસ્તકો માટીભેગા કરી દીધા છે.

આમ ઘણાં જૈન શાસ્ત્રોનો નાશ થયો છે. તેમાંથી જે બચી ગયાં હતાં, તે પણ યોગ્ય સાચવણીના અભાવે ભંડારમાં જ ગળી જઈને નાશ પામ્યા છે.


હવે ભંડારોમાં જ ગ્રંથો બચ્યા છે તે બધાં જ અમે વાંચી શક્યા નથી. તેથી અમે બધી જ શંકાઓના સમાધાન કરી શકતા નથી. પણ એટલું તો ચોક્કસ માનીએ છીએ કે, 'જૈન મત સમાન ઉત્તમ મત બીજો કોઈ નથી. તેથી તેમાં જ દઢ રહેવું જોઈએ.'

ચૂલિકા :

હે શ્રીમાન આનંદ વિજય ! હે મહામુનિ આત્મારામ ! હે શાસ્ત્રોના પારગામિ ! મારા પ્રશ્નોના સંપૂર્ણ ઉત્તર આપનારા પુણ્યાત્મન્ ! આપે મારા ઉપર જે ઉપકાર કર્યો છે, તેના બદલામાં કૃતજ્ઞતા રૂપે આ પુસ્તક શ્રદ્ધાપૂર્વક આપને અર્પણ કરું છું.

**(ડૉ. એ. એફ. રુડલ્ફહોર્ન, સ્વ. સંપાદિત 'ઉપાસકદશાંગ'નું સમર્પણ)**

**મૂળ સંસ્કૃત પરથી અનુવાદિત**


ગ્રંથનામ : ચિકાગો પ્રશ્નોત્તર
કર્તા : પૂ.આ.શ્રીવિ.આનંદસૂ.મ.
(આત્મારામજી મ.)
ભાષા : જૂની હિંદી
સમય : ૨૦મી સદી

## ૪૪

# ચિકાગો પ્રશ્નોત્તર

ચિકાગો-પ્રશ્નોત્તર મુખ્યત્વે 'ઈશ્વર' નામના તત્ત્વની મીમાંસા કરતો ગ્રંથ છે. વીરચંદ રાઘવજી જ્યારે સૌ પ્રથમ વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ચિકાગો ગયા, ત્યારે તેમને પરિષદ્‌ની વિનંતિને માન આપીને શ્રી આત્મારામજી મહારાજાએ તૈયાર કરી મોકલ્યા હતા. વૈદિકધર્મ (એટલે ભારતમાં પ્રચલિત ધર્મની વિભિન્ન શાખાઓ)ની ઈશ્વર તત્ત્વની કલ્પના કરતાં જૈનધર્મમાં ઈશ્વર તત્ત્વની રજૂઆત વધારે વાસ્તવિક છે, તે વાત પૂજ્યશ્રીએ ખૂબ સલૂકાઈથી રજૂ કરી છે. પ્રસ્તુત છે પુસ્તકનાં ચૂંટેલા પ્રશ્નોત્તરોનું અવતરણ. અલબત્ત, દાર્શનિક ચર્ચા સિવાયનું.

### ઈશ્વર અને મનુષ્ય

પ્રશ્ન : પ્રાચીન શાસ્ત્રોમાં ઈશ્વરનાં સ્વરૂપ અંગે શું શું નિરુપણ છે ?

ઉત્તર : જૈન શાસ્ત્રોમાં 'અરિહંતપદ' અને 'સિદ્ધપદ' આ બે પદોને ઈશ્વર માનવામાં આવે છે. સૃષ્ટિની રચના કરવી, અવતાર ધારણ કરવો, પોતાની ઈચ્છા મુજબ

જગતના જીવોને સ્વર્ગ કે નરકમાં મોકલવા, જગતની હકુમત કરવાનું અભિમાન રાખવું, વગેરે કર્તવ્યો ઈશ્વરનાં હોય, તેવું જૈનમત માનતો નથી.

નૈયાયિક-વૈશેષિક મતવાળા મુખ્યત્વે 'શિવ' (શંકર)ને ઈશ્વર માને છે, તે જગત્સૃષ્ટા, પ્રલયકર્તા, સર્વવ્યાપી, દુષ્ટોનો નિગ્રહ અને સજ્જનો પર અનુગ્રહ કરનાર છે.

બૌદ્ધમતમાં ઈશ્વરની કલ્પના જૈન જેવી જ છે માત્ર 'બુદ્ધ' (તથાગત) ફરી અવતાર લે છે. જૈનમતમાં અવતારવાદ નથી. વેદ (અદ્વૈતમત-વેદાંત) મત મુજબ જગતમાં જે કંઈ છે, તે બધું જ ઈશ્વર છે જગત ઈશ્વરનો જ એક અંશ છે. સાંખ્યો અને મીમાંસકો ઈશ્વરને માનતા જ નથી.

પ્રશ્ન : વર્તમાનકાલની પદાર્થવિદ્યા (એટલે વિજ્ઞાન) ને અનુકૂળ બને તે રીતે ઈશ્વરનું વર્ણન શક્ય છે ?

ઉત્તર : વર્તમાનકાલની પદાર્થવિદ્યા જૈન શાસ્ત્રોને પ્રતિકૂળ નથી, પણ અનુકૂળ છે. શ્રી અરિહંતોએ 'જડ પદાર્થમાં અનંત શક્તિઓ છે તેમ કહ્યું છે. પીસ્તાલીશ આગમોમાં 'યોનિપ્રાભૃત' શાસ્ત્ર છે. તેમાં પદાર્થોના સંયોજનથી સર્જાતા અદ્‌ભુત ચમત્કારોની વાતો છે. જગત એટલે જડ અને ચૈતન્યનું મિલાપ-સંયોજન. જૈનમતની આ જ વાત વિજ્ઞાન કરે છે. દુનિયાના તમામ નિયમો જડ અને ચૈતન્યની શક્તિઓનાં પ્રવાહે ઘડેલા છે. કોઈ ત્રીજી વ્યક્તિ (ઈશ્વર) તેનું સંચાલન નથી કરતી. આ વાત વિજ્ઞાનને અક્ષરશઃ માન્ય છે.

પ્રશ્ન : મનુષ્યનો ઈશ્વર સાથે શું સંબંધ છે ?

ઉત્તર : ઉપદેશ્ય-ઉપદેશક ! ઈશ્વર મનુષ્યનો ઉપદેશક છે.

પ્રશ્ન : મનુષ્યે ઈશ્વર માટે શું શું કરવું જોઈએ ?

ઉત્તર : ઈશ્વરને કોઈ વસ્તુની ઇચ્છા નથી, છતાં મનુષ્યે પોતાના પાપ દૂર કરવા ભગવાનની મૂર્તિ સ્થાપીને તેના દ્વારા પરમેશ્વરને ભાવનાથી પ્રત્યક્ષ કરીને, મૂર્તિમાં પરમેશ્વરનો આરોપ કરીને તેની ભક્તિ કરવી જોઈએ. જો કે મૂર્તિ પત્થરની બનેલી છે, પથ્થર પરમેશ્વર નથી, તેમ છતાં મૂર્તિ દ્વારા પરમેશ્વરનું સ્મરણ થઈ શકે છે. આમ મૂર્તિ પરમેશ્વરનું સ્વરૂપ ઉપસ્થિત કરવામાં કારણ છે. ક્રિશ્ચિયનો જેમ બાઈબલને પવિત્ર માને, મુસલમાનો 'કુર્રાન'ને પવિત્ર ગણે છે (હિંદુઓ ગીતાને પવિત્ર માને છે) તે તે ગ્રંથો પર

હાથ મૂકીને શપથ લે છે. વાસ્તવમાં આ બધા પુસ્તકો તો કાગળ અને શાહી રૂપ જ છે. તેમ છતાં તેમનામાં જેમ પવિત્રતાનો આરોપ થાય છે, તે જ રીતે મૂર્તિમાં પરમાત્માનો આરોપ થાય છે. ભૂગોળના શિક્ષક નકશા પર આંગળી મુકીને રશિયા, અમેરિકા વગેરે દેશો બતાવે છે. હકીકતમાં તે રશિયા કે અમેરિકા નથી, પરંતુ સદશતા (સમાનતા) દ્વારા એશિયા વગેરે દેશોનો બોધ થાય છે. તેમ મૂર્તિના આકારની સદશતા દ્વારા પરમાત્માનો બોધ થાય છે. માટે પરમેશ્વરની મૂર્તિ અવશ્ય માનવી જોઈએ. મૂર્તિમાં સાક્ષાત્ પરમાત્મા બિરાજમાન છે, એમ માનીને પરમાત્માનું સત્ય ધર્મના ઉપદેશક તરીકે સ્મરણ કરી વિધિપૂર્વક તેની પૂજા કરવી જોઈએ. દ્રવ્ય અને ભાવથી પૂજાનું વિસ્તૃત વર્ણન અન્ય શાસ્ત્રો દ્વારા જાણી લેવું.

### ધર્મ અને મનુષ્ય

પ્રશ્ન : ધર્મનો ઉદ્દેશ શું છે? ધર્મનો હેતુ (બાહ્યસામગ્રી) શું?

ઉત્તર : જગતના જીવોને જન્મ-મરણ ઈત્યાદિ દ્વારા જે શારીરિક અને માનસિક દુઃખો પડે છે, તેનો નાશ કરીને પરમપદની પ્રાપ્તિ કરાવવી એ ધર્મનો ઉદ્દેશ છે. ધર્મના દશ હેતુ છે. (૧) મનુષ્ય જન્મ (૨) આર્યદેશ (૩) ઉત્તમકુળ (૪) દીર્ઘાયુષ્ય (૫) પંચેંદ્રિય પરિપૂર્ણતા (૬) બુદ્ધિ (૭) આરોગ્ય (૮) સદ્‌ગુરુનો યોગ (૯) ધર્મોપદેશ શ્રવણ (૧૦) ધર્મવચન પર શ્રદ્ધા.

પ્રશ્ન : મનુષ્યમાં ધર્મ નામનો ગુણ પ્રગટે તે વાસ્તવિક છે?

ઉત્તર : મનુષ્યમાં ધર્મ-ગુણ વાસ્તવિક છે, જેમ ખાંડની મીઠાશ સ્વાભાવિક છે તેમ.

પ્રશ્ન : ધર્મ પામવા માટે શું જુદા જુદા શાસ્ત્રો જોવાની જરૂર છે?

ઉત્તર : હા, જુદાં જુદાં શાસ્ત્રો જોવાની ખાસ જરૂર છે. પક્ષપાત રહિત થઈને, મધ્યસ્થ વૃત્તિથી સર્વમતોનાં શાસ્ત્રોનું અવલોકન કરીને તત્ત્વનો વિચાર કરવાથી સત્ય-માર્ગ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : આ અવલોકનની શરતો શું છે?

ઉત્તર : શાસ્ત્ર-અવલોકનની શરતો પ્રમાણે છે :

(૧) શાસ્ત્રના કથયિતા દૂષણરહિત હોવા જોઈએ.

(૨) શાસ્ત્રનાં વચનમાં પૂર્વાપર વિરોધ ન હોવો જોઈએ.

(૩) શાસ્ત્રોનું કથન પ્રત્યક્ષ વિરોધી ન હોવું જોઈએ.

પ્રશ્ન : ભૂતકાળમાં ઘણા ધર્મો ઉત્પન્ન થયા અને નાશ પામ્યા. જે ધર્મો નાશ પામ્યા, તેની વર્તમાનના ધર્મો પર શું અસર પડી ?

ઉત્તર : જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરાના મીમાંસક, નૈયાયિક, સાંખ્ય આ ધર્મો પ્રાચીન ગણાય છે. વર્તમાનમાં હિંદુસ્તાનમાં બૌદ્ધ ધર્મ સિવાય બાકીના ધર્મ વિદ્યમાન છે. તેમાં પણ જૈન ધર્મ સિવાયના વૈદિક પરંપરાના ધર્મો મૃતપ્રાયઃ અવસ્થામાં છે. તેની અસર હજી ચાલુ છે. કર્મકાંડી મીમાસંકો યજ્ઞાદિના બહાને પશુઓને મારતા. તેની અસર રૂપે બલિદાન પ્રથા ચાલુ થઈ છે. કુરાન ઈ.માં આ પ્રથાનો ઉલ્લેખ મળે છે. 'ઈલિયટ' નામના પુસ્તકમાં અનેક યોદ્ધાઓએ (હેક્ટર વિ.) જાત જાતના દેવોને રીઝવવા બલિદાન આપ્યા હોવાનો ઉલ્લેખ છે. તે અસર કર્મકાંડી મીમાંસકોની છે. મુસલમાનોનો એક ફાંટો 'સૂફી પંથ' વેદાંતની અસરમાં છે. બ્રાહ્મણ ઈત્યાદિ જાતિઓમાં પણ માંસમદિરાના ત્યાગની ભાવના વિકસી, તે જૈન તથા બૌદ્ધ ધર્મનો પ્રભાવ છે.

પ્રશ્ન : અન્ય ધર્મોમાં ન્યૂનતા શું છે.

ઉત્તર : પોતાના માનેલા ધર્મમાં ન્યૂનતા બતાવવા કોઈ તૈયાર નથી. બીજાના ધર્મમાં ન્યૂનતા બતાવવા સહુ ટાંપીને બેઠા છે. જૈન ધર્મમાં (જૈન ધર્મના મૂળભૂત સ્વરૂપમાં) કોઈ ખામી નથી, પરંતુ શારીરિક અને માનસિક સત્ત્વ વર્તમાનકાળના જૈનોમાં નથી, તેથી મોક્ષમાર્ગની સુવિશુદ્ધ અને સંપૂર્ણ સાધના થઈ શકતી નથી. સાધુપણું અને શ્રાવકપણું તો પળાય છે, પણ તે ઔત્સર્ગિક નહીં, પણ આપવાદિક પળાય છે, આ પહેલી ન્યૂનતા.

બીજી ન્યૂનતા એ છે કે, જૈનોમાં વિદ્યાનો ઉધમ જ નથી. (વિદ્યા એટલે સાંસારિક વિદ્યા નહીં, પણ સમ્યગ્જ્ઞાન-શાસ્ત્રજ્ઞાન અભિપ્રેત છે.)

ત્રીજું, એકવાક્યતા નથી, સાધુઓમાં પણ પરસ્પર ઈર્ષ્યા ઘણી છે.

આ ન્યૂનતાઓ સાંપ્રતકાળના જૈનોની છે. જૈનધર્મમાં તો કોઈ જ ન્યૂનતા નથી.

પ્રશ્ન : યહૂદી, ઈસાઈ અને બીજા ધર્મોએ મનુષ્ય જાતિ માટે શું કર્યું છે ?

ઉત્તર : બાકીના તમામ ધર્મોએ મનુષ્ય જાતિમાં વધુમાં વધુ એકાંશી સુધારા કર્યા છે પણ સંપૂર્ણ સત્ય નથી બતાવ્યું.

પોતપોતાના શાસ્ત્રોમાં ઈશ્વરભક્તિ, દયા, દાન, સત્ય, શીલ, સંતોષ, ક્ષમા, સરળતા, નમ્રતા, વિનય, પરોપકાર, કૃતજ્ઞતા જેવા ગુણો ખીલવવાનો ઉપદેશ છે. આ ઉપદેશ સદ્ધર્મની નજીક લાવે છે એટલું જ. બાકી દેવ, ગુરુ અને સત્ય-સંપૂર્ણ ધર્મનું સ્વરૂપ જણાવ્યું નથી. ઉપરથી વિપરીત જણાવ્યું છે. તે બહુ મોટું નુકસાન કર્યું છે. (ઈસાઈ ધર્મે પણ જગતને નુકસાન પહોંચાડ્યું છે, એવું કથન 'વિશ્વધર્મ પરિષદ'માં પૂજ્યશ્રીએ કર્યું છે.) જૈનધર્મે મનુષ્ય જાતિના વાસ્તવિક હિત માટે મોક્ષમાર્ગ બતાવ્યો છે. તે એકાંત ઉપકારક છે.

પ્રશ્ન : ધર્મનો પરસ્પર સંબંધ શું ? ધર્મનો પ્રેમ સાથે સંબંધ શું ?

ઉત્તર : આત્મા સાથે ધર્મનો ધર્મધર્મી સંબંધ છે. જગતમાં જેટલા ધર્મો ચાલે છે, બધાંનો સંબંધ સત્યતા સાથે છે. (તે કયા ધર્મનો કેટલો છે ? તે વાત આખી જુદી છે) અને ધર્મમાં પ્રેમનો સંબંધ પણ સત્યતા પર આધારિત જ છે.

પ્રશ્ન : ધર્મનો પદાર્થવિદ્યા, શિલ્પવિદ્યા, સાહિત્યવિદ્યા સાથે શું સંબંધ છે ?

ઉત્તર : પદાર્થવિદ્યા સાથે ધર્મનો જ્ઞેય સંબંધ છે. જે શિલ્પવિદ્યામાં સાવદ્યતાનો અંશ છે, તેની સાથે હેય સંબંધ છે. જે શિલ્પવિદ્યા નિરવદ્ય છે, તેની સાથે ઉપાદેય સંબંધ છે. જે સાહિત્યવિદ્યા જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિનું કારણ છે, તેની સાથે કાર્યકારણભાવ સંબંધ છે.

પ્રશ્ન : દર્શનશાસ્ત્ર, પદાર્થશાસ્ત્ર, જીવનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર આ શાસ્ત્રો ધર્મશાસ્ત્રને કેવી રીતે સહાયક છે ?

ઉત્તર : વર્તમાનમાં જેટલા મત ચાલે છે, તેને અમે દર્શનશાસ્ત્ર કહીએ છીએ. તેમાં જેટલી સત્યતા એટલું દર્શનશાસ્ત્ર ધર્મમાં સહાયક, જેટલું અસત્ય તેટલું નુકસાન કર્તા.

ધર્મશાસ્ત્રમાં 'જડ-ચેતનના સંયોગથી જે અનંતશક્તિ પ્રગટ થાય છે' તેમ કહ્યું છે. તેમાંની કેટલીક શક્તિઓનું પ્રાકટ્ય પદાર્થશાસ્ત્ર કરે છે. (પદાર્થશાસ્ત્ર એટલે વિજ્ઞાન-Physics) પદાર્થશાસ્ત્ર ધર્મશાસ્ત્રની સત્યતા

પ્રગટ કરવામાં સહાયક છે.

જીવનશાસ્ત્રને અમે અર્થશાસ્ત્ર તરીકે સમજીએ છીએ. ન્યાયથી ધન કમાય તો જીવનશાસ્ત્ર ધર્મમાં સહાયક છે. અન્યાયથી ધર્મ કમાય તો જીવનશાસ્ત્ર ધર્મનું વિરોધી છે.

વૈદ્યકશાસ્ત્ર નિરોગિતા દ્વારા ધર્મની પ્રવૃત્તિમાં સહાયક છે (शरीरमाद्यं खलु धर्मसाधनम्)

સમાજશાસ્ત્ર એટલે નીતિશાસ્ત્ર. આ શાસ્ત્ર જ્યારે જગતમાં ન્યાયનું સ્થાપન કરવા દ્વારા પ્રવૃત્તિ કરાવે, ત્યારે ધર્મશાસ્ત્રની આજ્ઞાને વધારે છે.

પ્રશ્ન : ધર્મશાસ્ત્ર બીજા શાસ્ત્રોને કેવી રીતે સહાયક બને ?

ઉત્તર : ધર્મશાસ્ત્ર અન્ય વિદ્યાશાસ્ત્રોમાં સંપૂર્ણ સહાયક તરીકેની ભૂમિકા ભજવી શકે નહીં. જેટલું અન્ય શાસ્ત્રોમાં ધર્મને અનુકૂળ છે, તેની પુષ્ટિ કરીને સહાય કરે એટલું જ. પણ જેટલું ધર્મવિરુદ્ધ છે, તેનો ધર્મશાસ્ત્ર નિષેધ કરે છે, માટે વિરોધી પણ છે.

પ્રશ્ન : પરમેશ્વર અને ધર્મને શું સંબંધ ?

ઉત્તર : પરમેશ્વરની સ્તુતિ, ગુરુના ગુણાનુવાદ, ધર્મસ્તુતિ, ધર્મી આત્માની સ્તુતિ ગીત-રાગમાં કરે, તો સંભળાવવાવાળા, ગાવાવાળા ઉભયને કર્મનિર્જરા અને પુણ્યબંધ થાય. વિષયગર્ભિત અને મોહગર્ભિત સંગીત પાપાનુબંધી છે અને દુર્ગતિમાં લઈ જાય છે.

પ્રશ્ન : ધર્મ અને દેશોન્નતિ આ વિશે આપનો અભિપ્રાય શું ?

ઉત્તર : ધર્મની પ્રબળતાથી દેશમાં ન્યાય, નીતિ, સદાચાર, એકતા, પરોપકાર, દયા, સત્ય, પ્રામાણિકતા, પરસ્પર વિશ્વાસ, વિદ્યાભ્યાસ, સંતોષ વગેરે ગુણો પ્રગટે છે. ચોરી, અભક્ષ્યભક્ષણ, અપેયપાન, અગમ્યગમન, મિથ્યાદૃષ્ટિ દેવતાઓની પૂજા ઈત્યાદિ જે દેશમાં ન હોય, તેની ઉન્નતિ થાય છે. ધર્મ વિના કોઈ દેશની ઉન્નતિ થવી સંભવિત નથી.

પ્રશ્ન : રાજાઓની આજ્ઞા (રાજસત્તા) અને લોકરિવાજોને કેવી રીતે માનવા ?

ઉત્તર : રાજાની નીતિપૂર્વકની આજ્ઞા માનવી. જે રિવાજ શ્રેષ્ઠ લોકોએ ચલાવ્યો હોય. તેને માનવો. જે રિવાજ ન માનવાથી દેશ, નગર, જાતિ,

અને સ્વયંને ધાર્મિક હાનિ થતી હોય, તો તેવા રિવાજ નિર્જીવ હોય તો પણ માનવામાં બાધા નથી.

## ચૂલિકા

> આત્મરામજી મહારાજાએ જૈન સમાજના ઉત્કર્ષ માટે જેવો પ્રયાસ કર્યો તેવો કોઈ વ્યક્તિએ કર્યો નથી. પોતે નક્કી કરેલા ધ્યેયને પૂર્ણ કરવા માટે તેઓ જીવનના અંતિમ દિવસ સુધી રાતદિન કાર્યરત રહ્યા હતા. જૈન સમાજમાં તેઓ અત્યંત પૂજ્ય ગણાય છે. એશિયાના વિદ્વાનો જૈન ધર્મ વિષેના તેમના વાક્યને અત્યંત પ્રમાણભૂત ગણે છે.
>
> ધ વર્લ્ડ રિલિજીયન્સ, લે. બેરોન-પત્ર-૨૧

•

(૪૫)

## સાહિત્ય પરિચય

**શ્રી** આત્મારામજી મહારાજની વિદ્વત્તા એટલી અદ્વિતીય હતી કે તેઓએ આપણી પાસે જે સાહિત્યનો ભંડાર ખુલ્લો મૂક્યો છે તેથી આપણને તેની સહેજે કલ્પના થઈ શકે. તેમનામાં કવિત્વશક્તિ પણ એટલી અજબ હતી કે, આજે તેમણે રચેલ પૂજાઓ, સ્તવનો, સજ્ઝાયો, આબાલવૃદ્ધ સૌ કંઠાગ્ર કરતાં પોતાના આત્માને ધન્ય માને છે.

આ મહાપુરુષ જે જૈનતત્ત્વાદર્શ, તત્ત્વનિર્ણયપ્રાસાદ અજ્ઞાનતિમિરભાસ્કર, જૈનધર્મ વિષયક પ્રશ્નોત્તર સમ્યક્ ત્વશલ્યોદ્ધાર નવતત્ત્વ, ઉપદેશબાવની, પૂજા સંગ્રહ, સ્તવનો, સજ્ઝા, પદો વગેરે મુખ્ય ગ્રંથો છે. પૂજ્યશ્રીના સાહિત્યનો પરિચય અત્રે પ્રસ્તુત છે.

**જૈનતત્ત્વાદર્શ :** આ ગ્રંથ પૂજ્યશ્રીની વિદ્યમાન સ્થિતિમાં શ્રાવક ભીમશી માણેકે સં. ૧૯૪૦માં હિંદીમાં પ્રગટ કરેલ છે. તેનું ગુજરાતી ભાષાંતર વકીલ મૂળચંદ નથુભાઈએ કરી શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પ્રકાશિત કરેલ છે.

બાર પરિચ્છેદ પાડી જુદા જુદા વિષયો ઉપર અસંખ્ય દાખલા, દલીલો, પુરાવા, સહાદતો આપી ગ્રંથને અત્યુત્તમ બનાવવા કર્તાએ સફળ પ્રયત્ન કર્યો છે.

પહેલા પરિચ્છેદમાં દેવનું સ્વરૂપ, તીર્થંકરોના નામ, વર્ણ, માતાપિતાનાં નામ, ચોવીશ તીર્થંકરના બાવન બોલ વગેરે આવેલ છે.

બીજા પરિચ્છેદમાં કુદેવનું સ્વરૂપ વર્ણવેલ છે. તેમાં કુદેવોમાં સ્ત્રી-સેવનાદિકના દૂષણો, જગત્‌ના કર્તાનો નિર્ણય, જગત્ ઉત્પત્તિ સંબંધી વેદાંતનું ખંડન વગેરેનો સવિસ્તર સમાવેશ કર્યો છે.

ત્રીજા પરિચ્છેદમાં ગુરુતત્ત્વનું સ્વરૂપ કહેલ છે. જેમાં પાંચ મહાવ્રતોનું સ્વરૂપ, ચરણસિત્તરી ને કરણસિત્તરીના સિત્તેર ભેદ, શાસ્ત્રાધારે ગુરુનું સ્વરૂપ વગેરે વસ્તુઓનો સમાવેશ કર્યો છે.

ચોથા પરિચ્છેદમાં કુગુરુનું સ્વરૂપ કહેલ છે. ક્રિયાવાદીઓનાં કાલવાદી, ઈશ્વરવાદી, નિયતવાદી, આત્મવાદી, સ્વભાવવાદી એ પાંચ વિકલ્પ મેળવી તેના પૃથક્ પૃથક્ એક સો એંસી મત કહેલ છે.

પાંચમા પરિચ્છેદમાં ધર્મતત્ત્વનું સ્વરૂપ છે, જેમાં નવતત્ત્વના ભેદોનું સ્વરૂપ વેદાંતવાદ સાથે સ્પર્ધા કરી સવિસ્તર કહેલ છે.

છઠ્ઠા પરિચ્છેદમાં ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ દશ વિભાગો પાડી સમજાવેલ છે.

સાતમા પરિચ્છેદમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે, જેમાં અરિહંતની પ્રતિમા પૂજવી, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વ, નિશ્ચય સમ્યક્ત્વ તેની કરણી વગેરે છે તથા વેદનો પ્રાચીન અર્થ છોડી નવીન અર્થ બનાવવાનું કારણ બહુ રસમય શૈલીથી સમજાવવા પ્રયત્ન કર્યો છે.

આઠમા પરિચ્છેદમાં ચારિત્રનું સ્વરૂપ છે, જેમાં અતિચારના સ્વરૂપો, અઢાર પાપસ્થાનકોની સમજ, ભક્ષાભક્ષ વગેરેના દોષો બહુ જ સવિસ્તર સમજાવેલ છે.

નવમા પરિચ્છેદમાં શ્રાવકની દૈનિક કરણીની સમજ આપતાં આહાર, વિહાર, કેશસમારન, સ્નાન, નિદ્રા, દ્રવ્યપૂજા, ભાવપૂજા, સામયિક સ્નાત્ર વગેરેમાં શ્રાવકે કેમ વર્તવું ? દેવગુરુની આશાતનાથી કેમ બચવું ? માતા,

પિતા, સહોદર, સ્ત્રી, પુત્ર, ગુરુ, સ્નેહી, સંબંધી, નગરજનો સાથે કેમ વર્તવું ? તેની માર્ગસૂચિ એવી લાક્ષણિક રીતે સમજાવી છે કે એક વ્યવહાર શાસ્ત્રની કોલેજના અભ્યાસક્રમનો આ પ્રકરણમાં સમાસ કરવામાં આવ્યો એવું લાગે છે.

દશમા પરિચ્છેદમાં શ્રાવકોનાં રાત્રિકૃત્ય, પર્વકૃત્ય, ચાતુર્માસિક કૃત્ય, સાંવત્સરિકકૃત્ય, જન્મકૃત્ય એમ પાંચ કૃત્યોનું સ્વરૂપ આપવામાં આવેલ છે.

અગિયારમા પરિચ્છેદમાં શ્રી ઋષભદેવ ભગવાનથી શ્રી મહાવીરસ્વામી પર્યંત જૈનમતાદિ શાસ્ત્રાનુસારે ઈતિહાસરૂપ પૂર્વવૃત્તાંત આપવામાં આવેલ છે. તેમાં જુદા જુદા ઓગણત્રીસ પ્રકરણો પાડી કુરુવંશ તથા યજ્ઞોપવિતની ઉત્પત્તિનું વર્ણન, યાજ્ઞવલ્ક્ય, સુલસી, પીપ્પલાદ તથા પર્વત પ્રમુખથી ફરી અસલ વેદોને ફેરવી હિંસાયુક્ત વેદોની રચના થઈ, તેનું સ્વરૂપ પૂર્વોક્ત મહાપુરુષોના કથાનુસારે વર્ણવેલ છે.

બારમા પરિચ્છેદમાં શાસનપતિ શ્રી મહાવીરસ્વામીથી આજ સુધીનું કેટલુંક ઐતિહાસિક વૃત્તાંત રચનાત્મક શૈલીથી સમજાવી ગ્રંથની સમાપ્તિ કરી છે. જૈન સિદ્ધાંતોના જિજ્ઞાસુને આ એક જ ગ્રંથમાંથી કેટલી સામગ્રી પૂરી પડે છે કે, તેમાંથી તેને જૈનદર્શનનું સારામાં સારું સર્વોત્કૃષ્ટ દિગ્દર્શન થઈ શકે છે, તે નિઃસંદેહ વાત છે.

**અજ્ઞાનતિમિરભાસ્કર :** આ ગ્રંથ શ્રી આત્મારામજી મહારાજે અંબાલા (પંજાબ)માં લખવો શરૂ કરેલ. તે સં. ૧૯૪૨ ખંભાતમાં પૂરો લખી તૈયાર કર્યો અને તે ભાવનગરની શ્રી જૈન જ્ઞાન હિતેચ્છુ સભાએ પ્રકાશિત કરેલ. આ ગ્રંથ રોયલ આઠપેજી સાઈઝમાં પોણા ત્રણસો પૃષ્ઠ (ઓગણચાલીશ ફરમા)માં પૂરો કર્યો છે. તેના જુદા જુદા બે વિભાગ પાડી, પ્રથમ વિભાગમાં મિથ્યાત્વજનિત અજ્ઞાનતાને લઈને અન્ય મતવાળાઓએ જૈનધર્મ ઉપર જે આક્ષેપો કર્યા છે ને કરે છે. વેદાદિ ગ્રંથોના સ્વકલ્પોકલ્પિત અર્થ કરી જે જે લેખો દ્વારા પ્રયત્ન કર્યા છે તે ન્યાય અને યુક્તિપૂર્વક તે તે ગ્રંથોનું મંથન કરી આ ગ્રંથમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. જૈન દર્શનની ક્રિયા તથા પ્રવર્તન, સર્વ રીતે અબાધિત અને નિર્દોષ એવું જગતના સર્વ ધર્મોની દૃષ્ટિએ સિદ્ધ કરી આપ્યું છે. ગ્રંથકારે આખા વિશ્વની પ્રવૃત્તિથી સિદ્ધ કરી બતાવ્યું છે

કે, આર્હત્ ધર્મની ભાવના પુરાતની છે ને ઇતરવાદીઓના ધર્મની ભાવનાનું સ્વરૂપ ખુલ્લું કરી જૈનધર્મનાં તત્ત્વો સર્વોપરી હોવાનું સાબિત કરી આપ્યું છે.

આસ્તિક અને નાસ્તિક મતના વિચાર, જૈન ધર્મની પ્રબળતાથી વૈદિક હિંસાનો પરાભવ, વેદના વિભાગ, વેદજ્ઞ ઋષિઓના માંસાહારનું પ્રતિપાદન, વૈદિક યજ્ઞકર્મનો વિચ્છેદ, વૈદિક હિંસા વિ. વિવિધ મત, શંકરાચાર્યના વામમાર્ગાદિ વિષયોનું સ્પષ્ટીકરણ તેમ જ વેદ, સ્મૃતિ ઉપનિષદ્ ને પુરાણાદિ શાસ્ત્રોમાં દર્શાવેલ યજ્ઞ વગેરેનું સ્વરૂપ વર્ણવી, મિથ્યાત્વભરેલી અજ્ઞાનતા દર્શાવી, અસરકારક વિવેચન કરનાર વિશ્વાસપાત્ર ગ્રંથ તરીકે અર્વાચીન જૈન સાહિત્યમાં આ મુખ્ય છે.

ગ્રંથકારે બૌદ્ધ, સાંખ્ય, જૈમિની આદિ દર્શનવાળાઓ મુક્તિના સ્વરૂપનું કેવી રીતે કથન કરે છે, તથા ઈશ્વરમાં સર્વજ્ઞપણાંની સિદ્ધિ કરવા તેઓ કેવી યુક્તિઓ દર્શાવે છે તેનું ભાન કરાવી, પાંડિત્ય ભરેલું વિવેચન કર્યું છે.

બીજા વિભાગમાં સાધુ અને શ્રાવક ધર્મની યોગ્યતા દર્શાવવા માટે એકવીસ ગુણોનું વર્ણન, ભાવશ્રાવકના ષડ્દ્વાર સંબંધી સત્યાવીશ ભેદ ને તેના સત્તર ગુણોનું સ્વરૂપ વિવેચન સહિત આપ્યું છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ આત્માનાં સ્વરૂપો સંક્ષિપ્તમાં વર્ણવ્યાં છે.

જૈન કે જૈનેતર કોઈ વિદ્વાન આ ગ્રંથનું અવલોકન કરશે તો જણાશે કે જૈનોના એક સમર્થ આચાર્યે ભારતવર્ષની પ્રજાને સન્માર્ગ બતાવવા આવા ગ્રંથો રચી ભારે ઉપકારથી ઋણી બનાવી છે.

**સમ્યક્ત્વશલ્યોદ્ધાર** : આ ગ્રંથથી, શ્રી આત્મારામજી મહારાજે સં. ૧૯૪૦માં લખી તૈયાર કરેલ, તે સં. ૧૯૪૧માં ભાવનગર શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ ગુજરાતીમાં અને સં. ૧૯૬૨માં શ્રી જૈન આત્માનંદ પુસ્તક પ્રચાર મંડળે દીલ્હીમાં હિંદી ભાષામાં પ્રસિદ્ધ કરેલ છે.

ઢુંઢક મતના જેઠમલ નામના સાધુએ "સમકિતસાર" નામનો ગ્રંથ બનાવેલ. જે ઈ.સ. ૧૯૩૮માં ગોંડલનિવાસી નેમચંદ હીરાચંદે પ્રસિદ્ધ કર્યો. આ ગ્રંથમાં મૂર્તિપૂજા અને સમ્યક્ત્વ વિરુદ્ધ એટલા કડક લખાણો હતાં કે, જે કોઈપણ મૂર્તિપૂજક જૈન સહન ન કરી શકે. તેની તમામ વિગતોનું ખંડન આ સમ્યક્ત્વશલ્યોદ્ધાર-ગ્રંથમાં કરેલ છે; જેમાં મહાવીરસ્વામીથી આજ સુધીમાં

મૂર્તિપૂજા પુરાણી છે, તે પાશ્ચાત્ય વિદ્વાનોના અભિપ્રાયોથી તથા મૂર્તિઓના પૂરાવાથી અને પૂર્વાચાર્યોકૃત આગમો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. અજ્ઞાનતાના પ્રસંગથી ઉન્માર્ગગામી બનેલા ભવ્ય જીવોને હેયોપાદેય સમજીને સૂત્રાનુસાર શ્રીતીર્થંકર, ગણધર, પૂર્વાચાર્યપ્રદર્શિત સત્યમાર્ગ બતાવવા લેખક મહાત્માએ આ ગ્રંથમાં પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે.

**શ્રી જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર :** સં. ૧૯૪૫ પોષ સુદિ છઠ્ઠના રોજ શ્રી આત્મારામજી મહારાજે લખી પૂર્ણ કરેલ આ ગ્રંથ ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાએ પ્રસિદ્ધ કરેલ છે. આ પુસ્તકમાં અનેક પ્રશ્નોના સમાધાન કર્યા છે. તેમાં નીચેના વિષયો ખાસ છે. જૈનોમાં જ્ઞાતિધર્મ, શ્રાવકધર્મ, મુનિધર્મ, જૈનમતના આગમ, મહાવીરસ્વામીના સમયમાં જૈની રાજ્ય, પાર્શ્વનાથ ને તેની પટ્ટાવલી, જૈનધર્મ બૌદ્ધ ધર્મથી જુદો છે, બુદ્ધની ઉત્પત્તિ, નિર્વાણ શબ્દના અર્થ, પુણ્ય પાપનું ફળ દેનાર ઈશ્વર નહિ, પણ કર્મ છે, જગત્ અકૃત્રિમ છે, દેવ-ગુરુ ને દેવોના ભેદ, સમ્યક્ત્વી દેવતાની સાધુ-શ્રાવક ભક્તિ, તો શુભાશુભ કર્મના ઉદયમાં દેવતા નિમિત્ત છે વગેરે અનેક પ્રશ્નો આ ગ્રંથમાં ચર્ચવામાં આવ્યા છે.

**નવતત્ત્વ તથા ઉપદેશ બાવની :** આચાર્યશ્રીએ સં. ૧૯૨૭માં તૈયાર કરેલ છે. તે પ્રો. હીરાલાલ કાપડિયાએ સં. ૧૯૮૮માં પ્રસિદ્ધ કરેલ છે.

આ ગ્રંથમાં જીવદયાનું નવતત્ત્વનું સ્વરૂપ આલેખવામાં આવ્યું છે, પરંતુ વિશેષતાએ શ્રી ભગવતીસૂત્ર પ્રમુખ વિવિધ આગમોના પાઠોની અહીં સંકલના કરવામાં આવી છે. અનેક મુદ્દાની વસ્તુઓ યંત્રરૂપે કોષ્ટકદ્વારા રજૂ કરેલ છે, જેથી આ ગ્રંથની મહત્તામાં અસાધારણ વૃદ્ધિ થઈ છે. કર્તાએ બાર વિવિધવર્ણી ચિત્રો વડે એને અલંકૃત કર્યો છે. ખાસ જીવતત્ત્વ, અજીવતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ, આસ્રવતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, મોક્ષતત્ત્વ વગેરે વિષયોનો સંપૂર્ણ રીતે ગ્રંથમાં સમાવેશ કર્યો છે. ઉપદેશની બાવનીમાં પ્રથમ શ્રી ૐકારની સ્તુતિ કરી દેવ, ગુરુ અને ધર્મની સ્તુતિ કરવામાં આવી છે. તે પછી વિવિધ બોધજનક ઉપદેશ આપેલ છે.

**જૈનમતવૃક્ષ :** આ નાનકડા પુસ્તકમાં શ્રી આત્મરામજી મહારાજે લાખો વર્ષનો ઇતિહાસ ઠાંસી ઠાંસીને ભર્યો છે. ઋષભદેવથી મહાવીરસ્વામી સુધીના

તીર્થંકરોની ઐતિહાસિક ટૂંક નોંધ આમાં છે. કયા કયા તીર્થંકરોના સમયમાં કયા મતની શરૂઆત થઈ તથા તેમના કેટલા ગણધરો હતા ? કેટલા ગચ્છો હતા ? તેની ટૂંકી વિગત, રાવણ અને નારદ મુનિનો સંબંધ, તથા મહાવીરસ્વામી પછી કયા આચાર્યોએ કેટલા ગ્રંથો બનાવ્યા ? કેટલા જૈનો બનાવ્યા ? કેટલા મંદિરોની પ્રતિષ્ઠા કરી ? વગેરેનું ટૂંકું પણ રસપ્રદ વર્ણન આપ્યું છે. તેમ જ મહાવીરસ્વામીથી આજ સુધીના ગૂર્જરપતિઓએ કઈ સાલથી કઈ સાલ સુધી કેટલાં વર્ષ રાજ્ય ભોગવ્યું વગેરે વિગતોનો સમાવેશ સપ્રમાણ આપેલ છે. આ ગ્રંથ પંજાબ શ્રી આત્માનંદ જૈન સભાએ સં. ૧૯૫૩માં પ્રકાશિત કરેલ છે.

**ચિકાગો પ્રશ્નોત્તર :** સને ૧૮૯૩ (વિ.સં. ૧૯૪૯)માં શ્રી આત્મારામજી મહારાજાને અમેરિકાના ચિકાગો શહેરમાં ભરાનારી સર્વધર્મ પરિષદમાં પ્રતિનિધિ તરીકેનું આમંત્રણ હતું. જેમાં પોતે સાધુ ધર્મમાં હોવાથી ન જઈ શક્યા, પરંતુ મી. વીરચંદ માઘવજી ગાંધી સાથે પ્રશ્નોત્તર તૈયાર કરી મોકલ્યા. તે ચિકાગોના પ્રશ્નોના ઉત્તરો આ ગ્રંથમાં આપેલ છે.

ઈશ્વર કઈ વસ્તુ છે ? જૈનો કેવા ઈશ્વરને માને છે ? અન્યમતવાળા કેવા ઈશ્વરને માને છે ? ઈશ્વર જગત્‌ના કર્તા સિદ્ધ થાય છે કે નહિ ? કર્મ શું વસ્તુ છે ? તેના મૂળભેદ કેટલા છે ? ઉત્તરભેદ કેટલા છે ? કયા કર્મના બંધ હોય છે ને ક્યાં તેનાં ફળ હોય છે. એક ગતિથી ગત્યંતરમાં કોણ લઈ જાય છે ? જીવને કર્મનો શું સંબંધ છે ? કર્મનો કર્તા જીવ પોતે કે કોઈ તેને કર્મ કરાવે છે ? પોતાના કયા કર્મથી જીવ ભોક્તા છે ? સર્વ મતોમાં કયા કયા વિષયોમાં પરસ્પર એકતા છે ? આત્મામાં ઈશ્વર હોવાની શક્તિ છે કે નહિ ? મનુષ્યને ઈશ્વરનો શું સંબંધ છે ? સાધુ અને સંસારીના ધર્મો, ધાર્મિક ને સાંસારિક જિંદગીનાં નીતિપૂર્વક લક્ષણ, ધર્મશાસ્ત્રોનું અવલોકન કરવાના નિયમો. દૂષણ રહિતની પિછાણ, ધર્મભ્રષ્ટ થનારની ફરી શુદ્ધિ, જિંદગીનો ભય નિવારવાનો કાયદો, ધર્મના અંગ ને તેનાં લક્ષણ વગેરે અનેક તત્ત્વની વાતોનો આ ગ્રંથમાં કર્તાએ સમાવેશ કરેલ છે.

**ચતુર્થસ્તુતિનિર્ણય :** ભાગ પહેલો - ભાગ બીજો : પૂર્વચાર્યોકૃત બ્યાસી (૮૨) પુસ્તકો અને સૂત્રોના આધાર આપી ચાર થોય શાસ્ત્રોક્ત છે, તેવું આ

ગ્રંથ દ્વારા શ્રી આત્મારામજી મહારાજે સિદ્ધ કરી આપ્યું છે. બીજા ભાગમાં આત્મારામજી મહારાજ પીતાંબર ધારણ કરે છે. ચોથી થોય તેમણે સ્થાપન કરી છે. ઈરિયાવહિયાની પાછળ કરેમિ ભંતે પણ તેમણે જ સ્થાપન કરેલ છે વગેરે અસત્ય બીનાઓની ભરપૂર લખાણનો શ્રી આત્મરામજી મહારાજે સજ્જડ જવાબ આપ્યો છે.

**જૈનમતકા સ્વરૂપ :** જૈન ધર્મનું સ્વરૂપ જાણવાની સૌ કોઈને ઇચ્છા હોય છે, પરંતુ જૈન ધર્મના તત્ત્વોનું સ્વરૂપ એટલું ગહન અને વિસ્તીર્ણ છે કે, જૈન ધર્મના અનેક શાસ્ત્રોનું અવલોકન કર્યા સિવાય તેનો ખ્યાલ આવી શકતો નથી. હાલના પ્રવૃત્તિમય સમયમાં સૌ કોઈની શક્તિ એવી ન હોઈ શકે કે, તમામ શાસ્ત્રોનું અધ્યયન કરી શકે, તેથી આ પુસ્તકમાં શ્રી આત્મારામજી મહારાજે જૈનધર્મના મુખ્ય વિષયો જેવા કે તીર્થંકરોની ઉત્પત્તિનો સમય ને તેમનાં કાર્યો, નવતત્ત્વ, ષડ્ દ્રવ્ય, ષડ્કાય, ચાર ગતિનું વર્ણન, આઠ કર્મનું સ્વરૂપ, જૈનોનું સામાન્ય મંતવ્ય, સાધુધર્મના સંયમના સત્તર ભેદોના નામ, દસ પ્રકારના યતિધર્મનાં નામ, સાધુધર્મનું સ્વરૂપ, ગૃહસ્થ ધર્મમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થનું સ્વરૂપ ને તેનું કૃત્ય, દેશવિરતિ શ્રાવકના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા ત્રણ ભેદ, તેનું વર્ણન, શ્રાવકનાં બાર વ્રતોનું સ્વરૂપ વગેરે અનેક તત્ત્વોનો આ ગ્રંથમાં સમાવેશ કરેલ છે.

**ઈસાઈમતસમીક્ષા :** ક્રિશ્ચિયન અર્થાત્ ઈસાઈ મતને માનવાવાળાઓમાંથી એક ઈસાઈએ 'જૈનમતપરીક્ષા' નામના ગ્રંથમાં લખ્યું છે કે, જૈનોમાં મોટા મોટા વેપારી ઊંચી પદવીવાળા છે ને તેમના હાથમાં દુનિયાની મોટી દોલત છે, તથા તેઓ અન્ય ધર્મીઓને પોતાના ધર્મમાં ભેળવવા માટે ઉપદેશ કરે છે વગેરે લખેલ છે. તે સામે શ્રી આત્મારામજી મહારાજે સવિસ્તર આ પુસ્તક રચી જણવ્યું છે કે ધર્મ, કરવાથી કર્મનો ક્ષય થાય છે ને પુણ્યનો ઉદય થાય છે, જેથી જે જીવના કર્મનો ક્ષય થાય છે ને પુણ્યનો ઉદય થાય છે, જેથી જે જીવના કર્મનો ક્ષય ને પુણ્યનો ઉદય થાય, તેને સત્ય ધર્મની પ્રાપ્તિ થાય અને દોલત પણ મળે છે.

ઈસાઈઓ માને છે કે ઈશ્વર જ કર્તા છે તો પછી ઈશ્વરને જગતકર્તા ન માનવાવાળા જૈનોને ધન, દોલત, ઉચ્ચ પદવી વગેરે ક્યાંથી મળી ? વળી

ઈસાઈઓ પુનર્જન્મને માનતા નથી ને ઈશ્વર સૌને સુખી કરવા જ જન્મ આપે છે, તો તેઓમાં પણ દુઃખી આત્માઓ બહુ કેમ છે ? વગેરે વસ્તુઓનું પૃથક્કરણ કરી કર્મની 'થીયરી' ઈસાઈઓને બહુ સારી રીતે સમજાવી છે. વળી બીજા અનેક વિષયોનો આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે.

**તત્ત્વનિર્ણયપ્રાસાદ** : આ ગ્રંથ પૂ. આચાર્યશ્રીની છેલ્લી કૃતિ છે. પ્રેસકોપી કરવા આપી તે દરમ્યાન આચાર્યશ્રીનો સ્વર્ગવાસ થવાથી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પ્રેસકોપી તૈયાર કરી, શુદ્ધ કરી, પૂ. આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું જીવનચરિત્ર પણ આ ગ્રંથમાં દાખલ કર્યું છે. સં. ૧૯૫૮ની સાલમાં આ અપૂર્વ અંતિમ પ્રસાદીરૂપ શ્રી તત્ત્વનિર્ણયપ્રસાદ ગ્રંથ પ્રસિદ્ધ થયેલ છે.

આ ગ્રંથના છત્રીસ સ્થંભરૂપ વિભાગો પાડી જુદાં જુદાં વિષયો ચર્ચા પૂર્ણ કરેલ છે. તેના પ્રત્યેક સ્થંભોની ટૂંક વિગત નીચે મુજબ છે.

મહાવીરસ્વામીથી આજ સુધીની પટ્ટાવલી આ ગ્રંથમાં છે. તે એટલી પ્રમાણભૂત છે કે ઘણા ઈતિહાસજ્ઞ વિદ્વાનોને આ પુસ્તકની સાક્ષી આપ્યા વિના ચાલી શકતું નથી.

પહેલા સ્તંભમાં પુસ્તક સમાલોચના, પ્રાકૃત ભાષા નિર્ણય, દેવબીજક વગેરેનું વર્ણન છે.

બીજા સ્થંભમાં હેમચંદ્રાચાર્યકૃત મહાદેવ સ્તોત્ર દ્વારા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવના લક્ષણ, તેનું સ્વરૂપ, લૌકિક બ્રહ્માદિ દેવોમાં યથાર્થદેવપણું સિદ્ધ નથી થતું. તેનું પ્રાચીન લૌકિક શાસ્ત્ર દ્વારા વર્ણન કરેલ છે.

ત્રીજા સ્થંભમાં બ્રહ્મા-વિષ્ણુ-મહાદેવાદિ લૌકિક દેવોમાં જે જે અયોગ્ય વિગત છે. તેનું વ્યવચ્છેદરૂપ વર્ણન શ્રી હેમચંદ્રસૂરિકૃત દ્વાત્રિંશિકા દ્વારા કરેલ છે.

ચોથા અને પાંચમા સ્થંભમાં શ્રી હરિભદ્રસૂરિવિરચિત લોકતત્ત્વનિર્ણયના ભાવાર્થ સહિત અપૂર્વ વર્ણન લખેલ છે. જેમાં પક્ષપાત રહિત દેવાદિકની પરીક્ષા કરવાનો ઉપાય અને અનેક પ્રકારની સૃષ્ટિની જગતવાસી જીવોની કલ્પના કરી છે તેનું વર્ણન છે.

છઠ્ઠા સ્થંભમાં મનુસ્મૃતિના કથન મુજબ સૃષ્ટિક્રમ અને તેની સમીક્ષા

છે.

સાતમા ને આઠમા સ્થંભમાં ઋગાદિ વેદોમાં જેવું સૃષ્ટિનું વર્ણન છે તેવું બતાવી તેની સમીક્ષા કરી છે.

નવમા સ્થંભમાં વેદની પરસ્પર વિરુદ્ધતાનું દિગ્દર્શન છે.

દશમા વેદોક્ત વર્ણનથી વેદ ઈશ્વરોક્ત નથી તેવું સિદ્ધ કરી આપ્યું છે.

અગિયારમા સ્થંભમાં "ૐ ભૂર્ભુવ સ્વસ્તત્" ઈત્યાદિ ગાયત્રી મંત્રના અનેક અર્થો કરી જૈનાચાર્યોની બુદ્ધિમત્તા બતાવી છે.

બારમા સ્થંભમાં સાયણાચાર્ય, શંકરાચાર્ય આદિઓને બનાવેલ ગાયત્રી મંત્રના અર્થનું સમીક્ષાપૂર્વક વર્ણન છે અને વેદ નિંદક નાસ્તિક નથી, પરંતુ વેદના સ્થાપક નાસ્તિક છે તેવું મહાભારત આદિ ગ્રંથો દ્વારા સિદ્ધ કર્યું છે.

તેરથી એકત્રીસ સ્થંભમાં ગૃહસ્થના સોળ સંસ્કારોનું વર્ણન શ્રી વર્ધમાનસૂરિકૃત આચાર્યદિનકર દ્વારા કરેલ છે.

બત્રીશમાં સ્થંભમાં જૈનમતની પ્રાચીનતા, વેદના પાઠોમાં ગરબડ થઈ છે, તેનું નિષ્પક્ષપાત વિવરણ છે. જૈન વ્યાકરણાદિની સિદ્ધિનું તથા મહર્ષિ પાણિનિની ઉત્પત્તિનું વર્ણન ઘણું જ રસમય કરી બતાવેલ છે. તે જોતાં આચાર્યશ્રીનું જૈનેતર શાસ્ત્રોનું જ્ઞાન કેટલું અગાધ હશે તેની ઝાંખી વાચકને થયા વિના નહીં રહે.

તેત્રીસમા સ્થંભમાં જૈનમતની બૌદ્ધમતથી ભિન્નતા બતાવી છે તેમ જ પાશ્ચાત્ય અને દિગંબર વિદ્વાનોને હિતશિક્ષા આપી છે.

ચોત્રીશમા સ્થંભમાં જૈનમતની કેટલીક વાતો ઉપર કેટલાક માણસો અનેક પ્રકારના તર્કવિતર્ક કરે છે. તેમને દાખલા દલીલો સાથે બહુ જ સુંદર રીતે સમજાવેલ છે.

પાંત્રીશમા અને છત્રીશમા સ્થંભમાં શંકરદિગ્વિજયને અનુસારે શંકરસ્વામીનું જીવનચરિત્ર લખેલ છે. વેદવ્યાસ અને શંકરસ્વામીએ જૈન મતની સપ્તભંગીનું ખંડન કરેલ છે, તેમાં શંકરસ્વામી અને વેદવ્યાસ જૈન મતથી કેટલા અજ્ઞાન હતા તે સમજાવી જૈન મતવાળા સપ્તભંગીને જેમ માને છે, તેમ તેનાં સ્વરૂપ અને સપ્તનયનું સંક્ષિપ્ત વર્ણન કરેલ છે.

આવા અનેક જુદા જુદા વિષયોના વર્ણનોથી આ મહાન ગ્રંથ ભરેલો

છે. નિષ્પક્ષપાતી સજ્જનોએ આ ગ્રંથ સંપૂર્ણ વાંચી સત્યાસત્ય જાણવા યોગ્ય છે.

શ્રી આત્મારામજી મહારાજે ઉપર્યુક્ત અનેક ગ્રંથો રચેલા છે. તે જોતાં તેઓ એક સમર્થ સુવ્યવસ્થારૂઢ સુક્રાંતિના બીજવાળા, ઊંડા જ્ઞાની હતા. તેમના ગ્રંથોના દિગ્દર્શનથી વાચક જાણી શકશે કે તેઓએ તેમાં સંખ્યાબંધ આગમો અને શાસ્ત્રોના આધાર આપેલ છે, તેથી તેઓશ્રીના બહુશ્રુતપણાની ઊંડા અભ્યાસની આપણને ખાતરી થાય છે. તે ઉપરાંત તેઓએ સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, વીશસ્થાનક પદપૂજા, સત્તરભેદી પૂજા, નવપદ પૂજા વગેરે પૂજાઓ તથા સંખ્યાબંધ સ્તવનો, ચૈત્યવંદનો, પદો, સજ્ઝાયો રચેલ છે, જે જોતાં તેમની અગાધ કવિત્વ શક્તિનું આપણને ભાન થાય છે. નવીન રાગ-રાગણીથી હિંદી ભાષામાં પૂજાઓ રચવાનું પ્રથમ માન શ્રી આત્મારામજી મહારાજને ફાળે જાય છે. ભારતવર્ષની રાષ્ટ્રભાષા હિંદી હોવાથી તેમના તમામ ગ્રંથો પણ રાષ્ટ્રભાષામાં લખાયેલ હોઈને રાષ્ટ્રભાષાના સાહિત્યમાં સુંદર પૂર્તિ કરે છે.

આજે તેઓશ્રીનો એટલો શિષ્યસમુદાય ભારતમાં વિચરે છે કે તેમની બરોબર કરી શકે તેવો બીજો એક પણ ગચ્છ કે સંપ્રદાય ભાગ્યે જ હશે. જૈન સમાજની સાધુ સંસ્થા આ જગતને સત્યધર્મનો પંથ બતાવી માર્ગદર્શક બને છે તે નિઃસંદેહ સત્ય છે, એ આપણે આચાર્યશ્રીના ચરિત્ર અને ચારિત્રથી જાણી શકીએ તેમ છીએ.

**(શતાબ્દીગ્રંથ લે. નાનચંદ તારાચંદ ટૂંકાવીને)**


**ચૂલિકા**

"સંવેગી સમુદાયને આચાર્ય કી ઉપાધિ કી જરુરત ક્યા હૈ ? મૈં ન તો ગણાધીશ હું વા પંન્યાસ પદાધીશ હું. મૈં તો ગુરુદેવ કે ચરણો કા સબ સે છોટા સેવક હું"

**(આચાર્યપદવીના આગ્રહસમયે સંઘને પ્રત્યુત્તર)**

•

# પરિશિષ્ટ



ગ્રંથનામ : અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ
કર્તા : ઉપા.શ્રી યશોવિજયજી મ.
ભાષા : સંસ્કૃત
સમય : ૧૮મી સદી

## પ્રેરણાદાયી શ્રુતપુરુષાર્થ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

શાસ્ત્રીય ગ્રંથનું સંપાદન શ્રુતનિષ્ઠાની કસોટી તો છે જ, પરંતુ કોઈ એક એવો અતિ મહત્ત્વનો કઠિન શાસ્ત્રગ્રંથ છે કે જેના સંશોધન માટે અને અર્થોના ઉઘાડ માટે અપરંપાર અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. મુનિ શ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજ સંપાદિત 'શ્રી અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' ગ્રંથ શ્રુતપુરુષાર્થનું વિશિષ્ટ દૃષ્ટાંત છે. મુનિ શ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજને આ ગ્રંથનું સંપાદન કરવાની કેવી ઉત્કૃષ્ટ પ્રેરણા મળી હતી, એનો ઈતિહાસ પણ એટલો જ રોમહર્ષક છે.

સૌ પ્રથમ તો ગુરુની આશીર્વાદ-વર્ષા એ એમના શ્રુતપુરુષાર્થનું અખૂટ બળ બની રહી. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને દ્રવ્યાનુયોગ સાહિત્ય સવિશેષ પસંદ પડતું હોવાથી એમને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનું તાટસ્થ્ય અને શ્રદ્ધામંડિત દર્શન વિશેષ પસંદ હતું. આથી માત્ર ચૌદમા વર્ષે દીક્ષા લેનારા ગણિવર્યશ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજને

પૂજ્યપાદ આચાર્ય ભગવંતે એકવાર કહ્યું હતું,

'તારા જેવા સાધુઓ માત્ર ભણે અને ભણાવે એટલું પૂરતું નથી. તેના કરતાં તું ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો પર કામ કરે તો મને વધુ આનંદ થાય.'

ગુરુદેવની આ વાણી ગણિવર્યશ્રીના ચિત્તમાં એવી તો આત્મસાત્ થઈ કે એમને સ્વપ્નમાં પણ ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો દૃષ્ટિગોચર થવા લાગ્યા. ભગીરથી ગંગાના કિનારે ઉપાધ્યાય યશોવિજયજીને સરસ્વતી પ્રસન્ન થયા હતા અને એમણે વરદાન આપ્યું હતું કે, તમે વાદ-વિદ્યા અને ગ્રંથરચનામાં અજેય વિદ્વાન થશો, તર્ક-કાવ્યમાં તમારી સ્પર્ધા કરે તેવું કોઈ જડશે નહીં. શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.ને ગંગા કિનારે સરસ્વતીનો સાક્ષાત્કાર તો ન થયો, પરંતુ 'શ્રી અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' ગ્રંથના સંશોધન સમયે રચનાકારનો સાક્ષાત્કાર થયો હોય તેવો વિરલ અનુભવ થયો.

ક્યારેક કોઈ શબ્દનો અર્થ ન સમજાય, ત્યારે ગણિવર્યશ્રી સાંજે જાપ કરતી વખતે ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.નું સ્મરણ કરતા અને તેને પરિણામે એમને યોગ્ય પાઠ મળી જતો. એમ કહેવાય છે કે આ પ્રકારે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરનારને સ્વયં ઉપાધ્યાયજીની સહાય મળે છે. આ ગ્રંથરચના સમયે એ કથા સત્ય હોવાનો અનુભવ ગણિવર્યશ્રીને વખતોવખત થયો. જાણે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સ્વયં બાજુમાં બેસીને અધ્યયન કરાવતા હોય તેવી વિરલ અનુભૂતિ થઈ.

આ વિરલ અનુભૂતિ જ અત્યંત મુશ્કેલ એવા ગ્રંથસંપાદનની સૌથી મોટી આનંદાનુભૂતિ બની રહી. બે વર્ષના ટૂંકા ગાળામાં આ સંપાદનકાર્ય કરવું અતિ કઠિન હતું. પરંતુ ઉપાધ્યાયજી મહારાજની પ્રેરણાને કારણે એ સિદ્ધ થયું.

આ ગ્રંથરચના પાછળ એક વિરલ ઘટના છે અને તે છે બે આચાર્ય મહારાજાઓની વિરલ પ્રેરણા. અમદાવાદના પાલડી વિસ્તારમાં પૂ. આચાર્ય શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા. ઉપાધ્યાયજી મહારાજના સાહિત્યના રંગે રંગાયેલા એવા આચાર્ય મહારાજે પૂ. આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજને સમાચાર મોકલ્યા કે, "મારે તમને એક ચીજ બતાવવી છે. તમે આવો." આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરિજી જૈન

સોસાયટીના ઉપાશ્રયમાં ગયા અને આચાર્ય શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીએ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના સ્વહસ્તાક્ષરમાં લખેલી 'શ્રી અષ્ટસહસીતાત્પર્યવિવરણમ્'ની ઝેરોક્ષ બતાવી. એ વાત આચાર્ય શ્રી વિજયકીર્તિયશૂરિજીએ જ્યારે એ સમયના મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજીને કરી. આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરિજીએ એ સમયે કહ્યું કે એ 'શ્રી અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' જોતાં મારા મનમાં એવો ભાવ જાગ્યો કે 'તારા જેવા આ ગ્રંથ-સંપાદન કરી શકશે અને તેથી તું આ કામ કર.' બંને આચાર્યશ્રીઓએ કહ્યું કે, 'તું નહીં કરે તો કોણ કરશે ?' અને એ વચનોએ શ્રી વૈરાગ્યરતિવિજયજીને પ્રબળ પ્રેરણાપાથેય પૂરું પાડ્યું.

જરા આ ગ્રંથની ગહનતા પાછળ દૃષ્ટિક્ષેપ કરીએ.

આ ગ્રંથ દાર્શનિક વાદશૈલીનો દિગ્ગજ મહાગ્રંથ છે. આ મહાનગ્રંથ ખુદ વિદ્વાનોને માટે પણ અત્યંત ગહન ગણાય છે. એમાં પ્રાચીન ન્યાય અને નવ્યન્યાયનું સંમિલન છે, તો વળી જૈનધર્મની દિગંબર અને શ્વેતાંબર ગ્રંથનિર્મિતિનું દુર્લભ સાયુજ્ય છે. વિક્રમની ત્રીજી શતાબ્દીમાં રચાયેલા આ ગ્રંથ વિશે અનેક પંડિતોએ અભ્યાસ કર્યો છે. ખુદ વિદ્વાનોને માટે એ અત્યંત અઘરો અને કષ્ટદાયી ગ્રંથ હોવાથી આ કૃતિને કેટલાક મજાકમાં 'અષ્ટસહસ્રી'ને બદલે 'કષ્ટસહસ્રી' તરીકે ઓળખાવે છે.

આ ગ્રંથનો પંદર સૈકાઓનો જ્વલંત ઇતિહાસ છે. એની રચના થઈ ત્રીજી સદીમાં થયેલા આચાર્ય શ્રી સમંતભદ્ર મ.સા. દ્વારા. એમણે 'આપ્તમીમાંસા' નામના શાસ્ત્રની રચના કરી, જેની ૧૧૪ ગાથાઓમાં પરમાત્માની સ્તુતિ કરવામાં આવી હતી. શાસ્ત્ર પર ભાષ્ય રચાય, એ રીતે વિક્રમની છઠ્ઠી સદીમાં આચાર્ય ભટ્ટ અકલંક દેવે 'આપ્તમીમાંસા'નું ભાષ્ય રચ્યું છે. ૧૧૪ ગાથાઓની એ સ્તુતિ પર ભાષ્ય રૂપે આઠસો નવા શ્લોકોની રચના કરે છે. ગ્રંથનાં રહસ્યો સમજવાની અને એના અર્થો પામવાની સંશોધનયાત્રા જમાને જમાને વણથંભી ચાલુ રહી છે. વિક્રમની નવમી સદીમાં આચાર્ય વિદ્યાનંદજી મ. પેલા આઠસો શ્લોકના ભાષ્ય પર આઠ હજાર શ્લોકપ્રમાણ ટીકા રચી. આ ટીકા એ 'અષ્ટસહસ્રી'ના નામે ઓળખાય છે. એ પછી તત્ત્વજ્ઞાનના આ અત્યંત કઠિન મહાગ્રંથ પર અધ્યયન-અધ્યાપન ચાલતું રહ્યું.

વિક્રમની અઢારમી સદીમાં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્ય 'અષ્ટસહસ્રી' ગ્રંથ પર આઠ હજાર શ્લોક પ્રમાણ વિવરણ લખે છે. આ વિવરણ તે 'અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' તરીકે પ્રખ્યાત થયું.

ગુજરાતના મહાન જ્યોતિર્ધર અને પ્રભાવક દાર્શનિક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સર્વત્ર 'ઉપાધ્યાયજી' તરીકે ઓળખાય છે. તેઓનું વિદ્યાતેજ જોઈને વિદ્વાનો એમને 'આ તો સાક્ષાત મૂછાળી સરસ્વતી જ છે' એમ કહેતા. એમનાં વાણી, વચનો અને વિચારો અત્યંત આધારભૂત અને શાસ્ત્રવચન સમા ગણાય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં અસંખ્ય કૃતિઓની રચના કરી છે, પરંતુ એમની કૃતિઓનું ગૌરીશિખર (એવરેસ્ટ) તો 'શ્રી અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' ગ્રંથ.

નવ્ય ન્યાયમાં વિષયની નિષ્કર્ષ આપતી સૂક્ષ્મ ચર્ચાઓ કરતી વિચારપદ્ધતિને 'વાદ' તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની ગ્રંથરચનાની શૈલી સમજવી અત્યંત અઘરી હોય છે. 'અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્'માં આવા એક-બે નહીં, પરંતુ છત્રીસ જેટલા વાદોનો સમાવેશ થયો છે. આ ગ્રંથમાં રઘુનાથ તર્કશિરોમણિ, રઘુદેવ ભટ્ટાચાર્ય, મધુસૂદન સરસ્વતી, બ્રહ્મેન્દ્ર, ગંગેશ ઉપાધ્યાય, ભવદેવ તર્કાલંકાર, ભટ્ટોજી દીક્ષિત, ભર્તૃહરિ, ગોપાલ સરસ્વતી, શાન્તરક્ષિત, ધર્મકીર્તિ જેવા ધુરંધર તાર્કિકોની વિચારધારાની સૂક્ષ્મ સમાલોચના આ ગ્રંથમાં કરવામાં આવી છે. માત્ર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જ આવું અદ્ભુત પ્રજ્ઞાસામર્થ્ય દાખવી શકે ! વળી આ ગ્રંથના પ્રત્યેક પરિચ્છેદના આરંભમાં ભક્તિભાવથી તરબોળ એવી સ્તુતિઓ છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.એ લખેલા આ ગ્રંથની એક વિશેષતા એ છે કે સ્વયં તેઓના સ્વહસ્તે લખાયેલી હસ્તપ્રત પુણેના ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ સેન્ટરમાં જળવાયેલી છે. સર્જકના જ સ્વહસ્તે લખાયેલી હસ્તપ્રત મળવી એ કેટલું મોટું સદ્ભાગ્ય કહેવાય ! આ હસ્તપ્રતનું સંશોધન અને સંપાદનનું કામ દર્શનશાસ્ત્રમાં નિપુણતા ધરાવતા મુનિરાજ શ્રી વૈરાગ્યરતિવિજયજીએ કર્યું.

સંપાદનનું કામ એ ધૂળધોયાનું કામ છે. વર્ષોનો પરિશ્રમ માગી લે તેવું

કામ છે. ક્યારેક તો કોઈ એક શબ્દ કે કોઈ એક વાક્યને સમજવા માટે દિવસોના દિવસો ઊંડા ચિંતન અને વિચારમાં પસાર કરવા પડે. આવી રીતે સતત બે વર્ષની અથાગ મહેનત બાદ ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિ વિજયજીએ આ અત્યંત કઠિન ગ્રંથને તૈયાર કર્યો.

અગાઉ આ ગ્રંથ પૂજ્યપાદ આચાર્ય વિજયઉદયસૂરીશ્વરજી મહારાજે રાજનગર જૈન ગ્રંથ પ્રકાશક સભાએ ૧૯૩૭માં પ્રકાશિત કર્યો હતો, પરંતુ આચાર્ય શ્રી ઉદયસૂરીશ્વરજી પાસે મૂળ ગ્રંથને બદલે કોઈએ કરેલી કોપી હોવાથી તેની પાઠશુદ્ધિ કરવાની જરૂર હતી. બીજું અષ્ટશતી અને અષ્ટસહસ્રીના જુદા પાઠ ન હતા, તે આ ગ્રંથમાં મુનિરાજશ્રીએ જુદા તારવ્યા. એના વિષયોને અલગ પાડ્યા. એટલું જ નહીં, પણ આમાં જે વાદોની વાત આવે છે, તે દરેક વિષે એક એક પ્રકરણ થાય તેવા છત્રીસ જેટલા વાદો વિશે વિગતે નોંધ કરી.

આ ગ્રંથનું સંશોધન પૂર્ણ થયા બાદ પ્રસ્તાવના લખવાની વેળા આવી. ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિવિજયજીએ ઘણી મથામણ કરી. પ્રસ્તાવના લખવા માટેના વિચારો ચિત્તમાં કોઈ આકાર ધારણ કરતા ન હતા. ખૂબ બેચેની થઈ. એવામાં વિહાર કરતા સિદ્ધપુરમાં આવ્યા. આ સિદ્ધપુરમાં ઉપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનસાર' ગ્રંથની રચના કરી હતી. તેઓની છબી જોઈ અને બસ, પછી ચિત્તમાં સ્ફુરણા થતા ત્રીજે જ દિવસે બે કલાકમાં અવિરત કલમ ચાલી અને પ્રસ્તાવના લખાઈ ગઈ.

આ ગ્રંથ સંશોધન સમયે ગણિવર્યશ્રીને માંદગી પણ એવી ગંભીર અને પડકારરૂપ આવી કે જે સામાન્ય માનવીને જીવન પ્રત્યે નિરાશ કરી મૂકે. કમરથી પગના અંગૂઠા સુધીનો દુઃખાવો એવો થયો કે જાણે પેરાલિસીસ ન થયો હોય ! આમ તો આ વીસ વર્ષ જૂનું દર્દ હતું, પણ હવે એ દર્દ દેહને સતત ડામ દેવા લાગ્યું હતું. આ નિરાશા અને હતાશાના સમયે આ સંશોધનકાર્યે નવી ચેતના જગાવી. એ સમયે શ્રી વૈરાગ્યરતિવિજયજી મ. બેસી શકતા નહીં, વેદનાને કારણે ઊંધા સૂઈ રહેવું પડે. પાટ પર ઊંધા સૂતા સૂતા નીચે પાટલી રાખીને હસ્તપ્રતોનાં પાના ઉકેલતા જાય, નોંધ કરતા જાય અને એ રીતે મહિનાઓ સુધી એમનું આ સંશોધન કાર્ય ચાલ્યું. સંપાદનકાર્યમાં

ઝીણવટથી કામ કરવાનું હતું. એકાંતમાં જ કામ થાય તેવી અપેક્ષા હતી, તેથી આશરે એક મહિનો ગણિવર્યશ્રી અજ્ઞાતવાસમાં રહ્યા હતા.

આ ગ્રંથ સંપાદનની વિશેષતા એ છે કે ભારતીય શાસ્ત્ર પરંપરામાં દર્શનશાસ્ત્રના ગ્રંથો સૌથી કઠિન ગણાય છે. એમાં પણ ભારતની દાર્શનિક પરંપરામાં 'અષ્ટસહસ્રી' ગ્રંથ એ સૌથી કઠિન ગ્રંથ ગણાય છે. એમાં સંશોધકને પદે પદે કષ્ટ આવે. એનો અર્થ એ કે એને એકે એક શબ્દનો અર્થ પામવા ઘણો પ્રયાસ કરવો પડે છે. આનું કારણ એની નવ્ય-ન્યાયની ક્લિષ્ટ શૈલી છે. આમ જેનો વિષય ક્લિષ્ટ અને જેની શૈલી ક્લિષ્ટ એ ગ્રંથનું સંપાદન કેટલું કપરું હોય ? એક એક શબ્દ કે પંક્તિના અર્થ બેસાડવા માટે દિવસરાત મહેનત કરવી પડે. એનાં મૂળ સ્થાનો શોધવા પડે. વળી એ મૂળના સંદર્ભને ગ્રંથકારે કઈ રીતે મૂલવ્યો છે તે જોવું પડે. એના શુદ્ધ પાઠ મેળવવા પડે. પંડિતવર્ય શ્રી રજનીકાંતભાઈ પરીખ તથા શ્રી નારાયણશાસ્ત્રી દ્રવિડ, ડૉ. બલિરામ શુક્લ જેવા ધુરંધર નૈયાયિક વિદ્વાનો પાસે દર્શનશાસ્ત્રોનો સઘન અભ્યાસ કરીને મુનિશ્રીએ ૩૫ વરસની વયે, વીસ વરસના દીક્ષા-પર્યાયમાં શ્રુતસાધનાનાં ક્ષેત્ર અનુમોદનીય પ્રગતિ હાંસલ કરી.

આ સંપાદનને માટે દર્શનશાસ્ત્રના જૈન અને જૈનેતર એવા ૧૧૦૦ ગ્રંથો જોયા અને એનું પરિશિષ્ટ તૈયાર કર્યું. નવ્ય ન્યાય અને પ્રાચીન ન્યાયના સંદર્ભો કોઈ પ્રગટ થયેલા પુસ્તકમાં મળતા ન હતા. એને માટે મૂળ હસ્તપ્રતો જોવી પડે. ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, ચાર્વાકદર્શન, બૌદ્ધદર્શન, વેદાંતદર્શન, મીમાંસાદર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, તંત્રશાસ્ત્ર, વિવિધ કોશગ્રંથ, સાહિત્યશાસ્ત્ર, પ્રાચીન ન્યાયના ગ્રંથો, નવ્યન્યાયનાગ્રંથો, આગમગ્રંથો, નિર્યુક્તિ ગ્રંથો, ભાષ્યગ્રંથો, પ્રકરણગ્રંથો, વિવરણગ્રંથો, પુરાણગ્રંથો, દિગંબર પ્રાભૃતગ્રંથોના આધારે 'શ્રી અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ'ના મૂળ વિષયને સ્પષ્ટ કરતી ટિપ્પણી લખી છે. એ રીતે સંપાદકશ્રીએ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના શબ્દોને સુરેખ સ્પષ્ટતા આપી છે. એમના આ ગ્રંથની ટિપ્પણમાં એમણે છસ્સોથી વધુ સંદર્ભગ્રંથો નોંધ્યા છે. ઉત્તમ કક્ષાના સંપાદન ગ્રંથમાં હોય તેવા અગિયાર પરિશિષ્ટ-ખંડો ગ્રંથના અંતે છે. વિસ્તૃત પરિભાષા અને ન્યાયોની અકારાદિક્રમ અનુસાર વિસ્તૃત સૂચિ પણ મૂકી છે.

વિદ્વાનોને અત્યંત રસ પડે તેવી પરિશિષ્ટ યોજના આ ગ્રંથને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વનો પુરવાર કરે છે.

આ ગ્રંથમાં સાતસો પૃષ્ઠ મૂળ ગ્રંથનાં છે અને બસો પૃષ્ઠ પરિશિષ્ટનાં છે. આ પરિશિષ્ટ અત્યંત વિશિષ્ટ એ માટે છે કે એમાં ન્યાયસૂચિ અને વાદસૂચિ છે. આ ન્યાયસૂચિમાં આલેખાયેલી કહેવાતો અને ઉક્તિઓનો સંગ્રહ સ્વયં એક પુસ્તક બની શકે તેમ છે. વળી આમાં આવતા ચાલીસથી પચાસ ચર્ચાના સ્થાનોને જુદા પાડીને દર્શાવવામાં આવ્યા છે. એ દૃષ્ટિએ એમ કહી શકાય કે એક હજાર ગ્રંથોના વાંચનથી જે જ્ઞાન મળે, તે ગ્રંથોનું નવનીત અહીં પ્રાપ્ત થાય છે. વળી ગ્રંથની અક્ષરયોજના અને મુદ્રણ શૈલીમાં સૂક્ષ્મતા અને ઝીણવટથી કામ લીધું કે અષ્ટસહસ્રીગ્રંથ અને તાત્પર્યવિવરણમ્ ગ્રંથ એક જ પાને વાંચી શકાય. હજી ઓછું હોય તેમ મૂળ ગ્રંથ, પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ, વિવરણગ્રંથ અને અવતરણ અને વિષય પ્રમાણેનાં શીર્ષકોને જુદી જુદી ટાઈપોગ્રાફીમાં મૂકીને એક નવી વિશિષ્ટતા અંકિત કરી છે. આમ અથાગ પરિશ્રમ દ્વારા આવા અત્યંત કઠિન ગ્રંથનું સંપાદનકાર્ય કરીને ગણિવર્યશ્રી વૈરાગ્યરતિવિજયજીએ વીતરાગપ્રણિત માર્ગને પોતાના વિદ્યાતપથી અજવાળી આપ્યો છે.

•

## ગ્રંથસૂચિ


શ્રીપાળરાજાનો રાસ / ઉપા. શ્રી વિનય વિ. મ. ઉપા. શ્રી યશોવિ.મ. / ગુજરાતી / ૧૭મી સદી / જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ

ગૂર્જર સાહિત્ય સંગ્રહ / ઉપા. શ્રી યશોવિ.ગ./ગુજરાતી/૧૭મી સદી/ સં.પૂ.આ.શ્રી વિ.પ્રદ્યુમ્ન સૂ./શ્રુતજ્ઞાન પ્રસારક સભા.

દેવવંદનમાળા / વિવિધ જૈન શ્રમણ ભગવંતો / ગુજરાતી / ૧૭-૧૯મી સદી / જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ

પ્રકરણાદિવિચારગર્ભિત સ્તવન/વિવિધ જૈન શ્રમણ ભગવંતો/ગુજરાતી/૧૭-૧૯મી સદી/કુંવરજી આણંદજી

સજ્જનસન્મિત્ર/વિવિધ શ્રમણ ભગવંતો/પ્રકા. પોપટલાલ કેશવજી દોશી

સુખે જીવવાની કળા/પૂ.આ.શ્રી આનંદસાગર સૂ.મ., પૂ. આ.શ્રી વિ.રામચંદ્રસૂ.મ./ગુજરાતી/૨૦મી સદી/વૈરાગ્યરતિ વિ./પ્રવચન પ્રકાશન, પૂના

શ્રુતદીપ(૧)/વિવિધ જૈન શ્રમણ ભગવંતો/ગુજ.સં.પ્રા./૧૭-૧૯મી સદી/ વૈરાગ્યરતિ વિ. ગણી / શ્રુતભવન સંશોધન કેન્દ્ર (પૂના)

જિનવાણી/હરિસત્યભટ્ટાચાર્ય/અનુ. સુશીલ/ગુજરાતી/૨૦મી સદી/ઊંઝા આયુર્વેદિક ફાર્મસી.

નમસ્કાર મહામંત્ર/હરિસત્ય ભટ્ટાચાર્ય/અનુ. પ્રો. જયંતીલાલ દવે/ગુજરાતી/ ૨૦મી સદી/જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન

અનેકાંત વાદ/હરિસત્ય ભટ્ટાચાર્ય/અનુ. પ્રો. જયંતીલાલ દવે/ગુજરાતી/ ૨૦મી સદી/જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન

ઉત્સર્પિણી અવસર્પિણીકાલ માહાત્મ્ય/જૈનતીર્થનિર્ણય/સૂરચંદ સ્વરૂપચંદ/ ગુજરાતી/૨૦મી સદી

Fluid Thoughts : water / Dr. Vinod D. Shah/English/સ્વયં,મુંબઈ ૨૦૧૨

અજ્ઞાતતિમિરભાસ્કર/વિજયઆનંદસૂ. (આત્મારામજી મ.) / જૂની હિંદી /

જૈન જ્ઞાન હિતેચ્છુ સભા, ભાવનગર

જૈન તત્ત્વાદર્શ / વિજય આનંદ સૂ. (આત્મરામજી મ.) / જૂની હિંદી સં. ભીમશી માણેકા/સં. ૧૯૪૦

ચિકાગો પ્રશ્નોત્તર / વિજય આનંદ સૂ. (આત્મરામજી મ.) / જૂની હિંદી સં. ભીમશી માણેકા/સં. ૧૯૪૦

વિજયાનંદ સૂરિ શતાબ્દી સ્મૃતિ ગ્રંથ

•

# શબ્દસૂચિ

ગ્રંથનામ

અજ્ઞાનતિમિરભાસ્કર-૪૦, ૪૫ (પ્રકરણ અંક)

અનેકાંત અને સ્યાદ્વાદ-૩૫

અનેકાંત-૩૫

અર્થ નોટ અ ગ્લૉબ-૪૩

અષ્ટપ્રકારી પૂજા-૪૫

અષ્ટશતી-૪૬

અષ્ટસહસ્રી-૪૬

અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્-૪૬

આચારદિનકર-૪૫

આપ્તમીમાંસા-૪૬

આવશ્યકનિર્યુક્તિ-૩૨

આવશ્યકસૂત્ર-૩૯

ઈલિયટ-૪૪

ઉત્સર્પિણી અવસર્પિણીકાલમાહાત્મ્ય-૩૬

ઉપદેશપ્રાસાદ-૩૧

ઉપદેશબાવની-૪૫

ઉપાસકદશાંગ-૪૩

કર્મગ્રંથ-૩૧

કર્મપ્રકૃતિની સજ્ઝાય-૩૨

કલ્પસૂત્ર-૨૮, ૩૮

કાદંબરી-૨૮

કુર્રાન-૪૪

ક્ષેત્રસમાસ-૩૬

ગાયત્રી મંત્ર-૪૫

ગીતા-૪૪

ગુજરાતમિત્ર-૪૨

ગુણઠાણા વિચાર બત્રીસી-૩૨

ગુણસ્થાનવિચારગર્ભિત શ્રીસુમતિનાથ સ્તવન-૩૨

ગુર્જર સાહિત્ય સંગ્રહ-૨૯

ગોડી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન-૩૩

ચાર ધ્યાનની સજ્ઝાય-૩૨

જમ્બૂદ્વીપ માસિક-૪૩

જિનપ્રતિમાસ્થાપન સ્તવન-૩૨

જિનવાણી-૩૫

જીવવિચાર-૩૨

જૈનતત્ત્વાદર્શ-૪૫

જૈનતીર્થ નિર્ણય-૩૬

જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર-૪૫

જૈનમતપરીક્ષા-૪૫

જૈનેંદ્ર વ્યાકરણ-૩૬

જ્ઞાનદર્શનચારિત્રસંવાદગર્ભિત

જ્ઞાનપંચમીના દેવવંદન-૩૦, ૩૧

જ્ઞાનબિંદુ-૩૧

જ્ઞાનસાર-૪૬

જ્ઞાનાર્ણવ-૩૧

તત્ત્વનિર્ણયપ્રાસાદ-૪૫

દસ પચ્ચક્ખાણનું સ્તવન-૩૨

દંડક-૩૨

ધ ઈકોનૉમિસ્ટ-૩૮

ધ લોઝ ઓફ ધ સ્પીરીટ વર્લ્ડ-૩૧

ધ હિડન મેસેજ ઓફ વૉટર-૩૭

ધ હીસ્ટ્રી ઓફ અર્લી ઇંડિયા-૩૮

ધ્યાનશતક-૩૨

નમસ્કાર મહામંત્ર-૩૫

નવતત્ત્વ-૩૨, ૪૫

નવપદ-૪૫
નવપદની પૂજા-૨૮
નંદિસૂત્ર-૩૧
પદ્મપ્રભચરિત-૪૩
પરમાત્મ છત્રીસી-૩૩
પંચસૂત્ર-૨૯
પુદ્ગલગીતા-૩૩
પૂજાસંગ્રહ-૪૫
પ્રકરણાદિવિચારગર્ભિત સ્તવન સંગ્રહ-૩૨
પ્રજ્ઞાપના-૩૨
પ્રભાવક ચરિત્ર-૪૩
પ્રમાણનયતત્ત્વાલોક-૩૫
પ્રશમરતિ-૨૮
ફ્લ્યુઇડ થોટ્સ વૉટર-૩૮
બાઈબલ-૪૪
બારસાસૂત્ર-૨૮
બેઇંદ્રિય જીવોની સજ્ઝાય-૩૨
ભગવતી-૩૨, ૪૫
ભૂગોળ હસ્તામલક-૪૩
મનુસ્મૃતિ-૪૫
યોગશાસ્ત્ર બાલાવબોધ-૨૯
રત્નાકરાવતારિકા-૩૫
રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ-૩૪
લઘુ સંગ્રહણી-૩૨
લોકતત્ત્વનિર્ણય-૪૫
વાદમહાર્ણવ-૩૯
વિશેષણવતી-૪૨
વિશેષાવશ્યકભાષ્ય-૩૧
વીરજીનેંદ્રસ્તવન-૩૦
વીશસ્થાનક પદ-૩૦
વીશસ્થાનક પદપૂજા-૪૫
વૈશેષિક સૂત્ર-૩૭
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-૩૨
શત્રુંજયમાહાત્મ્ય-૪૩
શંકરદિગ્વિજય-૪૫
શ્રીપાલરાજાનો રાસ-૨૮
ષડાવશ્યક બાલાવબોધ-૨૯
સત્તરભેદી પૂજા-૪૫
સન્મતિતર્કપ્રકરણ-૩૬, ૩૯
સમકિતસાર-૪૫
સમ્યકત્વના સડસઠ બોલ-૩૦
સમ્યકત્વશલ્યોદ્ધાર-૩૯, ૪૫
સવાસો ગાથાનું સ્તવન-૩૩
સંગ્રહણી સૂત્ર-૪૨
સંજમ બત્રીશી-૨૯
સિદ્ધદંડિકા સ્તવન-૩૨
સીમંધર સ્વામીનાં સ્તવન-૩૨
સુખે જીવવાની કળા-૩૪
સુભદ્રા સતીની સજ્ઝાય-૩૨
સૂત્રકૃતાંગ સૂત્ર-૩૧
સ્નાત્રપૂજા-૪૫
સ્યાદ્વાદરત્નાકર-૩૫


**વિશેષનામ**


અકલંકદેવ-૪૬
અજિતસેન-૨૮
અત્તરસિંહ સોઢા-૩૯
અમરસિંહ-૩૯
આત્મારામ-૩૯, ૪૦, ૪૩
આદીશ્વર-૩૨, ૩૬
આનંદ-૩૧
આનંદઘન-૨૭, ૩૩, ૩૪
આનંદવિજય-૩૯, ૪૩
આર્યરક્ષિતસૂરિ-૪૨, ૪૩
ઇસ્માઇલ સેરાગેલ્ડીન-૩૭

ઉદયવિજય-૩૦
ઉદયસૂરિ-૪૬
ઉમાસ્વાતિ-૨૮
ઋષભદેવ-૪૩, ૪૫
એ.એફ.રુડલ્ફહોર્ન-૪૩
એન્સેલ્મ-૩૫
એમ્પેડોક્લિસ-૩૭
એરિસ્ટોટલ-૩૭
કબીર-૨૭
કાલકાચાર્ય-૪૧
કાંતિવિજયજી-૩૨
કીન હોલોક્સ-૪૨
કીર્તિયશસૂરિ-૪૬
ફૂલવાલક-૪૧
કોઠારી સૂર્યમલ-૩૯
ખુર્શીદ ભાવનગરી-૩૧
ગણેશચંદ્ર-૩૯
ગૌતમસ્વામી-૩૧
ચરક-૩૭
ચંદુલાલ શકરચંદ-૩૫
ચિદાનંદ-૩૩, ૩૪
જગદીશચંદ્ર બસુ-૩૧
જબીર ઉબ્ન હપ્યું-૩૭
જમ્બૂસ્વામી-૪૧
જયંતીલાલ દવે-૩૫
જસવિજય-૨૭, ૩૨
જિનભદ્રગણિ-૩૬, ૪૨
જિનવિજય-૩૨
જીવતલાલ પ્રતાપશી-૩૫
જીવનરામ-૩૯
જેઠમલ-૪૫
જોધાશાહ-૩૯
ડી.એચ.લૉરેંસ-૩૭
ડૉ. બલિરામ શુક્લ-૪૬
ડૉ. માસારુ ઈમૉટો-૩૭
ડૉ. વિનોદ ડી. શાહ-૩૧, ૩૮
ત્રિશલા-૩૧
થિયૉડોર શ્રવેક-૩૭
થીયોર્ડાર કુક-૪૨
થેલ્સ-૩૭
દયાલસાહિબ-૨૭
દીત્તા-૩૯
દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ-૪૩
દેવીદાસ-૩૨, ૩૯
ધન્ના-૪૧
ધર્મચંદ્રજી-૩૨
ધર્મસિંહ-૩૨
ધવલશેઠ-૨૮
નગીનદાસ છગનલાલ શાહ-૩૫
નંદિષેણ-૪૧
નંદીષેણ-૩૦
નાનચંદ તારાચંદ-૪૫
નારાયણશાસ્ત્રી દવિડ-૪૬
નેમચંદ હીરાચંદ-૪૫
નેમનાથ-૩૩
પદ્મવિજય-૩૨
પદ્મવિજયજી-૩૨
પલટુ-૨૭, ૨૮
પાણિની-૪૫
પારસનાથ-૨૭
પ્રદ્યુમ્નસૂરિ-૨૯, ૪૬
પ્રસન્નચંદ્ર-૩૦
પ્રેમચંદ-૩૯
પ્લેટો-૩૭

ફતેસિંહ-૪૨
બર્બર-૪૩
બાણભટ્ટ-૨૮
બીડો ફરગીશન-૪૨
ભરત-૪૩
ભાગ્યવિજય-૩૨
ભાવવિજય-૩૨
ભીમશી માણેક-૩૨, ૪૫
મણિવિજય-૩૨
મદનમંજુષા-૨૮
મયણાસુંદરી-૨૮
મરીચિ-૪૧
મરુદેવી-૩૦
મહાવીર-૩૧, ૩૨, ૩૯, ૪૧, ૪૫
મંગુ-૪૧
માનવિજય-૩૨
માલવિકા-૪૧
માષતુષ-૩૦
માસારુ ઈમોટો-૩૭
મૂલચંદજી મહારાજ-૩૯
મૂળચંદ નથુભાઈ-૪૫
મેક્સમૂલર-૪૩
મેમ્વાથ-૪૩
મોહરસિંહ-૩૯
યશોવિજય-૨૮, ૨૮, ૩૧, ૩૪, ૪૬
રજનીકાંતભાઈ પરીખ-૪૬
રત્નપ્રભસૂરિ-૩૫
રશેલ કાર્સન-૩૮
રાજચંદ્ર-૩૪
રામચંદ્રસૂરિ-૪૬
રામવિજયજી-૩૪
રોમિલા થાપર-૩૮
લક્ષ્મીસૂરિ-૩૧
લાલા જોધમલ-૩૯
લેવોઇઝર-૩૧, ૩૭
લેવીરીન થોડોન-૪૨
લૉરેમ ઇઝ્લી-૩૭
વજ્રસ્વામી-૪૧
વર્ધમાનસૂરિ-૪૫
વલ્લભસૂરિ-૪૫
વાદીદેવસૂરિ-૩૫
વિક્ટર શૉબર્ગર-૩૭
વિજયંત-૪૩
વિજયાનંદસૂરિ-૪૦
વિદ્યાનંદ-૪૬
વિનયવિજય-૨૮, ૩૨, ૩૪
વિશાલા-૪૧
વિશ્રુચંદ-૩૯
વીર-૨૭
વીરચંદ રાઘવજી ગાંધી-૪૫
વૃદ્ધિવિજય-૩૨
વેદવ્યાસ-૪૫
વેદાંત-૪૪
વૈરાગ્યરતિવિજય-૪૬
શક-૪૨
શંકરસ્વામી-૪૫
શંકરાચાર્ય-૪૫
શાંર્ગધર-૩૭
શાલિભદ્ર-૪૧
શાંતિનાથ-૩૨
શાંતિસાગર-૪૦
શાંતિસૂરિજી-૩૨
શીલાંકાચાર્ય-૪૩
શુભવિજય-૩૨

શ્રીપાલરાજા-૨૮
સગર-૪૩
સમંતભદ્ર-૪૬
સરસ્વતી-૪૧
સાગરજી મહારાજ-૩૪
સાયણાચાર્ય-૪૫
સિદ્ધસેન દિવાકરસૂરિ-૩૬
સિદ્ધવિજય-૩૨
સિંહસૂરિ-૩૦
સીમંધર-૩૨
સુખલાલજી-૩૫
સુધર્માસ્વામી-૨૯
સુરસુંદરી-૨૮
સુશીલ-૩૫
સુશ્રુત-૩૭
સૂફી પંથ-૪૪
સૂરચંદભાઈ સ્વરૂપચંદ-૩૬
સેનસૂરિ-૪૩
સોમસુંદરસૂરિ-૨૯
સૌભાગ્યરત્નસૂરિ-૩૨
સ્કંદિલસૂરિ-૪૩
હરિભદ્રસૂરિ-૪૫
હરિભદ્રાચાર્ય-૩૧
હરિસત્ય ભટ્ટાચાર્ય-૩૫
હીરવિજયસૂરિ-૩૦, ૩૨
હીરાલાલ રસિકદાસ કાપડિયા-૪૫
હીરાસિંહ-૪૨
હુકમમુનિ-૩૬
હેમચંદ્રસૂરિ-૩૬, ૪૩

**સંસ્થા**

Ninth Oriental Congress-૪૩
આત્માનંદ જૈન સભા-૪૫
આબુ-૨૭
આર્યસમાજ-૩૪
ઉંઝા આયુર્વેદિક ફાર્મસી-૩૫
એ.એમ.એન્ડ કંપની-૩૨
ગુજરાત યુનિવર્સિટી-૩૫
જમ્બૂદ્વીપ શોધ સંસ્થાન-૪૩
જૈન આત્માનંદ પુસ્તક પ્રચાર મંડળ-૪૫
જૈન આત્માનંદ સભા-૪૫
જૈન જ્ઞાન હિતેચ્છુ સભા-૪૫
જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન-૩૫
મુંબઈ સંઘ-૩૯
યુનો (Uno)-૩૫
રાજનગર જૈન ગ્રંથ પ્રકાશક સભા-૪૬
વિશ્વધર્મ પરિષદ-૪૪
શ્રુતજ્ઞાન પ્રસારક સભા-૨૯

**સ્થળ**

અમદાવાદ-૩૯
અમેરિકા-૩૧, ૪૪, ૪૩, ૪૫
અયોધ્યા-૪૩
અંબાલા-૪૫
આબુ-૩૧
ઇંગ્લેંડ-૪૩
કપડવંજ-૩૪
કલકત્તા-૩૫
કાબુલ-૪૩
ક્ષુલ્લક હિમવંત-૪૩
ખંભાત-૪૫
ગિરનાર-૩૩

ગીજની-૪૩
ગુજરાત-૩૯
ચંપાપુરી-૨૮
ચિકાગો-૪૫
ચીન-૪૩
જમ્બૂદ્વીપ-૪૩
ઝંડીયાલાગુરુ-૩૯
તક્ષશિલા-૪૩
પંજાબ-૩૯, ૪૨, ૪૫
પાટણ-૩૨
પાતાલલંકા-૪૩
પાલડી-૩૧
પાલિતાણા-૩૨, ૩૯
પૂના-૩૪
પ્રભાસ-૪૩
બંગાળ-૩૫
ભરતખંડ-૪૩
ભરૂચ-૨૮
ભારત-૩૧
ભાવનગર-૩૩, ૩૫, ૪૫
મહુડી-૩૬
માગધ-૪૩
મારુઆ-૪૨
મુંબઈ-૪૨
રશિયા-૪૩, ૪૪
રાધનપુર-૩૨
રાંદેર-૨૮
લવણ સમુદ્ર-૪૩
લહરા-૩૯
લંકા-૪૩
લાહોર-૪૨
વરદામ-૪૩
વિનીતા-૪૩
વિંધ્યાચલ-૩૬
વીજાપુર-૩૬
શત્રુંજય-૩૩, ૩૬
સમેતશિખર-૩૩
સિદ્ધપુર-૪૬
સિદ્ધાચલ-૩૯
સૂરત-૨૮
હંગેરી-૪૨

# પ્રવચન સ્તંભ

શ્રી હેમતલાલ છગનલાલ મહેતા પરિવાર - કલકત્તા

શ્રીમતી પ્રભાબેન નંદલાલ શેઠ - મુંબઈ

યુવા સંસ્કાર ગ્રુપ - નાગપુર

જયંતીલાલ માણેકચંદ કોઠારી પરિવાર

હસ્તે - પ્રબોધભાઈ, વિરેન્દ્રભાઈ તથા ભરતભાઈ - મુંબઈ

શ્રીમતી કામાક્ષીબેન પ્રવિણચંદ્ર શાહ-(રાંદેર) હાલ - મુંબઈ

શ્રી મણિલાલ બેચરદાસ સાવરકુંડલા પરિવાર - વિલેપાર્લે, મુંબઈ

શ્રીમતી શોભનાબેન ચંદ્રકાંતભાઈ શાહ - જુહૂસ્કીમ, મુંબઈ

ચંપાબેન જયંતિલાલ દાનસુંગભાઈ અજબાણી - મુંબઈ

શ્રી તેજપાલભાઈ શશીકાંતભાઈ શાહ - મુંબઈ

નંદપ્રભા તીર્થભૂમિ ટ્રસ્ટ - પાલીતાણા

# પ્રવચન પ્રેમી

શ્રી સુધીરભાઈ કે. ભણશાળી - કલકત્તા

શ્રી કુમારપાળ, દિનેશકુમાર સમદડિયા - મંચર

શ્રી શાંતિલાલ ગમનાજી રાંકા (મંડારવાળા) - સાબરમતી, અમદાવાદ

આરટેક્ષ એપરલ્સ - સાબરમતી, અમદાવાદ

શ્રી પ્રેમચંદ રવચંદ શાહ (કુણઘેરવાળા) - અમદાવાદ

શ્રી છગનલાલ તિલોકચંદ સંઘવી - સાબરમતી, અમદાવાદ

શ્રી અશોકભાઈ ઘેલાભાઈ શાહ - (જૈન મર્ચન્ટ સો.) અમદાવાદ

શ્રીમતી પન્નાબેન રમેશભાઈ - પાર્લા, મુંબઈ

હરીબાઈ મુળચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ

શ્રી વસંતભાઈ પી. કોઠારી (સી.એ.) - મુંબઈ

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ - મુંબઈ

શ્રીમતી લલીતાબેન ગોવિંદજી શાહ - મુંબઈ

શ્રી શાંતીલાલ હરિલાલ મહેતા - મુંબઈ

શ્રીમતી મોનાબેન મયંક શાહ - મુંબઈ

શ્રી સમરથમલજી જીવાજી વિનાયકીયા (મોકલસર) - પૂના

સંઘવી વીરચંદજી હુકમાજી - પૂના

શ્રીમતી નાથીબાઈ બાબુલાલજી વીરચંદજી રાઠોડ - પૂના

# પ્રવચન ભક્ત

શ્રી ચંદુલાલ નેમચંદ મહેતા - કલકત્તા

શ્રી છોટાલાલ દેવચંદ મહેતા - કલકત્તા

શ્રી ખુશાલચંદ વનેચંદ શાહ - કલકત્તા

શ્રી રસીકલાલ વાડીલાલ શાહ - કલકત્તા

શ્રી કસ્તૂરચંદ નાનચંદ શાહ - કલકત્તા

શ્રી મંછાલાલ શામજી જોગાણી - કલકત્તા

શ્રી ગુલાબચંદ તારાચંદજી કોચર - નાગપુર

શ્રીમતી સમજુબેન મણીલાલ દોશી પરિવાર - નાગપુર

ઉંઝાનિવાસી શ્રી નટવરલાલ પોપટલાલ મહેતા - નાગપુર

શ્રી પ્રવીણચંદ્ર વાલચંદજી શેઠ (ડીસાવાલા) - નાસિક

શ્રી ચંદ્રશેખર નરેંદ્રકુમાર ચોપડા - વરોરા

શ્રી સુભાષકુમાર વાડીલાલ શાહ - કરાડ

શ્રી પ્રકાશ બાબુલાલ, દેવેન્દ્ર, પરાગ, પ્રિતમ શાહ - મંચર

શ્રીમતી હસમુખબેન જયંતીલાલ શાહ (પૃથ્વી) - વાપી

શ્રી વિનોદભાઈ મણિલાલ શાહ - અમદાવાદ

સ્વ. રંભાબેન ત્રિકમલાલ સંઘવી, હસ્તે - મહેન્દ્રભાઈ - સાણંદ

શ્રી શેફાલી મૂર્તિપૂજક જૈન સંઘના આરાધકો - અમદાવાદ

પુખરાજ રાયચંદ પરિવાર - સાબરમતી, અમદાવાદ

એક સદગૃહસ્થ, હરજી (રાજસ્થાન)

વોરા નાગરદાસ કેવળદાસ રિલિ. ટ્રસ્ટ - અમદાવાદ

શ્રી લાંબડિયા જૈન સંઘ - લાંબડિયા

શ્રી નથમલજી પ્રતાપચંદજી બેડાવાળા - સાબરમતી, અમદાવાદ

શ્રીમતી રંજનબેન જયકુમાર શાહ - કેનેડા

શ્રીમતી નીરુબેન ઉત્તમચંદ સોઠાણી - સાબરમતી, અમદાવાદ

શ્રીમતી રમીલાબેન બાબુલાલ રાયચંદ - વાપી

શ્રી વેલચંદ જવાનમલજી ઓસવાલ - ચિપળૂણ

શ્રીમતી લીલાબેન બાબુલાલ દેવચંદજી વિનાયકિયા - ડીસા

શ્રી પૂનમચંદ કસ્તૂરજી માંડોત પરિવાર - કુચાવાડા

સુપુત્રો - કાળીદાસ - ઘેવરચંદ - જેઠમલ

સ્વ. સુવાબેન અમૃતલાલ દેવીચંદજી વિનાયકિયા પરિવાર - ડીસા

શ્રીમતી સવિતાબેન વૃજલાલ પોપટલાલ દોશી - (મહુવા) પાર્લા, મુંબઈ

શ્રી વિનોદભાઈ દોશી, શ્રીમતી વસંતબેન મનહરલાલ દોશી - મુંબઈ

શ્રી મહેંદ્રકુમાર કાંતિલાલ ખાંડવાલા - મુંબઈ

શ્રી કપૂરચંદજી ભબુતમલજી સોલંકી - મુંબઈ

ડૉ. નરેન્દ્ર એમ. શાહ - ખામગાંવ

સંઘવી રતનબેન ચુનીલાલજી હુકમાજી - પૂના

શ્રીમતી પ્રભાવતીબેન રમણલાલ શાહ - મુંબઈ

શ્રીમતી જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ શાહ - મુંબઈ

શ્રીમતી પન્નાબેન યોગેશભાઈ શાહ - મુંબઈ

શ્રીમતી તુલસીબાઈ ધર્માજી - પૂના

શ્રી હંસરાજજી તારાચંદજી સંઘવી - પૂના

શ્રી સંઘવી ખુમાજી માનાજી - પૂના

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ગુલટેકડી - પૂના

શ્રી સંઘવી ગણેશમલજી વક્તાજી - પૂના

# આગામી પ્રકાશન

## (૧)

## તું આપે આરામ

શ્રી નંદપ્રભા જિનાલય, પાલિતાણાની વાર્ષિક સાલગીરી નિમિત્તે પ્રતિવર્ષ ભવ્ય સંગીત ઉત્સવ યોજાય છે. જેમાં મોટા ગજાના ગાયકો મુખ્યત્વે પ્રાચીન સ્તવનો ગાય છે. સાથોસાથ થોડીક અર્વાચીન રચનાઓ પણ ગાવામાં આવે છે. તેમાં શ્રી દેવર્ધિ દ્વારા વિચરિત રચનાઓએ ભક્તજનોને અનેરો આનંદ આપ્યો છે.

તું આપે આરામ - આ સંપુટમાં શ્રી દેવર્ધિની ૧૦૦૦ જેટલી રચનાઓ પ્રસ્તુત છે.

## (૨)

## મૃત્યુનું મેનેજમેન્ટ

**લેખક : મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજી ગણી**

ગંભીર અને જીવલેણ બિમારીથી ત્રસ્ત ભક્તોએ પૂજ્ય ગુરુદેવ ગણિવરશ્રી વૈરાગ્યરતિ વિજયજી મ.ને સમાધિપ્રદ વચનો ફરમાવવા વિનંતિ કરી. એક મકાનના પાર્કિંગમાં ચાર-પાંચ બહેનો સમક્ષ પૂજ્ય ગુરુદેવ સવા કલાક સુધી અસરકારક સરવાણી વહાવી. સહુને તેને શબ્દસ્થ કરવા વિનંતિ કરી. પૂજ્ય ગુરુદેવ તે પણ સ્વીકારી. તેનું ફળ આ પુસ્તક છે. મરણની ક્ષણ કેવી રીતે સાચવી લેવી તે વિષેના ઘણા પુસ્તકો ઉપલબ્ધ છે. મરણ પછીના જીવનનું આયોજન કેવી રીતે કરવું જેનું માર્ગદર્શન આ પુસ્તિકાની વિશેષતા છે.

જેને પરલોક ઉજાળવો છે તેને માટે આ નાનકડી પુસ્તિકા ઘણી જ ઉપકારક સાબિત થશે.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે

## સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની મામાવલી

### શ્રુતસમુદ્ધારક

શ્રીમતી ચંદ્રકલાબેન સુંદરલાલ શેઠ પરિવાર (માંગરોળ હાલ-પુણે)

### શ્રુતરત્ન

શ્રી ભાઈશ્રી (ઇંટરનેશનલ જૈન ફાઉંડેશન-મુંબઈ)

### શ્રુતસંરક્ષક

શ્રી હસમુખભાઈ દીપચંદભાઈ ગાર્ડી (દુબઈ)

શ્રી ભવાનીપુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (કોલકાતા)

### શ્રુતસ્તંભ

પૂ.સા.શ્રી હર્ષરેખાશ્રીજી મ.ની પ્રેરણાથી

શ્રીમતી વસંતપ્રભાબેન કાંતિલાલ (પુણે)

પૂ.આ.શ્રી વિશ્વકલ્યાણ સૂ.મ.ની પ્રેરણાથી

શ્રી પદ્મમણિ જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ

પૂ.આ.શ્રી રાજરત્નસૂ.મ.ની પ્રેરણાથી

શ્રી જવાહરનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગાવ, મુંબઈ)

### શ્રુતભક્ત

પૂ.આ.શ્રી યોગતિલકસૂ.મ.ની પ્રેરણાથી શ્રી શાંતિકનક શ્રમણોપાસક ટ્રસ્ટ (સુરત)

શ્રી હસમુખલાલ ચુનિલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ (તારદેવ, મુંબઈ)

શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (મુંબઈ)

શ્રી ઋષભ અપાર્ટમેંટ મહિલા મંડલ, (પ્રાર્થના સમાજ મુંબઈ)

## શ્રુતપ્રેમી

શ્રી ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટ (પુણે)

શ્રી ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટ (પાયધુની-મુંબઈ)

શ્રી રતનચંદજી તારાચંદજી પરમાર (પુણે)

શ્રી મોહનલાલજી ગુલાબચંદજી બાંઠીયા (પુણે)

શ્રી નગરાજજી ચંદનમલજી ગુંદેચા (પુણે)

શ્રી નેમીચંદજી કચરમલજી જૈન (પુણે)

શ્રી ભરતભાઈ કે. શાહ (સુયોગ ગ્રુપ-પુણે)

શ્રી સોહનલાલજી ટેકચંદજી ગુંદેચા (પુણે)

શ્રી સુખીમલજી ભીમરાજજી છાજેડ (પુણે)

શ્રી જૈન આશાપુરી ગ્રુપ (પુણે)

શ્રી મહેન્દ્ર પુનાતર (મુંબઈ)

શ્રી સુધીરભાઈ ચંદુલાલ કાપડિયા (મુંબઈ)

શ્રી સંજયભાઈ મહેન્દ્રજી પુનાતર (મુંબઈ)

પ્રો. શ્રીમતી વિમલ બાફના (પુણે)

પૂ.સા.શ્રી નંદીયશાશ્રીજી મ.ની પ્રેરણાથી શ્રી આંબાવાડી જૈન સંઘ (અમદાવાદ)

શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ (મુંબઈ)

શ્રી મોતીશા લાલબાગ રિલીજીયસ ચેરિટેબલ ટ્રસ્ટ (ભાયખલા, મુંબઈ)

પૂ.આ.શ્રી તીર્થભદ્રસૂ.મ.ની પ્રેરણાથી

જે. સી. કોઠારી દેરાસર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (મલાડ, મુંબઈ)

શ્રી અશોક દાલિદાસ કોટેચા (અમદાવાદ)

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (દહાણુકરવાડી, કાંદીવલી, મુંબઈ)

શ્રી વિમલનાથસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (બિબવેવાડી, પુણે)

શ્રી મુનિસુવ્રતસ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (લેકટાઉન સો., પુણે)

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (સોલાપુર બજાર, પુણે)

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ગુજરાતી પંચ (માલેગાંવ, નાસિક)

- आपके द्वारा प्रकाशित ग्रन्थ गागर में सागर समाये हुआ है। पढनें पर भावों की उत्ताल लहरे हिलोरे लेती है। धन्यवाद !

  **- श्री महेन्द्र जैन ( भक्तामर महातीर्थ धार व्यवस्थापक)**

- आदरणीय महानुभाव, बहुत ही शानदार बढिया और कल्पनातीत काम हो रहा है। जिसे देखकर हमारा हृदय और रोम रोम रोमांचित हो गया है। इसके लिये Involve सभी लोगों को लाख लाख साधुवाद, धन्यवाद !

  **- राज जैन**

- धर्मानुरागी सुश्रावक योग धर्मलाभ। श्रुतभवन, श्रुतज्ञान का संवर्धन करने का अथाग पुरुषार्थ कर रहे हो। जिनाज्ञानुरागी आपका आयोजन अनुमोदनीय है। ऐसी श्रुतभक्ति के सहारे आप सभी शाश्वत स्थान को प्राप्त करो, यही शुभाभिलाषा।

  **- मुनिश्री नंदीभूषणविजयजी**

- Thank you very much for the 'મારો પ્રિય ગ્રંથ' Book. Excellent publication with wonderful thought and superb Articles by each 'Mahatma'

  **- Bharat A. Doshi (Umra, Surat)**


- I am extremely pleased and overviewed by the interest and the high quality research being persued in this institute. I wish to visit the institute frequently and participate in the research activities in the field of Jainism.

  I received unparallel and highly pleased hospitality at his centre. I wish all success in the persuit of this institute.

  **- Dr. M. B. Modi (DRDO Scientiest, Delhi)**

- Respected Sir, Really, It is a good place. Shrut Bhavan is doing very good activity for Jain Shasan and ancient things. Thank you.

  **- Rushabh Shah**


॥ सुयं मे आउसं ॥
શ્રુતભવન સંશોધન કેંદ્ર